- શ્રી રસીકલાલ ખીમજી મહેતા આજરોજ સમાજની ઑફિસ પર રૂબરૂ આવેલ હતા. શ્રી કચ્છી સમાજ, કો.ઓ. ક્રેડિટ સોસાયટી ઊભી કરવા માંગે છે તેની વિગતો તેમણે જાણી. શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળને વિચારણા કરવા તેમણે એક સૂચન કર્યું કે સમાજ રૂા. એકેક લાખની લોન, દસેક સભ્યો પાસેથી આવતા પાંચ વર્ષ માટે મેળવે અને જરૂરિયાતવાળા સભ્યોને પોતાનો ધંધો વિકસાવવા વધુમાં વધુ રૂા. ૫૦,૦૦૦/- સુધીની લોન વગર વ્યાજે આ સભ્યોને આપે. રૂા. ૫૦,૦૦૦/-થી વધુની લોન અને વ્યાજ ભરી શકે તેવા રૂા. ૫૦,૦૦૦/-ની લોનવાળા સભ્યો ક્રેડિટ સોસાયટીમાંથી ધીરાણ મેળવે. અગર આ સૂચન ટ્રસ્ટ મંડળ માન્ય કરે, તો રૂા. ૧૦ લાખની લોન એકત્રિત કરવામાં તેઓ પૂરેપૂરી મહેનત કરશે તેવું પણ તેમણે જણાવેલ હતું.

★ **ગુરુવાર, તા. ૧૪-૭-૨૦૧૬**

- દરેક કચ્છી ઘટક સમાજના (૩૨) પ્રમુખશ્રીને 'કચ્છીયતની પ્રતિભા' પુસ્તકની બે-બે કોપી કુરિયર દ્વારા મોકલી આપવામાં આવી.

★ **શનિવાર, તા. ૧૬-૭-૨૦૧૬**

- તા. ૯-૭-૨૦૧૬ના સન્માનિત કાર્યકરોને 'કચ્છીયતની પ્રતિભા'ની વધુ બે-બે નકલો કુરિયર દ્વારા મોકલી આપવાની શરૂઆત કરવામાં આવી.

★ **મંગળવાર, તા. ૧૯-૭-૨૦૧૬**

- આજરોજ શ્રી કચ્છી સમાજ કો.ઓ. ક્રેડિટ સોસાયટીના ૩ હોદ્દેદારો શ્રી મનુભાઈ કોટડિયા, શ્રી અતુલભાઈ સોની તથા શ્રી શશીકાંતભાઈ પિંડોરિયા શ્રી અતુલભાઈ સોનીને ત્યાં મળેલ હતા અને સોસાયટીની આગળની કાર્યવાહી વિશે ચર્ચા કરી હતી.
- 'કચ્છીયતની પ્રતિભા'માં જેમના શુભેચ્છા સંદેશ હતા તેઓને એક-એક બુક મોકલવામાં આવી તથા જાહેરાત આપનારને પણ એક-એક બુક મોકલવાની શરૂઆત કરવામાં આવી.

★ **ગુરુવાર, તા. ૨૧-૭-૨૦૧૬**

- અમદાવાદ અને અમદાવાદ બહારના લગભગ ૧૨૫ કચ્છી મહાનુભાવોને 'કચ્છીયતની પ્રતિભા' પુસ્તકની એક-એક નકલ મોકલી આપી. અન્ય ૪૦ મહાનુભાવોને આ પુસ્તક માટે પત્રો પણ લખ્યા.
- જુલાઈ-૨૦૧૬નું 'કચ્છશ્રુતિ' (તા. ૧૫-૭-૨૦૧૬ના બદલે) આજરોજ પોસ્ટ કરવામાં આવ્યું. તા. ૯-૭-૧૬ના અષાઢી બીજ કાર્યક્રમના અહેવાલનો સમાવેશ કરવા માટે કચ્છશ્રુતિનો આ અંક ૬ દિવસ મોડો પોસ્ટ કર્યો.
- વોલન્ટિયર્સ સાથેના ગેટ-ટુ-ગેધર માટે જૂના સર્કીટ હાઉસ, શાહીબાગનો હોલ આજે બુક કરાવવામાં આવ્યો.

★ **શનિવાર, તા. ૨૩-૭-૨૦૧૬**

- સામાજિક કાર્યકર સન્માન માટે એક-એક સમાજનું સૌજન્ય આપનારને 'કચ્છીયતની પ્રતિભા' પુસ્તકની એક-એક નકલ મોકલી આપવામાં આવી.
- સ્થાનિક અથવા અન્યત્ર કચ્છી સમાજના મેગેઝિનોમાં અષાઢી બીજ કાર્યક્રમના અહેવાલો તેમના મેગેઝિનમાં પ્રસારિત કરવા મોકલી આપવામાં આવ્યા.

★ **રવિવાર, તા. ૨૪-૭-૨૦૧૬**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદના વિવિધ કાર્યક્રમોના તથા જાહેરાતના અનુસંધાનેના ઉઘરાણીનું લિસ્ટ આજરોજ તૈયાર કરવામાં આવ્યું.

★ **મંગળવાર, તા. ૨૬-૭-૨૦૧૬**

- તા. ૯-૭-૨૦૧૬ના કચ્છી નૂતન વર્ષના કાર્યક્રમ દરમ્યાન લાઈબ્રેરીના ઉદ્‌ઘાટન પ્રસંગે જેઓએ ૧૦૦-૧૦૦ બુકો આ લાઈબ્રેરીમાં ભેટ આપવાની જાહેરાત કરેલ, તેઓને આજે આ પુસ્તકો મોકલી આપવા પત્રો લખવામાં આવ્યા.
- ઘટક સમાજના પ્રમુખ - મંત્રીશ્રી તથા સન્માનિત સામાજિક કાર્યકરો તથા અન્યો સાથેની તા. ૭-૮-૨૦૧૬ની મીટિંગના પત્રો આજરોજ એ બધા જ મહાનુભાવોને કુરિયર દ્વારા મોકલી આપવામાં આવ્યા.

★ **ગુરુવાર, તા. ૨૮-૭-૨૦૧૬**

- શ્રી વી.આર. ગોપાણીના બે પુત્રો અને એક પુત્રવધૂએ સી.એ.ની પદવી મેળવતા તેઓએ રાખેલ પાર્ટીમાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદના શ્રી અશોક મહેતા, શ્રી હિમાંશુ ઠક્કર, શ્રી ભરત ઓઝા વગેરે ઉપસ્થિત રહેલ હતા.

★ **શુક્રવાર, તા. ૨૯-૭-૨૦૧૬**

- રવિવાર, તા. ૨-૧૦-૨૦૧૬ના નવરાત્રિના એક દિવસના કાર્યક્રમ માટે સાંનિધ્ય પાર્ટી પ્લોટ બુક કરાવવામાં આવ્યો.
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઉઘરાણીના લગભગ ૧૩૦ પત્રોમાંથી ૧૦ જેટલા પત્રો આજે મોકલી આપવામાં આવ્યા.

★ **રવિવાર, તા. ૩૧-૭-૨૦૧૬**

- જૂના સર્કિટ હાઉસ ખાતે એક અનૌપચારિક મીટિંગનું આયોજન ગોઠવવામાં આવેલ હતું કે જેમાં તા. ૯-૭-૨૦૧૬ના કચ્છી નૂતન વર્ષ મિલન સમારંભના જમણવારના, બહાર કાઉન્ટર પરના, હોલના તથા સ્ટેજ પરના કાર્યકરો, ગાયક વૃંદ તથા એન્કર વગેરે તથા સમાજના કેટલાક હોદ્દેદારો મળીને અંદાજે ૫૦ જેટલી વ્યક્તિ ઉપસ્થિત રહી હતી. વોલન્ટિયર્સોએ કાર્યક્રમના પોતાના પ્રતિભાવો આપ્યા. શ્રી હિમાંશુ ઠક્કર, શ્રી મનસુખભાઈ પટેલ તથા શ્રી કૈલાસદાન ગઢવીએ આજના યુથને નજર સમક્ષ રાખીને પોતાના મનનીય પ્રવચનો આપ્યા. શ્રી ભરતભાઈ ઓઝાએ સરનામા - ટેલિફોન ડિરેક્ટરીની વિગતો જણાવી. શ્રી અતુલભાઈ સોનીએ ક્રેડિટ સોસાયટીની વિગતો જણાવી. શ્રી મનુભાઈ કોટડિયાએ તથા તેમની ટીમે જમવાની ખૂબ જ સારી વ્યવસ્થા ગોઠવેલ હતી. શ્રી સંજય સંઘવીએ કચ્છી યુથ ફોરમને રીવાઈવ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. ચર્ચા વિચારણાને અંતે તે માટે નીચે મુજબના ૬ સભ્યોની એક ટીમ આગળની કાર્યવાહી કરવા માટે બનાવવામાં આવી : (૧) શ્રી પરાગ ઠક્કર, (૨) શ્રી સુનિલ પટેલ, (૩) શ્રી સંજય રાઠોડ, (૪) શ્રી સંજય સંઘવી, (૫) શ્રી હીરેન પલણ, (૬) શ્રીમતી નીપા શાહ.

★ **સોમવાર, તા. ૧-૮-૨૦૧૬**

- તા. ૭-૮-૨૦૧૬ના રોજના મિલન સમારંભ માટે આજે દરેક આમંત્રિતને SMS કરવાની શરૂઆત કરી.
- ઉઘરાણીના કેટલાક પત્રો કુરિયર કરવામાં આવ્યા.

★ **ગુરુવાર, તા. ૪-૮-૨૦૧૬**

- સરસ્વતી સન્માનના નીતિ-નિયમો બનાવી શૈક્ષણિક સમિતિના સભ્યોને તે નીતિ-નિયમો મોકલી આપવામાં આવ્યા.
- રાષ્ટ્રભક્તિના બે ગીતોની બુક શ્રી મનુભાઈ શાહને ત્યાંથી, બે બુક શ્રી ભોગીલાલ પી. કોરડિયાને ત્યાંથી અને એક બુક શ્રી દિનેશ મહેતાને ત્યાંથી આવી. તા. ૧૫-૮-૨૦૧૬નો 'કચ્છશ્રુતિ'નો અંક કદાચ "રાષ્ટ્રગીત વિશેષાંક" તરીકે પ્રકાશિત કરવાનું નક્કી કરવામાં આવી રહેલ છે.■

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

### નામ - સરનામા - ટેલિફોન ડિરેક્ટરી બાબતે થયેલ કામગીરી

*(ટોટલ ફોર્મ : ૨૧૪૧, તા. ૦૫-૦૮-૨૦૧૬ સુધી)*

| સમાજ | એન્ટર થયેલ ફોર્મની સંખ્યા |
|---|---|
| શ્રી કચ્છી જૈન સેવા સમાજ | ૯૪૬ |
| શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ | ૫૫૦ |
| શ્રી કચ્છી મચ્છુ કાઠિયા સઈ - સુથાર સમાજ | ૨૩ |
| શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ | ૭૨ |
| શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ | ૧૩૨ |
| શ્રી કચ્છી વડનગરા નાગર સમાજ | ૭૦ |
| શ્રી કચ્છી લોહાણા સમાજ | ૯૬ |
| શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ | ૧૨ |
| શ્રી કચ્છી ગઢવી સમાજ | ૨ |
| શ્રી કચ્છી બ્રાહ્મણ સમાજ | ૨૮ |
| શ્રી હાલાઈ કંઠી ભાટિયા મહાજન | ૨ |
| શ્રી કચ્છી ગોસ્વામિ સમાજ | ૧ |
| શ્રી કચ્છી રાજપુત સમાજ | ૫ |
| શ્રી કચ્છી લુહાર મંડળ | ૧૪૭ |
| શ્રી કચ્છી લેઉઆ પટેલ સમાજ | ૩૪ |
| શ્રી કચ્છી ખોજા સમાજ | ૨ |
| શ્રી કચ્છી સિંધી સમાજ | ૧ |
| શ્રી કચ્છી સોની સમાજ | ૧ |
| શ્રી કચ્છી ભાનુશાળી સેવા સમાજ (ગુજરાત) | ૭ |
| શ્રી કચ્છી સોમપુરા સમાજ | ૮ |
| શ્રી વિસનગર નાગર કડિયા સમાજ | ૧ |
| *કુલ* | *૨૧૪૧* |

| | |
|---|---|
| અમદાવાદની આવેલ એન્ટ્રી | ૧૭૯૧ |
| ગાંધીનગર | ૧૯૫ |
| ધોળકા | ૩૧ |
| બારેજા | ૧ |
| દહેગામ | ૧૨૩ |
| *કુલ* | *૨૧૪૧* |

INSTA-POWER
Humble Efforts to Provide Quality Power
www.confortinstapower.com
ISO 9001:2008, Certified Company
DISTRIBUTION TRANSFORMER
11 KV, 22 KV & 33 KV Class
upto 7000 KVA, Confirming to
IS-2026, IS-1180, 2014
OTHER PRODUCTS
■ Furnace Transformer ■ Lighting Transformer ■ Isolation Trnasformer
■ Online UPS ■ Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA
WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB
COMFORT INSTA-POWER LTD.
Corp. & Regd. Office Vadodara. Mo. : 9825374323
Works 1 (Anjar - Kutch) Mo. : 9925203489
Works 2 (Waghodia - Vadodara)

Ajay Shah
T. : +91 7926441050
M. : +91 9327000105
E-mail : admin@shahnet.com
Web. : shahnet.com
Shah Net
Technologies Pvt. Ltd.
406, Tilakraj Complex, Panchavati, Ellisbridge, Ahmedabad-380 006.
: Iolite :
Intellectual Property • Management Software
www.iolite.net.in

M. : 93750 22555 • Ph. : 2756 0480
FORTUNE SURGICALS
• GLUCOMETER • BLOOD PRESURE MONITER • WHEEL CHAIR • NEBULIZER • AIR BED
• WATER BED • PULSE OXIMETER • OXYGEN-FLOW METER • MORNING WALKER
• EXCERCISE CYCLE • MASSAGER • WEIGHING SCALE • SAUNA BELT • HEATING PED
• HOT WATER BAG • THERMOMETER • ADULT DAIPER • TREAD MILL
C-004, Supat-2, Nr. Vadaj Bus Stand, Nr. St. Laurn Hotel, Ashram Road, Ahmedabad-13

Navin Rajput : 9998540827
Raj Rajput : 9979888123
SHUKRA
Land Developers Ltd.
12, Zodiac Square, 3nd Floor, Opp. Gurudwara,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
M. : 8238044222, 8238055222, 8238066222
E-mail : shukraland@gmail.com
Website : www.shukraland.com

Girlie™
Ladies Bag | Ladies Foot Wear
Unit-1, Ground Floor, Urja House,Swastic Cross Road,
C.G. Road, Ahmedabad - 380009.
Ph. : 079-26562011
E-mail : girlie.ahmedabad@gmail.com

Rajesh Shah
Ayu Plus
Herbal Beauty Products
Everyday Herbal Beauty Care
Mfg. of Herbal Cosmetics & Fincg Products
Khadi & Village Industrial Commission Approved.
"Swastik" Opp. Railway Station, Samakhiyali-370150. Kutch-Gujarat (India).
Tele. Fax. : +91 2837 283854 • M. : +91 98790 33484
Email : everydayharbalcare@gmail.com • Web. : www.everydayharbalcare.com

પ્રતાપ બી. ઠક્કર
મો. : ૯૮૨૫૩૫૯૦૩૫
॥ જય જલારામ ॥
જલારામ એસ્ટેટ
બી/૧, બેન્કર્સ કોલોની, ઓધવરામ કોમ્પલેક્ષ, બીજા માળે,
ટાઉન હોલ સામે, ભુજ-કચ્છ. ૨૫૧૩૪૪.
૧૯/૨૦ આદર્શ ટાવર્સ, મુન્દ્રા-કચ્છ.

પિયુષકુમાર નટવરલાલ ધોળુ
નટવરલાલ ધનજીભાઈ પટેલ
(ઓ.) ૦૨૭૧૪-૨૯૪૫૧૩
મો. : ૯૩૭૪૫ ૮૫૬૫૫, ૯૮૨૫૪ ૮૫૬૫૫,
૯૩૭૪૪ ૪૦૨૩૪, ૯૮૨૫૪ ૪૦૨૫૪
શ્રી આશાપુરા ટીમ્બર ટ્રેડર્સ
શ્રી આશાપુરા સિમેન્ટ ડેપો
દરેક જાતના સાગ, સાલ, ચીલ, દેવદાર, આંબો,
લીમડો જલાઉ લાકડા તેમજ પેકીંગવુડ તથા પ્લાયવુડ વેચનાર.
સિમેન્ટ આર્ટીકલ્સ તથા સિમેન્ટના વિક્રેતા તથા સિમેન્ટ પતરા વેચનાર.
ઠે. મઘીયા, બગોદરા હાઈવે, ધોળકા-૩૮૨૨૨૫. જિ. અમદાવાદ.

## જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....

આપના પરિવારમા આવતા વિવિધ પ્રસંગોએ તેમજ કુદરતી મુશ્કેલભર્યા અવસરોએ આપના અમુલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલાવવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકો છો અથવા પ્રતિનિધિઓને રૂબરૂ બોલાવી શકશો.

**શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન**

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)

કાર્યાલય શ્રી અશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલો માળ, ઓફિસ નં. ૧૨૭ / ૧૩૦ ભુજ - કચ્છ (ગુજરાત), ૩૭૦ ૦૦૧ ફોન : ૦૨૮૩૨ - ૨૨૭૩૦૪ મો. : ૦૯૯૦૪૮૩૧૫૧૪

મુંબઈ ઓફિસ :

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)

૩૦૭ / ૩૧૧ સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુલ ધામ હોટલની બાજુમા, મુંબઈ ૪૦૦ ૦૦૪ ૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦, ૯૯૨૦૨ ૯૮૭૨૬, ૯૯૧૩૯ ૫૩૮૫૬

## Available on HIRE

- Gas Engine Driven Generators Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

## We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



Corporate Office :
**Deep Industries Limited**
6th Floor, N.G. Tower,
Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

Registered Office :
**Deep Industries Limited**
Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

**શ્રી ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ** (ગીતા સેના) રજિ. ન. ઈ૧૦, ૯૧૦

**શ્રી ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ** (ગીતા સેના) રજિ. ન. ઈ૧૧, ૧૯૨

Email : gitaben_rambhiya@yahoo.com • Website : www.gitabenrambhiyatrust.org

ગેરકયદેસર કતલખાને જતા અબોલ જીવોને બચાવી અભયદાન અપાવવાની કામગીરી
અત્યારસુધી ૮૦,૦૦૦ થી વધુ અબોલ જીવોને બચાવેલ છે.
રખડતા બીમાર તથા ઘવાયેલ પશુ-પક્ષીઓને સ્થળ ઉપર સારવાર અપાવવા એનિમલ હેલ્પલાઈન ચલાવવામાં આવે છે.
અત્યારસુધી ૫૫,૦૦૦ થી વધુ અબોલ જીવોને સારવાર અપાયેલ છે.
કચ્છ થી અમદાવાદ તબીબી સારવાર અર્થે આવતા દર્દીઓને સંસ્થાના કાર્યકર્તાઓ સહાયરૂપ બને છે.
અત્યારસુધી ૬૦૦૦ થી વધુ દર્દીઓને મદદરૂપ થયેલ છે.
સંસ્થાના જીવદયા તેમજ માનવસેવાના કાર્યમા આપ સૌને સહકાર આપવા નર્મ વિનંતી.

૧૧૪૦, ગીતાભવન, માંડવીની પોળ, માણેકચોક, અમદાવાદ - ૩૮૦ ૦૦૧
ફોન : (૦૭૯) ૨૨૧૪૧૧૯૭, ૨૨૧૪૯૫૫૦, ૨૨૧૧૧૪૬૭, ૬૫૪૪૭૫૫૦

**સંસ્થાને આપનુ દાન ૮૦જી(૫) મુજબ કરમુક્તિને પાત્ર છે.**

જીવદયા કરૂણા અહિંસા લુણી પાંજરાપોળ

## શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર

(લુણી - મુંબઈ) કુ. જ્યોતિ અહિંસાધામ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ અને ટ્રેનીંગ સેન્ટર

બિમાર પશુ-પક્ષીઓનુ દવાખાનુ

એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક

બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન

કાર્યાલય : ૩૧૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્સન, ગોકુલધામ હોટલની બાજુમાં, અલંકાર સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦

કાર્યક્ષેત્ર : ગામ - લુણી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦
ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૭૦

॥ જય માતાજી ॥

જયમલસિંહ ઝાલા
૯૮૨૫૭ ૧૯૬૭૮
૯૪૦૯૦ ૪૦૬૭૬

## પ્રતાપસિંહ પેંડાવાળા




(બાપુ પેંડાવાળા-માંડવી કચ્છ)

કચ્છી પેંડા અને કચ્છી ગુલાબપાકના સ્પેશિયાલિસ્ટ

શિયાળાની સિઝનમાં કચ્છી અડદિયા, ગુંદરપાક, અંજીરપાક મળશે.

કાજુકતરી, શુધ્ધ ઘી, દૂધ, માવા, ડ્રાયફ્રુટની મીઠાઈ તથા નમકિન્સ

૩, સુકીર્તિ ટાવર, શ્રેયસ સોસાયટી પાસે, આગમ એવન્યુ સામે, પ્રેરણાતીર્થ દેરાસર રોડ, સેટેલાઈટ, અમદાવાદ.
શ્રી રાણેશ્વર રોડ, માંડવી-કચ્છ. ફોન : ૦૨૮૩૪-૨૩૦૦૪૪

મો.: ૯૯૭૯૮ ૮૧૪૮૭ ફોન : ૦૭૯-૨૬૭૬૩૫૪૪, ૦૭૯-૨૬૭૬૩૪૬૫

## શ્રી હરિ ટ્રાવેલ્સ

યુ-૨૮, રત્નમણી કોમ્પ્લેક્ષ, જોધપુર ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

દર રવિવાર અને પૂનમ

**મહુડી, ખેડબ્રહ્મા, અંબાજી રીટર્ન બસ સર્વિસ**

**લક્ઝરી, ફોર વ્હીલર ભાડે મળશે.**

## શ્રી હરિ ટ્રાવેલ્સ

પટેલ કાપડ માર્કેટ, ખોડિયાર નગર, સોરઠ પાન પાસે, બાપુનગર, અમદાવાદ. ફોન :૨૨૭૦૦૬૬૬ / ૭૭૭

Sister Concern
એચ. કે. ટ્રાવેલ્સ
ક્રિષ્ના ટ્રાવેલ્સ

સુનિલભાઈ હંસરાજભાઈ દાવડા મો. ૯૮૨૫૦૨૧૪૨૩

## આરતી કોર્પોરેશન

**પ્લાસ્ટીક જમ્બો બેગ ૧ ટન કેપેસીટીનું ટ્રેડીંગ**

૩૮, પી. ડી. એસ્ટેટ, રેવાભાઈ એસ્ટેટની પાસે,
સી. ટી.એમ., અમદાવાદ-૩૮૦૦૨૬

## FOR CA STUDENT (C.P.T., IPCC, CA FINAL)

AVOID STUDYING IN BIG BATCH OF 100 - 300 STUDENTS, WE OFFER GROUP TUITION WITH GROUP OF ONLY 30 STUDENTS

FACULTY :- SHIVANG BUCH
B.Com, C.A., M.F.A., MBA (Fin.) Gold Medalist, N.E.T. (Management)

## Shivang Institute

C/O, Sharda, Magal Tirth Tower-A, Near Dharnidhar Derasar,

Phone No. 9429609484 / 079-22772031

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકોની યાદી – (૫)

*ક્રમાંક નં.-૭૧૩ સુધીની યાદી કચ્છશ્રુતિના જુલાઈ-૨૦૧૬ સુધીના અંકમાં પ્રસારિત કરવામાં આવેલ છે.*

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક/પ્રકાશક/સંકલનકર્તાનું નામ |
|---|---|---|
| **ક્રમાંક-૭૧૪થી ૭૧૯ શ્રી ચિત્રસેન આર. શાહ - ગાંધીનગર તરફથી** | | |
| ૭૧૪. | ધણીને ધાકમાં રાખો – પ્લસ! | ચિત્રસેન શાહ |
| ૭૧૫. | ફાઈવ સ્ટાર સ્મશાનમાં સ્વયંવર! | ચિત્રસેન શાહ |
| ૭૧૬. | ચાલો, ખવડાવો આઈસ્ક્રીમ! | ચિત્રસેન શાહ |
| ૭૧૭. | વરઘોડો – વનેચંદના પુત્રનો! | ચિત્રસેન શાહ |
| ૭૧૮. | સ્વર્ણિમ ગુજરાતમાં ૨૪ કેરેટનું હાસ્ય! | ચિત્રસેન શાહ |
| ૭૧૯. | હાસ્યનું મેઘધનુષ! | ચિત્રસેન શાહ |

*જેમ શ્રમ શરીરને સશક્ત કરે છે, તેમ મુશ્કેલીઓ માણસના મનને સશક્ત કરે છે.*

## આયુર્વેદ અને શાકભાજી

ડાયેટિશિયન તરીકે વ્યવસાય કરનારા ઘણા લોકો આજકાલ શાકભાજી વધારે ખાવાની સલાહ આપતા હોય છે.

આ વિષયમાં આયુર્વેદનો શો મતે છે તે જાણવું જરૂરી છે.

આયુર્વેદના કોઈ મહત્ત્વના ગ્રંથમાં આ વિષય પર (ગ્રંથનું નામ યાદ નથી) એક કથા નીચે મુજબ છે :

એકવાર આયુર્વેદના વિદ્વાન વૈદ્યરાજો અરસપરસ જ્ઞાન અને અનુભવનું આદાનપ્રદાન કરવા અર્થે ભેગા મળ્યા. મહર્ષિ ધન્વન્તરીને એમના જ્ઞાનની પરીક્ષા કરવાનું મન થયું. એટલે વૈદ્યરાજો જે જગ્યાએ ભેગા થયા હતા ત્યાં એક ઝાડ પર પક્ષીનું રૂપ લઈને બેઠા. પક્ષીએ અવાજ કર્યો :

*કઃઅરુક, કઃઅરુક, કઃઅરુક?*

અર્થાત્ કોણ નિરોગી છે? કોણ નિરોગી છે? કોણ નિરોગી છે?

બધા વૈદ્યો વિચારમાં પડ્યા. કોણ રોગી છે તે તો જાણી શકાય પણ કોણ નિરોગી છે તે કેમ જાણી શકાય?

છેવટે ત્યાં મહર્ષિ વાગ ભટ્ટ પણ હાજર હતા. તેમણે જવાબ આપ્યો :

***હિત ભુક્, મિત ભુક્, અશાક ભુક્***

***અર્થાત્ :***

(૧) શરીરને નુકસાન કરે તેવો કોઈ પદાર્થ ન ખાનારો. (વર્તમાન સમયમાં જંકફૂડ ન ખાનારો.

(૨) અકરાંતિયાની માફક ઠાંસી ઠાંસીને ન ખાનારો. પેટમાં થોડી ખાલી જગા રાખનારો. જૈનોમાં 'ઊણોદરી' શબ્દ છે તે અત્રે યાદ આવે.

(૩) શાકભાજી ઓછા ખાનારો.

ફરી, અત્રે જૈનોમાં મહિનામાં ચાર દિવસ – બે આઠમ અને બે ચૌદસ – લીલા શાક ન ખાવાનો નિયમ છે તે યાદ આવે. જૈનોનો આ નિયમ આરોગ્યલક્ષી છે.

ડાયેટિશિયન જે માનતા હોય તે, પણ આયુર્વેદનો મત ઉપર જણાવ્યા મુજબનો છે.

આ અભિપ્રાય એ જમાનાનો છે જ્યારે ખેતીમાં ઝેરીલી દવાઓ વાપરવામાં આવતી ન હતી.

આજે શાકભાજીના ખેતરોમાં ખૂબ દવાઓ છાંટવામાં આવે છે. ભૂતકાળ કરતાં હવે જોખમનું પ્રમાણ ઘણું જ વધારે છે.

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

# અન્ય સંસ્થાઓના સમાચાર

## ભાવનગર કચ્છ સમાજ દ્વારા અષાઢી બીજની ભવ્ય ઉજવણી

દર વર્ષની માફક આ વર્ષે પણ ભાવનગર કચ્છ સમાજના પરિવારજનોએ સમાજની સ્થાપના પછી ૩૦મી અષાઢી બીજની ઉજવણી હર્ષોલ્લાસથી કરી હતી. શરૂઆતમાં સમાજના અગ્રણી પૃથ્વીસિંહ બાપુએ દીપ પ્રાગટ્ય કર્યું અને પ્રમુખ મહેન્દ્રભાઈએ શ્રીફળ વધેર્યું હતું. મા આશાપુરાના જયઘોષ સાથે મંત્રી શ્રી ઈન્દ્ર ગઢવીએ સામાન્ય સભાની કાર્યવાહીની શરૂઆત કરી હતી. આ અવસરે શ્રી સ્વામિનારાયણ મંદિર - અમદાવાદ ગાદી સંસ્થાનના સંતો ઉપસ્થિત રહ્યા હતા. સરસ્વતી સન્માન કાર્યક્રમ અંતર્ગત કુલ ૯૫ બાળકોને ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમાજના આમંત્રણને માન આપી ધારાસભ્ય વિભાવરીબેન દવે, રાજા સ્લેટવાળા શ્રી મનહરભાઈ પટેલ, ચેમ્બર ઓફ ઈન્ડસ્ટ્રીઝમાંથી પ્રમુખશ્રી સમીરભાઈ શાહ અને દેવલભાઈ શાહ, સિટી મામલતદાર શ્રીમતી તૃપ્તિબેન વ્યાસ, પૂર્વ મેયર શ્રી રીનાબેન શાહ, શહેરના જાણીતા અગ્રણી શ્રી મણિભાઈ ગાંધી તથા શ્રી કિરણભાઈ ગાંધી વગેરે મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

અંતમાં, અંદાજે ૪૦૦ પરિવારજનોએ એકવીસ જ્યોતની આરતીના દર્શન અને ચંદ્ર દર્શનનો લાભ લઈ મેઘલાડુનું જમણ લીધું હતું, એમ ભાવનગર કચ્છ સમાજની એક પ્રેસનોટમાં જણાવાયું હતું.

## ડી.એન. પોલિટેકનિક ઇન્સ્ટિટ્યૂટમાં ચાલતી તાલીમથી વિદેશી પ્રતિનિધિ મંડળ ખૂબ પ્રભાવિત

સમાજના નબળા ક્ષેત્રના લોકોને મદદરૂપ થવા અને તેમને વિવિધ પ્રકારની સ્કીલ - તાલીમ આપવાના ધ્યેય સાથે ડી.એન. પોલિટેકનિક ઈન્સ્ટિટ્યૂટનું ૧૯૭૫માં નિર્માણ થયું હતું. આ અન્વયે ઈન્સ્ટિટ્યૂટ સાથે સંકળાયેલા અમદાવાદના દીપકભાઈ ચૌહાણ અને તેમના પુત્રી હીમા ચૌહાણ એ જણાવ્યું હતું કે અમારું એક ગ્રુપ — ઉપર જણાવેલ કામગીરી માટે સતત કાર્યરત છે અને તે રીતે આગળ કામ કરતું રહેશે. ઈન્સ્ટિટ્યૂટના ધ્યેયને સિધ્ધ કરીને વધારે ઊંચાઇ પર લઇ જવાના ઉદ્દેશથી કેન્દ્ર સરકારના સ્કીલ ડેવલપમેન્ટ એન્ડ એન્ટ્રપ્રિન્યોરશિપ મંત્રાલય હેઠળ આવેલી નિસ્બડ (NIESBUD) સંસ્થા સાથે રહીને તાજેતરમાં સંયુક્ત રીતે તેના પર પ્રોજેક્ટ તૈયાર કરવા કામગીરી હાથ ધરી હતી.





તાજેતરમાં નિસ્બડ (NIESBUD) સંસ્થાના ડાયરેક્ટર ડૉ. આર.આર. સિંઘના નેતૃત્વ હેઠળ તજાકિસ્તાન, ઘાના, નેપાલ, વિયેટનામ, નાઇઝીરિયા, અફઘાનિસ્તાન વગેરે રાષ્ટ્રોના એક પ્રતિનિધિ મંડળે નરોડા સ્થિત ડી.એન. પોલિટેકનિક એજ્યુકેશન ટ્રસ્ટની મુલાકાત લીધી હતી અને અત્રેની પ્રણાલિકા અનુસાર ગુજરાતી વાનગીઓનું ડીનર પણ લીધું હતું. આ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા સમાજના આર્થિક અને સામાજિક ક્ષેત્રે નબળા વર્ગ માટે ચાલતી તાલીમનું તેઓએ ખૂબ જ રસપૂર્વક નિરીક્ષણ કર્યું હતું અને તેનાં સંબંધી વિસ્તૃત માહિતીનું પરસ્પર આદાન-પ્રદાન કર્યું હતું. જેથી તેઓ પોતાના દેશમાં આ વિષયની પ્રવૃત્તિઓનું વ્યવસ્થિત રીતે વ્યાપ વધારી શકે. અહીંની તાલીમની કામગીરીથી તેઓ ખૂબ પ્રભાવિત થયા હતા અને ઈન્સ્ટિટ્યૂટ, સ્ટાફ તથા કાર્યકરોની પ્રશંસા કરી હતી.

# વતનના વાવડ

● સંકલન : ભરત ઓઝા ●

## કચ્છનું પ્રથમ 'વાઇફાઇ' ગામ બનતું ભીમાસર

અંજાર તાલુકાના ભીમાસર (સહારા) ગામમાં ગ્રામ પંચાયત દ્વારા ગ્રામજનો માટે મફત વાઈફાઈ સુવિધાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. દેશ-વિદેશમાં જે ગામની નોંધ લેવામાં આવે છે એવા મોખરાનું સ્થાન ધરાવતા ભીમાસર ગામમાં વધુ એક આધુનિક સુવિધા પ્રાપ્ત થઈ છે.

## નૃત્યની રાષ્ટ્રીય સ્પર્ધામાં ભુજની યુવતીઓ દ્વિતીય સ્થાને

ભારતીય નૃત્ય શૈલીમાં જેનું સ્થાન ટોચમાં આવે છે અને દક્ષિણ ભારતનાં નૃત્યકારોનું જેના પર પ્રભુત્વ રહેલું છે તેવા કથ્થક નૃત્યમાં ભુજની યુવતી કુ. કૃપલ ચેતનભાઈ સોમપુરાએ રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ લઈ દ્વિતીય ક્રમનો ઍવોર્ડ જીત્યો હતો. આ સ્પર્ધા સીમલા મુકામે યુનિવર્સલ સાંસ્કૃતિક શોધ નાટ્ય નૃત્ય એકેડેમિ ખાતે તાજેતરમાં યોજવામાં આવી હતી. કુ. કૃપલ શાસ્ત્રીય નૃત્ય કથ્થકમાં માસ્ટર ડિગ્રી ધરાવે છે અને હાલે ભુજ અંજારમાં પોતાની એકેડેમી દ્વારા કચ્છની કલાપ્રેમી યુવતીઓને કથ્થક નૃત્યની તાલીમ આપી રહી છે.

ઉપરાંત સીમલા ખાતેની ઉપરોક્ત એકેડેમીમાં માધાપર ગામની ભરત નાટ્યમ્ નૃત્યાંગના પલ્લવી સુધીરભાઈ રાઠોડે શાસ્ત્રીય નૃત્ય, ભરત નાટ્યમ્ સોલો સ્પર્ધામાં બીજું સ્થાન પ્રાપ્ત કરતાં કચ્છને રાષ્ટ્રીય કક્ષાએ ચમકાવ્યું હતું. પલ્લવી શાસ્ત્રીય ભરત નાટ્યમમાં બૅચલર ડિગ્રી ધરાવે છે.

## કચ્છી અશ્વની રાષ્ટ્રીય માન્યતા માટે દરખાસ્ત

અફાટ રણથી ઘેરાયેલા શુષ્ક કચ્છ પ્રદેશ અનોખી જૈવ વૈવિધ્યતા ધરાવે છે. જંગલી જૈવ વિવિધતા સાથે પાલતુ પશુઓમાં ખૂબ વિવિધતા છે. કચ્છની બન્ની ભેંસ, ખારાઈ ઊંટ જેવા પશુઓને ભારતીય અનુસંધાન કૃષિ અનુસંધાન પરિષદ દ્વારા અલગ નસલની રાષ્ટ્રીય માન્યતા મળી ગઈ છે, ત્યારે કચ્છની પશુ વૈવિધ્યતામાં ઉમેરો થવા કચ્છી અશ્વની માન્યતા માટેની બ્રીડ પ્રોફાઈલ સાથેની એપ્લિકેશન એન.બી.એ.જી.આર. કરનાલને મોકલાઈ છે. રામ-રહીમ કચ્છી-સિંધી અશ્વ સહકારી મંડળી અને સહજીવન સંસ્થા દ્વારા તૈયાર થયેલી આ દરખાસ્ત જિલ્લા પશુપાલન વિભાગ મારફતે મોકલાઈ છે. કચ્છમાં જોવા મળતા ઘોડા (અશ્વ) સ્થાનિકે 'કચ્છી ઘોડા' કે 'સિંધી ઘોડા' તરીકે ઓળખાય છે. કચ્છના જાડેજા, આહીર, સમા, ચારણ, બન્નીના સિંધી માલધારીઓ કચ્છી ઘોડાનો ઉછેર કરે છે. કચ્છમાં ૧,૮૫૦ જેટલા અશ્વપાલકો કચ્છી અશ્વનો ઉછેર કરે છે અને અશ્વોની સંખ્યા ૩,૧૩૬ જેટલી છે.

## કચ્છીઓ ભાષા થકી સંસ્કારો, સંસ્કૃતિને જાળવી શક્યા છે

ન્યુજર્સીના પારસીપનીમાં સેરોટોન હોટલ ખાતે કચ્છી જૈન ઓસવાળોનું આઠમું સંમેલન તાજેતરમાં યોજાયું હતું. કો-જૈન દ્વારા યોજિત આ સંમેલનનો મુખ્ય મુદ્દો 'કચ્છડો બારે માસ' હતો. આ ત્રણ દિવસના કાર્યક્રમમાં ૮૦૦ કચ્છી જોડાયા હતા. કી-નોટ પ્રવચન આપતાં સમણજીએ પોતે કચ્છના હોવાના કારણે આનંદની લાગણી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે, 'કચ્છી લોકોએ પોતાની ભાષા જાળવી રાખી છે, જેના થકી એ એમના સંસ્કારો અને સંસ્કૃતિને જાળવી શક્યા છે. સેવાનો મહિમા સમજાવતાં કહ્યું કે, સેવા કરવા માટે છ ગુણો જોઈએ : કાઈન્ડનેસ, યુનિટી, ટીમવર્ક, કો-ઓપરેશન, હાર્ડવર્ક અને ઈન્ટ્રોસ્પેક્શન – આ છ ગુણોના પહેલા અક્ષરને લો તો એ છ અક્ષરો – K, U, T, C, H અને IN – આ શબ્દોને ભેગા કરો અંગ્રેજીનો કચ્છ શબ્દ બને છે.

## ઇસ્તંબુલ બળવાનો કચ્છી યુવાન સાક્ષી

તાજેતરમાં તુર્કીમાં તખતા પલટ માટે થયેલા લશ્કરી બળવાની કાર્યવાહી જેટ એરવેઝના બોઈંગ ૭૩૭માં પાઈલોટ તરીકેની ટ્રેનિંગ લેવા ગયેલા ભુજના યુવાને નજરોનજર નિહાળી હતી. અહીંની ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલના શિક્ષિકા અને કચ્છમિત્રના 'સહેલગાહ પર્યટન' કોલમનાં લેખિકા ફોરમ ગોરના પુત્ર પાર્થ ગોર જે હાલ જેટ એરવેઝના નવા આવેલા બોઈંગ ૭૩૭માં પાઈલોટ તરીકે ઈસ્તંબુલમાં ટ્રેનિંગ લઈ રહ્યો છે, તેમણે તખતા પલટના બનેલા બનાવને તદ્દન નજીકથી જોયો હતો. તેણે જણાવ્યું કે ભારતમાંથી કુલ ૨૦ જેટલા પાઈલોટને જેટ એરવેઝના નવા એરક્રાફ્ટ બોઈંગની વિશેષ તાલીમ માટે પસંદ કરવામાં આવ્યા હતા. તેમાંથી પાર્થ સાથે અન્ય પાંચ પાઈલોટને ઈસ્તંબુલ ટ્રેનિંગ માટે મોકલવામાં આવ્યા હતા. ટ્રેનિંગના ભાગરૂપે આ છ પાઈલોટોમાંથી પાર્થ સહિત ચાર પાઈલોટને રાત્રિ તાલીમ માટે ૧૧ વાગે લઈ જવામાં

આવ્યા અને રાત્રિના બે વાગે એકાએક ગોળીબાર અને હેલિકોપ્ટરમાંથી બોમ્બવર્ષા થવા લાગી. આથી તરત જ ચાર પાઈલોટ અને તેમના ઈન્સ્ટ્રક્ટર ટ્રેનિંગ સેન્ટરના ઍરપોર્ટ પર બનાવેલા બંકરમાં ઘૂસી ગયા હતા. આ રીતે એરપોર્ટ પરના સિક્યોરીટી સ્ટાફ અને સૈનિકો વચ્ચે બેફામ ગોળીબાર તેમણે તદ્દન નજીકથી જોયો હતો.

## કચ્છી સાહિત્ય ગૌરવ પુરસ્કાર જાહેર

ગુજરાત કચ્છી સાહિત્ય અકાદમી - ગાંધીનગર દ્વારા કચ્છી ભાષાના વિકાસ અને ઉત્કર્ષમાં પોતાના સર્જન, વિવેચન કે સંશોધન થકી ઉત્તમ પ્રદાન કરનારા કચ્છી ભાષાના પાંચ સાહિત્ય સર્જકોને ૨૦૧૦થી ૨૦૧૪ સુધીના વર્ષમાં પ્રતિષ્ઠિત સાહિત્ય ગૌરવ પુરસ્કાર જાહેર કરાયા છે. જેમાં ૨૦૧૦ના વર્ષ માટે જયંતી જોશી 'શબાબ', ૨૦૧૧ માટે ડૉ. વિશન નાગડા, ૨૦૧૨ માટે રવિ પેથાણી 'તિમિર', ૨૦૧૩ માટે ગૌતમ એસ. જોશી અને ૨૦૧૪ માટે હરેશ દરજી 'કસબી'ને સાહિત્ય ગૌરવ પુરસ્કાર જાહેર કરાયા છે. કચ્છીઓ માટે અને તેમાંય કચ્છી સાહિત્યકારો માટે આ નામો અને કચ્છી સાહિત્ય ક્ષેત્રે તેમનું પ્રદાન અછાનું નથી.

## ન્યુજર્સીમાં 'કચ્છડો બારેમાસ'

કચ્છી ઓસવાળ જૈનોના ૮મા સંમેલનની ત્રિ-દિવસીય ઉજવણી તાજેતરમાં કરાઈ હતી. ન્યુજર્સી ખાતે મણિલાલ સાવલા, કૌશિક શાહ, હરેશ શાહ, શૈલેષ ગાલા, પુલીન વીસરિયા અને દીપક ગડાની સંચાલન સમિતિની આગેવાની હેઠળ કચ્છી સંસ્કૃતિનો મહોત્સવ શેરેટોન પાર્સીપેની હોટલ ખાતે ઉજવાયો હતો. 'કચ્છડો બારે માસ' શિર્ષક હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં અમેરિકા, કેનેડા અને ભારતથી ૮૦૦ જણા તથા આશરે ૫૦ વક્તાઓ, કલાકારોએ ભાગ લીધો હતો. કચ્છી સાહિત્ય સભા - ભુજ દ્વારા 'કચ્છી સાહિત્ય રત્ન' - ૧૬ પુરસ્કૃત મુંબઈના ડૉ. વિશન નાગડાએ કચ્છી કવિતાઓ અને કચ્છની સંસ્કૃતિ વિશે માહિતગાર કર્યા હતા. કચ્છી સમાજમાં અગત્યનો ફાળો આપનારી ત્રણ વ્યક્તિઓ દામીભાઈ રાંભિયા, જ્યોતિબેન ધરોડ અને ડૉ. માસુમબેન મોમાયાનું કો-જૈન સંસ્થા દ્વારા સન્માન કરાયું હતું. બપોર બાદ એન.જી.ઓ. કાર્યક્રમમાં હરેશ છેડા (કચ્છી જૈન ફાઉન્ડેશન), વિજય છેડા (બિદડા સર્વોદય ટ્રસ્ટ), રામ ગડા (માટુંગા બોર્ડિંગ), મેહુલ ગાલા (શિશુવન), ડૉ. ચંદ્રવદન હરિયા (યુસુફ મહેરઅલી ફાઉન્ડેશન), કોમલ છેડા (કચ્છ યુવક સંઘ) વગેરેએ ભાગ લીધો હતો. આ ઉપરાંત અપરીણિત યુવક યુવતીઓ માટે નેટવર્કિંગનું આયોજન થયું હતું.

## કચ્છની અદ્‌ભુત કુદરતી ઉપચાર પદ્ધતિ

એક સમય એવો હતો કે લોકોને લાંબા સમય સુધી કોઈ જાણકારી ન હોય અને પોતાના શરીર પ્રત્યે સજાગ નથી તેવા લોકોને બીમારીઓ કે રોગ થતા હતા. હવે એ સમય નથી. પરંતુ દરેક વ્યક્તિને પોતાની જીવનશૈલીને લગતી બીમારીઓ થતી હોવાના કિસ્સા વધુ બની રહ્યા છે, ત્યારે આ રોગોથી બચવા સમગ્ર દેશ-દુનિયાના લોકો ઍલોપેથી સારવારથી દૂર ભાગી કુદરતી ઉપચાર તરફ વળ્યા છે. આવો જ એક વધુ કિસ્સો સામે આવ્યો છે. સાત સમંદર પાર દુબઈ જેવા દુનિયાના સૌથી ઝડપી વિકસિત દેશમાં રહેતા પરિવારને પણ કચ્છની પ્રાકૃતિક ઉપચાર પદ્ધતિ અહીં સુધી ખેંચી લાવી છે. કોઈપણ જાતના કરવેરા નથી એવો એક દેશ છે દુબઈ અને કચ્છનો આ પ્રદેશ સાથે જાણે સીધો સંબંધ હોય તેમ અખાતી મુલકનો માનવી પણ કચ્છ તરફ આકર્ષાયો છે. જેમ કચ્છી માડુ ધંધાર્થે દુબઈમાં વસતા થયા છે તેવી જ રીતે હવે શારીરિક સમસ્યાના ઉકેલ કે બીમારીના ઈલાજ માટે આરબ લોકો કચ્છમાં આવતા થયા છે.

## રાષ્ટ્રીય સ્તરે ચમક્યું કચ્છનું ઇકો ફ્રેન્ડલી ઘર

બાળપણમાં ઘર ઘર રમવાનો મોકો સૌ કોઈને મળ્યો જ હશે અને એ જ વ્યક્તિઓ જ્યારે મોટી થાય ત્યારે સપનાનું આલિશન ઘર બનાવવાની તેમની મહેચ્છા હોય છે. ઘર કોને કહેવાય - જ્યાં મંદિર જેવો અહેસાસ થાય, થાકી-પાકીને પહોંચીએ તો એમ જ લાગે કે ખરેખર આ જ છે ધરતીનો છેડો... અલબત્ત મકાનને સાચા અર્થમાં મંદિર બનાવવાનું સપનું જોઈને એ સપનું સાકાર કરી ચૂકેલા ભુજના યુવાનને એ ખબર ન હતી કે તેમનું ઘર દેશના ચુનંદા ઈકો ફ્રેન્ડલી બંગલામાં સ્થાન પામશે અને તસવીર દેશના એક આર્કિટેક્ચર ક્ષેત્રે મોટા મેગેઝિન 'ઈન સાઈડ, આઉટ સાઈડ'ના મુખપૃષ્ઠ પર જોવા મળશે. આ એક યુવાન પ્રશાંત શાહે પર્યાવરણને છાજે તેવા આશિયાનાને ઑપ આપ્યો છે, જેનું નામ રાખ્યું છે 'ધ્યાનમ.' આ જ ભુજ શહેર છે જ્યાં ૨૦૦૧માં ધરતીકંપ આવતાં હયાત અનેક મકાનો જમીનદોસ્ત થઈ ગયા, મેદાન પણ થઈ ગયા. અને ૧૫ વરસ પછીનું પણ આ જ ભુજ શહેર છે જ્યાં એવા આશિયાના બની ગયા કે દુનિયાના લોકોને ઘેલું લાગ્યું અને એક આર્કિટેક્ટની પસંદગીમાં ભુજના ઈકો ફ્રેન્ડલી થીમ આધારિત બનેલા ઘરને એક મોટા ગજાના 'ઈન સાઈડ, આઉટ સાઈડ' નામના મેગેઝિનમાં સ્થાન મળી ગયું છે. ■

# પ્રતિભાવ

### 'કચ્છીયતની પ્રતિભા'

'કચ્છીયતની પ્રતિભા' ગ્રંથ મળ્યો. આનંદ અને આભાર.

મેગાસિટી અમદાવાદમાં કચ્છી સમાજ - અમદાવાદે એક આગવી અને અનેરી ઓળખ ઊભી કરી છે પરંતુ અતીત તરફ સહેજ દૃષ્ટિપાત કરીએ તો **જુદા જુદા કચ્છી એકમોનું સંકલન અને સંવર્ધન કરી એમને સશક્ત સંગઠનના રૂપમાં એક સુત્રે સાંકળી લેવાનું કાર્ય વિકટ અને વિરાટ જ છે** એની પ્રતીતિ થયા વિના રહે નહીં. આ કાર્ય સંનિષ્ઠ સેવા સમર્પિતતા વિના શક્ય જ ન બને. એટલે આ કાર્યમાં આરંભથી અત્યાર સુધી ઓતપ્રોત રહેલા સહુ અગ્રણીઓ આદર અને સન્માનના અધિકારી છે.

કચ્છ, કચ્છી અને કચ્છીયત એટલે પ્રતિકૂળતા અને પડકારો સામે જરાય ઝુક્યા વિના પ્રતિકાર કરી ખંત, ખમીર અને ખાનદાનીને ઉષ્માસભર ઉજાગર કરતું રહેતું શૌર્ય, સાહસ અને સૌહાર્દનો ત્રિવેણી સંગમ. 'કચ્છીયતની પ્રતિભા'ના પ્રકાશનનાં કન્સેપ્ટમાં અને **એને મૂર્ત સ્વરૂપ આપવામાં જે પરિશ્રમ અને પુરૂષાર્થ ઉઠાવવામાં આવેલ છે તે અતિ પ્રસંશનીય છે. શ્રી કચ્છી સમાજ - અમદાવાદે આ ગ્રંથ દ્વારા તિજોરીનું એક અમૂલ્ય ઘરેણું પ્રદાન કર્યું છે.** આ ગ્રંથ માત્ર કચ્છી જ નહીં પરંતુ બૃહદ સમાજનાં અન્ય એકમોને પણ પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન આપતું રહેશે એ નિઃશંક જ છે.

કચ્છી સમાજ - અમદાવાદના મોભીઓ અને અન્ય કાર્યકર્તાઓને એમની સંનિષ્ઠ સેવા સમર્પિતતાને મારા શત શત સલામ.

*શંકર ન. ઠક્કર - ભુજ*
*મો. ૯૪૨૬૭ ૮૮૭૯૫*

★

### 'કચ્છીયતની પ્રતિભા'

સવિનય જણાવવાનું કે આપના સમાજ દ્વારા પ્રકાશિત પુસ્તક ''કચ્છીયતની પ્રતિભા'' મળેલ છે. તે માટે આભાર. આ પુસ્તકથી અમદાવાદ - ગાંધીનગર જિલ્લાની અન્ય કચ્છી સંસ્થાઓ અને તેની કાર્યપ્રવૃત્તિઓ વિશે અનેક માહિતી મળી શકે તેવું છે. તે ઉપરાંત જરૂર પડ્યે તેનો સંદર્ભગ્રંથ તરીકે પણ ઉપયોગી બની શકે તેવું ઉમદા પ્રકાશન કરવામાં આવ્યું છે. **સંશોધન કાર્ય કરનાર માટે પણ આ પુસ્તક ઉપયોગી છે.** વ્યક્તિ વિશેષની માહિતી આ પુસ્તકના માધ્યમથી ઉપલબ્ધ થઈ શકે છે. **કચ્છીઓના સંસ્કાર, સંસ્કૃતિ અને કચ્છીયતને ઉજાગર કરનાર આ પુસ્તક છે.** આ પ્રકારનું મૂલ્યવાન પુસ્તક આવકારપાત્ર છે અને સરાહનીય છે. આ માટે સર્વે સહયોગીઓને ધન્યવાદ.

*બાબુલાલ ગોર - ભુજ*
*ફોન : ૨૩૧૮૬૧*

★

### 'કચ્છીયતની પ્રતિભા' – અભિનંદન

સમગ્ર અંક, 'કચ્છીયતની પ્રતિભા' અત્યંત સુંદર અને કચ્છની છબીને વિવિધ પ્રકારે ઉજાગર કરતા અને સદા - સર્વદા કચ્છનું હિત વાંચ્છતા પ્રતિભાસંપન્ન વ્યક્તિની ઓળખ આપતા આવા **કચ્છીઓની સન્માનિત કદર કરી, આપે એક આગવી પ્રણાલિકા પ્રસ્થાપિત કરેલ છે જે ખૂબ જ આવકાર્ય અને ઉમદા કાર્ય કહી શકાય.** આ માટે સૌને મારા હૃદય પૂર્વકનાં અભિનંદન સ્વીકારશો. કચ્છશ્રુતિના માધ્યમ દ્વારા આપ કચ્છની જે સેવા કરી રહ્યા છો તે માટે એક કચ્છી તરીકે મને અત્યંત ગૌરવ ઉપજે છે.

*મુકુંદ કે. મહેતા 'અલ્પ' - આદિપુર, કચ્છ*
*મો. ૯૯૦૯૭ ૨૩૭૮૩*

★

### 'કચ્છીયતની પ્રતિભા' અને સમાજોનું સંગઠન આવકાર્ય

જય જિનેન્દ્ર સહ જણાવવાનું કે આપશ્રીના દ્વારા મોકલાવેલ પુસ્તક 'કચ્છીયતની પ્રતિભા' અમોને મળ્યું. ખૂબ જ સારું અને આવકાર્ય કાર્ય છે. અમદાવાદમાં રહેતો કચ્છી સમાજ બૌધ્ધિક, આર્થિક અને સામાજિક સક્ષમતા ધરાવતો સમાજ છે. તથા અમદાવાદ એ એવું સ્થાન છે જ્યાં શૈક્ષણિક, તબીબી અને આર્થિક સંકલન માટે વિશ્વમાં વસતા દરેક કચ્છીએ ત્યાં આવવું પડે છે. આવા શહેરમાં પોતાનું પ્રવૃત્તિશીલ સંગઠન ખૂબ જ આવકાર્ય છે.

*રાજેશ શાહ*
*એવરી-ડે હર્બલ બ્યુટી કેર - સામખિયાળી*
*મો. ૯૮૭૯૦ ૩૩૪૮૪*

**"કચ્છીયતની પ્રતિભા"**

'કચ્છીયતની પ્રતિભા' પુસ્તક ખૂબ જ પ્રેરણાદાયક બન્યું છે. અમારી આવતી પેઢીને આ પુસ્તકમાંથી ઘણું જાણવાનું મળે, પ્રેરણા મળે તેવું ઉત્તમ પુસ્તક છે.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ કોઈપણ વિષયને જોઈ-વિચારીને કામ કરી રહ્યું છે, તે ખરેખર અજોડ છે.

*કાન્તિસેન (શ્રુજન)*

★

**લગન અને નિષ્ઠાને સલામ**

કચ્છશ્રુતિ / 'કચ્છીયતની પ્રતિભા' બદલ અભિનંદન. અમદાવાદમાં કચ્છના વિવિધ ઘટક સમાજોના ૧૮ ભવન, વાડીઓ અને સમાજલક્ષી પ્રવૃત્તિઓ વાંચી, જાણી આનંદ થયો. આ જ તો છે મહાજન પરંપરા. **આપની લગન અને નિષ્ઠાને સલામ.**

*લાલ રાંભિયા - ભુજ*

★

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા**
**અષાઢી બીજ પ્રસંગે યોજાયેલ સ્નેહમિલન કાર્યક્રમ**
**વરસાદ વગર ભીંજાયા!**

અષાઢી બીજે ભલે વરસાદ ન આવ્યો પરંતુ કાર્યક્રમના આરંભમાં સંગીતની મહેફિલે પ્રેક્ષકોને ભીંજવી દીધા! આને કહેવાય વરસાદ વગર ભીંજાયા!

અષાઢી બીજના કાર્યક્રમે રંગ રાખ્યો!

ઘણી બધી યોજનાઓની શરૂઆત સાથેનો કાર્યક્રમ ભરચક હોવા છતાં યોગ્ય આયોજનને કારણે સમયસર અને આનંદમય વાતાવરણમાં પૂર્ણ થયો. તે બદલ આયોજકોને અભિનંદન.

કાર્યક્રમની શરૂઆતમાં ગાયક કલાકારોએ કચ્છી - ગુજરાતી ગીતોથી તેમજ ઓરકેસ્ટ્રાના બધા જ કલાકારોએ ટાગોર હોલને સંગીતમય બનાવી દીધું. તેમાં પણ છેલ્લી રચનાએ (લાગ્યો કસુંબીનો રંગ...!) તો સર્વે કચ્છી સભ્યો - પ્રેક્ષકોના દિલ-દિમાગને કસુંબીના રંગમાં ઝબોળી દીધા! એક તબક્કે તો એમ જ લાગ્યું કે તે દિવસે ટાગોર હોલમાં મનોરંજનના આજકાલના ધાંધલિયા સંગીતના 'બૂરે દિન'થી છૂટકારો મળ્યો!

એ સર્વે કલાકારોને અભિનંદન.

કચ્છના ઘટક સમાજોની સન્માનનીય વ્યક્તિઓનું સન્માન થયું અને તે પણ નવતર સ્વરૂપે! એક સાથે નહીં પરંતુ વચ્ચે વચ્ચે 'બ્રેક' આપીને!

'સરસ્વતી સન્માન' વગેરે કાર્યક્રમ માટે મોટા ફંડની જરૂર પડે તે સ્વાભાવિક છે. એટલે કે 'સરસ્વતી'ની પાછળ (કે સાથે!) 'લક્ષ્મીજી' હોવા પણ જરૂરી છે! જે માટે પડદા પાછળ રહીને કાર્ય કરનાર શ્રી દિનેશભાઈ મહેતા અને શ્રી મનુભાઈ કોટડિયા વગેરે અનેક લોકોના પરિશ્રમને પણ દાદ આપવી પડે.

ડાયનેમિક માનદ્ મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરને ત્યાં બીજા દિવસે એમની બહેનનો લગ્ન પ્રસંગ હોવા છતાં કાર્યક્રમમાં સક્રિય રહ્યા તે અભિનંદનીય છે.

શ્રી અશોકભાઈ મહેતાએ તેમના પ્રવચનમાં એક દાખલો આપતાં કહ્યું કે આપણા સમાજના ઘણા લોકોને પોતાના કામ અંગે સરકારી કે અર્ધ સરકારી ઓફિસોમાં સામાન્યપણે 'રેડ ટેપીઝમ'ને કારણે ખરાબ અનુભવ થતા હોય છે. હવે જો આવા લોકોના પ્રશ્નોની લાગતી વળગતી ઓફિસ પાસે આપણા સમાજની મદદથી રજૂઆત થઈ શકે તો તેમાં મહદ્ અંશે સફળતા મળી શકે.

આ રીતે પણ આપણા સમાજના સભ્યો સમાજની મદદ લઈ શકે. પરંતુ તે માટે સમાજના સભ્ય હોવું જરૂરી છે.

અંતમાં, અષાઢી બીજના આ કાર્યક્રમમાં એન્કરની ભૂમિકામાં (અલ્પા - જલ્પાની જોડી) શ્રીમતી અલ્પાબેન શાહ તેમજ શ્રીમતી જલ્પા પટેલનું એન્કરિંગ પણ અભિનંદનીય હતું. રીસેપ્શન કાઉન્ટર પર સેવા આપનાર ભાઈશ્રી / બહેનશ્રીના કામની પણ સરાહના કરવી જ જોઈએ.

આવું સુંદર કામ કરતી આપણી સંસ્થાનું તેમજ 'કચ્છશ્રુતિ'નું સભ્યપદ ગાંધીનગર - અમદાવાદમાં વસતા બાકી રહેતા આશરે ચારેક હજાર પરિવારો પણ જો મેળવી લે તો હજી વધારે સારી યોજનાઓ શરૂ થઈ શકે.

કાર્યક્રમના અંતે 'મેઘ' વગર પણ 'મેઘલાડુ'ની પ્રસાદીનો આનંદ સર્વે કચ્છીમાડુના મુખ પર સ્પષ્ટપણે જોઈ શકાતો હતો!

*ચિત્રસેન શાહ - ગાંધીનગર*
*મો. ૯૪૦૯૫ ૪૧૫૫૧*

**વતનના★ વાવડ**

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત થતી કોલમ **"વતનના વાવડ"** માટે અભિપ્રાય શું આપવો? **આ કોલમ તો 'કચ્છશ્રુતિ'નું શિરમોર જ ગણી શકાય.** જે કોલમ દ્વારા જાણવા જોગ બનાવો અને અપ્રાપ્ય સમાચારોથી વિવિધ જાણકારી અને માહિતી મળી શકે છે. એ રીતે વતનના વાવડ સર્વ રીતે આવકાર્ય અને જરૂરી છે, જે નિરંતર ચાલુ રહેવી જ જોઈએ.

*મુકુંદ કે. મહેતા 'અલ્પ' - આદિપુર, કચ્છ*
*મો. ૯૯૦૯૭ ૨૩૯૮૩*

**ઘટક સમાજોને જોડવાનો નવતર પ્રયોગ સફળ થયો**

મે. સાહેબ, આપ અને આપની ટીમે 'કચ્છીયતની પ્રતિભા' બુક તૈયાર કરીને ખૂબ જ પ્રસંશનીય કામગીરી કરી છે. તે માટે ગાંધીનગર સમાજ આપની ટીમને ખૂબ જ અભિનંદન આપે છે તેમજ પુસ્તિકાની કામગીરીને બિરદાવે છે. કેમકે આ બુકનું પ્રકાશન કરી આપશ્રીએ અમદાવાદની આસપાસના ઘટક સમાજોને જોડવાનું અને તેવા સમાજોના આગેવાનોને સન્માનવાનું જે કામ કર્યું છે તે નવતર પ્રયોગ ખૂબ જ સફળ રહ્યો. આ રીતે આપના સમાજે દરેક ઘટક સમાજના કાર્યકરોને મોટીવેટ કર્યા છે કે જેથી ભવિષ્યમાં કરવાના થતા કાર્યક્રમોનો બહોળો ફેલાવો થશે. જે દરેક સમાજ માટે આશિર્વાદરૂપ છે. ફરી આપને અને આપની ટીમને ધન્યવાદ કેમકે બુક વિમોચનનો કાર્યક્રમ પણ અદ્ભુત અને યાદગાર બનાવ્યો.

*પ્રમુખ/મંત્રી*

*ગાંધીનગર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ - ગાંધીનગર*

★

**'કચ્છશ્રુતિ' માસ જુલાઈ-૨૦૧૬**

**આકર્ષક અને ખૂબ જ ઉપયોગી માહિતી**

'કચ્છશ્રુતિ' જુલાઈ-૨૦૧૬નો અંક મળ્યો. મુખપૃષ્ઠ ઉપર કચ્છની વિશેષતાના રંગીન ચિત્રો ઘણા આકર્ષક છે. વિવિધ પ્રકારના સમાચારો તેમજ શ્રી પ્રભાકરભાઈ ધોળકિયાની નિમણૂક, શુભ લગ્ન સમાચાર વગેરે માહિતી ઘણી ઉપયોગી થઈ રહે છે. ૩૧ ઘટકના ૬૨ મહાનુભાવોનું સન્માન થયું તે સમાચારા જાણી આનંદ થયો. શ્રી મનુભાઈ શાહ, શ્રી મેઘજીભાઈ પટેલ — પટેલ ટ્રાવેલ્સવાળા જેવા સજ્જનોએ લાઈબ્રેરી માટે ઉત્સાહપૂર્વક ડોનેશન જાહેર કર્યા તે સમાચાર બિરદાવી, આપશ્રી અન્યને પ્રેરણાદાયી બનાવો છો. શ્રી જગદીશભાઈ ઠક્કરની 'ગીફ્ટ હેમ્પર' ૧૦૦ કરતાં વધારે પેકેટ્સ માટેની ઝીંદાદિલીના સમાચારથી પણ આનંદ થયો. તેમજ કાર્યક્રમના ફોટોગ્રાફ્સ. આમ, દરેક લાયક વ્યક્તિને બિરદાવવાનો જે પ્રયાસ જુલાઈ-૨૦૧૬ના અંકમાં થયેલ છે તે સંપાદક - તંત્રી મંડળનો એચ.આર.ડી. અભિગમ સ્પષ્ટ કરે છે. ફોટોગ્રાફ્સની ક્વોલિટી પણ ઘણી સરસ - ઉત્તમ છે.

પાના નં.-૩૯ ઉપર 'આદર્શ અમદાવાદ'ના કાર્ય વિશેના સમાચાર 'વિના મૂલ્યો મોતિયો'માં ડૉ. હર્ષદભાઈ શાહની સેવા બિરદાવવા સાથે, જરૂરિયાતવાળાને માહિતી ઘણી ઉપયોગી થઈ પડશે.

કચ્છમાં બાગાયતી પાકોની વૃદ્ધિ - જળ સમસ્યા હલ કરવા સરકારના સ્તુત્ય પ્રયાસો માહિતીસભર છે.

પાના નં.-૮૩ ઉપર 'ગુરુ સાક્ષાત પરબ્રહ્મ' - અમૃતસ્ય યુગાઃ ફોટોગ્રાફ ઘણો વિરલ અને સરસ છે.

વેવિશાળની સમસ્યા - 'દીકરાઓને પણ ભણાવો' સમય સુસંગત છે. જે માટે દરેક ઘટક સમાજે સંયુક્ત ધ્યાન આપવું જરૂરી છે.

*કે.કે. ઠક્કર - અમદાવાદ*

*મો. ૯૪૨૬૫ ૧૯૫૧૫*

★

**'કચ્છશ્રુતિ' માસ જુલાઈ-૨૦૧૬નો અંક**

'કચ્છશ્રુતિ' માસ જુલાઈ-૨૦૧૬નો આખો જ અંક ઉત્તમ. જાણે મઘમઘતો ગજરો.

શ્રી મુરજી ગડા, શ્રી યાસીન દલાલ, શ્રી દિનેશ પાંચાલના લેખો વિશેષ ગમ્યા.

પાના નં.-૭ પર શ્રી યાસીન દલાલની 'નરકમાં રિઝર્વેશન' નામની ટૂંક નોંધ છપાઈ છે. 'ડીવાઈન કોમેડી'ના સર્જક મહાકવિ દાંતે (ફ્રેન્ચ ભાષામાં 'દાંતે', ઇટાલિયન ભાષામાં 'ડેન્ટી') ફ્રાન્સનો હતો કે ઇટાલિયન?

ડીવાઈન કોમેડી તેણે પોતાની માતૃભાષા ઇટાલિયનમાં લખેલી પછી જગતની અન્ય અનેક ભાષાઓમાં તે મહાકાવ્યનું ભાષાંતર થયેલું.

ગુજરાતીમાં પણ આપણા જાણીતા જ્ઞાનપીઠ ઍવોર્ડ વિજેતા સ્વ. કવિશ્રી રાજેન્દ્ર શાહે તેનું ભાષાંતર કરેલ છે.

આપણને સૌને જાણીને ખુશી થાય કે ઠેઠ તેરમી સદીમાં ડેન્ટીએ એ મહાકાવ્યમાં જે ફિલસુફી રજૂ કરી છે તે આપણા ઉપનિષદોમાં રજૂ થયેલી વિચારધારાને ઘણી મળતી આવે છે.

શ્રી પ્રવીણચંદ્ર શાહે સાવરકરની બરાબરની ખબર લઈ નાખી છે. પણ લખાણમાં આવેશ અને આક્રોશ સ્પષ્ટ જણાઈ આવે છે. લખવામાં કે બોલવામાં જો આવેશ કે આક્રોશ હોય તો તટસ્થતા જોખમાય એમ બને.

એ જાણવું રસપ્રદ બનશે કે અમદાવાદના જાણીતા સ્ત્રીરોગ નિષ્ણાત અને અખબારી કોલમિસ્ટ ડૉ. શરદ ઠાકરે સાવરકરના જીવન પર આધારિત 'સિંહ પુરુષ' નામની નવલકથા લખી છે.

આ નવલકથા વાંચીને જૈનોના અતિ વિદ્વાન અને સમર્થ મહારાજ શ્રી જંબૂસ્વામી પ્રભાવિત થયા હતા અને તેમણે શ્રી ઠાકરને મળવા બોલાવ્યા હતા.

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

## 'કચ્છશ્રુતિ'નો પ્રસંશનીય અંક

કચ્છી નૂતન વર્ષ ઉજવણીની સચિત્ર માહિતી આપતો 'કચ્છશ્રુતિ'નો અંક મળ્યો - ગમ્યો. આપ સૌ કાર્યકરોની મહેનત આ પર્વ ઉજવણીનો અહેવાલ વાંચતા જ કેટલી પ્રસંશનીય છે તે જણાઈ આવે છે.

આજે દરેક સમાજ, જ્ઞાતિ અને સંપ્રદાયમાં વહેંચાયેલો છે. પરિણામે કચ્છી તરીકેનું ગૌરવ ગૌણ બની જાય છે ત્યારે વતનથી દૂર અમદાવાદમાં સ્થાયી થયેલ બધા જ કચ્છી જ્ઞાતિ સમાજોને એક છત્ર હેઠળ લાવી, એ સમાજના **સેવાભાવી કાર્યકરોની સેવાની નોંધ લઇ તેમનું સન્માન આ સપરમા દિને કરી આપે જે અનુકરણીય પગલું ભર્યું છે તેની નોંધ અન્ય સમાજો પણ લેશે તેમાં શંકા નથી.**

અમદાવાદ જેવા શહેરમાં સતત દોડતા રહેવું પડે અને સામાજિક સેવા માટે સમય આપવો એ જ કામ મોટું છે ત્યારે આપ સૌનો ઉત્સાહ પ્રસંશનીય છે.

*ગોવિંદ વી. ખોખાણી - માધાપર, કચ્છ*
*તંત્રી : કચ્છી લેવા પટેલ સંદેશ*

★

## પ્રતિદિન પ્રગતિના સોપાન સર કરતું મેગેઝિન 'કચ્છશ્રુતિ'
## વતનના વાવડ - વતનના વિરહનો ઝુરાપો

'કચ્છશ્રુતિ'ની હરહંમેશ અમે ભાવપૂર્વક અને ઈંતેજારીથી રાહ જોઈએ. આવું વ્યસન સ્વીકાર્યને? **પંદર જુલાઇના અંકમાં મુખપૃષ્ઠ પર ચૌદ ચતુષ્કોણમાં ભારોભાર કચ્છની અસ્મિતા ઉભરાય છે.** જોઈને જ મોજ પડી ગઈ. ચૌદે ચતુષ્કોણમાં કચ્છના રંગીલા કામણ પથરાયા છે, જે આપણી સંસ્કૃતિને ઉજાગર કરે છે. 'કચ્છશ્રુતિ' પ્રતિદિન પ્રગતિનું સોપાન સર કરતું રહ્યું છે. વાંચન સામગ્રીનું વાચકો મૂલ્યાંકન કરે, તો **દરેક લેખ સો ગરણે ગળાઈને અંકના પાને પરોવાય છે.** આજે હરીફાઈનો યુગ ચાલે છે ત્યારે એક વાત લખવાનું મન થાય છે કે દળદાર અંક હોવો જરૂરી નથી પરંતુ એક એક લેખનું ઝીણવટપૂર્વક મૂલ્યાંકન કર્યા પછી એ લેખ અંકનાં પાને **મોતીરૂપે પરોવાય ત્યારે એ પાથેય વાંચનથી અંક અમૂલ્ય બને છે, ઓજસ્વી બને છે.** વાચકોના મનોપ્રદેશ પર પ્રેરક પ્રસંગો એક અમીટ છાપ છોડતા જાય છે. અંકની અસ્મિતાની એ જ તો આગવી ઓળખ છે. કચ્છશ્રુતિએ તે પ્રતિભા જાળવી રાખી છે. તે માટે તંત્રીજી અને સંપાદક સભ્યો યશકલગીના હક્કદાર છે જ. **એમની કાર્યદક્ષતાને હૃદયપૂર્વક સો સો સલામ!**

વાચકવર્ગ સાથે સંબંધનો સેતુ વિશેષ મજબૂત કરવા એક એક કોલમનાં અભિપ્રાય આપવાનું સૂચન ખરેખર દાદ માંગી લે એવું છે. વાચકોને વિચાર વિમર્શ કરવા એક નાનકડો મંચ મળે છે. એક જ વિષય હોય છતાં દરેકે દરેક વ્યક્તિનાં અભિપ્રાય નોખા પડે છે, ને છેવટનો સૂર એક જ હોય. હવે વિષય છે **"વતનના વાવડ."** તે દિશાએ કશુંક લખવાનું વિચાર્યું ત્યારે વતનની લાગણી અને મમતા જ વ્યક્તિને વાચાળ બનાવી દે છે. માતા, માતૃભૂમિ અને માતૃભાષા એ વતનનાં અભિન્ન પાસા છે. દરેક વ્યક્તિ પહેલાથી અંતિમ શ્વાસ લગી તેનાથી જોડાયેલી રહે છે. જેનાથી કદીયે ઋણ મુક્ત ના થઈ શકે. માતા જેણે જન્મ આપી હેત, હૂંફથી સંવર્ધન કર્યું, માતૃભૂમિ જે ધરતીએ પહેલો શ્વાસ લીધો અને એ ધરતીનાં કણથી પોષણ પામ્યા. બાળકનાં પ્રથમ રૂદન સાથે જ માતૃભાષા સાથે નાતો જોડાય છે. પછી એકાક્ષરી શબ્દો દ્વારા એની ભાષાની યાત્રા આગળ વધે છે. માતૃભાષા આપણી ધરોહર છે. એ ત્રણે માટે દરેક વ્યક્તિને ગૌરવ હોવું જોઈએ. વતનનાં વાવડની વાત આવે છે ત્યારે વિદેશ વસતા કોઈ ગુજરાતી કે કચ્છીઓને પૂછીએ તો જ ખબર પડે કે વતનનાં વિરહનો ઝુરાપો, પરિવારથી દૂર રહેવું કેટલું દુષ્કર છે. **વતનનાં વાવડ કોલમમાં વ્યક્તિ પોતાની નજર સૌથી પ્રથમ ઠેરવે છે.** તેમાં પણ કચ્છ સાથે ઓરમાયું વર્તન રાખતા વરસાદનાં વાવડ સારા મળે તો તો આનંદની અવધિ જ ના રહે. મસ્કત કે લંડનની વ્યક્તિ એ વાવડ વાંચી તરબોળ બને અને હલકારા સાથે રસોડે સાદ નખાય એ... આજે ભજીયા બનાવજો... વાવડ સારા છે. **વતનનાં કેટલાયે વાવડ એ કોલમ દ્વારા મળે. વતનનાં વાવડ હજુ વિસ્તૃત બનાવજો.**

*મુક્તા જે. ખત્રી - ભુજ*
*હવાઇ તરંગ : ૯૪૦૮૬ ૨૧૦૭૮*

★

## કચ્છી નૂતન વર્ષ નિમિત્તેનો કાર્યક્રમ

કચ્છી નવા વર્ષનો પ્રોગ્રામ ખૂબ જ સુંદર અને સરસ રહ્યો. ૩૧ સંગઠન (સ્થાનિક ઘટક સમાજો)ને એક જ સ્ટેજ - મંચ ઉપર એકઠા કરવા બદલ ખૂબ ખૂબ ધન્યવાદ. સૌ કચ્છી માડુ 'કચ્છશ્રુતિ' અને શ્રી કચ્છી સમાજ - અમદાવાદના દરેક આયોજકોને અભિનંદન.

*વિનોદ સી. દવે - આદિપુર*
*મો. ૯૯૨૪૭ ૭૨૩૪૮*

★

Ramesh Savla
Manish Savla
94260 77479

**ARIHANT INDUSTRIES**

Mfg :
Bakellit, eMoulding & Panel Board, Accessories,
Push Buttons, Connector Strip & Cooker Handles

5/33, G.I.D.C. Ind. Estate, Phase-1, Vatva, Ahmedabad-382 445.
Ph.: (F) (079) 25831205 • (R) (079) 25464948

Bharat B. Gala
Nanvinchandra D. Dedhia

**Raju ENTERPRISE**

179 & 323, Unit-2, G.V.M.M,
Odhav, Ahmedabad-382415
Telefax: 22900896, 22900300
Mob.: 9327005460, 9825733710

RE- ROLLING / S.S PATTA-PATTI

Niten Vasa

**Essen Dyechem**

Deals in : Dyes, Chemicals & Pigments

26, Karnavati Estate Part-II, Near Ramol Cross Roads,
Phase-IV, G.I.D.C., Vatva, Ahmedabad - 382 445.
Ph. [O] (079) 2584 0108 [R] (079) 2684 0690
M.: 98240 14995

KAMLESH SHAH 9825018180

**AMAM MARKETING**

SALES PROMOTER

JK LAKSHMI CEMENT Ltd.

207, Sarthak Swastik Char Rasta, C.G.Road, Ahmedabad-380009.
Tel: (0) 079-26407413, 26562649 • (R) 26604912
Email: kms9659@gmail.com

Mukesh M. Savla
M.: 9825034569
Sagar
M.: 987913094

**BHAGYODAY QUARRY WORKS**

(MINING & CRUSHING INDUSTRIES)

Manufacturer Suppliers & Wholesaler of
Kapchi, Grit, Metal-6mm Wet Mixed, Rubble
& alltype of Construction Material,

Add: Ramnagar, Dhansura, Dist. Sabarkantha (Gujarat)
Email: Savlamukesh2002@redifmail.com, savlamukesh2002@gmail.com

**ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ**

મો. ૯૮૯૮૧૯૮૬૧૬

દાંતના ડૉક્ટર

૧, ઝલક કોમપ્લેક્ષ, ભટ્ઠા, પાલડી, અમદાવાદ.
૧૨, જયશેફાલી રો હાઉસ, શિવરંજની ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ.
મા કમલા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ડેન્ટલ કોલેજ - બોપાલ

Let's Move towards Nature...
All things will be destroyed with time but time never just like...

**शाश्वत Green**

Plots & Farmhouse

ACTUAL SITE PHOTOGRAPHS


Club house
Children Play Area
RestRoom in ClubHouse
Indoor Games
Swimming Pool
Jogging Track



Site Address : Shashwat Green
Village : Makhiyav, Nr. Mankol Cross Road,
Sanad - Nalsrovar Road, Dist.: Ahmedabad.

Developers
Shashwat Reators

Hasmukh Patel : 9879608051
Vinod Patel : 9879608054
Anupam Patel : 9879608057

**ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ ઠક્કર**
**હર્ષ, રિયા અને યશ ઠક્કર**

-॥ ઓફિસ ॥-
એફ-૪૨, શુભ કોમ્પલેક્ષ, રાજસ્થાન હોસ્પિટલની બાજુમાં, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪.
ફોન : ૨૨૮૮૪૧૬૧-૬૨

-॥ ઘર ॥-
એ/૩/૪, ઈલાઈટ એપાર્ટમેન્ટ, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૨૨૮૬૭૯૩૨

Gujarat's Leading
Electronic Manufacture
(TOTAL EMS SOLUTION)

Innovision Systems & Devices
E-12, Electronic Estate, GIDC, Sector-26, Gandhinagar-382044, Gujarat

Innovision Systems & Devices Pvt Ltd
1143, Opp. GEB Sub Station, Chhatral-Kadi Road, Chhatral - 382729, Gujarat

MD-Paresh Shantelal Mehta & Heena Mehta (Nakhatrana-Kutch)
Phone: 0091-79-23287733 Email: innovisionpme@yahoo.com



SHREE
SAHJANAND TRAVELS
Visit us: www.sst.bookong.com
23, Anilkunj Centre, Paldi Char Rasta, Ahmedabad.
M: 9825801354, 9227101354,
Sateliite: 9825804234, Raipur: 9909911306
Bapunagar: 9825804578, Naroda: 9099970078
Ahmedabad to Bhuj, Gandhidham, Mundra, Mandvi,
Nakhatrana, Kotda, Netra, Rajula, Mahuwa

Chandresh Virendra Lodhaya
M: 9825009803
(O) 079-25460380, 25465915
(R) 26634090 (F) 25450960
C. Narshi Roadlines
Fleet Owners & Transport Contractors
96,Hirabhai Market, Diwan Ballubhai Road, Ahmedabad-380022
DAILY PARCEL & FTL SERVICE
Sholapur, Urlikanchan, & Ichalkaranji, Secunderbad,
Hyderabad, Hubli, Bangalore & All Telangana, AP.
Booking Godown : B/h, Mahipatram Ashram, O/s Raipur Gate Ph: (079) 25471676
Booking Crossing & Delivery : 6, Transport Nagar, Narol Tel: (079) 25713147
Delivery Godown : 94, Guj, Ginning Mill Compound, O/s. Prem Gate
Tel: (079) 22133082 M:9427605575

H. Patel & Associates
Chartered Accountant
Contact:
Harsukh Patel 9825070384
Ghanshyam Patel 9426172584
80, Pankaj Society, Near Anjali BRTS, Anjali Char Rasta,
Paldi Bhatha, Ahmedabad. Ph: (079) 25331982


II SHRI HARI II
SHREE SWAMINARAYAN TRAVELS
22, Anilkunj Complex, Paldi Char Rasta, Ahmedabad-7.
Ph. : 079-26579911 • M. : 9825804762, 9099943071
A.C. ROYAL SEMI SLEEPER AND SLEEPER • DAILY SERVICE A.C. COACH
• Bhuj : 9825804763 | Gandhidham : 9825804703
• Anjar : 9099943074 | Mandvi : 9099943070
• Una : 9825804253 | Rajula : 9825804754
• Div • Pune • Nasik • Sirdi • Mumbai •
• Baroda : 9275051712 | Vidyanagar : 9825525732
• Raipur : 9825804761
• PARCEL SERVICE AVAILABLE • ANY CAR/BUS AVAILABLE •
Visit us : www.sstbus.in

JITUBHAI SANGHVI
M: 9978445240 • 09275704452
Email : rupantar.s.jitu@gmail.com
Wedding Album, Function, Birthday,
Portfolio & Teletopspe for Kids Photography
Still & Video Live

જીતુભાઈ સંઘવી ફોટોગ્રાફર
પ્રોડક્ટ, પોર્ટફોલિયો, મોડેલિંગ, લગ્ન,
ફેમેલી તથા બાળકોના આલ્બમ માટે મળો.


Sunil R. Suthar : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600
HOME DESIGN
FURNITURE
Showroom & Mfg. of Wooden Furniture
Specialist for
Dining Table
Sofa Set
Bedroom Set
Shop No. 102, 1st Floor,
Sarthak-II, Opp. Rajpath Club,
S. G. Highway, Ahmedabad-380 051.
Email : homedesign3202@gmail.com

MAHESHBHAI
M. : 92272 11715
SWASTIK
GUM INDUSTRIES (INDIA)
MANUFACTURERS & EXPORTERS OF
Guar Gum Refined Splits,
Powder & All Types of Textile Thickners,
Korma, Churi (Cattle Feed), Spices & Crude Drugs
328, G.V.M.M. Vasahat, Odhav, Ahmedabad-382 415.
Phone : (O) 2290 0063, 2290 0064 (R) 2287 0062
Fax : 91-79-2290 0065 E-mail : sgi@bom3.vsnl.net.in

તંત્રીલેખ

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદને એક મજબૂત સંગઠન બનાવી શકીએ

• અશોક મહેતા •

શનિવાર, તા. ૯-૭-૨૦૧૬ના રોજ અમદાવાદ ખાતે કચ્છી નૂતન વર્ષ મિલન સમારંભ યોજવામાં આવેલ હતો કે જેમાં સરસ્વતી સન્માન, વિવિધ ઘટક સમાજના કાર્યકરોનું બહુમાન, લાઈબ્રેરી, વેલફેર ફંડ તથા કો.ઓ. ક્રેડિટ સોસાયટીનું ઉદ્‌ઘાટનના કાર્યક્રમો યોજવામાં આવેલ હતા.

ત્યારબાદ રવિવાર, તા. ૩૧-૭-૨૦૧૬ના રોજ વિવિધ વોલન્ટિયર્સ ગ્રુપ સાથે એક સ્નેહમિલન સમારંભનું આયોજન ગોઠવવામાં આવેલ હતું કે જેમાં અનેક યુવા પ્રતિભાઓ ઉપસ્થિત રહેલ હતી અને કચ્છી યુથ ફોરમને ફરીથી સજીવન કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

રવિવાર, તા. ૭-૮-૨૦૧૬ના રોજ અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજના અગ્રણીઓ સાથે વિચારગોષ્ઠી આયોજિત એક મીટિંગ ગોઠવવામાં આવેલ હતી કે જેમાં આ વિસ્તારના સહુ કચ્છીઓ સંગઠિત થઈ શ્રી કચ્છી સમાજ - અમદાવાદ, એક મજબૂત સંસ્થા બની શકે તેવા વિવિધ સ્વરૂપના વિચારો રજૂ કરેલ હતા. સાથે સાથે કચ્છી મહિલા સમાજને સક્રિય બનાવવા અને યુવા સંગઠનની રચના પર ભાર મૂકવાના વિચારો પણ વ્યક્ત કરાયેલ હતા.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદની હાલની ટીમ ઉપરોક્ત બધા જ પ્રકારના વિસ્તૃતપણા માટે સંગઠિત અને કટીબધ્ધ છે અને આવતા દિવસોના કોઈ પણ આયોજનનો પહોંચી વળવા તે સક્ષમ બનવા પ્રયાસ કરી રહેલ છે.

આવતા દિવસોમાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તેનું અત્યાર કરતાં પણ વધુ વિસ્તૃતિકરણ કરી શકશે તે મેટ્રોમોનિયલ, પ્લેસમેન્ટ, એજ્યુકેશનલ હેલ્પ લાઈન, મેડિકલ હેલ્પ લાઈન જેવા વિભાગો ખુલ્લા મૂકી શકાશે. અમદાવાદમાં અતિથિ ભવન, મેડિકલ સેન્ટર, શાળા, કૉલેજ વગેરેની સ્થાપના પણ કરી શકાશે. ક્રેડિટ સોસાયટીના માધ્યમ દ્વારા તે અનેક કચ્છી પરિવારોને પોતાના વ્યવસાયના વિકાસ માટે આર્થિક સહયોગ પણ પૂરું પાડી શકશે.

સાથે સાથે માતૃભૂમિ કચ્છના વિકાસ માટે તે નર્મદા નદીના સિંચાઈ માટેના પાણી, નર્મદા નદીના વધારાના પાણી માટેના કાર્યો, ડી-સેલિનેશન પ્લાન્ટની સ્થાપના, બાગાયતી પાકોના વિકાસ માટે ગ્રેડિંગ સેન્ટર તથા રેડિયેશન પ્લાન્ટની સ્થાપના, કોલ્ડ સ્ટોરેજની રચના જેવા કાર્યો માટે પણ પ્રયાસ કરી શકશે. અન્ય અનેક સેવાકીય કાર્યો પણ હાથ પર લઈ શકાશે.

અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત સહુ કચ્છી પરિવારોને અપીલ કરવામાં આવે છે કે તેઓ સહુ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના સંગઠનને મજબૂત બનાવવા પોતાની રીતે અને પોતાનાથી શક્ય પ્રયાસો આદરે. શક્ય હોય તો સંગઠનમાં કાર્યકર તરીકે જોડાઈ, રોજબરોજના કાર્યોની જવાબદારી સ્વિકારી લે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગલોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

સ્વાતંત્ર્ય દિન પ્રસંગે વિશેષ

# રાષ્ટ્ર ભક્તિનાં પોરસીલાં ગીતો
# ગીતોમાં ઓગનતી રાષ્ટ્રભક્તિ

• પ્રવીણચંદ્ર શાહ •



સ્વાતંત્ર્ય-દિન, પ્રજાસત્તાક દિન કે ગાંધી હત્યા દિન જેવા નિમિત્તો આપણી વ્યક્તિગત અને સમૂહગત અનેક યાદોને ચેતનવંતી બનાવે છે. આવા દિવસો સાથે સંકળાયેલી ઘટનાઓ અને પ્રસંગો સેંકડો ગીતોમાં પણ વણાયેલા રહ્યા છે. દેશ ભક્તિનાં ગીતો અને ગીતોમાં દેશભક્તિ આપણા અંગત કે રાષ્ટ્રના સાંસ્કારિક જીવનની નસેનસ અને રૂંવેરૂંવામાં ફેલાઈ ચૂકેલાં છે.

સ્વતંત્રતા હજુ પ્રાપ્ત થઈ નહોતી અને આઝાદી માટેની લડત ચાલુ જ હતી, ત્યારના જમાનાનાં દેશપ્રેમનાં યાદગાર ગીતોમાંના કેટલાક આપણી યાદદાસ્તમાંથી ભૂંસાઈ ચૂક્યા છે યા ભૂંસાવા આવ્યા છે. પણ એની મધુર યાદ એ જમાનો જીવી ગયેલાઓને હજુય સચેત કરી દે છે. આગલાં એ ગીતોના શબ્દો સાંભળીને કે સંભારીને આજે પણ સિરહન થઈ જાય છે, લાગણીનો ઉછાળ આવી જાય છે અને આપણું ભાવજગત તરબતર થતું અનુભવાય છે.

દેશભક્તિનાં ગીતોની બારાતનાં શરૂઆતનાં ગીતોમાં 'વંદે માતરમ્' ગીત તુરત જ યાદ આવે જ. આઝાદી મળવા પહેલાનાં સિત્તેર - પંચોતેર વર્ષ પહેલાં એ લખાયેલું. ખૂબ ખૂબ લોકપ્રિય બનેલું. આઝાદી પછીના ૬૬મા વર્ષે પણ તેને યાદ તો કરાય જ છે પણ આપણા દેશના રાજકારણે તેના પર વિવાદનો ચુનો લગાડી દીધો છે.

'જન ગણ મન અધિનાયક' ગીત આપણું વિધિસરનું રાષ્ટ્રગીત બન્યું છે, વારંવાર ગવાય છે અને સંભળાય છે. માટે આપણી યાદમાં સતત તાજું રહે છે. **પણ આઝાદી મળ્યાના પહેલા જ વર્ષમાં, દેશના રાષ્ટ્રગીત તરીકેની તેની સ્વિકૃતિએ જંગી તરફડાટ મચાવેલો.**

- **'સારે જહાં સે અચ્છા' :**

અલ્લામા મહમદ ઈકબાલ લિખિત 'સારે જહાં સે અચ્છા, હિંદોસ્તાં હમારા' વાળું દેશ-ગૌરવ ગીત જો કે હજુ સાવ જ ભૂલાઈ ચૂક્યું નથી પણ જુદા જુદા કારણોસર ભૂલાઈ જવાની અણી ઉપર છે. 'સારે જહાં સે અચ્છા' વાળી પૂરી નઝમ અને એનો પૂરો અર્થ શક્ય છે કે આજની નવી પેઢીને માલૂમ ન પણ હોય. પણ એ ગીત સાવ જ અનજાન નથી. પણ **પંડિત બ્રિજનારાયણ ચકબસ્ત**ની એક આલા નઝમ, જે દેશભક્તિના ભાવથી તરબોળ - તરબોળ હતી, તેની આપણામાંના કેટલાકને ખબર છે? તેની એક કડીના શબ્દો હતા :

*અય ખાકે હિંદ તેરી અઝમતમેં ક્યા ગુમાં હૈ*
*દર્યા-એ-ફૈઝે કુદરત તેરે લીયે રવાં હૈ ।*

દેશભક્તિનું આ કાવ્ય ૧૯૧૬નાં કોંગ્રેસ અધિવેશનમાં પંડિત **મદનમોહન માલવિયા**એ તે જમાનામાં રૂા. ૫૦૦/- (પાંચસો) આપીને ખરીદી લીધું હતું. શાયર ચકબસ્તનું આ ગીત 'સારે જહાં સે અચ્છા' ગીત જેટલું જ મશહુર થયું હતું અને હિંદુસ્તાનભરની ઝબાન ઉપર દાયકાઓ સુધી ઉછળતું રહ્યું હતું.

નેતાજી સુભાષચંદ્ર બોઝની 'આઝાદ હિંદ ફૌજ'નું યુધ્ધગીત હતું : **'કદમ કદમ બઢાયે જા... ખુશી કે ગીત ગાયેજા... યહ ઝીંદગી હૈ કૌમ કી, તુ કૌમ પે લુટાયે જા....'** આ રણગીતના શુરાતનને પ્રભાવે 'આઝાદ હિંદ ફૌજ'ના સેંકડો ફૌજીઓ આ ગીત લલકારતાં, લલકારતાં હસતે મુખે દેશ માટે શહીદ થયા હતા.

- **'છેલ્લો કટોરો' :**

બ્રિટીશ રાજની ગુલામીની ધૂંસરી ફેંકી દેવાનાં રાષ્ટ્રીય જુવાળે અનેક ભરતી-ઓટ અનુભવ્યા હતા. ૧૯૩૦ પછીનાં પ્રચલિત ગીતોમાંનું એક હતું : **'ભારતકા ડંકા આલમમેં, બજવાયા વીર જવાહરને...'** એક બીજું ગીત પણ એ વર્ષોમાં ભારે લોકપ્રિય બન્યું હતું : **'ઝંડા ઊંચા રહે હમારા, વિજયી**

**વિશ્વ તિરંગા પ્યારા...'** ગાંધીજી, જવાહર કે સુભાષબાબુને ઉદ્દેશીને કે તેમના જેવા બીજા લોકનેતાઓને ઉદ્દેશીને ગીતો બનતા હતા. એવું એક લોકપ્રિય ગીત હતું : **'સ્વાધીન બનો, સ્વાધીન બનો, સીખલાયા વીર જવાહર ને!'** ગાંધીજીને ઉદ્દેશીને લખાયેલાં અને જનઝબાને રમતા ગીતો તો અસંખ્ય હતા જ. કોઈ એક જ ભારતીય ભાષામાં નહીં, લગભગ બધી જ ભારતીય ભાષાઓ એમના માટેનાં ગીતોથી છલકાતી રહેતી હતી. ગોળમેજી (રાઉન્ડ ટેબલ) પરિષદમાં ભાગ લેવા માટે ગાંધીજી સ્ટીમરમાં લંડન જઈ રહ્યા હતા. એમના રવાના થવાના છેલ્લા કલાકો દરમિયાન ગુજરાતનાં અનુઠા રાષ્ટ્રીય શાયર, લોકસાહિત્યકાર, લેખક, પત્રકાર અને સંસ્કાર-ગુરૂ **ઝવેરચંદ મેઘાણી**એ 'છેલ્લો કટોરો' શિર્ષકવાળું એક ગીત લખેલું : **'ચાલ્યો જજે! તુજ ભોમિયો ભગવાન છે, બાપુ! છેલ્લો કટોરો ઝેરનો પી આવજે, બાપુ!'**... ગુજરાતની એક આખી સંસ્કાર પેઢીને, મેઘાણીજીનાં ૧૯૩૧ના અરસાનાં આ યાદગાર ગીતની લીટીઓ મુખસ્થ હતી. ધૂરંધર ગુજરાતી પત્રકાર અમૃતલાલ શેઠે એ કાવ્યની પ્રતો મુંબઈનાં બારાં પર લાંગરેલી સ્ટીમરે ગાંધીજીને હાથોહાથ પહોંચાડેલી. આ કરૂણ-વિષાદ ગીતમાં, કહેવાય છે કે ગાંધીજીનાં હતાશ હૃદયનો પ્રતિભાવ કવિ મેઘાણીએ પ્રયોજ્યો હતો. મેઘાણીનું એક આખું પુસ્તક **'યુગવંદના'** દેશપ્રેમથી છલકાતાં ગીતોનો અણમોલ સંગ્રહ છે. મેઘાણીજીનું એવું જ યાદગાર બીજું એક ગીત 'કોઈનો લાડકવાયો' હતું, જે મૂળ અંગ્રેજી ગીતનો અનુવાદ હોવા છતાંય મૂળ ગીત કરતાંયે ભાવ-અભિવ્યક્તિમાં સવાયું બન્યું હતું.

'પણ વધારે લોકપ્રિય ગીત તો ફાંસીને માંચડે ચડેલા ક્રાંતિકારીઓએ આપેલાં' તેમ ગુજરાતના મૂર્ધન્ય લેખક અને ઈતિહાસકાર **ચંદ્રકાંત બક્ષી**એ નોંધ્યું છે. **રામપ્રસાદ બિસ્મિલ**ને ફાંસી થઈ હતી. એમણે આપેલું ગીત તો અમર થઈ ગયું છે :

*સરફરોસી કી તમન્ના અબ હમારે દિલ મેં હય,*
*દેખના હૈ ઝોર કિતના, બાઝુ-એ-કાતિલ મેં હય ।*

ટીપ્પણી કરીને બક્ષીબાબુએ નોંધ્યું છે કે વર્ષો પછી એકવાર, નામાંકિત ઉર્દુ કવિ **અલી સરદાર જાફરી**એ બક્ષીને કહ્યું હતું કે આ ગીત બિસ્મીલનું લખેલું નહોતું પણ એક બિહારી મુસ્લિમ શાયરે લખેલું હતું. બક્ષીએ નોંધ્યું છે : "હવે તો આ વાત કોઈ માનશે પણ નહીં અને સ્વતંત્રતાના પૂરા ઈતિહાસ સાથે રામપ્રસાદ બિસ્મીલ અને એની સરફરોશીની તમન્ના એટલાં વણાઈ ગયા છે કે હવે એ સ્મૃતિઓને ફરીથી રેલાવવી કે ઉવેખવી જરૂરી પણ નથી... **૧૯૭૬ની લડાઇ વખતે ઇંદીરા ગાંધીએ દિલ્હીની સભામાં લતા મંગેશકરને બોલાવીને આ ગીત ગવડાવ્યું** અને તેનું જીવંત પ્રસારણ આખા ભારતમાં થયું ત્યારે લાખો માણસોના ગળામાં ડૂમો ભરાયો હશે અથવા આંખો છલકાઈ હશે..."

- **'અય મેરે વતન કે લોગોં' :**

બેશક, લાખોની આંખોમાંથી અશ્રુધાર એ પહેલાં પણ વહેલી જ્યારે ચીન - ભારત લડાઇના મહિનાઓમાં પંડિત જવાહરલાલ નહેરૂની ઐતિહાસિક હાજરીવાળી દિલ્હીની વિરાટ સભામાં લતા મંગેશકરે 'અય મેરે વતનકે લોગોં... જરા આંખ મેં ભર લો પાની, જો શહીદ હુએ હૈં ઉનકી, જરા યાદ કરો કુરબાની...' વાળું, કવિ પ્રદીપજી લિખિત અમર ગીત ગાયેલું. આ ગીતની બરોબરીનું કોઈ જ ગીત, પ્રિય વાચક, તમને યાદ આવે છે?

આઝાદી પહેલાનાં કે તરત પછીના એ દિવસો, એ વર્ષો, એ દાયકાઓ અને એ જમાનામાં અને એ યુગમાં કવિઓ અને શાયરો અને લેખકો રાષ્ટ્રગીતો, દેશગીતો અને પ્રદેશ - પ્રેમનાં અનન્ય ગીતો લખતા હતા. આયના સામે બેસીને મૌન અને ચાંદ અને ચાંદની અને મૃગજળની હવાઈ વાતો કરતા ન હતા, કે હલકાં, જાુગુપ્સાપ્રેરક જોડકણાં જોડી દેતા નહોતા. **'આતી ક્યા ખંડાલા...?' જેવા ઉર્મિશૂન્ય, રેઢિયાળ ગીતો લખીને સામાજિક સંસ્કાર-ખંડન કરતા નહોતા.** બંગાળી કવિવર્ય દ્વિજેન્દ્રનાથ રોયે લખેલું : 'ધન્ય હઇલ જનની તોમાર, ચરણકમલ કરિયા સ્પર્શ... ગાહિલ જ મા જગજજુનની, જગધ્ધરણી ભારતવર્ષ!' હિંદીમાં કવિ દિનકરે લખેલું : 'મેરે નગરપતિ, મેરે વિશાલ, મેરે જનની કે હિમકિરીટ, મેરે ભારત કે દિવ્ય ભાલ!' અને એ જ દેશપ્રેમની મહેંદીના ઘૂંટાયેલા રંગમાં સુભદ્રાકુમારી ચૌહાણની અત્યંત લોકપ્રિય શૌર્ય કવિતા પ્રગટેલી : **'ખૂબ લડી મર્દાની વહ તો ઝાંસીવાલી રાની થી... બંદેલે હરબોલો કે મુંહ હમને સુની કહાની થી!'** આ કવિતા જેટલી બેસુમાર લોકપ્રિય થયેલી તેટલી લોકપ્રિય બીજી કોઈ કવિતા થઈ હશે? ગાંધીજીની હત્યા વખતે જાન્યુઆરી ૩૦, ૧૯૪૮ના શોકગ્રસ્ત પડછાયાવાળા, ક્ષુબ્ધતાના ફેલાવવાળા, રાષ્ટ્રીય નિબિડ અંધકારના સમયમાં એક ગીત પ્રકટેલું :

*...કહાં જન્મ લી, કહાં મૌત હૂઈ,*
*કહાં ઝીંદગી બસર હૂઈ,*
*અપને હી હાથોં સે હમને,*
*અપના પ્યારા બાપુ ખોયા...*

એવું જવલ્લે જ બનતું હોય છે કે બે અલગ, સ્વતંત્ર દેશો એક જ કવિનાં બે ગીતોને રાષ્ટ્રગીતો તરીકે પસંદ કરે. ભારતીય ઉપખંડમાં આવું બન્યાનો વિક્રમ છે! ભારતે ગુરૂદેવ રવિન્દ્રનાથ ટાગોર (કે ઠાકુર)ના 'જન ગણ મન અધિનાયક' ગીતને રાષ્ટ્રીય ગીત બનાવ્યું છે. બાંગ્લાદેશે એ જ ગુરૂદેવ ટાગોરનું વિખ્યાત બંગાળી ગીત 'આમાર સોનાર બાંગ્લા, આમિ તોમાય ભાલો બાશિ'ને તેના રાષ્ટ્રગીત તરીકે શિરોમાન્ય કર્યું છે. બાંગ્લાદેશના રાષ્ટ્રગીતમાં માત્ર બંગાળના અદ્‌ભુત પ્રાકૃતિક સૌંદર્યની, બંગાળના લગાવની, બંગાળના માતૃત્વની વાત છે. 'દિલને ચસ્પાં કરવાની વાત છે, દિલચસ્પીની વાત છે.' 'જન ગણ મન' વધારે ગંભીર અહેમિયતનું, ગરવાઈવાળી વધુ ઊંચાઈનું, ભારતદેશનાં વ્યાપક ફલકને આવરી લેતું ગીત છે. એમાં મેઘધનુષી અદ્‌ભુતતાના બધા જ રંગ છે અને ટાગોરનું કવિત્વ અને કૃતિત્વ ચરમસીમાએ પહોંચેલા છે. બાંગ્લાદેશના રાષ્ટ્રગીતની પહેલી બે કડીઓ આ પ્રમાણે છે :

**'ઓ માતા! તારા ચરણમાં'**

*આમાર સોનાર બાંગ્લા*
*આમિ તોમાય ભાલો બાશિ*
*ચિરદીન તોમાર આકાશ*
*તોમાર બાતાશ,*
*આમાર પ્રાણે બાજાય બાંશી.*
*ઓ માં, ફાલ્ગુને તોર આમેર*
*વને ધ્રાને પાગલ કરે,*
*મરિ હાય, હાય રે,*
*ઓ માં અધાણે તોર ભરા ક્ષેત્રે*
*આમિ કી દેખેછિ મધૂર હાસિ...*

આ અનોખું ગીત લખાયું હશે તે સમયના અવિભક્ત બંગાળની નિઃસીમ પ્રકૃતિનું દિલહર વર્ણન આ પૂરાં ગીતમાંથી છલકે છે : પણ અંત તરફની એક કડી તો અત્યંત ભાવવાહી, માતૃભૂમિ માટેનાં હેતથી હિલોળતી અને વેધક છે.

*ઓ માં, તોર ચરણે તે દિલેમ*
*જેઈ માથા પેતે,*
*દેગોર તોર પાયેર ધૂલા*
*સે જે આમાર માથાર માનિક હબે*
*ઓ માં ગરીબેર ધનજા*
*આ છે તાઈ દિબ ચરણ તલે...*

(ઓ માતા! તારા ચરણમાં માથું ટેકેલું છે. તારા પગની ધૂળ મારા માથાનું માણેક બનશે. ઓ માતા, અમ ગરીબનું જે ધન છે એ જ તારા ચરણમાં ધરી દીધું છે.)

કવિવર રવિન્દ્રનાથ ટાગોરનું 'સોનાર બાંગ્લા' ગીતને બાંગ્લાદેશે, પોતાનું રાષ્ટ્રગીત બનાવ્યું.

હિંદુસ્તાનની પસંદગી 'જન ગણ મન અધિનાયક' પર ઉતરી. આ પસંદગીએ ૧૯૪૭-૪૮-૪૯-૫૦નાં વર્ષો દરમિયાન રાજકીય વાવંટોળ સર્જેલો. બહુમતી અપેક્ષા અને અનુમાન હતા કે વિધિસરનાં રાષ્ટ્રગીત તરીકે આઝાદ ભારત 'વંદે માતરમ્' ગીતની જ પસંદગી કરશે.

પરંતુ તેવું ન થયું. 'જન ગણ મન' રાષ્ટ્રગીત તરીકે સ્વીકારાયું. એક પેચીદી રાજકીય મડાગાંઠ પેદા થઈ ગઈ, જેનાં મૂળ ૮૦ વર્ષ જૂના હતા.

★ ★ ★

**'વંદે માતરમ્' ગીતના કવિ બંગાળના ખ્યાતનામ લેખક બંકીમચંદ્ર ચેટરજી હતા.** ઈ.સ. ૧૮૭૫-૭૬માં એમણે આ ગીત માતૃભૂમિ બંગાળ માટેનાં અગાધ દેશપ્રેમ અને દેશદાઝથી રંગાઈને લખ્યું હતું. એમની જન્મભૂમિ બંગભૂમિને પોતાની માતા તરીકે અને કાલીમાતાનાં અવતાર સ્વરૂપે કલ્પ્યા હતા. એ ગીત પછીથી એમણે એમની નવલકથા 'આનંદમઠ'માં ઉમેર્યું હતું. ગીત લખાયા પછીના બે દાયકા બાદ કવિ- ગુરૂ રવિન્દ્રનાથ ટાગોરે તેને સંગીતબધ્ધ કર્યું હતું. ૧૮૯૬ના કલકત્તા ખાતેના કોંગ્રેસના ૧૨મા અધિવેશનમાં એ રજૂ થયું હતું. કોંગ્રેસના ૧૯૦૫ના વારાણસી અધિવેશનમમાંની તેની રજૂઆતના ટાંકણે તેની બીજી કડીની પહેલી લીટીના શબ્દોમાં થોડો ફેરફાર કરાયેલો. મૂળ લીટીમાં બંગાળના '૭ કરોડ બંગવાસીઓ' ઉલ્લેખાયેલા, તે સુધારીને, તેને બદલે '૩૦ કરોડ ભારતવાસી' એવા શબ્દો મૂકાયેલા અને ગીતને વધુ વિકસિત, રાષ્ટ્રીય સ્વરૂપ પ્રદાન કરાયેલું. એ પછીનાં દરેક કોંગ્રેસ અધિવેશનોમાં તે માન અને આદરભેર રજૂ કરાતું રહેલું. છેવટે ૧૯૩૭માં તો 'વંદે માતરમ્' ગીતને કોંગ્રેસ દ્વારા રાષ્ટ્રગીત તરીકે એક ખાસ ઠરાવથી સ્વીકારવામાં આવેલું. બંકીમચંદ્ર ચેટરજીએ ઈ.સ. ૧૮૮૨માં લખેલી 'આનંદમઠ' નવલ દેશ ભક્તિ અને ક્રાંતિકારીઓનાં પરાક્રમોને સાંકળી લેતી ક્રાંતિગાથા હતી. મૂળ બંગાળી અને પછીથી થયેલાં તેના અનુવાદોએ આખાય દેશને ઢંઢોળવાનું અને જગાડવાનું વિરાટ કામ કર્યું હતું. રામપ્રસાદ બિસ્મીલ, ખુદીરામ બોઝ, અસફઉલ્લા ખાં, મદનલાલ ઢીંગરા અને ઉધમસિંહ જેવા અનેક ક્રાંતિકારી અને વિપ્લવવાદી દેશભક્તોએ 'આનંદ મઠ' માંથી પ્રેરણા મેળવી હતી અને શહીદી

વહોરી, બ્રિટીશ ફાંસીને માંચડે ચડતી વખતે 'વંદે માતરમ્' ના જ જયઘોષ કર્યા હતા. વિદેશોમાં પણ સક્રિય ક્રાંતિકારીઓ પોતાના બધા જ કાર્યક્રમોના પ્રારંભ અને પૂર્ણાહૂતિ 'વંદે માતરમ્' ગીતથી જ કરતા હતા, કે જેમ બધા કોંગ્રેસ અધિવેશનોમાં થતું હતું. 'આનંદ મઠ'ના મૂળ કથા - માળખાનો નાયક એક સંન્યાસી છે અને તેની કથાનો વિષય બ્રિટીશ અને મુસ્લિમ આક્રમકો અને વિજેતાઓ સામેના બળવાનો અને તેની સફળતાનો છે.

- **'આનંદમઠ' નવલકથા :**

આ બધા વર્ષો દરમિયાન, ૧૯૨૦ આસપાસ 'વંદે માતરમ્' ગીત અને 'આનંદમઠ' ક્રાંતિ કથા વિવાદાસ્પ બનવાની શરૂઆત થઈ ચૂકી હતી. કોંગ્રેસના ૧૯૨૨-૨૩ના કાકીનાડા અધિવેશનના પ્રમુખ મૌલાના મહમ્મદ અલીએ 'વંદે માતરમ્' ગીત મુસ્લિમ વિરોધી ગણાવી, તેનો વિરોધ કરેલો. જો કે તેની ખાસ અસર નહીં થયેલી અને તે પછીના કોંગ્રેસ અધિવેશનોમાં તે રજૂ થતું રહેલું. ૧૫ ઓક્ટોબર, ૧૯૩૭નાં પોતાનાં અધિવેશનમાં મુસ્લિમ લીગે 'વંદે માતરમ્' નો વિરોધ કરેલો. મહમ્મદઅલી જિન્નાહે વિરોધનો ઠરાવ રજૂ કરતાં કહેલું : 'વંદે માતરમ્'માંથી મૂર્તિ પૂજાની ગંધ આવે છે. મુસ્લિમોએ આ ગીતથી દૂર રહેવું. ઓક્ટોબર ૨૬, ૧૯૩૭ના કલકત્તા ખાતેના કોંગ્રેસ અધિવેશનમાં અધ્યક્ષ જવાહરલાલ નહેરૂએ એક વિસ્તૃત ઠરાવથી ઘણી બાબતોની સ્પષ્ટતા કરેલી અને હિંદુ - મુસ્લિમ એખલાસ જાળવી રાખવાના દીર્ઘદષ્ટિવાળા પ્રયાસ કરેલા. એવા પ્રયાસ તરીકે 'વંદે માતરમ્' ગીતની પહેલી બે જ કડીઓને રાષ્ટ્રગીત તરીકેની માન્યતા પ્રદાન કરેલી. રાષ્ટ્રીય એખલાસ જાળવવાનાં વિશેષ પ્રયાસ તરીકે ગાંધીજીએ જીન્નાહને ઑફર પણ કરી કે 'વંદે માતરમ્'ની વાંધાજનક પંક્તિઓ પર નિશાન કરી તમે અમને મોકલો તો અમે તેનો સંતોષકારક નિવેડો લાવીશું. આ પછી કોંગ્રેસ દ્વારા છ પંક્તિ સિવાયની બીજી બધી પંક્તિઓ કાઢી નંખાઈ હતી. આ વર્ષો દરમિયાન 'વંદે માતરમ'ની શરૂઆતની કડીઓ મોટાઓ તો શું, નાના બાળકોને પણ કંઠસ્થ અને મુખસ્થ હતી. બધા સાથે જ ગાતા હતા : 'સુહાસિની, સુમધુર ભાષિણી માતાની સ્તુતિરૂપે!'

ટાગોરનાં 'જન ગણ મન'નો પણ પ્રભાવ હતો જ. આજે એ આપણું રાષ્ટ્રગીત બની ચૂકેલું છે. એની પહેલી કડી પણ રાષ્ટ્રગીતનો જ ભાગ છે, પણ આપણા દેશના કરોડો (હકીકતમાં એકસો કરોડથી થોડા વધુ) દેશવાસીઓમાંથી કેટલાકને જાણ છે કે રાષ્ટ્રગીત 'જન ગણ મન અધિનાયક'વાળી તો પહેલી જ કડી છે, જે આપણે બધા ગાઈએ છીએ, પણ મૂળ આખા ગીતમાં તો એવી જ બીજી પાંચ કડીઓ પણ છે! આની ઘણાને ખબર નથી. આ બધી જ પંક્તિઓની ભાષા 'અત્યંત કવિત્વમય અને સુગેય છે.' દૃષ્ટાંતરૂપે તેની ત્રીજી કડી :

"....પતન-અભ્યુદય-બંધુર પંથા યુગ, યુગ-ધાવિત યાત્રી, હે ચિર સારથિ! તવ રથચક્રે મુખરિત પથ દિન રાત્રી, દારૂણ વિપ્લવ માઝે, તવ શંખધ્વનિ બાજે, સંકટ દુઃખત્રાતા, જનગણ-પથ-પરિચાયક જય હે, ભારત ભાગ્ય વિધાતા, જય હે! જય હે! જય હે! જય જય જય જય હે!...."

- **'જન ગણ મન'નો પ્રભાવ :**

**આ જન ગણ મન ગીત સૌપ્રથમ ૧૯૧૧માં કોંગ્રેસના અધિવેશનમાં ગવાયું હતું.** ૧૯૧૨માં ટાગોરના 'તત્વબોધિની' સામાયિકમાં પ્રકટ થયું હતું જેનું શિર્ષક હતું : 'ભારત વિધાતા.' ૧૯૧૯માં ટાગોરે પોતે જ એનો અંગ્રેજી અનુવાદ કર્યો હતો. આ ગીત પંચમ જ્યોર્જની પ્રશસ્તિ માટે લખાયું હોવાની બદબોઈ ફેલાવાઈ હતી, જે ના-પાયાદાર પુરવાર થઈ હતી.

'જન ગણ મન અધિનાયક' વિશ્વના શ્રેષ્ઠ ગીતોમાં સ્થાન પામી શકનારૂં રાષ્ટ્રગીત છે. શબ્દોની સજાવટ અને પસંદગી, ધ્વનિના આરોહ-અવરોહ અને ઉચ્ચારણના લય - સંગીતમાં આ ગીત અનન્ય છે. 'વંદે માતરમ્' ગીતને પણ તેનું સમકક્ષ સ્થાન અપાયું છે. 'જન ગણ મન'વાળું રાષ્ટ્રગીત જાહેર સમારંભો દરમિયાન ઉપયોગમાં લેવાતા ઑરકેસ્ટ્રા બેન્ડના સૂર અને સૂરાવલીઓ સાથે વધુ અનુકૂળ અને બંધબેસતું થાય છે એવું કારણ પણ રાષ્ટ્રગીત તરીકેની તેને માન્યતા આપતી વખતે, આગળ ધરાયું હતું.

**દેશ ભક્તિના ગીતો અને ગીતોમાં દેશભક્તિ પ્રદાન કરવામાં આપણા દેશનાં ચલચિત્રોએ જે જહેમત ઉઠાવી છે અને અદ્‌ભુજ, બેજોડ ભાગ ભજવ્યો છે તેની વિગતવાર નોંધ, વિવરણ અને કદરદાની તો એક આખો જુદો જ લેખ માંગી લે છે.**

દરેક સ્વતંત્ર રાષ્ટ્રને હોય તેમ આપણા પડોશી દેશ પાકિસ્તાનને પણ પોતાનું રાષ્ટ્રગીત છે જેને એ દેશમાં 'પાકિસ્તાન કા કૌમી તરાના' કહેવાય છે. આપણા રાષ્ટ્રગીતના પ્રારંભના શબ્દો જેમ 'જન ગણ મન અધિનાયક' છે તેમ પાકિસ્તાની રાષ્ટ્રગીત -કૌમી તરાનાના પ્રારંભના શબ્દો છે : **'પાક સરઝમીન શાદ બાદ...'** આ ગીત, તેના લેખક, લેખકની કારકિર્દી, કૌમી તરાના નિશ્ચિત થવાના સંયોગો વગેરેની રસપ્રદ વિગતો એમના પુસ્તક ઈતિહાસ – ભાગ ૧ (૧૯૮૯, પ્રકાશક : નવભારત)માં ચંદ્રકાંત બક્ષીએ સમાવેલી છે, જે 'ગુજરાત સમાચાર' જુલાઈ ૧૪, ૧૯૮૫માં એમના કોલમ-લેખ તરીકે પ્રકાશિત થયેલો. જેમાંના કેટલાક રસપ્રદ અંશોનો સારાંશ અહીં પ્રસ્તુત છે.

## ● પાકિસ્તાનનું રાષ્ટ્રગીત :

ઇ.સ. ૧૯૪૭ના ઓગસ્ટની ૧૪નાં પાકિસ્તાન અવતર્યું હતું. પણ તેના પછીના અગિયાર-બાર વર્ષ સુધી પાકિસ્તાન પાસે પોતાનું રાષ્ટ્રગીત નહોતું! ૧૯૫૮-૫૯માં તે વખતના સરમુખત્યાર ફિલ્ડ માર્શલ અય્યુબખાને હુકમ કર્યો કે પાકિસ્તાનને પોતાનું એક રાષ્ટ્રગીત હોવું જોઈએ. **આશ્ચર્યની વાત એ છે કે, પહેલા સંગીત નક્કી થઈ ગયું હતું અને પછી શબ્દો ગોઠવવામાં આવ્યા હતા.** સંગીત આપનાર વ્યક્તિ ચાગલા નામના એક ગુજરાતી સંગીતજ્ઞ હતા. પછી કૌમી તરાના - રાષ્ટ્રગીતના શબ્દો આવ્યા. પાકિસ્તાનની રાષ્ટ્રભાષા ઉર્દુ છે, પણ આ આખુંય ગીત ફારસીમાં છે. આખાય ગીતમાં ફક્ત એક જ ઉર્દુ શબ્દ છે અને એ છે : 'કા!' ગીતની બીજી કડીમાં એક લાઈન છે જે આ પ્રમાણે છે : 'પાક સરઝમીન કા નિઝામ!' બસ, આ સિવાય બધું જ ફારસીમાં છે.

રાષ્ટ્રગીતો નાના, ટૂંકા હોવાનો દુનિયાભરમાં પળાતો એક રિવાજ છે. પાકિસ્તાનનું રાષ્ટ્રગીત પણ પ્રમાણમાં નાનું છે. ગીત આ પ્રમાણે છે :

*પાક સરઝમીન શાદ બાદ,*
*કિશ્વરે હસીન શાદ બાદ,*
*નિશાને અઝમે આલીશાન,*
*તુ અરઝે પાકિસ્તાન*
*મરકમે યકીન શાદ બાદ*

*પાક સરઝમીન કા નિઝામ*
*કુવ્વતે ઉખુવ્વતે અવામ,*
*કૌમ, મુલ્ક, સલ્તનત પાઈન્દા*
*તાબિન્દા બાદ,*
*શાદ બાદ મંઝિલે મુરાદ*

*પરચમેં સિતાર ઓ હિલાલ*
*રેહબરે તરક્કીઓ કમાલ*

*તરજુમાને માઝી, શાને હાલ,*
*જાને ઈસ્તિક બાલ*
*સાય એ ખુદા એ ઝુલ જલાલ.*

આ પાકિસ્તાની રાષ્ટ્રગીત, શાયર હફીઝ જાલન્ધરીની ફારસી કૃતિનો ભાવાનુવાદ કંઈક આવો કરી શકાય :

પાકિસ્તાની જમીન ખુશહાલ અને આબાદ રહે. આ ધરતીની કિશ્વર કુશાઈ એટલે કે શાનો-શૌકત જાહોજલાલ રહે. વતન એ કૌમનું મરહમ અથવા કેન્દ્ર છે. પાક ધરતીનો એક નિઝામ કે કાનૂન છે કે જનતાની તાકાત પર એ આધારિત છે. જાતિ, દેશ અને રાજ્ય જીવંત રહે. પાક ધ્વજ ચાંદ અને સિતારાનો છે, જે પ્રગતિનો દર્શક છે. ભૂતકાળની સમજુતી અને વર્તમાનની સ્થિતિ અને અનાગતનો આવકાર છે. ખુદાની છાયામાં પ્રગતિ થતી રહે...

પાકિસ્તાનના કૌમી તરાનાનો મુક્ત ભાવાનુવાદ આ રીતનો થઈ શકે. કૌમી તરાના - રાષ્ટ્રગીતોમાં ઘણીવાર જે ઉત્કટ અને તીવ્ર રાષ્ટ્રપ્રેમ હોય છે, તે કદાચ આમાં નથી. આ તરાનામાં માઝી (ભૂતકાળ), હાલ (વર્તમાન) અને મુસ્તકબિલ (ભવિષ્ય)ની વાત છે. એમાં આવતો 'તુ' શબ્દ ઉર્દુનો એકાક્ષરી 'તુ' નથી પણ ફારસીમાં વપરાતો તુ છે એવું ભાષાશાસ્ત્રીઓ કહે છે. ઉર્દુભાષી પાક પ્રજાનું રાષ્ટ્રગીત ફારસીમાં છે, એ વિસ્મયપ્રેરક છે અને ભાષા જરા ન સમજાય તેવી કઠીન પણ છે. ભૌગોલિક સીમાઓ કે મર્યાદાઓ, જાતિઓનાં નામ કે કવિતાની હોવી ઘટે તેવી રોમેન્ટિક ઊંચાઈ પણ નથી. કારણ કદાચ, આ 'મેઈડ ટુ ઓર્ડર' કૌમી તરાના છે. કોઈ પ્રેરણાથી છલકાઈને લખાયેલું અને પછી શોધાઈને નક્કી કરાયેલું રાષ્ટ્રગીત નથી. આમાં પાકિસ્તાન પાઈન્દાબાદ પણ નથી. જે શબ્દો છે તે સંગીત માટે ફીટ કરાયેલા શબ્દો છે.

પાકિસ્તાનના આ કૌમી તરાનાના લખનાર હફીઝ જાલન્ધરીની કારકિર્દીની 'એક બે જબરદસ્ત કમજોરીઓ અને એબો' પણ ચર્ચાસ્પદ રહ્યા કરે છે. એ ઉચ્ચ કક્ષાના શાયર હતા પણ એક સમયે એ સિંધના ખૈરપૂરતા નવાબના દરબારી શાયર હતા. નવાબની એક માનીતી નર્તકી વિશે તિરસ્કારયુક્ત એક કવિતા 'રક્કાસા' લખવા માટે નવાબે હુકમ કર્યો હતો કે ૧૨ જ કલાકમાં તેણે ખૈરપુર છોડી જવું. હફીઝે ખૈરપુર છોડી દીધું હતું. ભાગલા પહેલાં, ૧૯૩૯માં જ્યારે બીજું વિશ્વયુધ્ધ શરૂ થઈ ગયું હતું ત્યારે તે વખતની વિદેશી, બ્રિટીશ સરકારે, ગીતોની જાહેર ખબરોના આયોજક તરીકે હફીઝની નિમણૂક કરી હતી. હફીઝ વિદેશી સરકારની તારીફમાં વતન-વિરોધી કવિતાઓ બનાવતા અને ગાતા રહેતા. એમની કવિતાઓનું ધોરણ પણ તદ્દન ઉતરતું ગયેલું અને કક્ષા કાવ્યની નહીં, પણ પ્રાસંગિક જોડકણાની થઈ ગયેલી.

પાકિસ્તાની રાષ્ટ્રગીત જનાબ ભુટ્ટોને ગમતું નહોતું. એ બીજું લખાવવા માંગતા હતા. પણ એમની ગીરફતારી, કેસ અને ફાંસીને કારણે પાક-રાષ્ટ્રગીત બદલી શકાયું નહોતું અને એનું એ જ રહ્યું છે.

*૭, ડફોડિલ બિલ્ડિંગ, ગોદરેજ સ્કાય ગાર્ડન,*
*તક્કા સ્ટેશન રોડ, પનવેલ, મુંબઈ-૪૧૦ ૨૦૬.*
*ફોન : (૦૨૨) ૨૭૪૫૮૬૨૫, મો. ૯૧૬૭૫૬૭૩૯૫, ૯૯૩૦૬૬૦૨૪૨*

# રાષ્ટ્રપ્રેમલક્ષી ગીતો વિશેષાંક

રાષ્ટ્રીય એકતાને વધારવામાં હિંદી ફિલ્મોનો ફાળો નાનોસૂનો નથી. જ્યાં જ્યાં હિંદી ફિલ્મો ચાલતી હોય – પછી તે આસામ હોય કે કર્ણાટક હોય, ત્યાં હિંદી ભાષા જાણે અજાણે બોલાતી થઈ જાય છે અને એ રીતે વિવિધ પ્રાંતના નાગરિકોને એક કરતી, તેમનામાં એકતા લાવતી એક દોર, એક કડી બંધાઈ જાય છે. હિંદી ફિલ્મ સંગીત દ્વારા નિર્માતા - દિગ્દર્શક - ગીતકારો અને સંગીતકારોએ પ્રજાની મોટી સેવા કરી છે. દા.ત. રાષ્ટ્રપ્રેમલક્ષી ગીતો દ્વારા હિંદી ફિલ્મોએ રાષ્ટ્રપ્રેમને દ્રઢ બનાવ્યો છે, ભારતના સ્વાતંત્ર્યના ઈતિહાસને જીવંત રાખ્યો છે અને રાષ્ટ્ર ભાવનાની જ્યોત જૂની, નવી અને ઉગતી પેઢીઓમાં જ્વલંત રાખી છે. 'જનની જન્મભૂમિશ્ચ સ્વગતિ અપિ ગશ્યિસિ', એટલે કે માતા અને માતૃભૂમિ સ્વર્ગ કરતાં પણ મહાન છે. રાષ્ટ્રપ્રેમના સંસ્કાર, ઉગતી પેઢીમાં સિંચાય અને વર્તમાન પેઢીમાં તે સંસ્કારોનું સંવર્ધન થાય તે માટે પ્રયત્નો કરવા બદલ હિંદી ફિલ્મોના રાષ્ટ્રપ્રેમલક્ષી ગીતોનો અને ચલચિત્રોનો આભાર માનવો પડે તેમ છે. આ પ્રકારના રાષ્ટ્રપ્રેમલક્ષી ગીતોનું સંકલન કરીને પ્રસિધ્ધ કરવા પાછળ એ જ હેતુ છે કે રાષ્ટ્રપ્રેમલક્ષી ગીતોનો આ અમૂલ્ય ખજાનો - વારસો પ્રત્યેક વાચકવર્ગ જ નહીં પરંતુ પ્રત્યેક નાગરિક સુધી પહોંચે. આજના આતંકવાદી માહોલમાં આ ખૂબ જ મહત્ત્વની બાબત છે. રાષ્ટ્ર ભાવનાની જ્યોત સદાય જલતી રહે અને સાથે સાથે આ પ્રકારના શૌર્યગીતોના સર્જન માટે જે કલાકારોએ, ગીતકારોએ, સર્જકોએ, તજજ્ઞોએ તેમજ રાષ્ટ્રપ્રેમી મહાનુભાવોએ યોગદાન આપ્યું છે, પોતાનો જીવ રેડીને વિપરીત સંજોગોમાં, આર્થિક મુશ્કેલીઓનો સામનો કરીને, પૂરી નિષ્ઠા અને દેશદાઝથી આ કામ કર્યું છે તે સૌને આપણે યાદ કરીએ, યાદ કરતા રહીએ અને તેમના યોગદાનની નોંધ લેવા માટે અમે અત્રે નૂતન પ્રયોગ દ્વારા પ્રયત્ન કરેલ છે. જે સ્વાતંત્ર્ય શહીદોએ તથા સરહદની રખેવાળી કરનાર વીર જવાનોએ પોતાના પરિવારજનોને એકલા મૂકીને સ્વાતંત્ર્ય સંગ્રામ અને તે પછીના યુધ્ધોમાં પોતાનું બલિદાન આપ્યું છે તે વીરોને બિરદાવીએ. તેમની વીરતા, જિંદાદિલીની કથનીને પ્રસિધ્ધ કરીએ તેમજ રાષ્ટ્રપ્રેમની ભાવનાની જ્યોત જૂની પેઢી અને નવી પેઢીના - યુવાવર્ગમાં સદાય જ્વલંત રહે તેવા ઉદ્દેશ સાથે અમે આ પ્રકારના શૌર્યગીતો એકત્ર કરીને, પ્રકાશિત કરીને રાષ્ટ્રપ્રેમલક્ષી ગીત વિશેષાંક લઇને આપની સમક્ષ ઉપસ્થિત થયા છીએ. અપેક્ષા છે કે અમારો આ નૂતન પ્રયોગ વાચકવર્ગને પસંદ પડશે. દેખીતી વાત છે કે દરેક રાષ્ટ્રપ્રેમલક્ષી ગીતોનો આ વિશેષાંકમાં સમાવેશ કરવાનું શક્ય બનેલ નથી.

પ્રિય વાચકવર્ગ, આ તો આપનું, આપના માટે છે. આપને ગમશે તો અમારો પ્રયત્ન સાર્થક લેખાશે.

આભાર.

*– તંત્રી મંડળ*

સ્વાતંત્ર્ય દિન પ્રસંગે વિશેષ

# સ્વાતંત્ર્ય દિન

*ભારત સ્વાતંત્ર્ય થયે ૬૬ વર્ષ થઈ ગયા છે. અત્યારના માહોલમાં દેશપ્રેમની દાઝ ખૂબ જ જરૂરી છે. તેનાં અંતર્ગત યુવકો-યુવતીઓને તૈયાર કરવામાં દેશ ભક્તિના ગીતોનો ખૂબ જ મોટો ફાળો રહે છે. રાષ્ટ્રગીત કોને કહીશું? રાષ્ટ્રપ્રેમલક્ષી ગીતનો અર્થ સ્વયંસૂચિત છે. આમ છતાં તેના પૂરા અર્થ માટે જોઈએ તો રાષ્ટ્રની સાંસ્કૃતિક પરંપરાઓ, તેનો ભવ્ય ભૂતકાળ, તેનાં વર્તમાનની તેજસ્વીતા, તેના ઉજજ્વળ ભવિષ્યની નિશ્ચિતતા, રાષ્ટ્રના રક્ષણ અને પ્રગતિ માટે તથા તેના સ્વાતંત્ર્ય માટેની લડતમાં જેમણે બલિદાન આપ્યાં, યોગદાન આપ્યું... આ પ્રકારના વિવિધ પાસાંઓને આલેખતું, બિરદાવતું અને તે દ્વારા નાગરિકોમાં રાષ્ટ્ર માટે પ્રેમ, લગાવ, ખુમારી જગાવતું ગીત એટલે રાષ્ટ્રપ્રેમલક્ષી ગીત. આવા ગીતોમાં વ્યક્તિ કરતાં, વ્યક્તિના રાષ્ટ્રપ્રત્યેના યોગદાનના મહિમાને વધારે મહત્ત્વ આપવામાં આવે છે. તેના અન્વયે દેશભક્તિનાં કેટલાંક ગીતો અત્રે પ્રસ્તુત કર્યા છે. જે ગીતો આજના યુવાવર્ગને દેશના ઉત્થાન માટે પ્રેરણા આપે તેવા છે.*

*– તંત્રી મંડળ*

## દેશ ભક્તિનાં ગીતો









### રાષ્ટ્રગીત

જન ગણ મન અધિનાયક જય હે, ભારત ભાગ્યવિધાતા
પંજાબ - સિંધ ગુજરાત મરાઠા દ્રાવિડ - ઉત્કલ - બંગા
વિંધ્ય હિમાચલ યમુના ગંગા, ઉચ્છલ જલધિ - તરંગા
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે
ગાહે તવ યશ ગાથા
જન ગણ - મંગલ દાયક જય હે ભારત ભાગ્યવિધાતા
જય હે, જય હે, જય હે, જય જય જય જય હે!

*– ગુરુદેવ ટાગોર*

### ।। વંદે માતરમ્ ।।

વંદે માતરમ્ વંદે માતરમ્
સુજલાં સુફલાં, મલયજશીતલામ્
સશ્યશ્યામલાં માતરમ્, વંદે માતરમ્
શુભ્ર જ્યોત્સ્ના પુલકિતયામિનીમ્
ફુલ્લ કુસુમિત - દ્રુમદલ શોભિનીમ્
સુહાસિનિ સુમધુર ભાષિણીમ્
સુખદાં વરદાં માતરમ્
વંદે માતરમ્ વંદે માતરમ્

*– બંકીમચંદ્ર ચટ્ટોપાધ્યાય*

## છેલ્લો કટોરો

(૧૯૩૧ની ગોળમેજી પરિષદમાં લંડન જતી વેળા)

*કવિ : ઝવેરચંદ મેઘાણી*

છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો બાપુ
સાગર પીનારા અંજલિ નવ ઢોળજો બાપુ... છેલ્લો...
અણખૂટ વિશ્વાસે વહ્યું જીવન તમારું
ધૂર્તો દગલબાજો થકી પડીયું પનારું
શત્રુ તણે ખોળે ઢળી સુખથી સૂનારું
આ આખરી ઓશીકડે શિર સોંપવું બાપુ
કાપે ભલે ગર્દન રિપુ મન માપવું બાપુ... છેલ્લો...

સૂર અસૂરના આ નવયુગી ઉદ્દધિવલોણે
શી છે ગતાગમ રત્નના કામી જનોને
તું વિના શંભુ કોણ પીશે ઝેર દોણે
હૈયા લગી ગળવા ગરલ ઝટ જાઓ રે બાપુ
આ સૌમ્ય રોદ્ર કરાલ કોમલ જાઓ રે બાપુ... છેલ્લો...

કહેશે જગત જોગીતણા શું જોગ ખૂટ્યાં
દરિયા ગયા શોષાઈ શું ધન નીર ખૂટ્યાં
શું આભ સૂરજ ચંદ્રમાનાં તેલ ખૂટ્યાં
દેખી અમારાં દુઃખ નવ અટકી જજો બાપુ
સહિયું ઘણું સહીશું વધુ નવ થડકજો બાપુ... છેલ્લો...

ચાબુક જપ્તી દંડ ડંડા મારના
જીવતાં કબ્રસ્તાન કારાગારનાં
થોડા ઘણા છંટકાવ ગોળીબારના
એ તો બધાંય જરી ગયાં કાંઠે પડ્યાં બાપુ
ફૂલ સમાં અમ હૈડાં તમે લોઢે ઘડ્યાં બાપુ... છેલ્લો...

શું થયું ત્યાંથી ઢીંગલું લાવો ન લાવો,
બોસા દઈશું ભલે ખાલી હાથ આવો
રોપશું તારે કંઠ રસ બસતી ભુજાઓ
દુનિયા તણે મોંયે જરી જરી આવજો બાપુ
હમ દર્દીના સંદેશડા દઈ આવજો બાપુ... છેલ્લો...

જગ મારશે મેણાં ન આવ્યો આત્મજ્ઞાની
નાવ્યો ગુમાની પોલ પોતાની પીછાની
જગ પ્રેમી જોયો દાઝ દુનિયાની ન જાણી
આજાર માનવજાત વ્યાકુળ થઈ રહી બાપુ,
તારી તબીબી કાજ એ તલસી રહી બાપુ... છેલ્લો...

જા બાપ માતા આખલાને નાથવાને
જા વિશ્વ હત્યા ઉપરે જળ છાંટવાને
જા સાત સાગર પાર સેતુ બાંધવાને
ઘનઘોર વનની વાટને અજવાળ તો બાપુ
વિકરાળ કેસરિયાળને પંપાળતો બાપુ
ચાલ્યો જજે તુજ ભોમિયો ભગવાન છે બાપુ
છેલ્લો કટોરો ઝેરનો પી આવજો બાપુ.

## સારે જહાં સે અચ્છા

સારે જહાં સે અચ્છા, હિન્દોસ્તાં હમારા,
હમ બુલબુલેં હૈ ઉસકે વહ ગુલિસતાં હમારા – સારે.

ગુરબતમેં હો અગર હમ, રહતા હૈ દિલ વતનમેં,
સમઝો વહીં હમેં ભી, દિલ હો જહાં હમારા – સારે.

પરબત વહ સબસે ઊંચા, હમસાયા આસમાંકા,
વહ સંતરી હમારા, વહ પાસબાં હમારા – સારે.

ગોદીમેં ખેલતી હૈ, જિસકી હજારોં નદિયાં,
ગુલ્શન હૈ જિન કે દમ સે, રશ્કે જીના હમારા – સારે.

અય આબરૂદે ગંગા! વહ દિન હૈ યાદ તુઝકો,
ઉતરા તેરે કિનારે, જબ કારવાં હમારા – સારે.

મઝહબ નહીં સિખાતા, આપસમેં બૈર રખના,
હિંદી હૈ હમ વતન હૈ, હિન્દોસ્તાં હમારા – સારે.

યૂનાનો મિસરો રુમા, સબ મિટ ગયે જહાંસે,
અબ તક મગર હૈ બાકી, નામોનિશાં હમારા – સારે.

કુછ બાત હૈ કિ હસ્તી મિટતી નહીં હમારી,
સદિયોં રહા હૈ દુશ્મન દૌરે જમાં હમારા – સારે.

ઈકબાલ! કોઈ મહરમ અપના નહીં જહાં મેં,
માલુમ ક્યા કિસીકો દર્દે નિહાં હમારા – સારે.

*– ઇકબાલ*

## વતન કી રાહમેં વતન કે નવજહાં શહીદ હો

(ભાગ-૧)

વતન કી રાહ મેં વતન કે નવજવાં શહીદ હો
વતન કી રાહ મેં વતન કે નવજવાં શહીદ હો
પુકારતે હે યે જમીન આસમાં શહીદ હો
પુકારતે હે યે જમીન આસમાં શહીદ હો
વતન કી રાહ મેં વતન કે નવજવાં શહીદ હો

શહીદ તેરી મૌત હી તેરે વતન કી જિંદગી
તેરે લહુસે જાગ ઉઠેગી ઈસ ચમન કી જિંદગી... જિંદગી
ખીલેંગે ફુલ ઉસ જગાહ પે તુમ જહાં શહીદ હો
ખીલેંગે ફુલ ઉસ જગાહ પે તુમ જહાં શહીદ હો
વતન કી રાહ મેં વતન કે નવજવાં શહીદ હો

ગુલામ ઉઠ વતનકે દુશ્મનોસે ઈન્તકામ લે
ઈન અપને દોનો બાજુઓંસે ખંજરોકા કામ લે... કામ લે
ચમન કે વાસ્તે ચમન કે બાગબાં શહીદ હો
ચમન કે વાસ્તે ચમન કે બાગબાં શહીદ હો
વતન કી રાહ મેં વતન કે નવજવાં શહીદ હો

પહાડ તક બી કાંપને લગે તેરે જુનુનસે
તુ આસમાં પે ઈન્કલાબ લીખ કે અપને ખુન સે... ખુન સે
જમીં નહી તેરા વતન હૈ આસમાં શહીદ હો
જમીં નહી તેરા વતન હૈ આસમાં શહીદ હો
વતન કી રાહ મેં વતન કે નવજવાં શહીદ હો

(ભાગ-૨)

વતન કી રાહ મેં વતન કે નવજવાં શહીદ હો
વતન કી રાહ મેં વતન કે નવજવાં શહીદ હો
પુકારતે હે યે જમીન આસમાં શહીદ હો
પુકારતે હે યે જમીન આસમાં શહીદ હો
વતન કી રાહ મેં વતન કે નવજવાં શહીદ હો

વતન કી લાજ જીસકો થી અજીઝ અપની જાન સે
વો નવજવાન જા રહા હૈ આજ કિસ નિશાનસે
ઈસ એક જવાં કી ખાખ પર હર ઈક જવાં શહીદ હો
વતન કી રાહ મેં વતન કે નવજવાં શહીદ હો

હૈ કૌન ખુશનસીબ માં કે જીસકા યે ચરાગ હૈ.. ચરાગ હૈ
વો ખુશનસીબ હૈ કહાં કે જીસકે સરકા તાજ હૈ
અમર વો દેશ ક્યું ન હો કે તુ જહાં શહીદ હો
વતન કી રાહ મેં વતન કે નવજવાં શહીદ હો

શહીદ તેરી મૌત હી તેરે વતન કી જિંદગી
તેરે લહુ સે જાગ ઉઠેગી ઈસ ચમન કી જિંદગી... જિંદગી
ખિલેંગે ફુલ ઉસ જગાહ પે તુ જહાં શહીદ હો
વતન કી રાહ મેં વતન કે નવજવાં શહીદ હો

## ઝંડા ઊંચા રહે હમારા

વિજયી વિશ્વ તિરંગા પ્યારા,
ઝંડા ઊંચા રહે હમારા!

સદા શક્તિ સરસાને વાલા,
વીરોં કો હરષાને વાલા,
પ્રેમ સુધા બરસાને વાલા,
માતૃભૂમિ કા તન-મન સારા,
ઝંડા ઊંચા રહે હમારા!

ઈસ ઝંડે કે નીચે નિર્ભય,
હોવે મહા શક્તિ કા સંચય,
બોલો ભારત માતા કી જય,
સબલ રાષ્ટ્ર હૈ ધ્યેય હમારા,
ઝંડા ઊંચા રહે હમારા!

આઓ પ્યારે વીરો આઓ
દેશધર્મ પર બલિ બલિ જાઓ,
એક સાથ સબ મિલકર ગાઓ
પ્યારા ભારત દેશ હમારા,
ઝંડા ઊંચા રહે હમારા!

ઈસકી શાન ન જાને પાયે,
ચાહે જાન ભલે હી જાયે,
વિશ્વ વિજય કર કે દિખલાયેં,
તબ હોવે પ્રણ પૂર્ણ હમારા,
ઝંડા ઊંચા રહે હમારા!

*– શ્યામલાલ ગુપ્ત 'પાર્ષદ'*

## આઓ બચ્ચો તુમ્હે દિખાયે ઝાંખી હિન્દુસ્તાન કી...

આઓ બચ્ચો તુમ્હે દિખાયે ઝાંખી હિન્દુસ્તાનકી
ઈસ મિટ્ટીસે તિલક કરો યે ધરતી હૈ બલિદાનકી
વંદે માતરમ્... વંદે માતરમ્...

આઓ બચ્ચો તુમ્હે દિખાયે ઝાંખી હિન્દુસ્તાનકી
ઈસ મિટ્ટીસે તિલક કરો યે ધરતી હૈ બલિદાનકી
વંદે માતરમ્... વંદે માતરમ્...

ઉત્તરમેં રખવાલી કરતા પર્વતરાજ વિરાટ હૈ
દક્ષિણમેં ચરણોંકો ધોતા, સાગરકા સમ્રાટ હૈ
જમનાજી કે તટકો દેખો ગંગાકા યે ઘાટ હૈ
બાર બાર પે હાર હાર પે નિરાલા યે ઠાઠ હૈ
દેખો યે તસ્વીરે અપને ગૌરવકી અભિમાનકી
ઈસ મિટ્ટીસે તિલક કરો યે ધરતી હૈ બલિદાનકી
વંદે માતરમ્... વંદે માતરમ્...

યે હૈ અપના રાજપૂતાના નાઝ ઈસે તલવારો પે
ઈસને સારા જીવન કાટા બરછી, તીર, કટારો પે
યે પ્રતાપ કા વતન પલા હૈ આઝાદી કે નારો પે
કૂદ પડીથી યહાં હજારો પદમિનીયાં અંગારો પે
બોલ રહી હૈ કણ કણસે કુરબાની રાજસ્થાનકી
ઈસ મિટ્ટીસે તિલક કરો યે ધરતી હૈ બલિદાનકી
વંદે માતરમ્... વંદે માતરમ્...

દેખો મુલ્ક મરાઠોકા યહાં શિવાજી ડોલા થા
મુગલો કી તાકત કો જીસને તલવારો પે તોલા થા
હર પરબતપે આગ લગીથી હર પથ્થર એક શોલા થા
બોલી હર હર મહાદેવ કી બચ્ચા બચ્ચા બોલા થા
વીર શિવાજીને રખ્ખી થી લાજ હમારી શાન કી
ઈસ મિટ્ટીસે તિલક કરો યે ધરતી હૈ બલિદાનકી
વંદે માતરમ્... વંદે માતરમ્...

જલિયાવાલા બાગ યે દેખો યહીં ચલી થી ગોલીયાં
યે મત પૂછો કિસને ખેલી યહાં ખૂનકી હોલીયાં
એક તરફ બંદૂકે દન દન એક તરફથી ટોલીયાં
મરનેવાલે બોલ રહે થે ઈન્કિલાબકી બોલીયાં
યહાં લગા દી બહેનોને ભી બાજી અપની જાન કી
ઈસ મિટ્ટીસે તિલક કરો યે ધરતી હૈ બલિદાનકી
વંદે માતરમ્... વંદે માતરમ્...

યે દેખો બંગલા યહાં કા હર ચપ્પા હરિયાલા હૈ
યહાં કા બચ્ચા બચ્ચા અપને દેશ પે મરનેવાલા હૈ
ઢાલા હૈ ઈસકો બિજલીને ભુચાલોને પાલા હૈ
મુઠ્ઠીમેં તુફાન બંધા હૈ ઔર પ્રાણમેં જ્વાલા હૈ
જન્મભૂમિ હૈ યહી હમારે વીર સુભાષ મહાન કી
ઈસ મિટ્ટીસે તિલક કરો યે ધરતી હૈ બલિદાનકી

વંદે માતરમ્... વંદે માતરમ્...
વંદે માતરમ્... વંદે માતરમ્...

## દેશ તો આઝાદ થાતાં થઈ ગયો

દેશ તો આઝાદ થાતાં થઈ ગયો
તેં શું કર્યું?
દેશ જો બરબાદ થાતાં રહી ગયો,
એ પુણ્ય આગળ આવીને કોનું રહ્યું?
'લાંચરુશવત, ઢીલ, સત્તાદોર, મામામાસીના,
કાળાં બજારો, મોંઘવારી : ના સીમા!'
રોષથી સૌ દોષ ગોખ્યા,
ગાળથી બીજાને પોંખ્યા.
આળ પોતાનેય શિર આવે ન, જો! તેં શું કર્યું?
આપબળ ખર્ચ્યું પૂરણ? જો, દેશના આ ભાગ્યમાં તેં શું ભર્યું?
સ્વાતંત્ર્યની કિંમત ચૂકવવી હર પળે;
સ્વાતંત્ર્યના ગઢ કાંગરા : કરવત ગળે.
ગાફેલ, થા હુશિયાર! તું દિનરાત નિજ સૌભાગ્યને શું નિંદશે?
શી સ્વર્ગદુર્લભ મૃત્તિકાનો પુણ્યમય તુજ પિંડ છે.
હર એક હિંદી હિંદ છે,
હર એક હિંદી હિંદની છે જિંદગી
હો હિંદ સુરભિત ફુલ્લદલ અરવિંદ : એ સ્વાતંત્ર્યદિનની બંદગી.

*– ઉમાશંકર જોષી*

## હમ લાયે હૈં તુફાન સે કિશ્તી નિકાલ કે

પાસે સભી ઉલટ ગયે દુશ્મન કી ચાલ કે
અક્ષર સભી પલટ ગયે ભારત કે ભાલ કે
મંજીલ પે આયા મુલ્ક હર બલા કો ટાલ કે
સદીયોં કે બાદ ફિર ઉડે બાદલ ગુલાલ કે

હમ લાયે હૈં તુફાન સે કિશ્તી નિકાલ કે
ઈસ દેશકો રખના મેરે બચ્ચોં સંભાલ કે
હમ લાયે હૈં તુફાન સે કિશ્તી નિકાલ કે
ઈસ દેશકો રખના મેરે બચ્ચોં સંભાલ કે
તુમ હી ભવિષ્ય હો મેરે ભારત વિશાલ કે
ઈસ દેશકો રખના મેરે બચ્ચોં સંભાલ કે
હમ લાયે હૈં તુફાન સે કિશ્તી નિકાલ કે
ઈસ દેશકો રખના મેરે બચ્ચોં સંભાલ કે

દેખો કહીં બરબાદ ન હોવે યે બગીચા
દેખો કહીં બરબાદ ન હોવે યે બગીચા
જિસકો હૃદયકે ખૂનસે બાપુને હૈ સીંચા
રખ્ખા હૈ યે ચિરાગ શહીદોને બાલકે
ઈસ દેશકો રખના મેરે બચ્ચોં સંભાલ કે
હમ લાયે હૈં તુફાન સે કિશ્તી નિકાલ કે
ઈસ દેશકો રખના મેરે બચ્ચોં સંભાલ કે

દુનિયાકે દાવપેચસે રખના ના વાસ્તા
દુનિયા કે દાવપેચસે રખના ના વાસ્તા
મંજીલ તુમ્હારી દૂર હૈ લંબા હૈ રાસ્તા
ભટકા ન દે કોઈ તુમ્હે ધોખેમેં ડાલ કે
ઈસ દેશકો રખના મેરે બચ્ચોં સંભાલ કે
હમ લાયે હૈં તુફાન સે કિશ્તી નિકાલ કે
ઈસ દેશકો રખના મેરે બચ્ચોં સંભાલ કે

એટમબમો કે દૌરપે બૈઠી હૈ યે દુનિયા
બારૂદ કે એક ઢેર પે બૈઠી હૈ યે દુનિયા
એટમબમો કે દૌરપે બૈઠી હૈ યે દુનિયા
બારૂદ કે એક ઢેર પે બૈઠી હૈ યે દુનિયા
તુમ હર કદમ ઉઠાના જરા દેખભાલકે
ઈસ દેશકો રખના મેરે બચ્ચોં સંભાલ કે
હમ લાયે હૈં તુફાન સે કિશ્તી નિકાલ કે
ઈસ દેશકો રખના મેરે બચ્ચોં સંભાલ કે

આરામ કી તુમ ભૂલભૂલૈયામેં ન ભૂલો
સપનોકે હિંડોલોપે મગન હોકે ન ઝૂલો
આરામકી તુમ ભૂલભૂલૈયામેં ન ભૂલો
સપનોકે હિંડોલોપે મગન હોકે ન ઝૂલો
અબ વક્ત આ ગયા મેરે હસતે હુએ ફૂલો
ઉઠો છલાંગ મારકે આકાશકો છૂલો...
...આકાશ કો છૂલો...
તુમ ગાડ દો ગગનમેં તિરંગા ઉછાલ કે
ઈસ દેશકો રખના મેરે બચ્ચોં સંભાલકે
હમ લાયે હૈં તુફાનસે કિશ્તી નિકાલ કે
ઈસ દેશકો રખના મેરે બચ્ચોં સંભાલકે

## એ મેરે પ્યારે વતન

એ મેરે પ્યારે વતન એ મેરે બિછડે ચમન
તુઝ પે દિલ કુરબાન... એ મેરે પ્યારે વતન
તૂ હી મેરી આરજૂ તૂ હી મેરી આબરુ
તૂ હી મેરી જાન. એ મેરે પ્યારે વતન.

તેરે દામન સે જો આયે ઉન હવાઓં કો સલામ
ચૂમ લૂં મૈં ઉસ જુબાં કો જીસ પે આયે તેરા નામ
સબસે પ્યારી સુબહ તેરી સબસે રંગી તેરી શ્યામ,
તુજ પે દિલ કુરબાન. એ મેરે પ્યારે વતન...

માં કા દિલ બનકે કભી સીને સે લગ જાતા હૈ તૂ
ઔર કભી નન્હીં સી બેટી બનકે યાદ આતા હૈ તૂ
જિતના યાદ આતા હૈ મુઝકો ઉતના તડપાતા હૈ તૂ
તુઝ પે દિલ કુરબાન. એ મેરે પ્યારે વતન...

છોડકર તેરી જમીં કો દૂર આ પહુંચે હૈં હમ
ફિર ભી હૈ યહી તમન્ના તેરે જર્રાકી કસમ
હૈ જહાં પૈદા હુએ હૈ ઉસ જગહ હી નિકલે દમ
તુઝ પે દિલ કુરમાન. એ મેરે પ્યારે વતન...

## યે માટી સભી કી કહાની કહેગી...

ન રાજા રહેગા ન રાની રહેગી
યે દુનિયા હૈ ફાની ઔર ફાની રહેગી
ન એકભી જીંદગાની રહેગી

યે માટી સભી કી કહાની કહેગી
યે માટી સભી કી કહાની કહેગી

દિખાયેગી રાણાકે રણ કી નિશાની
કહેગી શિવાજી કે કણ કી કહાની
બતાયેગી મોગલો કી બાતે અજાની
ઉસ ગદ્દાર જયચંદ કી જિંદગાની

યે આપસ કી સબ બદગુમાની કહેગી
યે માટી સભી કી કહાની કહેગી
યે માટી સભી કી કહાની કહેગી

જો થે દેશ દુશ્મન ગુલામી કે રાહી
લગે ફેરને ઈસ વતન પર સીયાહી
વિદેશોં કી કરને લગે વાહવાહી
ગયા દેશ હાથોં સે આઈ તબાહી

યે ભર ભર કે આંખોમેં પાની કહેગી
યે માટી સભી કી કહાની કહેગી
યે માટી સભી કી કહાની કહેગી

ફિર સ્વાતંત્ર્ય કા ઐસા સંગ્રામ આયા
કે હર આદમી દેશ કે કામ આયા
લડી વીર ઝાંસી કી રાની ભવાની
હજારો લાખોંને જોહર જલાયા

યે કુરબાનીયાં ખુદ જુબાની કહેગી
યે માટી સભી કી કહાની કહેગી
યે માટી સભી કી કહાની કહેગી

''સ્વતાંત્ર્યતા કા સંગ્રામ નહીં વો બગાવત થી...
મ્યુટીની, યહી ઈતિહાસ કહેતા હૈ''
જલા દો જલા દો યે ઈતિહાસ જૂઠે તુમ્હારે
યહાં જરરે જરરે પે સચ હૈ લીખાઈ
જુલમ વો તુમ્હારે, સીતમ વો તુમ્હારે... / હાં... હાં... હાં...
કરો યાદ ઉસ કારનામે વો કારે

કે પથ્થર સે આંસુકી ધારા બહેગી
યે માટી સભી કી કહાની કહેગી
યે માટી સભી કી કહાની કહેગી

યે માટી હૈ તબસે ન જબ તુમ થે આયે
યે માટી રહેગી ન જબ તુમ રહોગે
ઈસ મિટ્ટી કે નીચે દબી હૈ કથાયેં... / હાં... હાં... હાં...

જમી આસમાં થરથરાકે રહેગી
યે માટી સભી કી કહાની કહેગી
યે માટી સભી કી કહાની કહેગી

## સાથી હાથ બઢાના

સાથી હાથ બઢાના (૨)
એક અકેલા થક જાયેગા, મિલકર બોજ ઉઠાના... ...સાથી૦

હમ મેહનતવાલોં ને જબ ભી મિલકર કદમ બઢાયા,
સાગરને રસ્તા છોડા પર્વતને શિશ ઝુકાયા;
ફૌલાદી હૈ સીને અપને, ફૌલાદી હૈ બાંહેં,
હમ ચાહે તો પૈદા કર દેં ચટ્ટાનોં મેં રાહેં. ...સાથી૦

મેહનત અપને લેખકી રેખા, મેહનત સે ક્યા ડરના,
કલ ગૈરોં કી ખાતિર કી, અબ અપની ખાતિર કરના;
અપના દુઃખ ભી એક હૈ સાથી, અપના સુખ ભી એક,
અપની મંઝીલ સચ કી મંઝીલ, અપના રસ્તા નેક. ...સાથી૦
એક સે એક મિલે તો ઝરના બન જાતા હૈ દરિયા,
એક સે એક મિલે તો જર્રા બન જાતા હૈ સેહરા,
એક સે એક મિલે તો રાઈ બન સકતી હૈ પર્વત,
એક સે એક મિલે તો ઈન્સાં બસ મેં કર લે કિસ્મત. ...સાથી૦

માટી સે હમ લાલ નિકાલે, મોતી લાયે જલ સે,
જો કુછ ઈસ દુનિયા મેં બના હૈ, બના હમારે બલસે;
કબ તક મેહનત કે પૈરોંમેં દૌલત કી ઝંઝીરે,
હાથ બઢાકર છીન લો અપને સપનોં કી તસ્વીરેં. ...સાથી૦

## છોડો કલ કી બાતેં

છોડો કલ કી બાતેં કલ કી બાત પુરાની
નયે દૌર મેં લિખ્ખેંગે મિલ કર નઈ કહાની

હમ હિન્દુસ્તાની... હમ હિન્દુસ્તાની...
હમ હિન્દુસ્તાની... હમ હિન્દુસ્તાની...
આજ પુરાની જંજીરો કો તોડ ચૂકે હૈં
ક્યા દેખે ઉસ મંજીલ કો જો છોડ ચૂકે હૈં
ચાંદ કે દરપે જા પહુંચા હૈ, આજ જમાના
નયા ખૂન હૈ, નઈ ઉમંગે, અબ હૈ નઈ જવાની
હમ હિન્દુસ્તાની... હમ હિન્દુસ્તાની...

છોડો કલ કી બાતેં કલ કી બાત પુરાની
નયે દૌર મેં લિખ્ખેંગે મિલ કર નઈ કહાની
હમ હિન્દુસ્તાની... હમ હિન્દુસ્તાની...

આઓ મહેનત કો અપના ઈમાન બનાયેં
અપને હાથોં કો અપના ભગવાન બનાયેં
રામ કી ઈસ ધરતી કો ગૌતમ કી ભૂમિ કો
સપનો સે ભી પ્યારા હિન્દુસ્તાન બનાયેં
નયા ખૂન હૈ, નઈ ઉમંગે, અબ હૈ નઈ જવાની
હમ હિન્દુસ્તાની... હમ હિન્દુસ્તાની...

છોડો કલ કી બાતેં કલ કી બાત પુરાની
નયે દૌર મેં લિખ્ખેંગે મિલ કર નઈ કહાની
હમ હિન્દુસ્તાની... હમ હિન્દુસ્તાની...

હર દરરા મોતી હૈ આંખ ઉઠા કર દેખો
માટી મેં હૈ સોના હાથ બઢાકર દેખો
સોને કી યે ગંગા હૈ ચાંદી કી યમુના
ચાહો તો પથ્થરમેં ધાન ઉગાકર દેખો
નયા ખૂન હૈ, નઈ ઉમંગે, અબ હૈ નઈ જવાની
હમ હિન્દુસ્તાની... હમ હિન્દુસ્તાની...

છોડો કલ કી બાતેં કલ કી બાત પુરાની
નયે દૌર મેં લિખ્ખેંગે મિલ કર નઈ કહાની

હમ હિન્દુસ્તાની... હમ હિન્દુસ્તાની...
હમ હિન્દુસ્તાની... હમ હિન્દુસ્તાની...

## ઇન્સાફ કી ડગર પે બચ્ચોં દિખાઓં ચલ કે

ઈન્સાફ કી ડગર પે બચ્ચોં દિખાઓ ચલ કે
યે દેશ હૈ તુમ્હારા નેતા તુમ્હી હો કલકે

ઈન્સાફ કી ડગર પે બચ્ચોં દિખાઓ ચલ કે
યે દેશ હૈ તુમ્હારા નેતા તુમ્હી હો કલકે

દુનિયા કે રંજ સહેના ઔર કુછ ન મુંહસે કહેના
દુનિયા કે રંજ સહેના ઔર કુછ ન મુંહસે કહેના
સચ્ચાઈઓં કે બલપે આગે કો બઢતે રહેના
સચ્ચાઈઓં કે બલપે આગે કો બઢતે રહેના
રખ દોગે એક દિન તુમ સંસાર કો બદલ કે
રખ દોગે એક દિન તુમ સંસાર કો બદલ કે
ઈન્સાફ કી ડગર પે બચ્ચોં દિખાઓ ચલ કે
યે દેશ હૈ તુમ્હારા નેતા તુમ્હી હો કલકે

અપને હો યા પરાયે સબકે લિયે હૈ ન્યાયે
અપને હો યા પરાયે સબકે લિયે હૈ ન્યાયે
દેખો કદમ તુમ્હારા હરગીઝ ન ડગમગાયે
દેખો કદમ તુમ્હારા હરગીઝ ન ડગમગાયે
રસ્તે બડે કઠિન હૈ ચલના સંભલ સંભલ કે
રસ્તે બડે કઠિન હૈ ચલના સંભલ સંભલ કે
ઈન્સાફ કી ડગર પે બચ્ચોં દિખાઓ ચલ કે
યે દેશ હૈ તુમ્હારા નેતા તુમ્હી હો કલકે

ઈન્સાનિયત કે સરપે ઈજ્જત કા તાજ રખના
ઈન્સાનિયત કે સરપે ઈજ્જત કા તાજ રખના
તન મન કી ભેટ દે કર ભારત કી લાજ રખના
તન મન કી ભેટ દે કર ભારત કી લાજ રખના
જીવન નયા મિલેગા અંતિમ ચિતા મેં જલ કે
જીવન નયા મિલેગા અંતિમ ચિતા મેં જલ કે
ઈન્સાફ કી ડગર પે બચ્ચોં દિખાઓ ચલ કે
યે દેશ હૈ તુમ્હારા નેતા તુમ્હી હો કલકે

ઈન્સાફ કી ડગર પે બચ્ચોં દિખાઓ ચલ કે
યે દેશ હૈ તુમ્હારા નેતા તુમ્હી હો કલકે

## કર ચલે હમ ફિદા

કર ચલે હમ ફીદા... જાનોતન સાથીઓ
અબ તુમ્હારે... હવાલે... વતન સાથીઓ
કર ચલે હમ ફીદા, જાનોતન સાથીઓ
અબ તુમ્હારે હવાલે વતન સાથીઓ (૨)
આ... આ... આ... આ...

સાંસ થમતી ગઈ, નબ્ઝ જમતી ગઈ
ફિર ભી બઢતે કદમકો ન રૂકને દિયા
કટ ગયે સર હમારે તો કુછ ગમ નહિ
સર હિમાલયકા હમને ન ઝુકને દિયા
મરતે મરતે રહા બાંકપન સાથીઓ...
અબ તુમ્હારે હવાલે વતન સાથીઓ.
કર ચલે હમ ફીદા, જાનોતન સાથીઓ
અબ તુમ્હારે હવાલે વતન સાથીઓ

જીન્દા રહને કે મૌસમ બહુત હે મગર
જાન દેને કી ઋત રોજ આતી નહીં
હુશ્ન ઔર ઇશ્ક દોનોંકો રૂસવા કરે
વો જવાની જો ખૂનમેં નહાતી નહિ
આજ ધરતી બની હે દુલ્હન સાથીઓ
અબ તુમ્હારે હવાલે વતન સાથીઓ.
કર ચલે હમ ફીદા, જાનોતન સાથીઓ...
અબ તુમ્હારે હવાલે વતન સાથીઓ

રાહ કુરબાનીયોં કી ન વિરાન હો
તુમ સજાતે હી રહેના નયે કાફીલે
જિંદગી મોતસે મિલ રહી હે ગલે
બાંધ લો અપને સરપે કફન સાથીઓ...
અબ તુમ્હારે હવાલે વતન સાથીઓ.
કર ચલે હમ ફીદા, જાનોતન સાથીઓ
અબ તુમ્હારે હવાલે વતન સાથીઓ

ખેંચ દો અપને ખૂન સે જમીં પર લકીર
ઇસ તરફ આને પાયે ના રાવન કોઈ
તોડ દો હાથ અગર હાથ ઉઠને લગે
છૂ ન પાયે સીતા કા દામન કોઈ
રામ ભી તુમ, તુમ હી લક્ષ્મન સાથીઓ...
અબ તુમ્હારે હવાલે વતન સાથીઓ.
કર ચલે હમ ફીદા, જાનોતન સાથીઓ

અબ તુમ્હારે હવાલે વતન સાથીઓ
અબ તુમ્હારે હવાલે વતન સાથીઓ

## હોઠોં પે સચ્ચાઈ રહતી હૈ...

હોઠોંપે સચ્ચાઇ રહેતી હે, જહાં દિલમેં સફાઈ રહેતી હે
હમ ઉસ દેશ કે વાસી હે, હમ ઉસ દેશકે વાસી હે,
જીસ દેશમેં ગંગા બહેતી હે (૨)

મહેમાં જો હમારા હોતા હે, વો જાનસે પ્યારા હોતા હે (૨)
જ્યાદા કી નહીં લાલચ હમકો, થોડેમેં ગુજારા હોતા હે
થોડેમેં ગુજારા હોતા હે

બચ્ચોં કે લીયે જો ધરતીમાં સદીયોંસે સભી કુછ સહેતી હે
હમ ઉસ દેશ કે વાસી હે, હમ ઉસ દેશકે વાસી હે,
જીસ દેશમેં ગંગા બહેતી હે

કુછ લોગ જો જ્યાદા જાનતે હે, ઇન્સાનકો કમ પહેચાનતે હે (૨)
યે પૂરબ હે, પૂરબવાલે હર જાનકી કિંમત જાનતે હે
હન જાનકી કિંમત જાનતે હે

મિલજુલકે રહો ઓર પ્યાર કરો, એક ચીજ યહી જો રહેતી હે
હમ ઉસ દેશ કે વાસી હે, હમ ઉસ દેશકે વાસી હે,
જીસ દેશમેં ગંગા બહેતી હે

જો પ્રીતસે મિલા સીખા હમને, ગૈરોંકો ભી અપનાયા હમને
મતલબકે લિયે અંધે હો કર, રોટીકો નહીં પૂજા હમને
રોટીકો નહીં પૂજા હમને

અબ હમ તો ક્યા સારી દુનિયા, સારી દુનિયાસે કહેતી હે
હમ ઉસ દેશ કે વાસી હે, હમ ઉસ દેશકે વાસી હે,
જીસ દેશમેં ગંગા બહેતી હે

હોઠોંપે સચ્ચાઇ રહેતી હે, જહાં દિલમેં સફાઈ રહેતી હે
હમ ઉસ દેશ કે વાસી હે, હમ ઉસ દેશકે વાસી હે,
જીસ દેશમેં ગંગા બહેતી હે

## જહાં ડાલ ડાલ પર સોને કી

આ... આ... આ...
ગુરૂર્બ્રહ્મા.... ગુરૂર્વિષ્ણુ... ગુરૂર્દેવો મહેશ્વર!
ગુરૂઃ સાક્ષાત પરબ્રહ્મ... તસ્મૈ શ્રી ગુરૂવે નમઃ
જહાં ડાલ ડાલ પર સોનેકી ચિડિયા કરતી હૈ બસેરા,
વો ભારત દેશ હૈ મેરા... વો ભારત દેશ હૈ મેરા...
જહાં ડાલ ડાલ પર સોનેકી ચિડિયા કરતી હૈ બસેરા,
વો ભારત દેશ હૈ મેરા... વો ભારત દેશ હૈ મેરા...
જહાં સત્ય, અહિંસા ઔર ધરમકા પગ પગ લગતા ડેરા
વો ભારત દેશ હૈ મેરા... વો ભારત દેશ હૈ મેરા...
જય ભારતી... જય ભારતી... જય ભારતી... જય ભારતી...
આ... આ... આ... આ...

યે ધરતી હૈ જહાં ઋષિમુનિ જપતે પ્રભુનામકી માલા
હરિ ઓમ... હરિ ઓમ... હરિ ઓમ... હરિ ઓમ...
જહાં હર બાલક મોહન હૈ, ઔર રાધા હર એક બાલા
ઔર રાધા હર એક બાલા
જહાં સૂરજ સબસે પહેલે આકર ડાલે અપના ડેરા
વો ભારત દેશ હૈ મેરા... વો ભારત દેશ હૈ મેરા...

ગંગા, જમુના, કૃષ્ણા ઔર કાવેરી બહેતી જાયે
ઉત્તર, દક્ષિણ, પૂરબ, પશ્ચિમ કો અમૃત પીલવાયે
યે અમૃત પીલવાયે
કહીં માલી ફૂલ ઉગાયે, કેસર કહીં બિખેરા
વો ભારત દેશ હૈ મેરા... વો ભારત દેશ હૈ મેરા...

અલબેલી ઈસ ધરતી કે ત્યૌહાર ભી હૈં અલબેલે
કહીં દિવાલીકી ઝગમગ હૈ, હોલી કે કહીં મેલે
હોલી કે કહીં મેલે
જહાં રાગરંગ ઔર હંસીખુશીકા હરદમ લગતા મેલા
વો ભારત દેશ હૈ મેરા... વો ભારત દેશ હૈ મેરા...

જહાં ડાલ ડાલ પર સોનેકી ચિડિયા કરતી હૈ બસેરા,
વો ભારત દેશ હૈ મેરા... વો ભારત દેશ હૈ મેરા...

જહાં આસમાનસે બાતે કરતે મંદિર ઔર શિવાલે
કિસી નગર કોઈ દ્વાર પર કોઈ ના તાલા ડાલે
કોઈ ના તાલા ડાલે
ઔર પ્રેમકી બંસી જહાં બજાતા આજ ભી શામ સવેરા
વો ભારત દેશ હૈ મેરા... વો ભારત દેશ હૈ મેરા...
જહાં સત્ય, અહિંસા ઔર ધરમ કા, પગપગ લગતા ડેરા
વો ભારત દેશ હૈ મેરા... વો ભારત દેશ હૈ મેરા...
જય ભારતી... જય ભારતી... જય ભારતી... જય ભારતી...
આ... આ... આ... આ...

## અબ કોઈ ગુલશન ન ઉજડે

અબ કોઈ... ગુલશન ન ઉજડે...
અબ કોઈ ગુલશન ન ઉજડે...
...અબ વતન આઝાદ હૈ

અબ કોઈ ગુલશન ન ઉજડે, અબ વતન આઝાદ હૈ
અબ કોઈ ગુલશન ન ઉજડે, અબ વતન આઝાદ હૈ
રૂહ ગંગાકી, હિમાલાકા બદન આઝાદ હૈ
રૂહ ગંગાકી, હિમાલાકા બદન આઝાદ હૈ
રૂહ ગંગા... / આ...આ...આ...

ખેતીયાં સોના ઉગાયે, વાદીયાં મોતી લૂટાયે
ખેતીયાં સોના ઉગાયે, વાદીયાં મોતી લૂટાયે
આજ ગૌતમકી જમીં, તુલસીકા વન આઝાદ હૈ
આજ ગૌતમકી જમીં, તુલસીકા વન આઝાદ હૈ
અબ કોઈ ગુલશન ન ઉજડે, અબ વતન આઝાદ હૈ

મંદિરોમેં શંખ બાજે, મસ્જીદોમં હો અઝાન
મંદિરોમેં શંખ બાજે, મસ્જીદોમં હો અઝાન
શેખકા ધરમ, મૌલવીકે બરહમન આઝાદ હૈ
શેખકા ધરમ, મૌલવીકે બરહમન આઝાદ હૈ
અબ કોઈ ગુલશન ન ઉજડે, અબ વતન આઝાદ હૈ

જૂઠ કૈસી ભી હો અબ દેશમેં રહેને ન પાયે
જૂઠ કૈસી ભી હો અબ દેશમેં રહેને ન પાયે
આજ સબકે વાસ્તે ધરતીકા ધન આઝાદ હૈ
આજ સબકે વાસ્તે ધરતીકા ધન આઝાદ હૈ
અબ કોઈ ગુલશન ન ઉજડે, અબ વતન આઝાદ હૈ

અબ કોઈ ગુલશન ન ઉજડે, અબ વતન આઝાદ હૈ
અબ કોઈ ગુલશન ન ઉજડે, અબ વતન આઝાદ હૈ (૨)

## અપની આઝાદી કો હમ હરગીઝ મિટા સકતે નહીં

અપની આઝાદી કો હમ હરગીઝ મિટા સકતે નહીં
અપની આઝાદી કો હમ હરગીઝ મિટા સકતે નહીં
સર કટા સકતે હૈં લેકિન સર ઝુકા સકતે નહીં
સર ઝુકા સકતે નહીં

હમને સદિયોમેં યે આઝાદીકી નેમત પાઈ હૈ
નેમત પાઈ હૈ
સેંકડો કુરબાનીયા દેકર યે દોલત પાઈ હૈ
યે દોલત પાઈ હૈ
મુસ્કરા કર ખાઈ હૈ સીનોપે અપને ગોલીયાં
સીપોને અપને ગોલીયાં
કિતને વીરાનોંસે ગુજરે હૈ તો યે જન્નત પાઈ હૈ
ખાખમેં હમ અપની ઈજ્જતકો મિલા સકતે નહીં
અપની આઝાદી કો હમ હરગીઝ મિટા સકતે નહીં

ક્યા ચલેગી જુલ્મકી અહલે વફાકે સામને
અહલે વફાકે સામને
આ નહીં સકતા કોઈ શોલા હવાકે સામને
શોલા હવાકે સામને
લાખ ફોજે લેકે આયે અમ્નકા દુશ્મન કોઈ
લાખ ફોજે લેકે આયે અમ્નકા દુશ્મન કોઈ
રૂક નહીં સકતા હમારી એકતા કે સામને
હમ વો પથ્થર હૈ જીસે દુશ્મન હિલા સકતે નહીં
અપની આઝાદી કો હમ હરગીઝ મિટા સકતે નહીં
સર કટા સકતે હૈં લેકિન સર ઝુકા સકતે નહીં
સર ઝુકા સકતે નહીં

વક્તકી આવાઝ કે હમ સાથ ચલતે જાયેંગે
હમ સાથ ચલતે જાયેંગે
હર કદમ પર જિંદગીકા રૂખ બદલતે જાયેંગે
રૂખ બદલતે જાયેંગે
ગર વતનમેં ભી મિલેગા કોઈ ગદ્દારે વતન
કોઈ ગદ્દારે વતન
અપની તાકતસે હમ ઉનકા સર કુચલતે જાયેંગે
એક ધોખા ખા ચૂકે હૈ ઔર ખા સકતે નહીં
અપની આઝાદી કો હમ હરગીઝ મિટા સકતે નહીં
વંદે માતરમ્... વંદે માતરમ્... વંદે માતરમ્...

હમ વતન કે નૌજવા હૈ હમસે જો ટકરાયેગા
હમસે જો ટકરાયેગા
વો હમારી ઠોકરોંસે ખાખમેં મિલ જાયેગા
ખાખમેં મિલ જાયેગા
વક્ત કે તુફાન મેં બહ જાયેંગે જુલ્મો સીતમ
આસમાં પર યે તિરંગા ઉમ્ર ભર લહેરાયેગા
ઉમ્ર ભર લહેરાયેગા
જો સબક બાપુને સીખાયા ભૂલા સકતે નહીં
સર કટા સકતે હૈં લેકિન સર ઝુકા સકતે નહીં
સર ઝુકા સકતે નહીં
અપની આઝાદી કો હમ હરગીઝ મિટા સકતે નહીં

દુશ્મનોકે હમ હૈ દુશ્મન યાર કે હમ યાર હૈ
યાર કે હમ યાર હૈ
અમનમેં ફૂલોકી ડાલી, જંગમેં તલવાર હૈ
જંગમેં તલવાર હૈ
જિસ કિસીમેં હૌસલા હો, આજમા કર દેખ લે
જિંદગી કે વાસ્તે મરને કો હમ તૈયાર હૈ
મરને કો હમ તૈયાર હૈ
બઢ ચૂકે હૈ જો કદમ પીછે હટા સકતે નહીં
અપની આઝાદી કો હમ હરગીઝ મિટા સકતે નહીં

યહ હમારે ઉંચે પરવત, યહ હમારી નદિયાં
યહ હમારી નદિયાં
યહ હમારી મુસ્કરાતી લહલહાતી ખેતિયાં
લહલહાતી ખેતિયાં
ઈનપે ડાલેગા કોઈ દુશ્મન અગર નજરે બુરી
હમ વો જાલિમ કી રખ દેંગે ઉઠાકે ધજ્જિયાં
રખ દેંગે ઉઠાકે ધજ્જિયાં
હમ વો પથ્થર હૈ જિસે દુશ્મન હિલા સકતે નહીં
અપની આઝાદી કો હમ હરગીઝ મિટા સકતે નહીં.

## અય વતન, અય વતન...

(ભાગ-૧)

જલતે ભી ગયે, કહેતે ભી ગયે, આઝાદી કે પરવાને
જીના ઉસી કા જીના હે જો મરના વતન પે જાને...
અય વતન, અય વતન, હમકો તેરી કસમ,
તેરી રાહોમેં જાં તક લૂટા જાયેંગે
ફૂલ ક્યા ચીજ હે તેરે કદમો મેં હમ
ભેટ અપને સરો કી ચઢા જાયેંગે.
અય વતન, અય વતન, હમકો તેરી કસમ,
તેરી રાહોમેં જાં તક લૂટા જાયેંગે
અય વતન, અય વતન...
કોઈ પંજાબસે, કોઈ મહારાષ્ટ્રસે, કોઈ યુ.પી. સે હૈ, કોઈ બંગાલ સે
કોઈ પંજાબસે, કોઈ મહારાષ્ટ્રસે, કોઈ યુ.પી. સે હૈ, કોઈ બંગાલ સે

તેરી પૂજાકી થાલીમેં લાયે હૈં હમ
તેરી પૂજાકી થાલીમેં લાયે હૈં હમ
ફૂલ હર રંગ કે, ઔર હર ડાલ સે
ફૂલ હર રંગ કે, ઔર હર ડાલ સે
નામ કુછ ભી કહે પર લગન એક હે
જ્યોતસે જ્યોત દિલકી જગા જાયેંગે
અય વતન, અય વતન, હમકો તેરી કસમ,
તેરી રાહોમેં જાં તક લૂટા જાયેંગે
અય વતન, અય વતન...

તેરી જાનીબ ઉઠી જો કહરકી નજર
ઉસ નજરકો ઝુકા કે હી દમ લેંગે હમ
તેરી જાનીબ ઉઠી જો કહરકી નજર
ઉસ નજરકો ઝુકા કે હી દમ લેંગે હમ
તેરી ધરતીપે હે જો કદમ ગૈરકા
ઉસ કદમકા નિશાં તક મિટા દેંગે હમ
તેરી ધરતીપે હે જો કદમ ગૈરકા
ઉસ કદમકા નિશાં તક મિટા દેંગે હમ
જો ભી દીવાર આયેગી અબ સામને
ઠોકરોંસે ઉસકો હમ ગિરા જાયેંગે
અય વતન... અય વતન... હમકો તેરી કસમ,
તેરી રાહોમેં જાં તક લૂટા જાયેંગે

(ભાગ-૨)

તુ ન રોના કે તું હે ભગતસિંહકી માં...
મરકે ભી લાલ તેરા મરેગા નહીં
ઘોડી ચડકે તો લાતે હે દુલ્હન સભી
હસકે હર કોઈ ફાંસીપે ચડેગા નહીં... આ... આ... આ...
ઈશ્ક આઝાદીસે આશિકોને કિયા
દેખ લેના ઉસે હમ બીહા લાયેંગે
અય વતન, અય વતન, હમકો તેરી કસમ,
તેરી રાહોમેં જાં તક લૂટા જાયેંગે
અય વતન... અય વતન...
જબ શહીદોકી અરથી ઉઠે ધૂમ સે
દેશવાલો તુમ આંસુ બહાના નહીં
પર મનાઓ જબ આઝાદ ભારતકા દિન
ઉસ ઘડી તુમ હમેં ભૂલ જાના નહીં
લૌટકર આ સકે ના જહાંમેં તો ક્યા
યાદ બનકે દિલોમેં તો આ જાયેંગે
અય વતન, અય વતન, હમકો તેરી કસમ,
તેરી રાહોમેં જાં તક લૂટા જાયેંગે
અય વતન, અય વતન....

## કદમ કદમ બઢાએ જા...

કદમ કદમ બઢાએ જા ખુશી કે ગીત ગાએ જા
યે જિંદગી હે કૌમ કી તું કૌમ પર લુટાએ જા
તેરે લિયે વતન કી ખાક બેકરાર હે
હિમાલય કી ચોટીંયો કે તેરા ઈંતજાર હે
વતન સે દૂર હે મગર વતન કે ગીત ગાએ જા, કદમ...

બડા કઠિન સફર હે યહ બડે કઠિન હે રાસ્તે
મગર યે મુશ્કિલેં હે ક્યા સિપાહિયોં કે રાસ્તે
તું બિજલિયોં સે ખેલ આંધિયોં પે મુસ્કુરાએ જા, કદમ...

બિછડ રહા હે તુજસે તેરા ભાઈ તો બિછડને દે
નસીબ કૌમકા બને તો અપના ઘર ઉજડને દે
મિટા કે અપના એક ઘર, હજાર ઘર બસાએ જા, કદમ...

## મેરે દેશ કી ધરતી

આ...આ...આ... ઓ...ઓ...ઓ... આ...આ...આ... ઓ...ઓ...ઓ...
મેરે દેશ કી ધરતી, મેરે દેશકી ધરતી સોના ઉગલે,
ઉગલે હીરે મોતી, મેરે દેશ કી ધરતી
આ...આ...આ... ઓ...ઓ...ઓ...
બેલોંકે ગલેમેં જબ ઘુંઘરૂ, જીવન કા રાગ સુનાતે હૈં
જીવન કા રાગ સુનાતે હૈં
ગમ કોસો દૂર હો જાતા હૈ, ખુશીયોં કે કંવલ મુસ્કાતે હૈ
ખુશીયોં કે કંવલ મુસ્કાતે હૈં... ઓ... ઓ... ઓ...
સુન રહટકી આવાજે, સુન રહટકી આવાજે, યું લગે કહીં શહનાઈ બજે
યું લગે કહીં શહનાઈ બજે
આતે હી મસ્ત બહારોકે, દુલ્હન કી તરહા હર ખેત સજે
દુલ્હનકી તરહા હર ખેત સજે
મેરે દેશ કી ધરતી, મેરે દેશકી ધરતી સોના ઉગલે,
ઉગલે હીરે મોતી, મેરે દેશ કી ધરતી
આ...આ...આ... આ...આ...આ... આ...આ...આ... આ...આ...આ...
જબ ચલતે હૈં ઈસ ધરતી પે હલ, મમતા અંગડાઈયાં લેતી હૈ
મમતા અંગડાઈયાં લેતી હૈ
ક્યું ના પૂજે ઉસ માટી કો, જો જીવનકા સુખ દેતી હૈ
જો જીવનકા સુખ દેતી હૈ... હો... હો... હો...
ઈસ ધરતીપે જીસને જનમ લીયા, ઉસને હી પાયા પ્યાર તેરા
ઉસને હી પાયા પ્યાર તેરા
યહાં અપના પરાયા કોઈ નહીં, હૈ સબપે માં ઉપકાર તેરા
હૈ સબપે માં ઉપકાર તેરા
મેરે દેશ કી ધરતી, મેરે દેશકી ધરતી સોના ઉગલે,
ઉગલે હીરે મોતી, મેરે દેશ કી ધરતી
મેરે દેશ કી ધરતી... હૈ... હૈ... હૈ...
યે બાગ હૈ ગૌતમ, નાનક કા, ખીલતે હૈ ચમન કે ફૂલ યહાં
ખીલતે હૈ ચમન કે ફૂલ યહાં
ગાંધી, સુભાષ... ગાંધી, સુભાષ, તિલક, ઐસે હૈ ચમનકે ફૂલ યહાં
ઐસે હૈ ચમનકે ફૂલ યહાં
રંગ હરા હરીસીંગ લલવેને, રંગ લાલ હૈ લાલ બહાદુર કે,
રંગ બના બસંતી ભગતસિંહ
રંગ બના બસંતી ભગતસિંહ
રંગ અમનકા વીર જવાહર સે
રંગ અમનકા વીર જવાહર સે
મેરે દેશ કી ધરતી, મેરે દેશકી ધરતી સોના ઉગલે,
ઉગલે હીરે મોતી, મેરે દેશ કી ધરતી
મેરે દેશ કી ધરતી, મેરે દેશકી ધરતી સોના ઉગલે,
ઉગલે હીરે મોતી, મેરે દેશ કી ધરતી....

## અય મેરે પ્યારે વતન

અય મેરે પ્યારે વતન, અય મેરે બીછડે ચમન, તુઝ પે દિલ કુરબાન
તુ હી મેરી આરઝુ, તુ હી મેરી આબરૂ, તુ હી મેરી જાન
અય મેરે પ્યારે વતન, અય મેરે બીછડે ચમન, તુઝ પે દિલ કુરબાન

તેરે દામનસે જો આયે, ઉન હવાઓં કો સલામ (૨)
ચુમ લું મેં ઉસ જુબાંકો, જીસપે આયે તેરા નામ
સબસે પ્યારી સુબહા તેરી, સબસે રંગી તેરી શામ
તુઝ પે દિલ કુરબાન
તુ હી મેરી આરઝુ, તુ હી મેરી આબરૂ, તુ હી મેરી જાન

મા કા દિલ બનકે કભી સીને સે લગ જાતા હૈ તુ (૨)
ઔર કભી નન્હી સી બેટી બનકે યાદ આતા હૈ તુ
જીતના યાદ આતા હૈ ઉતના મુઝકો તડપાતા હૈ તુ
તુઝ પે દિલ કુરબાન
તુ હી મેરી આરઝુ, તુ હી મેરી આબરૂ, તુ હી મેરી જાન

છોડકર તેરી જમીં કો દૂર આ પહુંચે હૈ હમ (૨)
ફિર ભી હય યહી તમન્ના, તેરે દરરો કી કસમ
હમ જહાં પૈદા હુએ થે ઉસ જગા હી નિકલે દમ
તુઝ પે દિલ કુરબાન
તુ હી મેરી આરઝુ, તુ હી મેરી આબરૂ, તુ હી મેરી જાન

અય મેરે પ્યારે વતન, અય મેરે બીછડે ચમન, તુઝ પે દિલ કુરબાન

## હૈ પ્રીત જહાંકી રીત સદા...

જબ ઝીરો દિયા મેરે ભારતને, ભારતને મેરે ભારતને
દુનિયા કો તબ ગીનતી આઈ
તારોકી ભાષા ભારતને, દુનિયાકો પહલે સીખલાઈ
દેતા ન દસ જો ભારત તો, યું ચાંદ પે જાના મુશ્કીલ થા
ધરતી ઔર ચાંદકી દૂરીકા, અંદાજ લગાના મુશ્કીલ થા
સભ્યતા જહાં પહલે આઈ, સભ્યતા જહાં પહલે આઈ
પહેલે જન્મી હૈ જહાંપે કલા
અપના ભારત વો ભારત હૈ, જીસકે પીછે સંસાર ચલા
સંસાર ચલા ઔર આગે બઢા
યું આગે બઢા, બઢતા હી ગયા
ભગવાન કરે યે ઔર બઢે
બઢતા હી રહે ઔર ફૂલે ફલે
બઢતા હી રહે ઔર ફૂલે ફલે

*"ચૂપ ક્યું હો ગયે? ઔર સુનાઓ...."*
હું... હું... હું...
હો...હો...હો... હો...હો...હો...

હૈ પ્રીત જહાં કી રીત સદા, હૈ પ્રીત જહાં કી રીત સદા
મૈં ગીત વહાં કે ગાતા હૂં, ભારતકા રહેનેવાલા હું,
ભારત કી બાત સુનાતા હું
હો...હો...હો... હો...હો...હો... હો...હો...હો...

કાલે ગોરેકા ભેદ નહીં, હર દિલસે હમારા નાતા હૈ
કુછ ઔર ન આતા હો હમકો, હમેં પ્યાર નિભાના આતા હૈ...
જીસે માન ચૂકી સારી દુનિયા, હો જીસે માન ચૂકી સારી દુનિયા
મૈં બાત, મૈં બાત વહી દોહરાતા હું...
ભારતકા રહેનેવાલા હું, ભારત કી બાત સુનાતા હું
હૈ પ્રીત જહાં કી રીત સદા...
હો...હો...હો... હો...હો...હો... હો...હો...હો...

જીતે હો કિસીને દેશોકો, હમને દિલોંકો જીતા હૈ
જહાં રામ અભી તક હૈ નરમેં, નારીમેં અભી તક સીતા હૈ
ઈતને પાવન હૈ લોગ જહાં
ઈતને પાવન હૈ લોગ જહાં, મૈં નીત નીત,
મૈં નીત નીત શિર ઝુકાતા હું

ભારતકા રહેનેવાલા હું, ભારત કી બાત સુનાતા હું
હૈ પ્રીત જહાંકી રીત સદા
હો...હો...હો... હો...હો...હો... હો...હો...હો...ઓ...
ઈતની મમતા નદીયોંકો ભી જહાં, માતા કહકે બુલાતે હૈ
હો...ઓ... હો...ઓ... હો...હો...ઓ...

ઈતના આદર ઈન્સાન તો ક્યા, પથ્થર ભી પૂજે જાતે હૈ
ઉસ ધરતી પે મૈંને જનમ લીયા, હો ઉસ ધરતીપે મૈંને જનમ લીયા
યે સોચ, યે સોચ કે મેં ઈતરાતા હું,
ભારતકા રહનેવાલા હું, ભારતકી બાત સુનાતા હું
હૈ પ્રીત જહાંકી રીત સદા
હો...હો...હો... હો...હો...હો...
હો...હો...હો... હો...હો...હો...
હો...હો...હો... હો...હો...હો...
હો...હો...હો... હો...હો...હો...

## દૂર હટો અય દુનિયાવાલો

આજ હિમાલય કી ચોટી સે ફિર હમને લલકારા હૈ
દૂર હટો, દૂર હટો અય દુનિયાવાલો, હિન્દુસ્તાન હમારા હૈ.

જહાં હમારા તાજમહલ હૈ, ઔર કુતુબમિનાર હૈ
જહાં હમારે મંદિર મસ્જિદ, શીખોંકા ગુરૂદ્વારા હૈ
ઉસ ધરતી પર કદમ બઢાના અત્યાચાર તુમ્હારા હૈ
દૂર હટો, દૂર હટો, દૂર હટો અય દુનિયાવાલો હિન્દુસ્તાન હમારા હૈ

શુરૂ હુઆ હૈ જંગ તુમ્હારા, જાગ ઉઠો હિન્દુસ્તાની
તુમ ન કિસીકે આગે ઝુકના, જર્મન હો યા જાપાની
આજ સભી કે લિયે હમારા યે હી કોમી નારા હૈ
દૂર હટો, દૂર હટો, દૂર હટો અય દુનિયાવાલો હિન્દુસ્તાન હમારા હૈ

આજ હિમાલય કી ચોટીસે, ફિર હમને લલકારા હૈ
દૂર હટો, દૂર હટો, દૂર હટો... દૂર હટો...

## અય મેરે વતનકે લોગોં

અય મેરે વતન કે લોગોં, તુમ ખૂબ લગાઓ નારા;
યે શુભ દિન હૈ હમ સબ કા, લહરાઓ તિરંગા પ્યારા.
પર મત ભૂલો સીમા પર, વીરોં ને હૈં પ્રાણ ગંવાયે;
કુછ યાદ ઉન્હેં ભી કર લો, કુછ યાદ ઉન્હેં ભી કર લો...
જો લૌટ કે ઘર ન આયે, જો લૌટ કે ઘર ન આયે....

અય મેરે વતન કે લોગોં, જરા આંખમેં ભર લો પાની
જો શહીદ હુએ હૈ ઉનકી, જરા યાદ કરો કુરબાની
તુમ ભૂલ ન જાઓ ઉનકો, ઈસલિયે કહી યે કહાની
જો શહીદ હુએ હૈ ઉનકી, જરા યાદ કરો કુરબાની.

જબ ઘાયલ હુઆ હિમાલય, ખતરે મેં પડી આઝાદી
જબ તક થી સાંસ લડે વો (૨)
ફિર અપની લાશ બિછા દી
સંગીન પર ધર કર માથા
સો ગયે અમર બલિદાની
જો શહીદ હુએ હૈં ઉનકી, જરા યાદ કરો કુરબાની.

જબ દેશમેં થી દિવાલી, વો ખેલ રહે થે હોલી
જબ હમ બૈઠે થે ઘરોંમેં (૨)
વો ઝેલ રહે થે ગોલી
હૈ ધન્ય જવાન વો અપને
થી ધન્ય વો ઉનકી જવાની
જો શહીદ હુએ હૈં ઉનકી, જરા યાદ કરો કુરબાની.

કોઈ શીખ કોઈ જાટ મરાઠા (૨)
કોઈ ગુરખા કોઈ મદ્રાસી (૨)
સરહદ પર મરનેવાલા (૨)
હર વીર થા ભારતવાસી (૨)
જો ખૂન ગીરા પરબત પર, વો ખૂન થા હિન્દુસ્તાની
જો શહીદ હુએ હૈં ઉનકી, જરા યાદ કરો કુરબાની

થી ખૂન સે લથપથ કાયા, ફિર ભી બંદૂક ઉઠાઈ
દસ દસ કો એકને મારા
ફિર ગીર ગયે હોશ ગંવા કે
જબ અંત સમય આયા તો (૨)
કહ ગયે હૈ હમ ચલતે હૈં
ખુશ રહેના દેશ કે પ્યારો (૨)
અબ હમ તો સફર કરતે હૈ
અબ... હમ... તો... સફર... કરતે હૈ
જય હિન્દ... જય હિન્દ....

## યે દેશ હૈ વીર જવાનો કો

યે દેશ હૈ વીર જવાનોકા, અલબેલોકા, મસ્તાનોકા
ઈસ દેશ કા યારો ક્યા કહેના, ઈસ દેશકા યારો ક્યા કહેના

યહાં ચૌડી છાતી વીરોં કી
યહાં ભોલી શકલે હીરો કી
યહા ગાતે હૈં રાંઝે, યહા ગાતે હૈં રાંઝે મસ્તીમેં
મસ્તીમેં ઘુમે બસ્તીમેં

પેડોંપે બહારે ઝુલોંકી
રાહોમેં કતારે ફૂલોંકી
યહાં હસતા હૈ સાવન
હે...ય...
યહાં હસતા હૈ સાવન બાલોમેં
ખીલતી હૈ કલિયાં ગાલોમેં

કહીં દંગલ શોખ જવાનો કે
કહીં કરતબ તીર કમાનો કે
યહાં નીત નીત મેલે
હે...ય...
યહાં નીત નીત મેલે લગતે હૈ
નીત ઢોલ ઔર ત્રાંસે બજતે હૈ

દિલબર કે લીયે દિલદાર હૈ હમ
દુશ્મન કે લીયે તલવાર હૈ હમ
મેદાં મેં અગર હમ
હે... ય...

મેદાં મેં અગર હમ આ જાયે, મુશ્કિલ હૈ
પીછે હટ જાયે
હુ...હા... હુ...હા... હુ...હા...
અડીપ્પા... અડીપ્પા....

## ભારત હમકો જાનસે પ્યારા હૈ

ભારત હમકો જાનસે પ્યારા હૈ,
સબસે પ્યારા ગુલિસ્તાં હમારા હૈ
ભારત હમકો જાનસે પ્યારા હૈ,
સબસે પ્યારા ગુલિસ્તાં હમારા હૈ
સદીઓસે ભારતભૂમિ દુનિયાકી શાન હૈ
ભારતમાતાકી રક્ષામેં જીવન કુરબાન હૈ
ભારત હમકો જાનસે પ્યારા હૈ
સબસે ન્યારા ગુલિસ્તાં હમારા હૈ

ઉજડે નહીં અપના ચમન
તૂટે નહીં અપના વતન
ગુમરાહ ના કર દે કોઈ
બરબાદ ના કર દે કોઈ
મંદિર યહાં, મસ્જિદ યહાં
હિન્દુ યહાં, મુસ્લિમ યહાં
ફીરતે રહે હમ પ્યાર સે
જાગો...

હિન્દુસ્તાની નામ હમારા હૈ
સબસે પ્યારા દેશ હમારા હૈ
હિન્દુસ્તાની નામ હમારા હૈ
સબસે ન્યારા દેશ હમારા હૈ
જન્મભૂમિ હૈ હમારી શાનસે કહેંગે હમ
સબ હી તો ભાઈ-ભાઈ પ્યારસે રહેંગે હમ
હિન્દુસ્તાન નામ હમારા હૈ... સબસે પ્યારા દેશ હમારા હૈ

આસામસે ગુજરાત તક
બંગાલસે મહારાષ્ટ્ર તક
જાતિ કઈ, ધૂન એક હૈ
ભાષા કઈ, સૂર એક હૈ
કશ્મીરસે મદ્રાસ તક
કહ દો સભી હમ એક હૈ
આવાઝ દો... હમ એક હૈ
જાગો.....

## ભારત કા ડંકા

ભારત કા ડંકા આલમ મેં બજવાયા વીર જવાહરને,
આધીન બનો, સ્વાધીન બનો સુલજાયા વીર જવાહરને... ભારત કા...

વહ લાલ જો મોતીલાલ કા હૈ, હૈ લાલ દુલારા ભારત કા
સોતે ભારત કો હક કરકે જગવાયા વીર જવાહરને... ભારત કા...

અંગ્રેજોંકી મૃગ તૃષ્ણા મેં ભૂલે થે ભારતવાસી બસ
પૂરી આઝાદી કા મંત્ર મહા શીખલાયા વીર જવાહરને... ભારત કા...

ઘોંટી હૈ રાજનીતિ ઉસકી છાની હૈ ખાખ વિદેશી કી
સમતા, સ્વતંત્રતા મારગ દિખલાયા વીર જવાહરને... ભારત કા...

ઈક રોશન આગ ધધકતી હૈ આઝાદી કી ઉસકે દિલ મેં
જીસેસ યુવકોં કા મુર્દાદિલ ચમકાયા વીર જવાહરને... ભારત કા...

આદર્શ ચરિત સે વહ અપને યુવકોં કા સમ્રાટ બના
આઝાદી કા ઊંચા ઝંડા ફરકાયા વીર જવાહરને... ભારત કા...

## સરફરોશી કી તમન્ના

એક સે કરતા નહીં ક્યોં દુસરા કુછ બાતચીત
દેખતા હું મૈં જીસે વો ચૂપ તેરી મહેફીલમેં હૈ
વો ચૂપ તેરી મહેફિલમેં હૈ.
સરફરોશી કી તમન્ના અબ હમારે દિલમેં હૈ
દેખના હૈ ઝોર કિતના બાજુ-એ-કાતિલમેં હૈ
સરફરોશી કી તમન્ના અબ હમારે દિલ મેં હૈ.
વક્ત આને પર બતા દેંગે તુઝે ઓ આસમાન (૨)
હમ અભી સે ક્યા બતાયેં ક્યા હમારે દિલ મેં હૈ
ક્યા હમારે દિલ મેં હૈ
સરફરોશી કી તમન્ના અબ હમારે દિલ મેં હૈ (૨)
ખેંચ કર લાઈ હૈ કત્લ હોને કી ઉમ્મીદ
ખેંચ કર લાઈ હૈ કત્લ હોને કી ઉમ્મીદ
આશિકોં કા આજ જમાઘાટ કુછા-એ-કાતિલ મેં હૈ
કુછા-એ-કાતિલ મેં હૈ (૨)
સરફરોશી કી તમન્ના અબ હમારે દિલ મેં હૈ.

## અય માલિક તેરે બંદે હમ

અય માલિક તેરે બંદે હમ, ઐસે હો હમારે કરમ
નેકી પર ચલેં ઔર બદી સે ટલે,
તાકિ હંસતે હુએ નિકલે દમ, એ માલિક...
યે અંધેરા ઘના છા રહા, તેરા ઈન્સાન ઘબરા રહા
સો રહા બેખબર, કુછ ન આતા નજર,
સુખ કા સૂરજ છીપા જા રહા,
હે તેરી રોશનીમેં વો દમ, જો અમાવસ કો કર દે પૂનમ
નેકી પર ચલે... અય માલિક તેરે બંદે હમ...
બડા કમજોર હે આદમી, અભી લાખોં હે ઈસમેં કમી
પર તુ જો ખડા, હે દયાલુ બડા, તેરી કૃપા સે ધરતી થમી
દિયા તુને હમેં જબ જનમ, તુ હી ઝેલે હમારે યે ગમ
નેકી પર ચલે... અય માલિક તેરે બંદે હમ...
જબ જુલ્મોં કા હો સામના, તબ તુ હી હમે થામના
વો બુરાઈ કરેં, હમ ભલાઈ કરેં, નહીં બદલે કી હો કામના
બઢ ઉઠે પ્યાર કા હર કદમ ઔર મિટે ગૈર કા યે ભરમ
નેકી પર ચલે... અય માલિક તેરે બંદે હમ...

## ઓ પવન વેગ સે ઉડનેવાલે ઘોડે...

ઓ પવન વેગ સે ઉડનેવાલે ઘોડે
તુજપે સવાર હે જો મેરા સુહાગ હે વો
રખિયો રે આજ ઉનકી લાજ હો, ઓ પવન વેગ સે...
તેરે કંધોં પે આજ, ભાર હે મેવાડ કા
કરના પડેગા તુજે, સામના પહાડ કા
હલ્દીઘાટી નહીં હે, કામ કોઈ ખિલવાડ કા
દેના જવાબ વહાં શેરોં કી દહાડ કા
ઘડિયાં તુફાન કી હે, તેરે ઈમ્તિહાન કી હેં
રખિયો રે આજ ઉનકી લાજ હો, ઓ પવન વેગ સે...
છક્કે છુડા દેના તું, દુશ્મનોંકી ચાલ કે
ઉનકી છાતી પે ચઢના, પાંવ કો ઉછાલ કે
લાના સુહાગ મેરા, વાપસ તુ સંભાલ કે
તેરે ઈતિહાસમેં અક્ષર હોંગે ગુલાલ કે
ચેતક મહાન હે તુ, બીજલી કી બાન હે તુ
રખિયો રે આજ ઉનકી લાજ હો, ઓ પવન વેગ સે....

## દે દી હમેં આઝાદી...

દે દી હમેં આઝાદી, બિના ખડગ બિના ઢાલ
સાબરમતી કે સંત તૂને કર દિયા કમાલ
આંધી મેં ભી જલતી રહી ગાંધી તેરી મશાલ, સાબરમતી કે...

ધરતી પે લડી તુને અજબ ઢંગ કી લડાઈ
દાગી ન કહીં તોપ ન બંદૂક ચલાઈ
દુશ્મન કે કિલે પર ભી ન કી તૂને ચઢાઈ
વાહ રે ફકીર ખૂબ કરામત દિખાઈ
ચુટકી મેં દુશ્મનોં કો દિયા દેશ સે નિકાલ, સાબરમતી કે...

શતરંજ બિછાકર યહાં બૈઠા થા જમાના
લગતા થા કિ મુશ્કિલ હે ફિરંગી કો હરાના
ટક્કર થી બડે જોર કી દુશ્મન ભી થા દાના
પર તું ભી થા બાપુ બડા ઉસ્તાદ પુરાના
મારા વો કસ કે દાંવ કિ ઉલટી સભી કી ચાલ, સાબરમતી કે...

જબ-જબ તેરા બિગુલ બજા જવાન ચલ પડે
હિંદુ વ મુસલમાન શીખ પઠાન ચલ પડે
કદમોં પે તેરે કોટી કોટી પ્રાણ ચલ પડે
ફૂલોં કી સેજ છોડ કે દૌડે જવાહરલાલ, સાબરમતી કે...

મન મેં થી અહિંસા કી લગન તન પે લંગોટી
લાખોં મેં ઘૂમતા થા લિએ સત્યકી કસૌટી
વૈસે તો દિખને મેં થી હસ્તી તેરી છોટી
લેકિન તુઝપે ઝુકતી થી હિમાલય કી ભી ચોટી
દુનિયામેં બેજોડ થા ઈન્સાન બેમિસાલ, સાબરમતી કે...

જગમેં કોઈ જીયા હે તો બાપુ તુ હી જીયા
તુને વતન કી રાહમેં સબ કુછ લૂટા દિયા
માંગા ન કોઈ તખ્ત ન તો તાજ હી લિયા
અમૃત દિયા સભી કો મગર ખુદ ઝહર પીયા
જીસ દિન તેરી ચિતા જલી, રોયા થા મહાકાલ,
સાબરમતી કે સંત તૂને કર દિયા કમાલ...

## અય વતન હમકો તેરી કસમ

જલતે ભી ગયે કહતે ભી ગયે આઝાદી કે પરવાને
જીના તો ઉસીકા જીના હૈ, જો મરના વતન પે જાને
અય વતન અય વતન હમકો તેરી કસમ,
તેરી રાહોમેં જાં તક લુટા જાયેંગે
ફૂલ ક્યા ચીજ હૈ તેરે કદમોં મેં હમ
ભેંટ અપને સરો કી ચઢા જાયેંગે, એ વતન... એ વતન...

કોઇ પંજાબ સે, કોઈ મહારાષ્ટ્ર સે,
કોઈ યુ.પી.સે હૈ, કોઇ બંગાલ સે
તેરી પૂજા કી થાલી મેં લાયે હૈં હમ
ફૂલ હર રંગ કે આજ હર ડાલ સે
નામ કુછ ભી સહી પર લગન એક હૈ
જોત સે જોત દિલ કી જગા જાએંગે, એ વતન... એ વતન...

હમ રહે ન રહે ઈસકા કુછ ગમ નહીં,
તેરી રાહોં કો રોશન કર દેંગે હમ
ખાકમેં મિલ ગઇ જિંદગી તો ક્યા,
માંગ તેરી સિતારોં સે ભર દેંગે હમ
રંગ અપને લહુ કા તુઝે દેકે હમ
તેરે ગુલશન કી રૌનક બઢા જાયેંગે, એ વતન... એ વતન...

તેરી જાનિબ ઉઠી જો કહર કી નજર,
ઉસ નજક કો ઝુકા કે હી દમ લેંગે હમ
તેરી ધરતી પે હૈ જો કદમ ગૈર કા,
ઉસ કદમ કા નિશાં તક મિટા દેંગે હમ
જો ભી દીવાર અબ આયેગી સામને
ઠોકરોં સે ઉસે હમ ગિરા જાયેંગે, એ વતન... એ વતન...

હંસ કે રુખસત કરો હમકો ઐ સાથિયોં
પૂરી કરને હમ અપની કસમ ચલ દિએ
રાખી બાંધી હૈ બહનને જીસ હાથમેં
પહનકર હથકડી ઉસમેં હમ ચલ દિએ
હન મ દેખેંગે કલકી બહારેં તો ક્યા હુઆ
તુમકો તો બહારેં દિખા જાએંગે, એ વતન...એ વતન...

તુ ન રોના કિ તુ હૈ ભગતસિંહ કી માં
મરકે ભી લાલ તેરા મરેગા નહીં
ઘોડી ચઢકે તો લાતે હૈં દુલ્હન સભી,
હંસ કે હર કોઈ ફાંસી ચઢેગા નહીં
ઈશ્ક આઝાદીસે આશિકોં ને કિયા
દેખ લેના ઉસે હમ બ્યાહ લાયેંગે. એ વતન... એ વતન...

જબ શહીદોં કી અર્થી ઉઠે ધૂમ સે,
દેશવાલોં તુમ આંસુ બહાના નહીં,
પર મનાઓ જબ આઝાદ ભારત કા દિન,
ઉસ ઘડી, તુમ હમે ભૂલ જાના નહીં
લૌટકર આ સકે ન જહાં મૈં તો ક્યા
યાદ બનકે દિલોંમેં તો આ જાએંગે, એ વતન... એ વતન...

## નન્હા મુન્ના રાહી હૂં...

નન્હા મુન્ના રાહી હૂં દેશ કા સિપાહી હૂં
બોલો મેરે સંગ જય હિન્દ - જય હિન્દ, જય હિન્દ
રસ્તે પે ચલૂંગા ન ડર ડર કે, ચાહે મુઝે જીના પડે... મર મરકે
મંજિલ સે પહલે ન લૂંગા કહીં દમ
આગે હી આગે બઢાઊંગા કદમ
દાહિને બાએં, દાહિને બાએં, નન્હા મુન્ના રાહી...
ધૂપ મેં પસીના બહાઉંગા મશીનોં કા નગર
ભારત કિસી સે રહેગા નહીં કમ આગે હી આગે બઢાઊંગા કદમ
દાહિને બાએં, દાહિને બાએં નન્ના મુન્ના રાહી...
બડા હોકે દેશ કા સહારા બનૂંગા,
દુનિકા કી આંખોં કા તારા બનૂંગા
રખૂંગા ઊંચા તિરંગા હરદમ, આગે હી આગે બઢાઊંગા કદમ
દાહિને બાએં, દાહિને બાએં, નન્ના મુન્ના રાહી...
શાંતિ કી નગરી મેરી હૈ વતન,
સબકો સિખલાઊંગા પ્યાર કા ચલન
દુનિયા મેં ગિરને નહીં દૂંગા કહીં બમ,
આગે હી આગે બઢાઊંગા કદમ
દાહિને બાએં, દાહિને બાએં, નન્ના મુન્ના રાહી...

## તું હિંદુ બનેગા...

તુ હિંદુ બનેગા ન મુસલમાન બનેગા
ઈન્સાન કી ઔલાદ હૈ ઈન્સાન બનેગા

અચ્છા હૈ અભી તક તેરા કુછ નામ નહીં હૈ
તુઝકો કિસી મજહબ સે કોઈ કામ નહીં હૈ
જિસ ઈલ્મને ઈન્સાન કો તકસીમ કિયા હૈ
ઉસ ઈલ્મ કા તુઝ પર કોઈ ઈલ્જામ નહીં હૈ
તુ બદલે હુએ વક્ત કી પહચાન બનેગા
ઈન્સાન કી ઔલાદ હૈ ઈન્સાન બનેગા.

માલિકને હર ઈન્સાન કો ઈન્સાન બનાયા
હમને ઉસે હિંદુ યા મુસલમાન બનાયા
કુદરતને તો બખ્શી થી હમેં એક હી ધરતી
હમને કહીં ભારત, કહીં ઈરાન બનાયા
જો તોડ દે હર બંદ, વહ તુફાન બનેગા
ઈન્સાન કી ઔલાદ હૈ ઈન્સાન બનેગા.

નફરત જો સિખાએ વો ધરમ તેરા નહીં હૈ
ઈન્સાં કો જો રૌંદે વો કરમ તેરા નહીં હૈ
કુરાન ન હો જીસમેં વો મંદિર નહીં તેરા
ગીતા ન હો જીસમેં વો હરમ તેરા નહીં હૈ
તુ અમન ઔર સુલહ કા અરમાન બનેગા
ઈન્સાન કી ઔલાદ હૈ ઈન્સાન બનેગા

યે દિન કી તાજીર યે વતન બેચનેવાલે
ઈન્સાનોં કી લાશોં કે કફન બેચનેવાલે
યે મહલોં મેં બૈઠે હુએ કાતિલ યે લુટેરે
કાંટો કે એવજ રૂહ-એ-ચમન બેચનેવાલે
તુ ઉનકે લિયે ક્રાંતિ કી પહચાન બનેગા
ઈન્સાન કી ઔલાદ હૈ ઈન્સાન બનેગા

## સુનો ગૌર સે દુનિયાવાલોં

સુનો ગૌર સે દુનિયાવાલોં, બુરી નજર ન હમે પે ડાલો (૨)
ચાહે જીતના જોર લગાલો, સબસે આગે હોંગે હિન્દુસ્તાની...
હિંદુસ્તાની...
સુનો ગૌર સે.... ચાહે જીતના.... હિન્દુસ્તાની...
હમને કહા હૈ જો.... તુમ ભી કહો...
હમને કહા હૈ જો... તુમ ભી કહો...
આઓ હમ મિલજુલ કે બોલેં અબ તો યારા
અપના જહાં હૈ સબસે પ્યારા (૨)
હમને કહા હૈ જો.... તુમ ભી કહો... ઓ...ઓ...
જલતે શરારે હૈ પાની કે ધાર હૈ હમ કાટે કટે નહીં
જો વાદા કરતે હૈં કરકે નિભાતે હૈં હમ પીછે હટતે નહીં
વક્ત હૈ ઉમ્ર હૈ જોશ હૈ ઓર જાન હૈ
ના ઝુકે ના મિટેં દેશ તો અપની શાન હૈ (૨)
હમને કહા હૈ...
હે, સુનો ગૌર સે... ચાહે જીતના જોર લગા લો...
સબસે આગે હોંગે હિન્દુસ્તાની... હિન્દુસ્તાની...
સબકે દિલોં કો મોહબ્બત સે બાંધે જો હમ ઐસી જંજીર હૈ
ઊંચી ઉડાને હૈ ઊંચે ઈરાદે હૈં હમ કલ કી તસવીર હૈં
જો હમેં પ્યાર દે હમ ઉસે પ્યાર દેં
દોસ્તી કે લિયે જિંદગી અપની વાર દે (૨)
હમને કહા હૈ...
સુનો ગૌર સે... ચાહે જીતના જોર...
હિન્દુસ્તાની... હિન્દુસ્તાની....

## ઇન્સાન કા ઇન્સાન સે હો...

ઈન્સાન કા ઈન્સાન સે હો ભાઈચારા,
યહી પૈગામ હમારા યહી પૈગામ હમારા
સંસાર ભર ગૂંજે મમતા કા એક નારા, યહી પૈગામ હમારા...
નયે જગતમેં હુઆ પુરાના, ઊંચ-નીચ કા કિસ્સા
સબકો મિલે મહેનત કે મુતાબિક, અપના-અપના હિસ્સા
સબકે લિએ સુખ કા બરાબર હો બંટવારા, યહી પૈગામ હમારા...
હર એક મહલ સે કહો કિ વો ઝોપડિયોં મેં દીએ જલાએ
છોટોં ઔર બડોં મેં અબ કોઈ ફર્ક ન રહ જાએ
ઈસ ધરતી પર હો પ્યારકા હર ઘર મેં ઉજિયારા
યહી પૈગામ હમારા - યહી પૈગામ હમારા

## હમ લોગોં કો સમજ શકો તો...

હમ લોગોં કો સમજ શકો તો (૨) સમજો દિલબર જાની
જીતના ભી તુમ સમજોગે ઉતની હોગી હૈરાની (૨)
અપની છતરી તુમકો દે દેં કભી જો બરસે પાની
કભી નયે પૈકેટમેં બેચેં તુમકો ચીજ પુરાની
ફિર ભી દિલ હૈ હિન્દુસ્તાની... ફિર ભી દિલ હૈ હિન્દુસ્તાની...
થોડે અનાડી હૈ થોડે ખિલાડી - રૂક રૂક કે ચલતી હૈ અપની ગાડી (૨)
હમે પ્યાર ચાહિયે ઔર કુછ પૈસે ભી
હમ ઐસે ભી હૈં હમ વૈસે ભી, હમ લોગોં કો...
સીધી જૈસી ભી હૈ અપની યહી કહાની
થોડી હમમેં હોશિયારી હૈ થોડી હૈ નાદાની
થોડી હમમેં સચ્ચાઇ હૈ થોડી બેઇમાની
ફિર ભી... (૨)
આંખો મેં આંસુ હૈ કુછ સપને હૈં
આંસુ ઔર સપને દોનોં હી અપને હૈં
દિલ દુઃખા હૈ લેકીન તૂટા તો નહીં હૈ
ઉમ્મીદ કા દામન છૂટા તો નહીં હૈ, હમ લોગોં કો....
થોડી મજબૂરી હૈ, લેકિન થોડી હૈ મનમાની
થોડી તૂ-તૂ-મૈં-મૈં હૈ ઔર થોડી ખીંચતાની
હમમેં કાફી બાતેં હૈં જો લગતી હૈં દિવાની, ફિર ભી... (૪)
દિલ હૈ હિન્દુસ્તાની, ફિર ભી દિલ હૈ હિન્દુસ્તાની (૩)

## હમ હોંગે કામિયાબ...

હમ હોંગે કામિયાબ, હમ હોંગે કામિયાબ
હમ હોંગે કામિયાબ એક દિન

હો-હો મનમેં હૈ વિશ્વાસ, પૂરા હૈ વિશ્વાસ
હમ હોંગે કામિયાબ એક દિન.

હોગી શાંતિ ચારોં ઓર, હોગી શાંતિ ચારોં ઓર,
હોગી શાંતિ ચારોં ઓર એક દિન...

હમ ચલેંગે સાથ-સાથ, લેકર હાથોં મેં હાથ
હમ ચલેંગે સાથ-સાથ એક દિન...

નહીં ડર કિસી કા આજ, નહીં ડર કિસી કા આજ,
નહીં ડર કિસી કા આજ કે દિન.

## સિકન્દર ભી આએ...

સિકન્દર ભી આએ, કલંદર ભી આએ
ન કોઈ રહા હૈ ન કોઈ રહેગા,
હૈ તેરે જાને કી બારી વિદેશી
યે દેશ આઝાદ હોકે રહેગા, ન કોઈ રહા હૈ...
સિકંદર કો પોરસ કી તાકતને રોકા
ઘોરી કો પૃથ્વીકી હિમ્મતને ટોકા,
જબ ખૂની નાદરને છેડી લડાઇ,
તો દિલ્લી કી ગલિયોં સે આવાજ આઈ
લગા લે તુ કિતના ભી જોરસે સિતમગર, યે દેશ આઝાદ...
પ્રતાપ ને જાન દે દી વતન પર,
શિવાજીને ભગવાન ઉડાયા ગગન પર,
માંઓં ને ખાઈ આઝાદી કી કસ્મેં,
અદા ઔરતને કી જૌહર કી રસ્મેં
કફન બાંધકર રાની ઝાંસી પુકારી, મેરા દેશ...
સિરાજ, ટીપુ, જફર ઔર નાના,
હર એક ઇનમેં થા કૌમી દીવાના
યહાં લેકે આએ બગાવત કી આંધી
તિલક નેહરૂ નેતા આઝાદ ગાંધી
ભગતસિંહ કી રાખને ભી પુકારા, મેરા દેશ...
હલાકૂ રહા હૈ ન હિટલર રહા હૈ,
ન મુસોલિની કા વો લશ્કર રહા હૈ,
ન રહા જબ રૂસ કા જાર બાકી,
તો કૈસા રહેગા સલાજાર બાકી
ગોવા કે બચ્ચા-બચ્ચા પુકારા, મેરા દેશ...
કલ કો જો આએ ચાઓ યા માઓ,
લગા દેંગે હમ જિંદગી કા દાવ
હમારા હૈ કશ્મીર નેફા હમારા,
જરા દેશ કે દુશ્મનોં સે યે કહ દો
કભી ઝુકેગા ન તિરંગા હમારા, મેરા દેશ....

## કસુંબીનો રંગ

લાગ્યો કસુંબીનો રંગ
રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ
જનનીના હૈયામાં પોઢંતાં પોઢંતાં
પીધો કસુંબીનો રંગ;
ધોળાં ધાવણ કેરી ધારાએ ધારાએ
પામ્યો કસુંબીનો રંગ...રાજ૦

બહેનીને કાંઠે નીતરતાં હાલરડામાં
ઘોળ્યો કસુંબીનો રંગ;
ભીષણ રાત્રિ કેરા પહાડોની ત્રાડોએ
ચોળ્યો કસુંબીનો રંગ...રાજ૦

દુનિયાના વીરોનાં લીલાં બલિદાનોમાં
ભભક્યો કસુંબીનો રંગ;
સાગરને પારે સ્વાધીનતાની કબરોમાં
મહેક્યો કસુંબીનો રંગ...રાજ૦

ભક્તોના તંબૂરથી ટપકેલો મસ્તીભર
ચાખ્યો કસુંબીનો રંગ;
વહાલી દિલદારના પગની મેંદી પરથી
ચૂમ્યો કસુંબીનો રંગ...રાજ૦

નવલી દુનિયા કેરાં સ્વપ્નોમાં કવિઓએ
ગાયો કસુંબીનો રંગ;
મુક્તિને ક્યારે નિજ રક્તો રેડણહારે
પાયો કસુંબીનો રંગ...રાજ૦

પીડિતની આંસુડાધારે હાહાકારે
રેલ્યો કસુંબીનો રંગ;
શહીદોના ધગધગતા નિઃશ્વાસેનિઃશ્વાસે
સળગ્યો કસુંબીનો રંગ...રાજ૦

ધરતીનાં ભૂખ્યાં કંગાલોને ગાલે
છલકાયો કસુંબીનો રંગ;
બિસ્મિલ બેટાઓની માતાને ભાલે
મલકાયો કસુંબીનો રંગ...રાજ૦

ઘોળી ઘોળી પ્યાલા ભરિયા રંગીલા હો!
પીજો કસુંબીનો રંગ;
દોરંગી દેખીને ડરિયાં : ટેકીલા હો!
લેજો કસુંબીનો રંગ!...રાજ૦
રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ
લાગ્યો કસુંબીનો રંગ.

## વતન પે જો ફીદા હોગા

હિમાલા કી બુલંદી સે... સુનો આવાઝ હૈ આઈ
કહો માઓસે દે બેટે, કહો બહેનોસે દે ભાઈ

વતન પે જો ફીદા હોગા, અમર વો નવજવાં હોગા
રહેગી જબ તલક દુનિયા, યે અફસાના બયાં હોગા
વતનપે જો ફીદા હોગા, અમર વો નવજવાં હોગા

હિમાલા કહ રહા હૈ ઈસ વતન કે નવજવાનોં સે
ખડા હું સંતરી બનકે મેં સરહદ પે જમાનોં સે
ભલા ઈસ વક્ત દેખું કૌન મેરા પાસબાં હોગા
વતન પે જો ફીદા હોગા, અમર વો નવજવાં હોગા

ચમનવાલો કી વૈરતકો હૈ સૈયાદોને લલકારા
ઉઠો હર ફૂલ સે કેહ દો કે બન જાયે વો અંગારા
નહીં તો દોસ્તકો રૂસવા હમારા ગુલફીઝા હોગા
વતન પે જો ફીદા હોગા, અમર વો નવજવાં હોગા (૨)
રહેગી જબ તલક દુનિયા, યે અફસાના બયાં હોગા
વતનપે જો ફીદા હોગા, અમર વો નવજવાં હોગા

હમારે પડોશીને હમારે ઘરકો લૂટા હૈ (૨)
ભરમ એક દોસ્તીકા દોસ્ત હી સે ઐસે તૂટા હૈ
કે અબ હર દોસ્તપે દુનિયાકો દુશ્મનકા ગુમાં હોગા
વતનપે જો ફીદા હોગા, અમર વો નવજવાં હોગા

સિપાહી દેતે હૈ આવાઝ માતાઓ કો બહેનો કો
હમે હથિયાર લે દો, બેચ ડાલો અપને ગહેનો કો
કી ઈસ દૌર મેં કુરબાન, વતન કા હર જવાં હોગા

વતન પે જો ફીદા હોગા, અમર વો નવજવાં હોગા
રહેગી જબ તલક દુનિયા, યે અફસાના બયાં હોગા
વતનપે જો ફીદા હોગા, અમર વો નવજવાં હોગા

## મારા રાષ્ટ્રને જગાડ!

– રવીન્દ્રનાથ ટાગોર

જ્યાં મન ભયરહિત અને
મસ્તક ઉન્નત હોય;
જ્યાં જ્ઞાન મુક્ત હોય;
જ્યાંનું જગત ઘરગથ્થુ
દીવાલોથી વહેંચાયેલું ન હોય;
જ્યાં વાણીનું ઉદ્‌ગમ સ્થાન
માત્ર સત્ય જ હોય,
જ્યાં અથાગ પુરુષાર્થ
સંપૂર્ણતાને પામવાને
પ્રયત્ન કરતો હોય;
જ્યાં વિવેક અને બુદ્ધિનું ઝરણું
રણની સૂકી રેતીમાં
લુપ્ત ન થઈ જતું હોય;
જ્યાં મન સતત
વિશાળ વિચારધારામાં
પરોવાયેલું રહેતું હોય
એવા સ્વાતંત્ર્યના સ્વર્ગમાં
હે પ્રભુ!
મારા રાષ્ટ્રને જગાડ!

### ઉપરના ગુજરાતી ગીતનું અંગ્રેજી મૂળ સ્વરૂપ

***Tagore continues to echo the ethos for new Millennium***

Where the mind is without fear
and the head is held high;
Where knowledge is free;
Where the world has not been broken up into fragments by narrow domestic walls;
Where words come out from the depth of truth;
Where tireless striving stretches its arms towards perfection;
Where the clear stream of reason has not lost its way into the dreary desert and sand of dead habit;
Where the mind is let foward by the ever-widening thought and action;
Into that heaven of freedom;
My father! Let my country awake.
[Let us rise to the occasion.]

## WE SHALL OVERCOME

***– Martin Luther King Jr.***

We shall overcome, We shall overcome
We shall overcome some day!
O! deep in my heart, I do believe that
We shall overcome some day!

We'll walk hand in hand, We'll walk hand in hand
We'll walk hand in hand some day!
O! deep in my heart, I do believe that
We shall overcome some day!

We shall live in peace, We shall live in peace
We shall live in peace some day!
O! deep in my heart, I do believe that
We shall overcome some day!

The truth will make us free, The truth will make us free,
The truth will make us free some day,
O! deep in my heart, I do believe that
We shall overcome some day!

We are not afraid, we are not afraid,
We are not afraid, today.
O! deep in my heart, I do believe that
We shall overcome some day!

Black and white together, Black and white together
Black and white together now.
O! deep in my heart, I do believe that
We shall overcome some day!

## ખૂબ લડી મર્દાની વો તો ઝાંસીવાલી રાની થી

સિંહાસન હીલ ઉઠે રાજવંશોને ભ્રુકૃટી તાની થી,
બુઢે ભારતમેં આયી ફિરસે નયી જવાની થી,
ગૂમી હુઇ આઝાદી કી કિંમત સબને પહેચાની થી,
દૂર ફિરંગીકો કરનેકી સબને મનમેં ઠાની થી,
ચમક ઉઠી સન સત્તાવનમેં, યહ તલવાર પુરાની થી,
બુંદેલે હરબોલોં કે મુંહ હમને સુની કહાની થી,
ખૂબ લડી મર્દાની વો તો ઝાંસીવાલી રાની થી.

કાનપુરકે નાના કી મુંહ બોલી બહન છવીલી થી,
લક્ષ્મીબાઈ નામ, પિતાકી વો સંતાન અકેલી થી,
નાના કે સંગ પઢતીથી વો નાના કે સંગ ખેલી થી
બરછી, ઢાલ, કિરપાણ, કટારી, ઉસકી યહી સહેલી થી
વીર શિવાજીકી ગાથાયેં ઉસકી યાદ ઝબાની થી,
બુંદેલે હરબોલોં કે મુંહ હમને સુની કહાની થી.
ખૂબ લડી મર્દાની વો તો ઝાંસીવાલી રાની થી.

લક્ષ્મી થી યા દુર્ગા થી વો સ્વયં વીરતા કી અવતાર,
દેખ મરાઠે પુલકિત હોતે ઉસકી તલવારોંકે વાર,
નકલી યુધ્ધ-વ્યૂહ કી રચના ઔર ખેલના ખૂબ શીખા,
સૈન્ય ઘેરના, દુર્ગ તોડના યે થે ઉસકે પ્રિય ખિલવાડ.
મહારાષ્ટ્ર કુલદેવી ઉસકી ભી આરાધ્ય ભવાની થી,
બુંદેલે હરબોલોં કે મુંહ હમને સુની કહાની થી.
ખૂબ લડી મર્દાની વો તો ઝાંસીવાલી રાની થી.

હુઇ વીરતા કી વૈભવ કે સાથ સગાઈ ઝાંસી મેં,
બ્યાહ હુઆ બન આયી રાની લક્ષ્મીબાઈ ઝાંસીમેં
રાજમહલ મેં બજી બધાઈ ખુશીયાં છાઈ ઝાંસીમેં
સુઘટ બુંદેલોંકી વિરુદાવાલી-સી વોહ આયી ઝાંસીમેં
ચિત્રાને અર્જુન કો પાયા, શિવસે મિલી ભવાની થી,
બુંદેલે હરબોલોં કે મુંહ હમને સુની કહાની થી.
ખૂબ લડી મર્દાની વો તો ઝાંસીવાલી રાની થી.

ઉદિત હુઆ સૌભાગ્ય, મુદિત મહલોંમેં ઉજીયાલી છાયી
કિંતુ કાલઘાટી ચૂપકે-ચૂપકે કાલી ઘટા ઘેર લાયી,
તીર ચલાનેવાલે કર મેં ઉસે ચૂડિયાં કબ ભાયી
રાની વિધવા હુઇ હે, વિધિ કો ભી નહીં દયા આઇ
નિઃસંતાન મરે રાજાજી, રાની શોક-સમાની થી,
બુંદેલે હરબોલોં કે મુંહ હમને સુની કહાની થી.
ખૂબ લડી મર્દાની વો તો ઝાંસીવાલી રાની થી.

બુઝા દીપ ઝાંસી કા તબ ડેલહાઉસી મનમેં હરષાયા,
રાજ્ય હડપ કરને કા યહ ઉસને અચ્છા અવસર પાયા,
ફૌરન ફૌજ ભેજ દુર્ગ પર અપના ઝંડા ફહરાયા,
લાવારીસકા વારીસ બનકર બ્રિટીશ રાજ ઝાંસી આયા,
અશ્રુપૂર્ણ રાનીને દેખા ઝાંસી હુઇ બિરાની થી,
બુંદેલે હરબોલોં કે મુંહ હમને સુની કહાની થી.
ખૂબ લડી મર્દાની વો તો ઝાંસીવાલી રાની થી.

અનુનય વિનય નહીં સુનતી હે, વિકટ શાસકોંકી માયા,
વ્યાપારી બન દયા ચાહતા થા જબ વહ ભારત આયા
ડેલહાઉસીને પૈર પસારે, અબ તો પલટ ગયી કાયા
રાજાઓં નવાબોં કો ભી ઉસને પૈરોં ઠુકરાયા
રાની દાસી બની, બની યહ દાસી અબ મહારાની થી,
બુંદેલે હરબોલોં કે મુંહ હમને સુની કહાની થી,
ખૂબ લડી મર્દાની વો તો ઝાંસીવાલી રાની થી.

છીની રાજધાની દિલ્લી કી, લખનૌ છીના બાતોં-બાત,
કૈદ પેશ્વા થા બીઠુરમેં, હુઆ નાગપુર કા ભી ઘાત,
ઉદયપુર, તાંજોર, સતારા, કર્ણાટક કી કૌન બીસાત?
જબકી સિંધ, પંજાબ, બ્રહ્મ પર અભી હુઆ થા વજ્ર-નિપાત
બંગાલ, મદ્રાસ આદિ કી ભી તો વહી કહાની થી,
બુંદેલે હરબોલોં કે મુંહ હમને સુની કહાની થી,
ખૂબ લડી મર્દાની વો તો ઝાંસીવાલી રાની થી.

રાની રોઇ રિનવાસોંમેં, બેગમ ગમ સે થી બેઝાર,
ઉનકે ગહને કપડે બિકતે થે કલકત્તાકે બાઝાર,
સરેઆમ નિલામ છાપતે થે અંગ્રેજો કે અખબાર,
“નાગપુર કે ઝેવર લે લો, લખનૌકે લો નૌલખ હાર.”
યું પરદે કી ઇજ્જત પરદેશી કે હાથ બીકની થી
બુંદેલે હરબોલોં કે મુંહ હમને સુની કહાની થી,
ખૂબ લડી મર્દાની વો તો ઝાંસીવાલી રાની થી.

કુટીયામેં ભી વિષમ વેદના, મહલોં મેં આહટ અપમાન,
વીર સૈનિકોંકે મનમેં થા અપને પુરખોં કા અભિમાન,
નાના ધુંધુપંત પેશ્વા જુટા રહા થા સબ સામાન,
બહેન છવીલી ને રણચંડી કા કર દિયા પ્રકટ આહવાન,
હુઆ યજ્ઞ પ્રારંભ ઉન્હે તો સોયી જ્યોતિ જગાની થી,
બુંદેલે હરબોલોં કે મુંહ હમને સુની કહાની થી,
ખૂબ લડી મર્દાની વો તો ઝાંસીવાલી રાની થી.

મહલોંને દી આગ, ઝોંપડીને જ્વાલા સુલગાઈ થી,
યહ સ્વતંત્રતા કી ચિંગારી અંતરાત્મા સે આયી થી,
ઝાંસી ચેતી, દિલ્લી ચેતી, લખનૌ લપટેં છાયી થી,
મેરઠ, કાનપુર, પટણાને ભારી ધૂમ મચાયી થી,
જબલપુર, કોલ્હાપુર મેં ભી કુછ હલચલ ઉકસાની થી,
બુંદેલે હરબોલોં કે મુંહ હમને સુની કહાની થી,
ખૂબ લડી મર્દાની વો તો ઝાંસીવાલી રાની થી.

ઈસ સ્વતંત્રતા મહાયજ્ઞ મેં કઈ વીરવર આયે કામ,
નાના ધુંધુંપંત, તાત્યા, ચતુર અઝીમુલ્લાહ શરણમ,
અહમદશા મૌલવી, ઠાકુર કુંવરસિંઘ, સૈનિક અભિરામ,
ભારતકે ઈતિહાસ ગગનમેં અમર રહેંગે જીનકે નામ,
લેકીન આજ જુર્મ કહેલાતી ઉનકી જો કુરબાની થી,
બુંદેલે હરબોલોં કે મુંહ હમને સુની કહાની થી,
ખૂબ લડી મર્દાની વો તો ઝાંસીવાલી રાની થી.

ઈનકી ગાથા છોડ, ચલે હમ ઝાંસીકે મૈદાનોમેં,
જહાં ખડી હૈ લક્ષ્મીબાઈ મર્દ બની મર્દોમેં,
લેફ્ટનન્ટ વૉકર આ પહુંચા, આગે બઢા જવાનોમેં
રાનીને તલવાર ખિંચ લી, હુઆ દ્વંદ્વ આસમાનોમેં
ઝખ્મી હોકર વૉકર ભાગા, ઉસે અજબ હૈરાની થી,
બુંદેલે હરબોલોં કે મુંહ હમને સુની કહાની થી.
ખૂબ લડી મર્દાની વો તો ઝાંસીવાલી રાની થી.

રાની બઢી કલ્પી આઈ, કર સો મિલ નિરંતર પાર,
ઘોડા થક કર ગીરા ભૂમિ પર, ગયા સ્વર્ગ તત્કાલ સિધાર
યમુના તટ પર અંગ્રેજોને ફિર ખાયી રાની સે હાર
વિજયી રાની ઓ ચલ દી, કિયા ગ્વાલિયર પર અધિકાર
અંગ્રેજોં કે મિત્ર સિંધિયાને છોડી રાજધાની થી,
બુંદેલે હરબોલોં કે મુંહ હમને સુની કહાની થી.
ખૂબ લડી મર્દાની વો તો ઝાંસીવાલી રાની થી.

વિજય મિલી, પર અંગ્રેજો કિ ફીર સેના ઘીર આઈ થી,
અબકે જનરલ સ્મિથ સમ્મુખ થા, ઉસને મુંહકી ખાઈ થી,
કાના ઔર મંદરા સખીયાં રાનીકે સંગ આઈ થી,
યુધ્ધક્ષેત્ર મેં ઉન દોનોંને ભારી માર મચાયી થી,
પર પીછે ઉગ્રોસ આ ગયા, હાય! ગેરી અબ રાની થી,
બુંદેલે હરબોલોં કે મુંહ હમને સુની કહાની થી,
ખૂબ લડી મર્દાની વો તો ઝાંસીવાલી રાની થી.

તો ભી રાની માર કાટકર ચલતી બની સૈન્ય કે પાર,
કિંતુ સામને નાલા આયા થા વો સંકટ વિષમ અપાર,
ઘોડા અડા, નયા ઘોડા થા, ઈતનેમેં આ ગયે અવાર,
રાની એક, શત્રુ બહુત રે, હોને લગે વાર-પે-વાર
ઘાયલ હોકર ગીરી સિંહની, ઈસે વીર ગતી પાની થી,
બુંદેલે હરબોલોં કે મુંહ હમને સુની કહાની થી,
ખૂબ લડી મર્દાની વો તો ઝાંસીવાલી રાની થી.

રાની ગઈ સિધાર ચિતા અબ ઉસકી દિવ્ય સવારી થી,
મિલા તેજ સે તેજ, તેજ કી વો સચ્ચી અધિકારી થી,
અભી ઉંમર કુલ તીસ કી થી, મનુજ નહીં અવતારી થી,
હમકો જીવીત કરને આયી બન સ્વતંત્રતા-નારી થી,
દિખા ગયી પથ, સીખા ગઈ હમકો જો સીખ સિખાની થી,
બુંદેલે હરબોલોં કે મુંહ હમને સુની કહાની થી,
ખૂબ લડી મર્દાની વો તો ઝાંસીવાલી રાની થી.

જાઓ રાની યાદ રખેંગે યહ કૃતજ્ઞ ભારતવાસી,
યહ તેરા બલિદાન જગવેગા સ્વતંત્રતા અવિનાશી,
હોવે ચૂપ ઈતિહાસ, લગે સચ્ચાઈ કો ચાહે ફાંસી,
હો મદમાતી વિજય, મિટાદે ગોલોં સે ચાહે ઝાંસી,
તેરા સ્મારક તુ હી હોગી, તુ ખુદ અમિટ નિશાની થી,
બુંદેલે હરબોલોં કે મુંહ હમને સુની કહાની થી,
ખૂબ લડી મર્દાની વો તો ઝાંસીવાલી રાની થી.

# રાષ્ટ્રધ્વજ અંગેના નિયમો

૧. ભારતનો રાષ્ટ્રધ્વજ ત્રણ રંગના એકસરખા પટ્ટાવાળો હોવો જોઈએ. જેમાં ઉપર કેસરી, મધ્યમાં સફેદ અને નીચે લીલો રંગ હોવો જોઈએ. મધ્યના સફેદ ભાગમાં ૨૪ આરાવાળું ભૂરા રંગનું અશોકચક્ર હોવું જોઈએ. રાષ્ટ્રધ્વજનો કેસરી રંગ સાહસ, શૌર્ય, બલિદાન અને ત્યાગનું પ્રતીક છે. સફેદ રંગ સત્ય, પ્રેમ અને અહિંસા દર્શાવે છે. લીલો રંગ શાંતિ, હરિયાળી ધરતી અને વિશ્વાસનું પ્રતીક છે.

૨. રાષ્ટ્રધ્વજ માત્ર ખાદીના કપડાનો હોવો જોઈએ.

૩. રાષ્ટ્રધ્વજ લંબચોરસ હોવો જોઈએ. તેનું પ્રમાણ ૨ઃ૩નું હોવું જોઈએ.

૪. ધ્વજદંડની લંબાઈ (ઊંચાઈ) ધ્વજ કરતાં ૧૦ ગણી હોવી જોઈએ.

૫. રાષ્ટ્રધ્વજ ફરકાવતી વખતે કેસરી રંગનો પટ્ટો ઉપર રહેલો હોવો જોઈએ.

૬. રાષ્ટ્રધ્વજ વરસાદમાં ફરકાવી શકાય નહીં.

૭. રાષ્ટ્રધ્વજ ફરકાવતી વખતે તેની ઉપર કંઇ ન હોવું જોઈએ. (એટલે કે ધ્વજ મકાનની છત કે છાડ નીચે ફરકાવી શકાય નહીં.)

૮. રાષ્ટ્રધ્વજ ભીંત કે જમીનને સ્પર્શવો જોઈએ નહીં.

૯. રાષ્ટ્રધ્વજ માત્ર એક જ લાકડી ઉપર ફરકાવવો (પરોવવો) જોઈએ.

૧૦. રાષ્ટ્રધ્વજનું વેચાણ ફક્ત ખાદી ભંડાર કે અન્ય માન્ય સંસ્થાઓમાં જ થઈ શકે છે. એટલે કે ખાનગી દુકાનોમાં વેચાણ થઈ શકે નહીં.

૧૧. ફાટેલો કે ગંદો રાષ્ટ્રધ્વજ કદાપી ફરકાવી શકાય નહીં. (એક પ્રણાલિકા અનુસાર ધ્વજને ઈસ્ત્રી પણ કરી શકાય નહીં.) તેમજ તેનું કાપડ ફાટેલું, સાંધેલું કે કાણાવાળું હોવું જોઈએ નહીં. ઉપરાંત પલળેલું પણ હોવું જોઈએ નહીં.

૧૨. રાષ્ટ્રધ્વજ પૂરી અદબથી ફરકાવવો જોઈએ.

૧૩. રાષ્ટ્રધ્વજને સલામી માત્ર ટોપી કે હેટ પહેરેલ વ્યક્તિ જ આપી શકે છે. ઉઘાડા માથે સલામી આપી શકાય નહીં.

૧૪. ધ્વજવંદન વખતે સૌએ સાવધાન મુદ્રામાં ઊભા રહેવું જોઈએ.

૧૫. રાષ્ટ્રધ્વજને જમણા હાથે જ સલામી આપી શકાય. પ્રથમ ત્રણ આંગળીઓ અર્ધા કપાળ ઉપર (જમણા નેણી ઉપર) રાખવી જોઈએ અને નજર ધ્વજ તરફ રાખવી જોઈએ.

૧૬. સામાન્ય રીતે સંસદ ભવન, ધારાગૃહો, સરકારી - અર્ધ સરકારી મુખ્ય કચેરીઓ, સુપ્રીમ કોર્ટ, હાઈકોર્ટ, વિદેશમાં આવેલી ભારતીય એલચી કચેરીઓ વગેરે સ્થળોએ રાષ્ટ્રધ્વજ રોજેરોજ ફરકાવવામાં આવે છે. (તાજેતરમાં આવેલા ચુકાદા મુજબ ખાનગી મકાનો ઉપર સન્માનપૂર્વક ધ્વજ ફરકાવી શકાય.) ઉપર દર્શાવેલ સ્થળોએ રોજ ધ્વજ ફરકાવીને સૂર્યાસ્ત સમયે જરૂરી વિધિ સાથે સન્માનપૂર્વક ધ્વજ ઉતારી લેવો જોઇએ.

૧૭. અનેક ધ્વજો એક હારમાં ફરકાવવાના હોય ત્યારે રાષ્ટ્રધ્વજની ડાબી બાજુએ બીજા ધ્વજો રાખવા જોઈએ. અન્ય ધ્વજો રાષ્ટ્રધ્વજથી વધુ ઊંચાઈએ ફરકાવી શકાય નહીં.

૧૮. રેલી કે પરેડ વખતે રાષ્ટ્રધ્વજ કૂચ કરનારની જમણી બાજુએ રાખવો જોઈએ.

૧૯. રાષ્ટ્રધ્વજનો ઉપયોગ વેપાર-ધંધા અર્થે કે અન્ય ખાનગી હેતુસર થઈ શકે નહીં.

૨૦. રાષ્ટ્રધ્વજનાં રંગ કે ડિઝાઈનવાળાં કપડાં પહેરી કે ઓઢી શકાય નહીં તેમજ તેનો અન્ય કોઈ પણ રીતે ઉપયોગ કરી શકાય નહીં.

૨૧. રાષ્ટ્રધ્વજ ફાડવો, સળગાવવો, ધૂળમાં રગદોળવો કે અન્ય કોઈપણ રીતે તેનું ગૌરવ હણાય એવું કૃત્ય કરવું તે ગંભીર ગુનો બને છે.

૨૨. પ્રધાનોની મોટરકારો કે ખાનગી વાહનો ઉપર રાષ્ટ્રધ્વજ ફરકાવી શકાય નહીં.

૨૩. મિલિટરીના ગ્રૂપમાં રાષ્ટ્રધ્વજ વચ્ચે રાખીને બે ડગલાં આગળ રહીને કવાયત થઈ શકે.

૨૪. જૂના થઈ ગયેલા, નકામા થઈ ગયેલા કે ફાટી ગયેલા રાષ્ટ્રધ્વજને ગમે ત્યાં ન ફેંકવો જોઈએ તેમજ તેનો અન્ય કોઈ રીતે ઉપયોગ પણ ન કરવો. પરંતુ જાહેરાત કરીને ગેઝેટેડ ઑફિસરની હાજરીમાં જમીનમાં છ ફૂટ ઊંડો ખાડો કરાવી સન્માનપૂર્વક દફનાવી દેવો. આવી જમીન ઉપર ફરી ખોદકામ થઈ શકે નહીં.

૨૫. રાષ્ટ્રધ્વજ એ કાગળ કે કાપડનો ટુકડો માત્ર નથી. એ સ્વતંત્રતાના અધિકારનો દ્યોતક છે. આપણી આશા, મહત્ત્વાકાંક્ષા, ગૌરવ અને પ્રતિષ્ઠાનું પ્રતીક છે. રાષ્ટ્રધ્વજનું ગૌરવ જાળવવું તે દરેક નાગરિકની પવિત્ર ફરજ છે.

**॥ વંદે માતરમ્ ॥**

કચ્છ

## ૮૦ વર્ષ પહેલાનો

# ભુજમાં સાતમ - આઠમનો મેળો

● ડૉ. મિહિર એમ. વોરા ●

મિત્રો, હવે કચ્છમાં ભુજિયાના મેળા સાથે મેળાઓની રમઝટ જામશે અને તેમાં પણ વરસાદ સારો થયો હશે અને તમામ જળાશયો ઓગની ગયા હશે... તેવી આશા સાથે અને પ્રભુ પ્રાર્થના સાથે... સાથે... મેળાઓમાં મન મોર બની થનગનાટ કરશે. આવા સમયે આપણું પ્રિય હમીરસર તળાવ પૂરું ભરેલું હશે તેમાં કોઈ બે મત નથી. તો આવા સમયે જૂનો મેળો કેવો હશે? તેની વાત કરવાની મજા આવશે. તો આવો, આજથી ૮૦ વર્ષ પહેલાનો રાજાશાહીના ભુજનો આ સાતમ-આઠમનો મેળો કેવો હતો? તે જાણવું રસપ્રદ બની રહેશે. કચ્છમાં હવે મેળાઓનો માહોલ જામશે ત્યારે કચ્છના મેળાઓ વિશે જાણવું જરૂરી છે. કિલ્લેબંધ શહેર ભુજમાં દર વર્ષે જન્માષ્ટમીના બે દિવસ માટે યોજાતા પ્રણાલિગત મેળાનું ખૂબ મહત્ત્વ છે. રાજ્યના એક સૌથી બેનમૂન નૈસર્ગિક લેન્ડ્સકેપ વચ્ચે યોજાતો આ મેળો માણવા છેક વિદેશોમાં સ્થાયી થયેલા કચ્છીઓ પણ ભુજ આવી પહોંચે છે. શહેરના મહાદેવ નાકા બહાર, હમીરસર તળાવની પશ્ચાદભૂમાં યોજાતો આ મેળો મહાદેવ નાકાથી શરૂ થઈ છેક ખેંગારબાગ સુધીના વિસ્તાર સુધી ભરાય છે. વચ્ચે આલપનાહગઢ, જૂનું બેન્ડ સ્ટેન્ડ, રાજેન્દ્રબાગ, વિજયરાજજી લાઈબ્રેરી અને છેક શરદબાગ સુધીનો વિસ્તાર મેળા દરમિયાન માનવ મહેરામણથી ઉમટે છે. તેમાંય જો ભુજનું હમીરસર તળાવ છલકાય તો મેળાની રોનકમાં ચાર ચાંદ લાગે છે. આ મેળો ભુજ ખાતેના હમીરસર તળાવના કાંઠે રાજાશાહીના વખતથી યોજાતો રહ્યો છે અને આજે પણ આ મેળાની લોકપ્રિયતા અપ્રતિમ બની રહેવા પામી છે. આજે ભલે રાજાશાહી યુગ નથી રહ્યો પરંતુ આ મેળાની મજા માણવા કચ્છના ગામડે ગામડેથી લોકો મેળામાં મહાલવા આવી પહોંચે છે. રાજાશાહીના સમયે ભુજના દરબારગઢ સ્થિત આઇના મહેલથી કચ્છના મહારાવ ખાસ અસવારીમાં નીકળતા. જે અસવારી દરબારગઢ ચોક, પાળેશ્વર ચોક અને મહાદેવ ગેટ થઈને હમીરસરના કાંઠે પહોંચતી. સત્ય નારાયણ ભગવાનના મંદિર પાસે આજે જ્યાં રામધૂન છે ત્યાં એ સમયે એક બેન્ડસ્ટેન્ડ હતું. જ્યાં મેળા દરમિયાન યુરોપિયન શૈલીની બેન્ડપાર્ટી સંગીતના સૂરો રેલાવતી. શીતળા સાતમના દિવસે કચ્છનો રાજવી પરિવાર હમીરસર પાસે આવેલા શીતળા માતાજીના મંદિરે દર્શન કરવા શણગારેલા બળદગાડામાં જતા અને સાથે સાથે કલ્યાણેશ્વર મહાદેવના મંદિરે પણ અવશ્ય દર્શન કરતા. આઠમના દિવસે જોગાનુજોગ કચ્છના મહારાવ વિજયરાજજીનો જન્મ દિવસ હોવાથી મેળાની અનોખી ઉજવણી કરવામાં આવતી. આઠમના દિવસે બપોર બાદ આઇના મહેલથી અંબાડી પર સવારી નીકળતી. આ અસવારીમાં બજાણિયા, સાત હાથી, ૧૨ કોતલ (શણગારેલા ઘોડા) અને મિલિટરી બ્રાશબેન્ડ વગાડતા ક્રિશ્ચિયનો જોડાતા. આ બેન્ડ પાર્ટીમાં બેગ પાઇપરનો પણ ભરપૂર ઉપયોગ થતો અને જાણે ભુજ થોડા સમય માટે લંડનની શેરીમાં પરિવર્તિત થઈ જતું. આ અસવારી શહેરના હમીરસર કાંઠે આવેલા આલપનાગઢ પાસે પહોંચતી ત્યારે ૧૯ તોપની સલામી આપવામાં આવતી. સાતમ - આઠમના દિવસે કચ્છની તમામ શાળાઓ અને સરકારી કચેરીઓમાં રજા રાખવામાં આવતી. આઠમના દિવસે કચ્છ રાજવી પરિવારની રાણીઓ વૈષ્ણવ સંપ્રદાયના મંદિરોમાં દર્શન કરવા જતી હતી. તો રાજવી પરિવારના મહેલોમાં પણ શાસ્ત્રોક્તવિધિપૂર્વક પૂજનવિધિ કરવામાં આવતી. શહેરના હમીરસર તળાવના કાંઠે ભરાતો લોકમેળો સવારથી ભરાતો અને આ મેળામાં કમાંગર જાતિના લોકો લાકડાના રમકડાં વહેંચતા. તો ફળફળાદીમાં ચકોતરા, ચીભડા, કાળીગા, બદામ જેવા ફળો વહેંચાતા. તો ગોસ્વામી જાતિના લોકો ટોપરા પાક, ફરાળી ચેવડો, બટાટાની જાળી વાળી વેફર, ખારી સીંગ જેવી ખાણીપીણીની વસ્તુઓ વહેંચતા. આનંદ લહેરીની ટૂટીફ્રુટી ખૂબ વખણાતી, જે આજે પણ જોવા મળે છે. પણ ભાવમાં અને તેના કદમાં જમીન આસમાનનો ફરક છે. આજે પણ કેસરી ટોપીવાળા બાવાજીઓની ટોપરાપાક, ફરાળી ચેવડો અને બટાટાની જાળી વાળી વેફર બનાવવામાં બોલબાલા છે. તે વખતે લોકોના મનોરંજન માટે આધુનિક જમાનાના ચગડોળ ન હતા પણ ફજેત ફાળકા જેવા સાધનો હતા. આ મેળાની મજા માણવા લોકો બળદગાડાં અને ઊંટગાડી મારફતે હમીરસર કાંઠે આવતા. જો કે રાજાશાહીના જમાનામાં

(અનુસંધાન : જુઓ પાના નં.-૮૦ ઉપર)

વિચાર વિમર્શ

# માનવ ધર્મની મશાલથી લોકજાગૃતિ જરૂરી છે

• કાનજી જે. મહેશ્વરી "રિખીયો" •

ભારતમાં જાતિગત ભેદભાવોને લીધે, કહેવાતો દલિત સમાજ વર્તમાનકાળ ૨૧મી સદીમાં પણ અત્યાચાર અને અન્યાયનો ભોગ બનતો રહ્યો છે, જે સ્વતંત્ર સમાન નાગરિક અધિકાર સંવિધાન ધરાવતા ભારતદેશના આપણે સૌ નાગરિકો માટે શરમજનક / કલંકરૂપ ઘટનાઓ છે. ડૉ. ભીમરાવ આંબેડકરની ૧૪મી ઓગસ્ટ, ૧૯૩૧માં ગોળમેજી પરિષદમાં વ્યક્ત કરેલ ભય - પીડા આજે પણ ઝેરીલા નાગના ડંખથી ભોગગ્રસ્ત બનતા દલિતો દબાયેલા, બાપડાં - બિચારાં થઈ જીવતા હોય, કે લાચારી - ભૂખમરાથી કે લાંબા સમયથી બળજબરીથી માથે ગંદકી સાફ કરવાનું કામ ઠોકી બેસાડેલું હોય અને તેવી ગંદકી સાફ કરનારને એક નિમ્ન શ્રેણી સફાઈ કામદાર તરીકેની આગવી ઓળખ આપી, જાતિગત ભેદભાવને સમર્થન અપાતું રહે છે. માનવ સમાજમાં મરેલા ઢોર ઉપાડી, તેનું ચામડું ઉતારી તે ચામડું પકવી અને તેનાં પગરખાં - બુટ - ચંપલ કે મોજડી પહેરનાર પોતે ઠાઠમાઠથી ગૌરવપૂર્ણ રહે છે. અહીં પ્રશ્ન ચિંતનનો છે. મૃત પશુની ચામડી ઉતારી, તેને પકવી પછી પગરખાં બનાવવા માટેની આખી પ્રક્રિયા જ એક દલિતના માથે બળજબરીથી કામ સોંપાયું છે. પછીની ઘટનામાં ચામડાના બુટ-ચંપલ, મોજડી, સુટકેસ, પર્સનો ઉપયોગ કરનાર તો પોતાને ઉચ્ચ - ભદ્ર સમાજનો સભ્ય જ ગણે છે. અને તે ભદ્ર સમાજ જાતિગત વર્ણ વિષમતાના કુસંસ્કારોથી મુક્ત થયેલો નથી. **જે ઉના દલિતકાંડ જેવા સેંકડો બનાવો આપણા દેશમાં બની રહ્યા છે.**

આપણી પાર્લામેન્ટમાં (રાજયસભા) એક અહેવાલ ચોંકાવનારું રજૂ થયેલ છે. ભાજપના સાંસદ તરુમ વિજયેજીના જણાવ્યા મુજબ દર વરસે સરેરાશ ૨૨,૦૦૦ (બાવીસ હજાર) સફાઈ કામદારો ગટરો સાફ કરતાં ગૂંગળાઈ મરે છે. છતાં ગટરમાં ગૂંગળામણથી થતાં મરણને અટકાવવાના વિજ્ઞાનયુગમાં પણ સાધનો વસાવી શક્યા નથી. એનું કારણ તો ગટર સફાઈ કરનાર એક દલિત જ છે ને? આ છે આપણા દેશની સમાન નાગરિકતા! જુગજુગથી અન્યાય પામી રહેલા દલિતો માટે ન્યાય કેરા રાજ કેટલાં આઘાં અને ઠાલાં છે! તેનો પુરાવો છે : બિહારના લક્ષ્મણપુર બાથે અને મહારાષ્ટ્રના ખેરલાંજીના ચુકાદાઓ. શ્રી ચંદુ મહેરિયાજી પૂછે છે : અમે આ દેશના માણસ ખરા કે નહીં? લક્ષ્મણપુર બાથેમાં ૫૮ દલિતોની હત્યા થઈ. પણ તમામ આરોપીઓ નિર્દોષ છૂટી ગયા. એટલે જ સમઢિયાળા (ઉના)ના અત્યાચારીઓ નિર્ભય - બેપરવા હશે ને?

જાતિદ્વેષ અને સામાજિક ભેદભાવોને લીધે થતા અત્યાચારોની ક્રૂરતા કેટલી ભયંકર હોય છે તે જાણીને પણ ધર્મધૂરંધરો - કથાકારો કે આપણે સૌ ખુદને સભ્ય, સંસ્કારી, સહિષ્ણુ કહેતાં શરમ જેવું પણ ન લાગતું હોય! તો પછી હિંદુત્વની એકતાને - હિંદુ સંગઠન બળને નુકસાન નથી કરતાં શું? ક્યારે વર્ણ વિષમતાથી મુક્ત થશે ભારત દેશ?

સ્વતંત્રતા અને સમાનતા, બંધુતા, જે દેશના પવિત્ર બંધારણનો આમુખ હોય, ત્યાં જ દેશબંધુ દ્વારા અમાનવીય અત્યાચારોની ઘટનાઓ બને, તે ભારતીય ધર્મ સંસ્કૃતિ માટે કલંક છે.

કલેજુ કંપાવતી દલિત અત્યાચારની થોડીક ઘટનાઓનું વર્ણન કર્યા વગર રહેવાતું નથી.

૧. હરિયાણાના હિસાર જિલ્લાના મીર્ચપુર ગામના દલિત વાસ પાસેથી પસાર થનાર જાટને એક કૂતરું ભસ્યું. બસ! જાટ સમુદાયે હિંસક હુમલો કરી દલિતોનાં ઘર સળગાવી દીધાં. એક વૃધ્ધ દલિત અને તેની અપંગ દીકરીને હિંસક ટોળાએ મારી નાખ્યા.
૨. મધ્યપ્રદેશના બિલગાંવના ૯૦ વર્ષના એક દલિત છિમ્માએ સવર્ણ સમાજના એક મંદિરમાં પૂજા કરી, તો આ છિમ્મા દલિતને કુહાડીથી ક્રૂરતાપૂર્વક રહેંસી નાખ્યો.
૩. ઝાંસીમાં બે દલિતોએ અત્યાચાર અન્યાય સામે અવાજ ઉઠાવ્યો તો આ લડાયક યુવાનોનાં ગુપ્તાંગો કાપી નાખવામાં આવ્યા. ઉના દલિતકાંડની ક્રૂરતા તો જુઓ જરા!
૪. ગૌતમ બુધ્ધ નગરના બાદલપુર ગામના દલિતે સવર્ણ આવતો હતો તેને રસ્તો ન આપ્યો. રસ્તામાંથી આઘો ન ખસ્યો. તેથી આ દલિતનો હાથ કપાયો.
૫. ફળિયાના જાહેર ચોક પાસે ખાટલા ઉપર બેઠેલી દલિત મહિલાને

(અનુસંધાન : જુઓ પાના નં.-૮૧ ઉપર)

વિચાર મંથન

# રાજકારણીઓની, મહિલાઓ પ્રત્યેની અભદ્ર ભાષાનો યોગ તેમનાં સંસ્કારોની ચાડી ખાય છે

• રેખાબેન શુક્લ •

આજકાલ આપણા દેશમાં મહિલાઓને અભદ્ર ટીપ્પણી દ્વારા ઉતારી પાડવાની કાતિલ હરીફાઈ ચાલી રહી છે. ભાષા એ સામાજિક મૂલ્ય છે અને સમાજ - રાજકારણને સડવા ન દેવું હોય તો પ્રત્યેક નાગરિક - રાજકારણીઓને ભાષા વિવેક દાખવવો જ પડે. સ્વસ્થ રાજનીતિ ચલાવવા માટે ભાષાના ડંખને અંકુશમાં રાખવો જ પડે, પણ કમનસીબે દેશમાં અભદ્ર ભાષાની મેરેથોન ચાલી રહી છે, તે વાસ્તવિક્તા છે. ભારતીય સંચાર માધ્યમોમાં - બધી જ ટી.વી. ચેનલોમાં એકબીજા સામે વધુમાં વધુ કડક પગલાં ભરાવાની ડીબેટ ચાલી રહી છે. આમ તો વ્યક્તિ, સંસ્થા, નેતા કે સરકાર જ્યારે કોઈપણ મત પ્રદર્શિત કરે ત્યારે તેની પાછળ તર્ક, દલીલ કે ઠોસ કારણ ઈચ્છનીય છે. પણ છેલ્લા કેટલાક વર્ષોથી સરકાર અને વિરોધ પક્ષોના કેટલાક મહાનુભાવો તે બાબતે ઝાઝી પરવા કર્યા વિના નિવેદનશૂરા બન્યા છે અને તેમને રાજકીય યશ કે રાજસત્તાના સીધા કે આડકતરા ટેકા સાથે ચોળીને યોજનાબધ્ધ રીતે મેદાનમાં ઉતારવામાં આવે છે. વર્તમાન રાજનીતિમાં આ રોગ આજનો નથી પણ અત્યારે તે ભાન ભૂલીને ભસ્માસૂર બની ગયો છે. ગુંડા અને મવાલી તત્ત્વો કે નાણાંકીય કોથળીના જોરે યેનકેન પ્રકારે રાજકારણમાં જે નેતાઓ બહુ આગળ વધી ગયા છે તેઓની ભાષામાં મહિલાઓ બાબતમાં બહુ હલકો અભિપ્રાય છલકાયા વિના નથી રહેતો.

હજુ થોડા સમય પહેલા જ દિલ્હીના ભાજપના વિધાનસભ્ય ઓમપ્રકાશ શર્માએ આમ આદમી પાર્ટીના મહિલા વિધાનસભ્ય અલકા લાંબા માટે વિધાનગૃહમાં ‘રાતભર ઘૂમનેવાલી’ તેવો શબ્દ પ્રયોગ કર્યો હતો. તેમને સ્પીકરે માત્ર બે દિવસ માટે સસ્પેન્ડ કર્યા હતા! જનતાદળ યુનાઈટેડનાં શરદ યાદવ જેવા નેતાએ પણ સંસદમાં - રાજસભામાં અનામત બીલની ચર્ચા દરમિયાન આધુનિક મહિલાઓ માટે ‘પૈર કટી ઔરતે’ તેવો શબ્દપ્રયોગ કર્યો હતો અને બીમા ખરડા પરની ચર્ચા વખતે તેઓ શ્યામ મહિલાઓનાં દેહલાલિત્ય - શરીરનું વર્ણન કરવા લાગી ગયા હતા. કોંગ્રેસના મહામંત્રી દિગ્વિજયસિંહે પણ ભૂતપૂર્વ સંસદસભ્ય મીનાક્ષી નટરાજનને ‘સો ટચનો માલ છે’ તેવી હલકી ભાષાનો પ્રયોગ કર્યો હતો. ફિલ્મો અને ટી.વી. સિરીયલોમાંથી રાજકારણી બનેલા સ્મૃતિ ઈરાની માટે ‘ટી.વી. પે ઠુમકે લગાતી થી’ જેવા શબ્દો દ્વારા પોતાની અભદ્ર ભાષાનો પરિચય સંજય નિરૂપમ જેવા નેતાએ આપી દીધો હતો. જૂની કોંગ્રેસના સિન્ડીકેટી રીઢા રાજકારણીઓએ તો ઈંદીરા ગાંધી જેવાને માટે પણ ‘ગૂંગી ગુડિયા’ શબ્દ અભિપ્રાય પ્રયોજ્યો હતો. બત્રીસ લક્ષણા દંતરક્ષકોની પાછળ રહેલી નવટાંકની જીભ જ્યારે વટાણા વેરે ત્યારે દેશભરમાં કેવો વિવાદ જગાવી શકે છે તે અનુભવ આપણા માટે નવો નથી. કેન્દ્રનાં એક ભૂતપૂર્વ મંત્રી જયસ્વાલજી તો તેનાં એક વક્તવ્ય દરમિયાન એવું વિધાન કરી બેઠા કે ‘જૂની પત્નીમાં મજા નથી આવતી’. કાનપુરમાં તેમના આવા વિવાદાસ્પદ વિધાનના વિરોધમાં ત્યાંના યુવક સંગઠનોએ એક રેલી કાઢી હતી અને રેલીના બેનરનું સૂત્ર હતું ‘નઇ શાદી નઇ મજા.’ રસપ્રદ બાબત તો એ હતી કે બેનરમાં મંત્રીને વરરાજા બતાવવામાં આવ્યા હતા અને રાખી સાવંતના હાથમાં વરમાળા દર્શાવવામાં આવી હતી. અલબત્ત, આ બેનર પર ગુસ્સે થઈ રાખી સાવંતે આયોજકો સામે બદનક્ષીનો દાવો કરવાનો નિર્ણય જાહેર કર્યો હતો! આમ જીભડીના લોચા રાજકારણીઓ માટે નવી નવાઈના નથી. આ મામલે રાજકીય સ્વરૂપ પણ લીધું હતું અને સંસદ હરસીમિત કોરે મંત્રી સામે ફરિયાદ નોંધાવી મામલો અદાલતમાં ખેંચી ગયા હતા. અદાલતના નિર્ણય સુધી રાહ જોવી રહી.

વર્તમાનમાં જે મામલો ગરમાગરમ છે તેમાં ડોકિયું કરતા જણાય છે તે મુજબ બહુજન સમાજ પક્ષનાં નેતા માયાવતી બહેનજી પર ભાજપનાં ઉત્તર પ્રદેશના ઉપાધ્યક્ષ દયાશંકર સિંહે પ્રેસ કોન્ફરન્સમાં એવું તે શું કહ્યું કે જેના લીધે સંસદમાં મામલો બીચકી ગયો? આ માટે સંસદના ઘટનાક્રમ પર નજર નાખવી જરૂરી બની રહે છે. તૃણમુલ કોંગ્રેસના નેતા વિવેક ગુણો પાસે ક્યાંકથી દયાશંકર સિંહ દ્વારા માયાવતી જેવા નેતા પર અભદ્ર આક્ષેપ દર્શાવતો વીડિયો હાથમાં આવી ગયો, જે વીડિયોને તેમણે પોતાનાં સ્માર્ટ ફોનમાં લઈને સંસદમાં આવ્યા હતા. તેમણે આ વીડિયો બહુજન સમાજ પક્ષના સાંસદ અશોક સિધ્ધાર્થને બતાવ્યો. તેઓ માયાવતી પાસે ગયા અને તેમને આ

વીડિયો બતાવ્યો. માયાવતીના સાથીદાર સતીષચંદ્ર મિશ્રાએ તેને કોંગ્રેસનાં નેતા ગુલામ નબી આઝાદને બતાવ્યો. જેને કારણે વિપક્ષનાં બધા નેતાઓ સંગઠિત થઈ ગયા. પછીથી તૃણમુલ કોંગ્રેસના નેતા ડેરેક ઑ બ્રાયને તેને ભાજપનાં નેતા મુખ્તાર અબ્બાસ નકવીને બતાવ્યો અને તેમણે તે વીડિયો અરૂણ જેટલીને બતાવ્યો. ત્યાં સુધીમાં તો સંસદમાં ભારે બબાલ મચી ગઈ. આ વીડિયોમાં જે છે તે મુજબ દયાશંકરે માયાવતીને વિધાનસભા લડવા માટેની ટિકિટનાં ભાવ ૧ કરોડ બતાવી અંતિમ સોદો ક્રમશઃ ૨ કરોડ – ૩ કરોડ, જે વધુ રકમ ચૂકવે તેની ટિકિટ પાકી દર્શાવતી માયાવતીની સરખામણી વેશ્યા તરીકે દર્શાવાયેલું હતું. આના પરથી સ્પષ્ટ થાય છે કે સત્તાધારી પક્ષનાં રાજકારણીઓ મહિલાઓ માટે ગમે તેવા શબ્દ પ્રયોગો કરવામાં જરા પણ ખચકાટ નથી અનુભવતા. ઘણી વખત તો તેઓ પત્રકારો માટે પણ ખરાબ ભાષાનો પ્રયોગ કરતા હોય છે. વિદેશ રાજ્યમંત્રી વી.કે. સિંહે થોડા સમય પહેલા ભાજપ વિરોધી પત્રકારો માટે પ્રોસ્ટીટ્યુટ શબ્દનો યોગ કર્યો હતો. હવે તો લગામ તાણવા જેવા આ શબ્દનો સોશિયલ મીડિયામાં પણ છૂટથી ઉપયોગ થઈ રહ્યો છે. મહિલાઓ માટે અભદ્ર ભાષાનો પ્રયોગ કરતાં પહેલાં સો વાર વિચાર કરવો રાજકારણીઓ માટે અનિવાર્ય છે, અન્યથા આવા હલકા પ્રયોગ ક્યારેક બૂમરેંગ બનીને વળતો હુમલો બની શકે છે. ગુજરાતના એક વખતના મુખ્યમંત્રીશ્રીએ હિમાચલ પ્રદેશની ચૂંટણીની રેલીમાં કેન્દ્ર સરકારનાં નવ નિર્વાચિત મંત્રી શશી થરૂરની ગર્લફ્રેન્ડ સુનંદા માટે ૫૦ કરોડની ગર્લફ્રેન્ડ ગણાવી, થરૂરની ઠેકડી ઉડાડવા પ્રયાસ તો કર્યો પણ થરૂરે વળતો ઘા કરી – તેમની પત્ની બેલાસક કિંમતી છે પણ તે સમજવા માટે પ્રેમ કરવાની પાત્રતા કેળવવાની રહે તેમ જણાવ્યું એટલે મધપૂડો એવો છંછેડાઈ ગયો કે સુનંદાને છંછેડવાની મોદીની શરારત પર દિગ્વિજયે એવી પસ્તાળ પાડી કે સુનંદાનું નામ લેનારના આખા ખાનદાનની કુંડળી ખોદાઈ ગઈ. મોદી આ પંચાતમાં ન પડ્યા હોત તો તેનું કંઈ લૂંટાઈ જવાનું ન હતું અને તેને કંઈ વેઠવાનું પણ ન આવ્યું હોત. આવા તો કેટલાયે ઉકરડાઓ છે. અહીં પ્રશ્ન એ થાય છે કે મહિલાઓની અભદ્ર ટીપ્પણી વિના રાજનીતિ કેમ ન થઈ શકે?

આપણા રાજકારણીઓ દ્વારા જાહેર જીવનમાં જે ભાષાનો યોગ કરવામાં આવે છે તે તેમના સંસ્કારની ચાડી ખાય છે. દયાશંકરે કરેલો અપરાધ મહિલા શક્તિનું અપમાન છે. તેમાં તો બધા સંમત જ છે, પણ દયાશંકરના વાંકે તેમની નિર્દોષ ગૃહિણી ધર્મપત્ની સ્વાતિસિંહ, તેમની બાર વર્ષની પુત્રી તથા વૃધ્ધ સાસુમાં ને વિના વાંકે ગમે તેવી અસભ્ય ભાષામાં સંડોવવા તે તો અપરાધ છે. સ્વાતિસિંહ મેદાનમાં ન ઉતરી હોત તો શક્ય છે, તેમની શું હાલત થઈ હોત તેની તો કલ્પના પણ કરવી મુશ્કેલ છે. શું સલામત રહ્યું હોત તે પણ કહેવું મુશ્કેલ છે. માયાવતી પર ખરાબ આક્ષેપો બદલ બ.સ.પા. દ્વારા વિરોધ પ્રદર્શનો થાય તેનો કોઈ વાંધો નથી પણ બ.સ.પા.ના જ કદાવર નેતા નસીમુદ્દી સિદ્દીકી તથા ટોળા દ્વારા દયાશંકરની બહેન, દીકરી, પત્ની અને વૃધ્ધ માતા સામે વગરવાંકે જે વાંધાજનક શબ્દો પ્રદર્શિત કરાયા તે કેટલું સંગત છે? દેશ-વિદેશની અદાલતો દ્વારા ભ્રષ્ટાચારી લાંચિયા અધિકારીઓનાં કેસ સાબિત થયા પછી ભ્રષ્ટાચારી – લાંચિયા અધિકારીઓ ઉપરાંત તેમની પત્નીને પણ દંડ અને સજા કેદ ફરમાવાય છે. તેમાં તો અદાલત પતિને લાંચ લેવા પ્રોત્સાહિત કરવા બદલ સજા કરીને અદાલતોએ ભલે સક્રિયતા દર્શાવી હોય – આવા ચુકાદા બદલ અદાલત એ સૂચવવા માંગે છે કે જેથી કરીને સરકારી અધિકારીઓને લાંચ લેવામાં, કૌભાંડ સર્જવામાં ભય રહે. પણ સ્વાતિ સિંહને તો પતિની રાજનીતિ અને રાજકારણ સાથે કોઈ લેવાદેવા જ ન હોય. વળી સ્વાતિસિંહ સ્વયં પણ પતિના અપરાધ બદલ પતિ સામે પગલા લેવાય તેમાં પણ કોઈ વાંધો – વિરોધ ન હોય ત્યારે નિર્દોષ નિર્મળ સ્વાતિસિંહ – તેમની પુત્રી – નણંદ અને વૃધ્ધ માતાને ગમે તેમ ભાંડવા તે પણ અક્ષમ્ય છે જ. આમેય આપણા રાજકારણીઓમાં મોટેભાગે રાજકીય ચરિત્ર જેવું તો સમ ખાવા પૂરતું પણ નથી રહ્યું. પણ હવે તો મહિલાઓ પ્રત્યે અભદ્ર ભાષાયોગ પણ છડેચોક ઉચ્ચારાઈ રહ્યો છે જે ડૂબી મરવા જેવી વાત છે છતાં પણ તેમના માટે કોઈ સુફિયાણી સલાહ – ઉપદેશ કામ આવે તેમ નથી તે વાસ્તવિક્તા છે. કારણ? આ બધું જ આવનારી ચૂંટણીમાં વિશિષ્ટ સમાજનાં થોકબંધ મતો મેળવવા કે મતોમાં ભાગલા પડાવવાની રાજરમત રૂપે પરિણામની જાણકારી – પ્રત્યાઘાત – પડઘાનો ખ્યાલ રાખીને જ કરાય છે જેમાં રાજકીય પક્ષોનો સીધેસીધો કે આડકતરો સપોર્ટ હોય જ છે. આ બધું કેવી રીતે રોકી શકાય તેની ચર્ચા ભવિષ્યમાં થશે. ■

**To Register Your Name in "Kutchi Telephone Directory - 2016"** (For Ahmedabad - Gandhinagar Only)
Click on Link : **www.kutchisamaj.amdavad.com**

સમાજની ક્ષિતિજો

# સફળ લગ્નજીવનનાં સોનેરી સૂત્રો

• ડૉ. આશિષ એસ. ચોક્સી •

મારી બાળરોગ નિષ્ણાત તરીકેની પ્રેક્ટિસમાં ત્રેવીસ વર્ષ દરમિયાન મારે રોજ વિવિધ વિચારોવાળા વિવિધ સ્વભાવ અને લાક્ષણિકતાઓ ધરાવતા માતા-પિતાના સંપર્કમાં આવવાનું બને છે. આ દરમિયાન મારે માતા-પિતાને એક પતિ-પત્ની તરીકે સાથે અને બંનેને અલગ અલગ રીતે પણ મળવાનું થાય. બંનેને સાથે અને અલગ અલગ રીતે મળીએ ત્યારે તેઓ બંનેમાં રહેલા અલગ જ વ્યક્તિત્વના પાસાનું દર્શન થાય. આમ અલગ અલગ સમયે અને અલગ અલગ રીતે તેઓને મળીને લગ્નજીવન દરમિયાન થતાં ઘર્ષણના કારણોને હું જે રીતે સમજ્યો છું તે તમારી સમક્ષ રજૂ કરું છું.

આમ તો હિંદુ સંસ્કૃતિના સંસ્કારોમાં સપ્તપદીમાં જણાવ્યું છે તે મુજબ લગ્ન, એ કોઈ બે વ્યક્તિઓનું મિલન નથી પરંતુ બે આત્માઓનું મિલન છે. આ બંને આત્માઓએ એકબીજાના વિરોધી કે સ્પર્ધક નહીં પણ એકબીજાના પૂરક બની પોતાનામાં રહેલા કામને નિયંત્રણ કરી કૌટુંબિક અને સામાજિક સેવા શ્રેષ્ઠ રીતે કરી આધ્યાત્મિક ઉન્નતિ દ્વારા એકબીજાનો વિકાસ સાધવાનો હોય છે. કુટુંબ તેમજ સમાજની હાજરીમાં ખૂબ જ આનંદથી શરૂ થયેલી આ જીવનયાત્રામાં ઘર્ષણ શેના લીધે થાય છે? પતિ-પત્નીના સંબંધોમાં ઘર્ષણના મુખ્ય અને પહેલા કારણમાં એકબીજા માટે અપાતા અપૂરતા સમયને ગણી શકાય. લગ્ન પહેલા પતિ-પત્ની પોતાના દિવસની શરૂઆત પોતાના કામો વચ્ચે પણ એકબીજાને વધુમાં વધુ સમય કેવી રીતે આપી શકાય તેની ગોઠવણમાં કરતા હતા. જો કે લગ્ન પછી બંનેને સામાજિક તેમજ વ્યવસાયિક જવાબદારીઓ વધતી હોય છે. બાળકો થયા પછી આ જવાબદારીઓ ઘણી વધે છે. આ જવાબદારીઓ વચ્ચે પણ એકબીજાને સમય કાઢવાની કળાને સફળ દાંપત્ય જીવનની મુખ્ય ચાવી ગણી શકાય. પાછલા દિવસના નાનામોટા પ્રસંગો યાદ કરી બંને જણાએ રોજ સાથે થોડું હસી લેવું. જ્યારે કોઈ પણ વ્યક્તિ સાથે તમે નિયમિત રીતે સમય વિતાવતા હો, તેની સાથે હસતા હોવ, ત્યારે તેના મન અને હૃદયની નજીક હંમેશાં રહી શકો છો. તેની સાથે મુક્તપણે વાતો કરી શકો છો, મન મૂકીને હસી શકો છો અને જરૂર લાગે તો તેના ખભે માથું રાખી દિલ ખોલીને રડી પણ શકો છો. પોતાના કામો વચ્ચે પણ એકબીજા માટે સમય ચોરતા દંપતી શ્રેષ્ઠ મિત્રો બની શકે છે. લગ્નજીવનમાં ભંગાણનું મુખ્ય કારણ જ એ છે કે દરેક પતિ-પત્ની શ્રેષ્ઠ મિત્રો નથી હોતા. સારા મિત્રોમાં હંમેશાં એકબીજાને સહન કરવાની અને એકબીજાને માફ કરવાની વિશેષ આંતરિક શક્તિ હોય છે.

લગ્નજીવન એકબીજાનું શ્રેષ્ઠત્તમ બહાર લાવવા માટે હોય છે, ઉણપો શોધવા માટે નથી. એકબીજામાં રહેલી ખૂબીઓને નિખાર આપી તેમની ખામીઓનું અસ્તિત્વ નામશેષ કરવા માટે ઈશ્વરે ઘણા વર્ષો આપેલા હોય છે. કોઈએ કહ્યું છે ને, "in a happy marriage it is the wife who provides the climate, the husband the land-scape." એકબીજાના સ્વભાવને સહન કરી, જતું કરવાની પરિપક્વતા સમય જતા જ આવતી હોય છે. **કુટુંબની પ્રગતિમાં હંમેશાં બધાનો નાનો-મોટો ફાળો હોય જ છે. પોતાના લીધે જ કુટુંબ આગળ વધી રહ્યું છે તેવો અહમ્ ના રાખવો.** ઓસ્કાર વિજેતા અમર્ત્ય સેને પણ પોતાની ભૂતપૂર્વ પત્નીને યાદ કરીને કહ્યું હતું કે, 'મારા સંશોધનો વખતે મારા રાતોની રાતોના ઉજાગરા વખતે તે મારી સાથે જાગતી અને મને કોફી બનાવી આપતી તે સમયને હું બહુ યાદ કરું છું.'

જ્યારે પણ નાના મોટા ઝઘડા થાય ત્યારે ઝઘડવાના અમુક નિયમો પતિ-પત્ની પાળે તો ઝઘડાઓનું વાવાઝોડું ખૂબ જ ઝડપથી શાંત થઈ જશે. પતિ કે પત્નીએ એકબીજાના ભૂતકાળની ભૂલોને યાદ ના કરવી. ઝઘડતી વખતે ભૂતકાળને યાદ કરવો તેનો મતલબ તમે એકબીજાની ભૂલો અને ના સંતોષાયેલી અપેક્ષાના ભારને હૃદય સાથે બાંધીને જીવી રહ્યા છો. પોતાનો જે પણ મતભેદ હોય તેની વાત બને તેટલી શાંતિથી, ધીમા અવાજે, સ્પષ્ટ શબ્દોમાં પણ ટુંકાણમાં કરવાથી સામેની વ્યક્તિ તે મુદ્દા પર અવશ્યપણે હકારાત્મક રીતે વિચારશે. તેની ભૂલ હશે તો આ રીતે કહેવાથી તે ઝડપથી સ્વીકારી લેશે અને વાતનો અંત ઝડપથી આવી જશે. કદાચ તે વખતે તે ના સ્વીકારે તો પણ શાંતિથી કહેલી વાતને તે ધીમે ધીમે થોડા સમય પછી વિચારી થોડું જતું કરવા પણ તૈયાર થશે. એ ઝઘડામાં જેણે પણ થોડું જતું કર્યું હોય કે જેની પણ ભૂલ હોય તે વાતને ભવિષ્યમાં ક્યારેય પાછી ને પાછી યાદ ના કરવી. દુઃખદ ઘટનાઓને હંમેશાં ભૂંસતા રહેવું. આ પ્રસંગોને મનોસ્મૃતિમાં કોતરવાના નથી. ઝઘડતી વખતે એકબીજાના વ્યક્તિત્વની કોઈ નબળી કડીને સંદર્ભ તરીકે યાદ ના કરવી. ઝઘડતી વખતે કુટુંબીજનોને દૂર જ રાખવા. એકબીજાના ભાઈ-ભાભી, સાસુ કે સસરાની કોઈ વાતને વચ્ચે ના લાવવી.

તેમની સારી - નરસી વાતો કે તેમની સ્વભાવગત સમસ્યાને વચ્ચે લાવવાથી ઝઘડો કારણ વિના લંબાશે. સાસરા પક્ષ અને પિયર પક્ષની સરખામણી પણ ટાળવી. ભાભી, નણંદ, દેરાણી કે જેઠાણી સાથે મિત્રતા કેળવનાર સ્ત્રીનું લગ્નજીવન શ્રેષ્ઠ હોય છે. કોઈ પણ સંજોગોમાં આ સંબંધોનું ગૌરવ જળવાય તે ખૂબ અગત્યનું છે. ઘણીવાર પતિપત્નીને એકબીજા સાથે કોઈ તકલીફ હોતી નથી પરંતુ ઘરના વડીલોની અપેક્ષા સંતોષવામાં પતિ કે પત્ની નિષ્ફળ જાય છે તે વિચાર પણ તેમના સંબંધોમાં તણાવ ઊભો કરે છે. પોતે સંબંધો સાચવવા શું ત્યાગ અને ભોગ આપ્યો છે તે યાદ ના કરવું. ત્યાગ અને ભોગ આપ્યો હશે તો પણ ઝઘડતી વખતે તેને યાદ કરવાથી તેનું કોઈ મહત્ત્વ નહીં રહે. જ્યારે ઓછું બોલીને મૌન રહ્યા હશો તો સામેની વ્યક્તિને પછીથી પણ તમારા ત્યાગની મહત્તા સમજાશે. સમયસર રાખેલું મૌન બોલાયેલા શબ્દોથી વધુ અસરકારક હશે. કોઈ પણ પ્રકારના અહમ વિના બોલાયેલું નાનું વાક્ય 'બીજી વાર આવું નહીં બને તેનું હું ધ્યાન રાખીશ' ગમે તેવા ભભૂકતા લાવારસને શાંત કરવા સક્ષમ હોય છે.

પતિ-પત્નીએ બાળકો સામે ઝઘડવાનું હંમેશાં ટાળવું. બાળકોની ગેરહાજરીમાં જ મતભેદના મુદ્દાને ચર્ચવો. બાળકોની હાજરીમાં ઝઘડો શરૂ થાય ત્યારે પોતે કેમ સાચા છે અને સામેની વ્યક્તિ કેમ ખોટી છે તેના કારણોની ઉગ્રતા આપોઆપ વધી જતી હોય છે. સંતાનોની હાજરીમાં ઝઘડતા માતા-પિતા પોતાને શ્રેષ્ઠ વકીલ સાબિત કરવાનો પ્રયત્ન હંમેશાં કરતા હોય છે. સંતાનોની હાજરીમાં શરૂ થયેલી ચડભડ વખતે કોઈનો પણ વાંક હોય પણ જો કોઈ એક વ્યક્તિ એ સમયે શાંત રહેશે તો સંતાનો પણ તેમનું લગ્નજીવન ટકાઉ રાખતા અને જતું કરવાની ભાવના શીખશે. સફળ સંતાનોના સર્જન પાછળ માતા કે પિતા કોઈ પણ એક વ્યક્તિની જતું કરવાની અને તિતિક્ષાવૃત્તિની (સહન કરવાના સ્વભાવ) ભાવના ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. પતિ કે પત્નીએ એકબીજાની ગેરહાજરીમાં સંતાનને એકબીજાના સારા ગુણો કહેતા રહે તો પુખ્ત ઉંમરે સંતાનનો આત્મવિશ્વાસ અને જીવન પ્રત્યેનો હકારાત્મક અભિગમ ચરમસીમાએ હોય છે.

ઝઘડતી વખતે જો પતિ કે પત્નીને પોતાની ભૂલ સમજાય તો ઝડપથી ભૂલ સુધારી લેવી. ખોટી વસ્તુમાં માફી માંગી લેવી પણ તે સાચી છે તેમ સાબિત કરવાના પ્રયત્નો કડવાશ વધારે છે. કદાચ એક જણ સારી દલીલો કરી પોતાને સાચો સાબિત કરી દેશે. પણ આ વિજય તેને પોતાના બેટર હાફના હૃદયથી દૂર લઈ જવામાં મોટો ભાગ ભજવશે. ઝઘડો બંધ થયા પછીના સમયમાં પણ બંને પક્ષે મૌન લાંબો સમય રાખવું નહીં. કોઈ એક જણે અહમ્ છોડી વાતો કરવાની પહેલ કરવી. પોતાના ઘરની, પત્નીની કે પતિના સ્વભાવગત સમસ્યાઓ એકાદ મિત્ર સામે બરાબર છે પણ ઘણા બધા સગાઓ આગળ કે પડોશીઓ આગળ વારંવાર રજૂ ના કરવી. પોતાના બેટર હાફ સામે દિલ ખોલીને માનસિક રીતે નગ્ન થવાનો અભિગમ તે પતિ-પત્ની કેળવતા હોય છે તેમણે એકબીજાને સમજવા શબ્દો નહીં પણ આંખો અને ચહેરાના હાવભાવની જ જરૂર પડતી હોય છે. એકબીજાની નાની ભૂલો કે ખામીઓનું વારંવાર પોસ્ટમોર્ટમ કરવાનું ટાળવું. રજાના દિવસે પતિએ રસોડામાં પત્નીને નાની મોટી મદદ કરી હોય કે પત્નીએ ક્યારેક પતિને ઓફિસના કામમાં રાતે મોડા સુધી જાગીને મદદ કરી હોય તેવા પ્રસંગો એકબીજા પ્રત્યે 'ફિલ ગુડ'ની લાગણી જન્માવતા હોય છે. સાસુ-સસરાની સેવા પત્ની કરે તે આપણા સમાજમાં 'ટેઇક ઇટ ગ્રાન્ટેડ' માની લેવામાં આવે છે પણ પત્નીના માતા-પિતાને પણ જરૂર હોય ત્યારે પતિ પોતાનું બધું જ મૂકી મદદ કરે તો પત્નીના હૃદયના ઉંડાણ સુધી પતિનું સ્થાન આપોઆપ આવી જતું હોય છે. નાની મોટી મદદ કે સારા કાર્ય માટે એકબીજાનો આભાર માનવાથી પણ એકબીજાને વધુ સારું કરવાની ઉર્જા પ્રાપ્ત થતી હોય છે. પત્ની સારું શાક બનાવે તો 'એ તો બનાવે, એની ફરજ છે' તેમ ઘણા પતિદેવો માનતા હોય છે. એ વખતે 'ઘણું સરસ' કે 'થેંક યુ' જેવા બોલાયેલા શબ્દો પત્નીને હજુ નવું - સારું કરવાની પ્રેરણા આપશે.

પોતે આપેલો અભિપ્રાય કે સલાહ પતિ કે પત્ની ના માને તો તેની અસર વ્યવહારમાં ના લાવવી. આ અસર વ્યવહારમાં આવતી જાય પછી ધીરે ધીરે પતિ કે પત્ની ઘરમાં સાથે રહેવાને બદલે એક જ ઘરમાં પણ બે અલગ અલગ એકમ તરીકે રહેવા ટેવાઇ જતા હોય છે. પોતાના વિચારો, ધ્યેય અને દિશા અલગ અલગ થતા જાય છે. આમ નજીક છતાં હૃદય અને મન વચ્ચે ના પૂરી શકાય તેવી ઊંડી ખાઇ થતી જાય છે. પોતે શું ઇચ્છે છે તે ખૂબ જ શાંતિતી, હળવા વાતાવરણમાં કહી એકબીજાને વિચારવાનો થોડો સમય કે સ્પેસ હંમેશાં આપવી. એકબીજાના શોખ પોતાની રીતે પૂરા કરે તેમાં બહુ વચ્ચે ના આવવું. તેમાં ઘરનું કે બાળકોનું કંઈક બગડતું હોય તો ધ્યાન જરૂર દોરવું. બાળકોને ઉછેરવાની કે ભણાવવાની થોડીક જવાબદારી પોતાના વ્યસ્ત સમયપત્રકની વચ્ચે પણ જે પિતા લેતા હોય છે તે માતાને કામ કરવાનો ઉત્સાહ આપોઆપ બેવડાઈ જાય છે.

છેલ્લે, સફળ લગ્નજીવન માટે જરૂરી સાચા પ્રેમના ચાર શબ્દો... 'તું જેમ કહે તેમ' – આ શરણાગતિ નથી પણ સમજણપૂર્વકનું સમર્પણ છે. ■

સ્વાસ્થ્ય

# ડર (Phobia) - ૪
# પરીક્ષાનો ડર (Exam Phobia)

● ડૉ. મણિલાલ ગડા (મનોચિકિત્સક) – ડૉ. દીપ્તિ શાહ (ગડા) (મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક) ●

આગળના ત્રણ લેખોમાં આપણે જાણ્યું કે ડર (Phobia) એક બીમારી છે. ડરની બીમારીમાં મગજના જ્ઞાનતંતુઓમાં શારીરિક ફેરફારો થાય છે. **મગજના લિમ્બિક સિસ્ટમમાં આવેલ બદામ આકારનું અવયવ એમિગડેલા ડરનું મુખ્ય કેન્દ્ર છે.** યોગ્ય નિદાન તથા યોગ્ય સારવારથી દર્દી ડરની બીમારીમાંથી બહાર આવે છે તથા અન્ય સામાન્ય વ્યક્તિની જેમ ગુણવત્તાભર્યું જીવન જીવી શકે છે.

નીચે ડરની બીમારી (પરીક્ષાનો ડર (Exam Phobia))નો કિસ્સો વર્ણવ્યો છે. સારવાર બાદ વિદ્યાર્થી પરીક્ષા આપી શક્યો તથા પરીક્ષામાં સફળ થયો.

● **કેસ :**

સી.એ.માં અભ્યાસ કરનાર મિલનને ફાઈનલ સી.એ.ની પરીક્ષાનો ખૂબ ડર લાગતો હતો. મિલને એના માતા-પિતાને જણાવી દીધું હતું કે હું ફાઈનલ સી.એ.ની પરીક્ષા કદી પણ આપવાનો નથી. એના મનમાં ઠસી ગયું હતું કે એ હવે સી.એ. નહીં થઈ શકે. દરેક વખતે નાપાસ જ થશે. એટલે સી.એ.ની પરીક્ષા આપવાનો કોઈ અર્થ જ નથી. માતા-પિતા, સગાવહાલા, મિત્રોએ ખૂબ સમજાવવાની કોશિશ કરી પરંતુ બધા જ પ્રયત્નો વ્યર્થ ગયા.

માતા-પિતા મૂંઝવણમાં હતા કે મિલનનું શું કરવું જેથી એ પરીક્ષા આપવા તૈયાર થાય. મિલનના પિતાના એક હિતેચ્છુએ મનોચિકિત્સકની સલાહ લેવાનું સૂચન આપ્યું. છેલ્લા ઉપાય તરીકે મિલનના માતા-પિતા મનોચિકિત્સકની સલાહ લેવા તૈયાર થયા.

નરેન્દ્રભાઈ (મિલનના પિતા) પહેલા એકલા મળવા આવ્યા તથા મિલનના કેસ વિશે ચર્ચા કરી. લેખકે જણાવ્યું કે મિલન જોડે મનોચિકિત્સકની પદ્ધતિથી નિદાન કરી સારવાર કરવી જરૂરી છે. માટે મિલને વ્યક્તિગત રીતે ક્લિનિકમાં આવવું અગત્યનું છે. બીજે દિવસે મિલન ક્લિનિકમાં આવ્યો.

ઉંડાણમાં તથા અલગથી મિલન જોડે ચર્ચા કરી. મહત્ત્વની જાણકારી પ્રાપ્ત થઈ, જે સારવાર માટે જરૂરી હતી.

મિલન ભણવામાં ખૂબ જ હોંશિયાર હતો. દરેક પરીક્ષા પ્રથમ પ્રયાસે સારા ગુણાંકથી પાસ કરેલ હતી. લગભગ દરેક વખતે ક્લાસમાં પ્રથમ જ રહ્યો હતો. બી.કોમ.ની પરીક્ષામાં ૮૮% ગુણાંક મળ્યા હતા. મિલનની અપેક્ષાઓ ઘણી જ વધારે હતી. પ્રથમ આવ્યા બાદ પણ મિલનને સંતોષ ન હતો, ખુશી ન હતી. આગળ વધવાની ધગશ ચિંતામાં પરિણમતી. એકાદ ગુણાંક ઓછો મળે તો નર્વસ થઈ જતો. સહનશક્તિ (tolerance power) ન હતી. બાળપણમાં મિત્રો જોડે રમતમાં પણ મિલનને હરીફાઈ ન હોવા છતાં દરેક રમત જીતવી જ હતી.

ફાઈનલ સી.એ.ની પરીક્ષામાં મિલન એક વખત નાપાસ થયો હતો. એના બીજા બે મિત્રો ફાઈનલ સી.એ.ની પરીક્ષા પ્રથમ પ્રયાસે પાસ થયા હતા. નાપાસ થવાથી મિલનનો આત્મવિશ્વાસ એકદમ ઓછો થઈ ગયો હતો. એને લાગતું હતું કે હું સી.એ. થવાને લાયક નથી.

ક્લિનિકમાં તપાસ દરમિયાન પરીક્ષા આપવા માટેની વાતચીત દરમિયાન મિલનને ગભરામણ થવા લાગી. હૃદયના ધબકારા વધી ગયા. પરસેવો થઈ આવ્યો. ચહેરો પડી ગયો. નર્વસ થઈ ગયો હતો. ચર્ચાનો વિષય બદલાવ્યા બાદ તથા વેઈટિંગ રૂમમાં થોડીવાર બાદ મિલન નોર્મલ થયો. (પેનિક ઍટેક).

મિલનનો કેસ ડરની બીમારી (Phobic disorder)નો છે જેમાં મિલનને પરીક્ષાનો ડર હતો તથા નાપાસ થવાનો ડર હતો. ફરીથી નાપાસ થઈશ તો મારી ઈમ્પ્રેશન ઘટી જશે એ ડર પણ એને સતાવતો હતો. મિલનમાં આત્મવિશ્વાસ ખૂબ જ ઓછો થયો હતો. ઉમંગ ઉત્સાહ પણ ઓછા હતા.

● **સારવાર :**

૧. આત્મવિશ્વાસ વધારવા માટે દવાઓ ચાલુ કરી. બે અઠવાડિયામાં મિલનમાં આત્મવિશ્વાસનો વધારો થયો. એનો ડર ઓછો થયો. પરીક્ષાના નામથી થતાં પેનિક ઍટેક ઓછા થઈ સદંતર બંધ થયા.

૨. દવાની અસરથી આત્મવિશ્વાસ વધ્યા બાદ બિહેવિયર થેરાપી ચાલુ કરી.

**૨.૧** જેકોબસન્સ પ્રોગ્રેસિવ મસ્ક્યુલર રીલેક્સેશનની પદ્ધતિથી રીલેક્સેશન - શિથિલતાના સેશન્સ ચાલુ કર્યા. ક્લિનિક તથા ત્યારબાદ મિલન રોજ ઘરે નિયમિત રીતે ૩૦થી ૪૦ મિનિટ રીલેક્સેશન કરતો હતો.

**૨.૨** આ દરમિયાન કાઉન્સેલિંગ દ્વારા ધીમે ધીમે એને પરીક્ષા આપવા મનથી તૈયાર કર્યો.

(અ) શરૂઆતમાં પરીક્ષાના વિચારથી ડર લાગતો હતો એ ઓછો થયો.

(બ) મિલન સી.એ.નો અભ્યાસ કરવા તૈયાર થયો. પરીક્ષા આપવી કે નહીં એ પછીની વાત હતી.

(ક) પરીક્ષા માટેનું ફોર્મ ભરવા તૈયાર થયો. ફોર્મ ભર્યું છે એટલે પરીક્ષા આપશું એવું નથી પરંતુ પરીક્ષા આપવાનો વિકલ્પ રહે છે.

**૩.૩ ડરની માત્રાની વૈકલ્પિક નોંધ (Hierarchial note of fear) :**

પરીક્ષાના ડરના વિચારોનું એક ડાયરીમાં નોંધ કરવા સલાહ આપી તથા એ વિચારોથી કેટલો ડર મનમાં ઉત્પન્ન થાય છે એને માત્રા (Degree of fear) આપવા સલાહ આપી. દા.ત. પરીક્ષા ત્રણ મહિના પછી છે ૨૦% ડર, પરીક્ષા બે મહિના પછી છે ૩૫% ડર, પરીક્ષા એક મહિના પછી છે ૫૦% ડર, પરીક્ષા પંદર દિવસ પછી છે ૬૦% ડર, પરીક્ષા અઠવાડિયા પછી છે ૭૫% ડર, પરીક્ષા આવતીકાલે છે ૯૦% ડર, પરીક્ષા આજે છે ૯૫% ડર, પરીક્ષા આપવા જઈ રહ્યો છું ૯૮% ડર, પરીક્ષા કેન્દ્ર પર પહોંચ્યો છું ૯૯% ડર, પરીક્ષા કેન્દ્રમાં બેસવા માટે ઘંટ વાગે છે ૧૦૦% ડર.

દરેક પરિસ્થિતિને માત્રા પ્રમાણે ચડતા ક્રમમાં ગોઠવવાનું કહ્યું અને એક લિસ્ટ તૈયાર કર્યું.

**૩.૪ સિસ્ટમિક ડીસેન્સિટાઇઝેશન** (Systemic Desensitization) :

મિલન ક્લિનિકમાં પૂર્ણ શિથિલતામાં હતો ત્યારે ઉપરોક્ત લિસ્ટમાંથી પ્રથમ પરિસ્થિતિ (પરીક્ષા ત્રણ મહિના પછી છે) વિચારવાનું કહ્યું. શરૂઆતમાં ડરની લાગણી ઉત્પન્ન થઈ. પરંતુ શિથિલ અવસ્થામાં જ આ ડર પર કાબૂ મેળવ્યો તથા ડરની લાગણી બંધ થઈ. મિલને જમણા હાથની આંગળી ઉપર કરીને પોતે ડર પર કાબૂ મેળવ્યો છે એ વ્યક્ત કર્યું. ત્યારબાદ લિસ્ટમાંની બીજી પરિસ્થિતિ પર વિચારવાનું જણાવ્યું. એના પર મનમાં શિથિલ અવસ્થામાં કાબૂ મેળવ્યા બાદ ત્રીજી, ચોથી અને છેવટે છેલ્લી પરિસ્થિતિ (પરીક્ષા કેન્દ્રમાં બેઠો છે) પર કાબૂ મેળવ્યો.

મનમાં મેળવેલ કાબૂ પરથી ધીમે ધીમે મિલનના આત્મવિશ્વાસનો વધારો થયો. પરીક્ષા પ્રત્યે હકારાત્મક વિચારો આવવા લાગ્યા. મનથી પરીક્ષા આપવા તૈયાર થયો.

**૩.૫** પરીક્ષાના દિવસો દરમિયાન મિલન મનથી તૈયાર હતો પરીક્ષા આપવા માટે. પરીક્ષા કેન્દ્રમાં સમયસર પહેલા દિવસે પહોંચી ગયો. એના પપ્પા એને મૂકવા ગયા હતા. થોડોક ડર પરીક્ષાના કેન્દ્રમાં (હોલમાં) બેસતી વખતે લાગ્યો. પરંતુ પેપર આવતા જવાબ લખવાની શરૂઆત કરી કે ક્યારે સમય નીકળી ગયો અને પેપર સંપૂર્ણ પૂરું કર્યું ખબર જ ન પડી. ડર બિલકુલ ન લાગ્યો. ત્યારબાદના પેપર ડર વગર આપી શક્યો.

**૩.૬ વ્યક્તિત્વના વિકાસ :** માટે કાઉન્સેલિંગ પરીક્ષા બાદ શરૂ કર્યું. (અ) વાસ્તવિક્તા પ્રમાણે અપેક્ષાઓ રાખવી, (બ) મનની ખુશી તથા શાંતિ માટે સમય કાઢી ખુશી મેળવવી, (ક) સહનશક્તિ વધારવી તથા ધાર્યા પ્રમાણે ન થાય તો પણ એનો સામનો કરવો, (ડ) વિપરીત પરિસ્થિતિનો સામનો કરવાની શક્તિ કેળવવી, (ઇ) અન્યો જોડે અયોગ્ય સરખામણી ન કરવી વગેરે બાબતોની ચર્ચા કરી યોગ્ય ફેરફારો મિલને કર્યા.

- **ફોલો અપ (Follow Up) :**

સારવાર બાદ મિલને પહેલાં પ્રથમ ગ્રુપની પરીક્ષા આપી. જેમાં એ પાસ થયો. આથી એનો આત્મવિશ્વાસ વધ્યો તથા ડર ઓછો થયો. સેલ્ફ એસ્ટીમ પોતાના વિશે હકારાત્મક વલણ આવ્યું. છ મહિના બાદ બીજા ગ્રુપની પરીક્ષા પાસ કરી. સી.એ. થયો.

યોગ્ય નિદાન તથા યોગ્ય સારવારથી મિલન ગુણવત્તાભર્યું જીવન જીવે છે. ■

## શ્રધ્ધા અને અંધશ્રધ્ધાના અનુસંધાને

*"ડાઉટ એવરીથીંગ એન્ડ અલ્ટીમેટલી ડાઉટ યોર ડાઉટ."*

*– જે. કૃષ્ણમૂર્તિ*

જે. કૃષ્ણમૂર્તિનું આ વાક્ય ભક્તો, શ્રદ્ધાળુઓ અને અનુયાયીઓ માટે ભલે નકામું હોય પણ રેશનાલિસ્ટો એટલે કે બુધ્ધિવાદીઓ માટે અતિ મહત્ત્વનું છે.

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

સ્વાસ્થ્ય

# ચરબી (Fat)

• દિલીપ વૈષ્ણવ •

*હકીકત છે કે વ્યક્તિગત નિરોગી રહેવા માટે હંમેશાં સ્વાસ્થ્યપ્રદ ખોરાક લેવો જોઈએ. તેવી રીતે કયા પ્રકારના તત્ત્વોની ખામીથી વ્યક્તિ બીમાર થાય અને કાર્બોદિત પદાર્થોની કમી માનવ શરીરમાં કેવી સમસ્યાઓ સર્જે છે વગેરે અનેક પ્રકારની વૈજ્ઞાનિક માહિતી આ લેખના લેખકશ્રીએ તેમના અગાઉના વિવિધ લેખોમાં જણાવેલ છે. આ રીતે પ્રોટીન અને કાર્બોહાઈડ્રેટ્સ વિશે માહિતગાર થયા બાદ તજજ્ઞ લેખકશ્રીએ ચરબી (**Fat**) અંગે ખૂબ જ ઉપયોગી વિગત પ્રસ્તુત લેખમાં આપી છે.*

*– તંત્રી મંડળ*

પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ્સ અને ચરબી ખોરાકમાં રહેલા મુખ્ય પોષક ઘટક તત્ત્વો છે. ત્રણે ઊર્જા આપે છે અને બીજા ઘણા અગત્યના જૈવિક કાર્યો કરી આપણાં શરીરની સુરક્ષા કરી સ્વસ્થ રાખે છે. પ્રોટીન અને કાર્બોહાઈડ્રેટ્સ વિશે માહિતગાર થયા બાદ આપણે ચરબી વિશે જાણીએ.

વાહનનું ઇંધણ તેલ છે જે વાહનને ચલાવવા માટેનું ઊર્જા આપતું ચાલક બળ છે, તેમ માનવ શરીરને ચરબી શક્તિ આપે છે જેથી તે બધા કાર્ય કરી શકે છે. ચરબી વગર માનવ જીવન અશક્ય છે.

ચરબીને અંગ્રેજીમાં ફેટ (FAT) કહે છે. ચરબી શરીરમાં જમા થાય છે જેથી ખોરાકમાંની ચરબીને વિવેકભાન રાખી આરોગવી જોઈએ. ચરબી શરીરને પુષ્ટ બનાવે છે. ખોરાકમાં રહેલ ૧ ગ્રામ ચરબી ૯ કિલો કેલેરી ઊર્જા આપે છે. પ્રોટીન અને કાર્બોહાઈડ્રેટ્સ કરતાં ચરબી શરીરને સૌથી વધારે ઊર્જા આપે છે. શરીર શક્તિશાળી બને છે. રાસાયણિક ભાષામાં ચરબી ટ્રાઈગ્લિસિરાઈડ્સ (TRIGLISIRAIDS) છે અને વળી લિપિડ (LIPID) પણ કહેવાય. ટ્રાઈગ્લિસિરાઈડ્સ એટલે ત્રિ એટલે ત્રણ અને ગ્લાસીરોલમાંથી શબ્દ થયો ગ્લિસિરાઈડ.

ચરબીના બંધારણમાં કાર્બન, હાઈડ્રોજન અને ઑક્સિજન વાયુઓ છે. તેલ એ ચરબી છે. રાસાયણિક રીતે બંને એક છે પણ સામાન્ય તાપમાને ચરબી જો પ્રવાહી (Liquid) હોય તો તે તેલ છે અને એ જ તાપમાને ઘન (Solid) હોય તો તે ચરબી છે. તેલ અને ઘી ને નરી આંખે જોઈ શકીએ છીએ. માટે તે વિઝીબલ ચરબી છે જ્યારે તેલીબિયામાં (મગફળી, તલ, સોયાબીન, અનાજ, કઠોળ વગેરે) આપણે તેલ જોઈ શકતા નથી. એટલે તે ઇનવિઝીબલ તેલ છે.

વિશ્વના કેટલાક દેશોના ચાર વિજ્ઞાનીઓએ ચરબીમાં રહેલ સંતૃપ્ત ફેટીએસિડ્સ મહત્ત્વના સંશોધનો ૧૭૭૯થી ૧૮૪૯ના સમય દરમિયાન કર્યા હતા. ખોરાકમાંથી ચરબીને અલગ કરનાર વિજ્ઞાની હતા FRANZ SOXHELT (ફ્રાંઝ સોક્ષહલેટ). આ માટેનું સાધન વિકસાવનાર પણ આ જ વિજ્ઞાની હતા. અને આ સાધન પણ તેમના નામથી (''સોક્ષેહેલ્ટ'') ઓળખાયું.

### • ચરબીના પ્રાપ્તિ પદાર્થો :

**માંસાહારી ખોરાકમાં**, બીફ, માંસ, માછલીઓ, ઇંડાં અને દૂધ અને અન્ય ડેરી આઈટમો. **વનસ્પતિ યુક્ત પદાર્થો :** આપણે જે તેલનો ઉપયોગ કરીએ છીએ તે બધા તેલ, ઘી, આશરે ૧૪ જેટલા તેલ ઉપલબ્ધ છે. કયું તેલ વાપરવું અને ન વાપરવું તે આપણો વિષય નથી પણ તેલનો અને તે પણ તળેલા તેલનો વારંવાર ઉપયોગ નુકસાન કરે, તે લખી રાખજો. કારણકે તેલ ચરબી છે અને તેનો વારંવાર અતિ ઉપયોગ શરીરને સ્થુળ કરે છે જે પાછળથી અનેક રોગોને આમંત્રણ આપે છે. તેલોમાં ચરબીનું પ્રમાણ અલગ અલગ હોય છે. શાકપાન, અનાજ વગેરેમાં સૂક્ષ્મ પ્રમાણમાં ચરબી રહેલી છે. નાળિયેર અને એવાકોડામાં ચરબીના સમૃદ્ધ સ્રોત છે (એક્સપર્ટ ઓપીનિયન મુજબ શક્ય હોય તો અદૃશ્ય તેલ ખાવું યોગ્ય છે અને દૃશ્ય તેલ ખાવું જ હોય તો ૨૫% મુફા, ૭૫% પુફા અને માત્ર ૫% સંતૃપ્ત તેલ યોગ્ય રહેશે. આ માટે આ વિષયના કોઈ જાણકારની સલાહ લઈ શકાય.)

ચરબીની દૈનિક જરૂરિયાત વ્યક્તિની ઉંમર, શારીરિક ક્ષમતા, જીવનશૈલી, રોજિંદી કામગીરીનો પ્રકાર વગેરે પર આધારિત છે. જેવી જેની તાસીર. ભારતની પુખ્ત વ્યક્તિએ રોજની ૨૦થી ૪૦ ગ્રામ ચરબી ખોરાક મારફતે લેવી જોઈએ.

માનવ શરીરમાં ટ્રાઈગ્લિસરાઈડ્સ અને કોલેસ્ટેરોલ પણ બને છે અને વળી ખાવામાં આવતા ચરબીયુક્ત ખોરાકમાંથી પણ આ બંને રસાયણો બને છે. આ બંનેના પ્રમાણમાં વધઘટ શરીરને તકલીફમાં મૂકી શકે. આ બંને શરીર માટે ઉપયોગી પણ છે. કોલેસ્ટેરોલ આપણા શરીરમાં પિત્ત

અને હોર્મોન બનાવે છે અને પાચનના કાર્યમાં મદદરૂપ બને છે. ટ્રાઇગ્લિસરાઇડ્સ શરીરના લીવર, સ્નાયુઓના અને એડિપોઝ પેશીઓમાં જમા થાય છે. ટ્રાઇગ્લિસરાઇડ્સ ઊર્જા આપે છે. પ્રોટીન અને લિપિડના સંયોજનથી લીપોપ્રોટીન બને છે. આ કોલેસ્ટેરોલ છે. લીપોપ્રોટીનના કેટલાક પ્રકારો લોહીમાં જોવા મળે છે – High Density Lipoprotein (HDL). આ સારું અને આરોગ્યપ્રદ કોલેસ્ટેરોલ છે, હૃદય માટે સારું છે. લો ડેન્સિટી લીપોપ્રોટીન (LDL), વેરી લો ડેન્સિટી લીપોપ્રોટીન (VLDL) – આ બંને ખરાબ અને હૃદય માટે જોખમકારક કહેવાય છે. ટ્રાઇગ્લિસરાઇડ્સ જો વધારે પ્રમાણમાં હોય તો તે પણ સારું નહીં. લોહીની નળીઓમાં કોલેસ્ટેરોલ અને કેલ્શિયમ જેવા પદાર્થોથી જમા થતા લોહીની નળીઓ જામ થતાં હૃદય અને અન્ય અંગોને લોહી ના મળે. જેથી તંદુરસ્તી માટે જોખમકારક છે.

ફેટીએસિડના લગભગ ૨૨ પ્રકાર છે. આ બધાના કાર્બન અને હાઇડ્રોજનના અણુઓની સંરચના જટીલ છે, જેની વાત જવા દઈએ. ફેટીએસિડ્સનું વિભાજન આ મુજબ છે : (૧) સંતૃપ્ત ફેટીએસિડ્સ (Saturated Fatty Acids) જેમાં લોરીક એસિડ્સ અને પાલમિક એસિડ્સ છે. (૨) અસંતૃપ્ત ફેટીએસિડ્સ (Unsaturated Fatty Acids) જે વળી બે પ્રકારમાં વિભાજિત થાય છે : (અ) મોનો અનસેચ્યુરેટેડ ફેટીએસિડ્સ (મુફા) જેમાં ઓલેસિક એસિડ્સ છે. (બ) પોલીઅનસેચ્યુરેટેડ પોલી ફેટીએસિડ્સ (પુફા) જમાં લીનોલીક એસિડ્સ અને અ - લીનોલિક એસિડ્સ. ઉક્ત બાબતે બહુ કહેવાની જરૂર નથી. પણ એટલું કહીશ કે ઘી, દૂધ, માખણ, વિ. સંતૃપ્ત ચરબી છે. મોટેભાગે વનસ્પતિ તેલમાં અસંતૃપ્ત ફેટીએસિડ્સ હોય છે. સંતૃપ્ત ફેટીએસિડ્સનું પ્રમાણ ઓછું હોય પણ અપવાદરૂપે નાળિયેરના તેલ અને પામ ઑઇલમાં સંતૃપ્ત ફેટી એસિડ્સનું પ્રમાણ ખૂબ હોય. બધા જ તેલમાં સેચ્યુરેટેડ, મુફા અને પુફાના પ્રમાણમાં વત્તા ઓછાપણું હોય છે. બધા તેલમાં ત્રણેય ફેટીએસિડ્સનું પ્રમાણ એક સરખું ના હોય. માંસાહારી પદાર્થોમાં ચરબીનું પ્રમાણ ઘણું મનાય છે.

- **ચરબીના કાર્યો :**

**ઊર્જા આપે છે, વાનગીઓમાં સ્વાદ આવે છે, રસોઇ સુગંધમય બને જેથી ખાવાની મજા પડે. વિટામિનો- એ, ડી, ઇ અને કે ચરબીમાં સંપૂર્ણ ઓગળી જાય. જેથી આ ચારેય વિટામિનો બધા જ કોષોને મળે અને આ વિટામિનોનો લાભ શરીરને મળે. ચરબી ઉષ્ણતાનું અવાહક છે. જેથી શરીરના કોષોને ઉષ્મા પ્રાપ્ત થાય અને કોષોમાં ગરમી જળવાઈ રહે. ચરબીને કારણે ત્વચા, વાળ વિ. મુલાયમ અને સુંવાળા રહે છે. ચરબીમાં રહેલા સારા પ્રકારના એસિડ્સ શરીરને સ્વસ્થ અને તંદુરસ્ત રાખે છે. બધા અંગોમાં સ્ફૂર્તિ રહે અને અંગો અસરકારક રીતે કામ કરી શકે. પ્રમાણસર ચરબી શરીર માટે લાભકર્તા છે.**

હવે જો અપ્રમાણસર ચરબી ખોરાક દ્વારા શરીરને મળે તો શું થાય તે જોઈએ. કોઈ પણ તત્ત્વ શરીરમાં જમા થાય તેવા તત્ત્વો વધારે લેવાય કે ઓછા લેવાય ત્યારે નુકસાન તો શરીરને જ ભોગવવાનું આવે. જો ચરબી વિવેકભાન રાખ્યા વગર ખાવામાં આવે ત્યારે ચરબીનો વધારે જથ્થો જમા થાય અને શરીરમાં મેદ વધે અને આળસુ અને બેઠાડું હોઈએ તો વહેલું મોડું શરીર માંદુ પડે. ગંભીર પ્રકારની માંદગી આવી શકે છે. અને જો ચરબીની ઉણપ લાંબો વખત રહે ત્યારે પણ માંદગી થઈ શકે છે. ઉણપથી શારીરિક અને માનસિક માંદગી આવે, ચામડી શુષ્ક થઈ જાય, ચામડી અને વાળ કોરા પડે, મુલાયમતા ગુમાવે. તેલની સાથે પાણી પણ ઘટે એટલે ડ્રાય સ્કીનનો પ્રોબ્લેમ થાય. વિટામિનો - એ, ડી, ઇ અને કે ચરબીની અછતને કારણે દ્રવ્યતા ગુમાવે જે સ્થિતિ નુકસાનકારક બની જાય. આંખોની દૃષ્ટિમાં ઝાંખપ આવે, રતાંધળાપણું આવે, રોગપ્રતિરોધક ક્ષમતા ઓછી થાય, હાડકા પોચાં પડે, લોહી ન ગંઠાય જેથી રક્તસ્રાવ થઈ શકે, ચરબીની કમીથી અવયવોની કાર્યક્ષમતા ઘટે, ઊર્જા અને ઉષ્મા ન રહે.

*ચરબી, કાર્બોહાઈડ્રેટ્સ અને પ્રોટીનની ઉણપના કારણો જાણીએ :*

કૂપોષણ, ભૂખમરો, શાકપાન, ફળો, અનાજ - કઠોળ, તેલ, ઘી, દૂધ વગેરેમાં ભાવવધારો, બદલાયેલી ભોજનશૈલી અને જીવનશૈલી, ફાસ્ટફુડ, જંક અને પ્રોસેસ્ડ ફુડ અને બજારૂ પીણા વારંવાર ખાવાપીવાની કુટેવ, મદ્યપાન અને ધૂમ્રપાન, ગંભીર બીમારી, પેટ, આંતરડાની સર્જરી, પાચનની તકલીફ વિ. ભારતમાં અને ગુજરાતમાં સઘળા પોષક તત્ત્વોની ઉણપની વિગત અખબારોમાં વારંવાર વાંચવા મળે છે.

ખોરાકમાં સમાયેલા ત્રણેય પ્રમુખ ઘટકો ઊર્જા આપે છે. ઊર્જા પ્રદાનના કાર્યમાં સૌથી પ્રથમ છે ચરબી, બીજું આવે કાર્બોહાઈડ્રેટ્સ અને પ્રોટીન આવે ત્રીજા સ્થાને. ચરબીના કાર્યો તમે સમજ્યા છો પણ આ લેખની સમાપ્તિવેળાએ કાર્બોહાઈડ્રેટ્સ અને પ્રોટીનના કાર્યોની વિગતનું પુનરાવર્તન કરીએ.

*કાર્બોહાઈડ્રેટ્સના કાર્યો :* **ચરબીના પાચન કાર્યમાં સહાય કરે છે, પ્રોટીનની ઊર્જાની બચત કરે. તેથી પ્રોટીન અન્ય**

(અનુસંધાન : જુઓ પાના નં.-૮૩ ઉપર)

વાર્તા

# વૃક્ષનો ટેકો બની વેલ

• બલવીરસિંહ જાડેજા •

'દિલીપભાઈ, એક દીપ બીડીની ઝૂડી આલો ને...' પાનના ગલ્લે આવેલા શકરાજીએ હંમેશાં પીતા, દીપ બીડીની ઝૂડી માંગી.

'દીપની ઝૂડી નથી. બીજી કોઈ લઈ જા.'

'કેમ દીપ નથી?'

'તને હવે દીપ બીડી ક્યાંય નહીં મળે.'

'કેમ?'

'ખબર નથી, દીપ બીડીવાળાની પેઢી કાચી પડી.'

'હેં...! શું વાત કરો છો?'

'હા, સાચી વાત છે. રાવજી મંગળની પેઢી જે દીપ નામે મધ્ય પ્રદેશમાં ભાગીદારીમાં બીડી બનાવતા હતા તેમાં ત્યાંના ભાગીદારોએ ઘાલમેલ કરી અને પેઢી કાચી પડી. અહીંથી ખરીદેલી તમાકુનું વલણ ચૂકવાયું નહીં એટલે નવી તમાકુ આપવાનું ખેડૂતોએ બંધ કર્યું અને ઉઘરાણીવાળાઓએ લાઈન લગાવી.'

આવી જ વાતો ખેડા જિલ્લાના ચરોતર પંથકના ગામડે ગામડે પ્રખ્યાત દીપ બીડીવાળાની પેઢી 'રાવજી મંગળ'ના નામે ચલાવતા ભાઈઓ દીપ અને જીત અને નાનો ભાઈ, જે હજી કૉલેજમાં વિદ્યાનગરમાં ભણતો હતો તે નીતને લોકો પૂછતા હતા કે, 'શું થયું?'

'કાંઈ નથી થયું.'

'કાંઈક તો થયું જ હોય ને! નહિંતર આટલા વરસોની પ્રખ્યાત પેઢી અને આવી લોકપ્રિય લોકભોગ્ય બીડી દીપને બંધ કરવાનો વખત કેમ આવે?'

'દઈ જાણે!' બોલીને બીડીના બંધાણીઓ બીજી કોઈ બ્રાન્ડની બીડી, નાછૂટકે ખરીદીને ચાલતી પકડતા.

દીપ અને જીતને તો સૂઝ નહોતી પડતી કે કરવું શું? લોકોને જવાબ શું આપવો? અને વલણ ચૂકવવા પૈસા ક્યાંથી કાઢવા?

ત્યાં તો વડોદરા રહેતી, ઉંમરમાં ૧૨ વરસ મોટી, ઓરમાન બહેન પ્રવીણા અને બનેવી સમીરકુમાર, જે બેંક ઓફ બરોડામાં લોન વિભાગના, ઝોનલ મેનેજરના પદ ઉપર હતા, તે ભાઈઓ પાસે આવી પહોંચ્યા. નાનો નીત એટલે કે નીતિષ તો ધંધામાં સાવ અજાણ્યો. બાકી બંને મોટા ભાઈઓ દીપ એટલે કે દીપક – જેના નામે, જેના જન્મ સમયે, નામકરણ કર્યા પછી, દાદા મંગળદાસે દીપ બીડી, મધ્યપ્રદેશમાં ભાગીદારીમાં બનાવવી શરૂ કરેલી. અહીંથી ચરોતરમાંથી તમાકુ પોતાની બેત્રાણ ખરી (ખળી) માંથી મોકલે. ટીમરૂ પત્તા એટલે કે બીડી પત્તા મધ્ય પ્રદેશમાં મળે એટલે ત્યાં વિદિશાની નજીક દીપ બીડી બનાવે અને આખા ભારતમાં વેચાણ કરે. ગુજરાત રાજયનો કારોબાર પોતે મંગળદાસ અને દીકરા રાવજીભાઈ સંભાળે. રાવજી મંગળની પેઢી એટલે ખેડા જિલ્લાનું આગળ પડતું વેપારી નામ.

મંગળદાસના સ્વર્ગવાસ પછી રાવજીભાઈ કારોબાર સંભાળતા બંને દીકરાઓ દીપ અને જીત, એસ.એસ.સી. સુધી ભણીને ધંધામાં લાગી ગયા હતા. એ પહેલાં આગલા ઘરવાળાથી જન્મેલી દીકરી પ્રવીણાને પિતા મંગળદાસે, પોતાના ૨૭ ગામના ગોળમાં, સમીરકુમાર સાથે પરણાવેલી. સમીરકુમાર એમ.કોમ. થઈને બેંકમાં લાગેલા અને ધીમે ધીમે આજે ૨૦ વર્ષ પછી ઝોનલ મેનેજર સુધી પહોંચી ગયા. તેમના સંતાનો બે દીકરા અને એક દીકરી, ચરોતરના મોટાભાગના પાટીદારોની જેમ અમેરિકા જઈને ભણ્યા અને ત્યાં જ વસી ગયા.

થોડા વરસ પહેલાં પિતા રાવજીભાઈ પણ સામાન્ય રીતે બીડીના વ્યવસાયમાં હોવાથી અને બાળપણથી બીડી પીવાની આદત અને બંધાણને લઈને હાર્ટ ઍટેકથી સ્વર્ગે સિધાવ્યા. બંને ભાઈઓ, ધંધો જરૂર સંભાળતા પણ પિતા અને દાદાની કુનેહનો અભાવ હોવાથી, બીડી બનાવતા ભાગીદારોએ દગો કરી, પૈસા ઘર ભેગા કરી રહ્યા હતા તેની ગંધ આવે એ પહેલાં જ પેઢીને ફડચામાં લઈ જવા મજબૂર થવું પડ્યું.

દીપ અને જીત તો, મોટી બહેન અને બનેવી સમીરકુમારને જોઈને જ રડી પડ્યા. મોટી બહેન પ્રવીણાએ માંડ છાના રાખ્યા. 'ધંધામાં દગો થયો છે અને ખોટ ગઈ છે પણ જિંદગી તો હજી સલામત છે ને! ચરોતરનું પાણી પીધું છે એમ હિંમત હારી જવાય? ઊભા થાવ અને હું કહું એમ કરો.' બંને કે ત્રણેય ભાઈઓ તો દિશાશૂન્ય બની ગયેલા. મોટી બહેન કહે તેમ કરવા તૈયાર જ હતા.

સૌપ્રથમ તો એમણે બીજા તમાકુના, આજુબાજુના ગામોના વેપારીઓનો અને ખરી માલિકોનો સંપર્ક સાધ્યો પણ એક સાથે આટલી મોટી રકમ આપી, મિલ્કત વેચાતી લેવા કોણ તૈયાર થાય? એક-બે વેપારીઓએ પરિસ્થિતિનો લાભ લેવા,

બહુ નજીવી કિંમત મૂકીને સ્થાવર જંગમ મિલ્કત લેવા તૈયારી બતાવી. જેનાથી કામ નિપટાવાય તેમ નહોતું. બંને ભાઈઓ અને બહેન પ્રવીણાએ શક્ય બધા પ્રયત્નો મિલ્કત વેચવા કર્યા પણ કોઈ રીતે મેળ પડતો નહોતો. ત્યાં સુધીમાં, અગાઉ જેમની પાસેથી તમાકુ ખરીદેલી, તે ખેડૂતો એક પછી એક, પોતાના બાકી પૈસાની ઉઘરાણી માટે આવતા રહેતા. બધાને વાયદા કરી, શાંતિ રાખવા પ્રયત્ન કરતા. પરંતુ કાનો-કાન ફેલાતી વાતો કે અફવા અને જેટલા મોઢા એટલી વાતોને કેમ પહોંચાય! એટલે પ્રવીણાએ પતિ અને ભાઈઓ સાથે ચર્ચા વિચારણા કરી, પોતાની પેઢીના ચોપડે જે ખેડૂતોના, લેણદારોના નામ હતા, તેમને સૌને પોસ્ટકાર્ડ લખી એક દિવસ પોતાની ખલી (ખરી)માં સૌને આમંત્રિત કર્યા. સમયોચિત ચા-પાણી અને સાદા ભોજનની વ્યવસ્થા કરી. સૌને સમૂહમાં જણાવ્યું કે 'મધ્ય પ્રદેશના ભાગીદારોએ અમારી સાથે અંધારામાં રાખી દગો કર્યો છે. જે માટે અમે પછીથી કાર્યવાહી કરી, કાયદાકીય વ્યવસ્થા કરી રહ્યા છીએ. પરંતુ અમારો અને તમારો વરસો જૂનો સંબંધ, ફક્ત સામાજિક નથી રહ્યો પરંતુ કૌટુંબિક બની ગયો છે. રાવજી મંગળની પેઢીની શાખ આજ સુધી અને ભવિષ્યમાં પણ તમારા સૌને લીધે ઊભી થઈ છે અને બની રહેશે. ભવિષ્યમાં પણ ચરોતરના ખેડૂતો સાથેનો વ્યવહાર જળવાઈ રહેશે. રાવજી-મંગળની પેઢીની આબરૂને ઊની આંચ નહીં આવે એ ખાત્રી રાખજો. ફક્ત અમને થોડો સમય આપો અને એકાદ વરસની રાહ જુઓ. હવે અમારે તમારી સૌ પાસેથી કોઈ વસ્તુ જોઈતી નથી. જે નિયમો અને શરતો સાથે આટલા વરસોથી વ્યવહાર ચાલે છે તે રીતે જ બધાને ચૂકવણું થઈ જશે. અમારા આયોજન પ્રમાણે એકાદ વરસ પહેલાં જ સૌને ચૂકવણું શરૂ કરી દઈશું.'

પ્રવીણાએ પોતાની રીતે ખેડૂતોના સમૂહને, વડીલો, ભાઈઓ, કાકાઓ, દાદાઓને શાંતિથી સંબોધન કર્યું. જે કોઈએ પ્રશ્નો પૂછ્યા એના ભવિષ્યની કઈ રીતે પૈસા આવશે તે માહિતી અદ્યાર્થ રાખીને જવાબ આપી અને સૌનો વિશ્વાસ જીત્યો. ભોજન અને દીકરી જેવી પ્રવીણાના આત્મવિશ્વાસથી અંજાઈને સૌ ભોજન કરી વિદાય થયા. અને જેનું અન્ન પેટમાં જાય એની આંખની શરમ પણ ચોક્કસ ભાગ ભજવે જ. સૌને ખાત્રી થઈ કે 'સવાયો દીકરો' બની, રાવજીભાઈની પ્રવીણા, ચોક્કસ રસ્તો કાઢી, સૌને વલણ ચૂકવી દેશે.

હવે બજાર કિંમતે મિલ્કત લેવા કોઈ તૈયાર નથી. વળી ધંધો બંધ કરી, જે મળે તે વેચીને પૈસા ચૂકવ્યા પછી, ત્રણે ભાઇઓ અને કુટુંબનું શું?

બહેન પ્રવીણાએ કુટુંબને ભેગું કર્યુ. 'જુઓ મારા અને તમારા બંને ભાઈઓના લગ્ન, દાદા અને બાપુજીએ ધામધૂમથી કર્યા અને મને અને બંને ભાભીઓને આપણા રીવાજ મુજબ ઘણું ઘરેણું ચડાવ્યું છે. **આજના કાયદા મુજબ બાપની મિલ્કતમાં દીકરીનો હિસ્સો પણ દીકરા જેટલો જ સરકારે નક્કી કર્યો હોય, તો બાપના ધંધાની નુકસાનીમાં પણ દીકરીની જવાબદારી દીકરાઓ જેટલી જ બને છે અને ફરજનો એક ભાગ બને છે કે નુકસાનીમાં પણ ભાગ આપવો. કદાચ કાયદાનું આ રીતે અર્થઘટન થયું હોય કે નહીં, પણ હું પહેલ કરૂં છું. અને મને મળેલું બધું જ સોનું મારા તરફથી આપું છું.** નાનાભાઈ નીતુના હજી લગ્ન થયા નથી. તમારા બંને ભાઈઓની પત્નીઓને આપેલું સોનું અને મારૂં સોનું, હું સમીરની બેંકમાં, થાપણ કે સીક્યોરીટી રૂપે મૂકી, લોન લેવાની વિચારણા કરૂં છું. પણ હા, હવે તમાકુનો ધંધો નહીં. આમેય તમાકુથી લોકોના જીવન બરબાદ થાય છે અને કેન્સર જેવા રોગોથી જિંદગી ટૂંકાઈ જાય છે. વળી સરકારે પણ તમાકુને મહત્ત્વ આપવાનું ઓછું કરી અને જતે દિવસે પ્રોત્સાહન સાવ બંધ કરી દેવાની છે એવા અણસાર આવી રહ્યા છે. આપણા વડીલોએ, જે તે સમયે કરેલો ધંધો તે વખતે યોગ્ય હતો, હવે નથી. મને બીજી એક ધંધાની 'લાઈન' સૂઝે છે. તમારી પાસે પણ તમાકુ સિવાયના બીજા ધંધાના વિચાર હોય તો જણાવો. પણ આજ સ્થાવર મિલ્કતનો ઉપયોગ થઈ શકે અને અહીં જ આપણે આપણા વતનમાં, શાંતિથી કારોબાર કરી, પહેલાં જેવી જ આબરૂ અને શાખ ઊભી થાય માટે, ભલે હરીફાઈ છે પણ મને મારી ઉપર અને તમારા — ભાઈઓ ઉપર વિશ્વાસ છે અને એક વખત ભાગીદારોએ કરેલા દગાથી શીખેલા, 'દૂધના દાઝેલા છાશ ફૂંકીને પીવે' એ કહેવત અનુસાર, કોઈને પણ ભાગીદાર રાખ્યા વિના, આપણે આપણી મહેનત - આવડતથી ફરી ઊભા થઈશું.' કહીને પ્રવીણાએ ભાઈઓને પ્રોત્સાહિત કરી, તેમનામાં ઉત્સાહનો સંચાર કર્યો. ફરી ઉમેર્યું કે, 'મારા સંતાનો તો હવે અમેરિકા જ સેટ થઈ ગયા છે. હું અહીં અને વડોદરા આવતી જતી રહીશ. સમીર, તમારા બનેવીને જરૂર થોડી તકલીફ પડશે પરંતુ એમણે મને બધું જ કરવાની ખાત્રી સાથે મારા દરેક કામ માટે તન-મન અને ધનથી પડખે ઊભા રહેવાની બાંહેધરી આપી છે. માટે બોલો છે, કબૂલ મારી વાત?'

'પણ મોટી બહેન, ધંધો શેનો? કાંઈ ફોડ પાડો તો સમજાય ને?' ભાઈ જીતે પ્રશ્ન કર્યો.

'જુઓ, આપણી આ ખરી (ખળી)ને 'કોલ્ડ સ્ટોરેજ' માં ફેરવી નાખીએ. તમે બંને ભાઈઓ અહીં કોલ્ડ સ્ટોરેજનું રાત-દિવસ ચાલુ રાખવાનો હોઈ, વારાફરતી મેનેજમેન્ટ કરજો. હું અને નીતુ અમે ગ્રાહકો અને રાખવા માટે માલ શોધી લાવીશું. બોલો, કેમ લાગ્યો મારો વિચાર કે આઈડિયા?'

કેટલાય વખત પછી કુટુંબના બધા સભ્યોના ચહેરા પર ઉત્સાહ અને આનંદની ઝાંખી જોવા મળી. અને આ રીતે થયું પ્રવીણા કોલ્ડ સ્ટોરેજ. બહેન પ્રવીણા, બંને ભાઈઓની પત્નીઓ ઉષા અને ઈન્દ્રા તેમજ નાનો ભાઈ નીતુ, ભાગીદાર બન્યા. બંને ભાઈઓનો પગાર મેનેજર તરીકે નક્કી થયો. જેથી ઘર ખર્ચ ચલાવવામાં અનુકૂળતા રહે. ત્રણેયના ઘરેણાની સામે, જેની કિંમત અંદાજે એક કરોડ થતી હતી, તે થાપણ સામે ૯૦ લાખની બેંક ઓફ બરોડામાં સમીરકુમારે પોતાના કુટુંબના સભ્યોને ગેરન્ટર બનાવી લોન પાસ કરાવી. લગભગ ૩૫ લાખના ખર્ચ સાથે, ખરીને કોલ્ડ સ્ટોરેજમાં ફેરવી મોટાપાયે જાહેરાત કરી શરૂ કર્યું પ્રવીણા કોલ્ડ સ્ટોરેજ.

ખેડા જિલ્લામાં બટાકા, કેળા, પપૈયા જેવા પાક લેવાની શરૂઆત થઈ ચૂકી હતી. કોલ્ડ સ્ટોરેજનો વ્યાપ પણ શરૂ થઈ ગયો હતો. હરીફાઈ પણ હતી છતાં હિંમત હાર્યા વિના પ્રવીણા અને ભાઈ નીતુએ, ગામેગામ ફરી, જૂના ખેડૂત મિત્રો જે આ પાક પકવતા, તેમને મળી, ખરીદી કરી અથવા જે લોકો પોતાનો માલ મૂકવા માંગતા હોય તેમને બજાર કરતાં ઓછા અથવા વધારે વ્યાજબી ભાવે, આકર્ષીને માલ મેળવવા મહેનત કરવા લાગી ગયા.

અને કાળનું ચક્ર, મહેનત, આવડત, સુઝબુઝ અને નસીબ અને પુરૂષાર્થના બળે સાનુકૂળ રીતે ફરવા લાગ્યું. લોનમાંથી વધેલી રકમ, ધંધાના વિકાસ કે જરૂરી ખર્ચ સિવાય વાપરવાની નહીં. 'ત્રેવડ ત્રીજો ભાઈ' કહેવત અનુસાર જ્યાં કરકસર થઈ શકે ત્યાં કરવાની, શ્રીમંતાઈનો ખોટો દેખાડો કે મોજશોખમાં નાણાંનો વ્યય બંધ છતાં સમાજમાં સારા-નરસા પ્રસંગોએ, રાવજી-મંગળની પેઢીનું નામ જળવાઈ રહે તે જોવાનું તેવી પ્રવીણાબહેનની ભાઈઓ અને કુટુંબના સભ્યોને સખત તાકીદ હતી. ત્રણે ભાઈઓ પણ મોટી બહેનની કોઠાસુઝ અને આવડતનો અહેસાસ કરવા લાગ્યા. બંને ભાભીઓ તો જાણે નવજીવન પામ્યાનો આનંદ અનુભવી રહી.

ત્યાં તો... એક વધુ ખુશ ખબરની મોટી બહેને જાહેરાત કરી. પ્રવીણા બહેનનો મોટો દીકરો સિધ્ધાર્થ ઉર્ફે સીડ (અમેરિકામાં પ્રચલિત નામ) ન્યુયોર્કની લોઈડ ઈન્ટરનેશનલ ઈન્સ્યોરન્સ કંપનીમાં એક વરસથી જોડાયો હતો. એક વરસમાં જ તેણે પોતાના પ્રેક્ટીકલ વિચારો અને આઈડિયાથી કંપનીના કામકાજમાં ૨૫%નો અંદાજે વધારો કરી આપ્યો અને નફામાં વધારો થતા સિધ્ધાર્થને હાઈરાઈઝ ઈન્ક્રીમેન્ટ મળતાં તેને વધારાની આવક થઈ. મમ્મી પ્રવીણાએ આજ્ઞાંકિત દીકરા સીડને પરિસ્થિતિ સમજાવી, બોનસમાં મળેલા વધારાના પૈસાનો, વગર વ્યાજની લોન તરીકે, એક લાખ ડોલરની રકમ, પ્રવીણા કોલ્ડ સ્ટોરેજમાં રોકવા સમજાવ્યો જે તાત્કાલિક તબદીલ થતાં પ્રવીણા કોલ્ડ સ્ટોરેજની સ્થિતિ વધુ મજબૂત બની. પછી તો જોઈએ જ શું?

પ્રવીણાએ દીપ બીડીના ભાગીદારોએ કરેલા વિશ્વાસઘાત અને કાગળોમાં ગોટાળાઓ કરેલા અને અહીં રાવજી - મંગળની પેઢીને અંધારામાં રાખેલા તે અંગે, મુસ્તાક થઈને, પોતે કરેલા પરાક્રમો કે હોંશિયારીના નશામાં મહાલતા ભાગીદારો સાથે ત્યાંની કોર્ટમાં કેસ શરૂ કરવા, પ્રખ્યાત અને હોંશિયાર તેમજ નિષ્ણાત વકીલો રોકી, કાર્યવાહી શરૂ કરી. એમ.પી.ના ભાગીદારોના પગ નીચે રેલો આવતાં અને બેદરકારીથી કરેલા ગોટાળાના કાગળો તેમની સામેના પુરાવા રૂપે રજૂ થતાં અને નિષ્ણાત વકીલો સજા અને મિલ્કત જપ્તી વિના છોડશે નહીં તેવું જાણી પોતાનો કેસ નબળો છે એની ખાત્રી થતાં, પ્રવીણા અને ભાઈઓ પાસે સમાધાનની 'ઑફર' મૂકી.

ભાઈઓને સમજાવી, આવી તક ફરી નહીં મળે અને ગયેલામાંથી જે મળે છે તે સ્વિકારી, તાત્કાલિક છેડો ફાડવાની ગણતરીએ એક વખતના ૨૫ લાખના રોકાણ સામે આજના ૭૫ લાખની રકમ વિશ્વાસઘાતી ભાગીદારો પાસેથી લઈને સમાધાન કર્યું.

બસ, હવે સુખનો સૂરજ ઉગી ગયો હતો. એક વરસ માંડ પૂરું થયું ત્યાં તો, સૌથી ઓછી રકમની ઉઘરાણીવાળાઓથી શરૂઆત કરી, ખેડૂતો અને તમાકુના બાકી રહેતા નાણાં ચૂકવવાની - પરત આપવાનું શરૂ કર્યું. પરંતુ આટલેથી નહીં અટકતા આજના આધુનિક મીડિયા તેમજ ચરોતરના પ્રખ્યાત દૈનિક પેપર જેવા કે 'આજનો પડકાર', 'ચરોતર હેરાલ્ડ', 'સરદાર ભૂમિ' જેવા ન્યુઝ પેપર તેમજ લોકલ ન્યુઝ ચેનલમાં 'પોતાને પૂરા પૈસા મળી ગયા છે...' એવા ફોટા સાથેના ઈન્ટરવ્યુના સમાચાર ચમકતા રહ્યા અને સૌ ખેડૂતોના વિશ્વાસ અને સંબંધમાં વધારો થયો. એક દોઢ વરસની દોડધામ અને સખત મહેનત પછી, પ્રવીણા અને ભાઈઓએ બેંકની લોન પરત આપવાની શરૂઆત કરી અને ધંધો વધુ વિકસતાં

અઢી વરસમાં પૂરી લોન ચૂકવી. ફરી લોન લઈને બીજા બે કોલ્ડ સ્ટોરેજ, ઉષાદીપ કોલ્ડ સ્ટોરેજ અને ઈન્દ્રજીત કોલ્ડ સ્ટોરેજ ચરોતરમાં જ બણ બીજા વિસ્તારમાં ઊભા કરી દીધા.

હવે તો પ્રવીણા કોલ્ડ સ્ટોરેજનું નામ લોકજીભે એવું તો ચડી ગયું કે **કર્ણાટકમાંથી તરબુચ, નાસિકથી ટમેટા તેમજ દ્રાક્ષ, ડીસાની બનાસ નદીના પટમાં પાકતા બટાકા તેમજ અન્ય જગ્યાએ પાકતા ફળફળાદિના વેપારીઓ, પોતાનો માલ પ્રવીણા કોલ્ડ સ્ટોરેજમાં મૂકવા લાગ્યા.** એટલે તો શરૂ કરેલા બીજા બંને કોલ્ડ સ્ટોરેજ, ધમધોકાર ચાલવા લાગ્યા.

ત્યારે બહેન પ્રવીણાએ ભલે હાશકારો અનુભવ્યો. પણ એના મનમાં નક્કી કરેલા અગત્યના કામ બાકી હતા. કયા કામ? બે કામ કુટુંબના અને એક કામ સામાજિક.

પતિ સમીરની, પ્રવીણાના દરેક કાર્યોમાં પૂરેપૂરો સહકાર અને પોતાના ભાગે આવતી જવાબદારી સ્વીકારવાની પૂરી તૈયારી હતી. હવે પોતાની નિવૃત્તિના થોડા વરસો જ બાકી હતા.

બે કામ કુટુંબના. એટલે કે બંને ભાઈઓની પત્નીઓ અને પોતાના મૂકેલા સોનાના ઘરેણા, જે સીક્યોરીટી થાપણ તરીકે મૂકેલા તે છોડાવ્યા અને બંને ભાભીઓને પરત કર્યા. અને પોતાના ઘરેણા! પતિ અને દીકરા દીકરીઓને વિશ્વાસમાં લઈ, નાના ભાઈ નીતુ માટે, ગરીબ પણ સંસ્કારી કુટુંબની કન્યા, બંને ભાભીઓ સાથે મળીને શોધી કાઢી. સાદાઈથી અમૃતા નામની કન્યાને, ભાઈ નીતુ પાસે, એકબીજાની પસંદગી પછી લગ્ન કર્યા. પોતાના ઘરેણા જે બંને મોટી ભાભીઓ દીપુ અને જીતુની પત્નીઓ જેટલા જ કે એટલી જ કિંમતના નીતુની પત્નીને વિના સંકોચે આપ્યા ત્યારે ઘર અને કુટુંબના સભ્યો પાસે, પ્રવીણાના ઉપકાર કે વખાણ માટે શબ્દો નહોતા પરંતુ હર્ષાસું જ વહી ગયા.

પણ હજી એક સામાજિક કામ બાકી હતું. જે પ્રવીણાના મનમાં, શરૂઆતથી જ, સ્થાન જમાવીને એક ખૂણામાં પડ્યું હતું.

હવે પ્રવીણાએ નવી ઝુંબેશ ઉપાડી.

જે પણ ચરોતરનો ખેડૂત, નાનો કે મોટો, ઓછી જમીનવાળો કે ટોચ મર્યાદાવાળો, ગમે તે જ્ઞાતિનો હોય, પટેલ, બારીયા, ક્ષત્રિય, ભોઈ, હરિજન કે અન્ય જ્ઞાતિનો ખેડૂત તમાકુનું વાવેતર નહીં કરવાની સાથે સાથે કુટુંબના કોઈ પણ સભ્ય, પીવા કે ખાવાની તમાકુનો કે અન્ય રીતે તમાકુનો સદંતર ઉપયોગ બંધ કરી, લાગલગાટ ત્રણ વરસ આ શરત નિભાવે તે સૌ કુટુંબોને 'ચરોતરના ચાંદ સૂરજ' ખિતાબથી સન્માનિત કરી રૂા. ૨૫,૦૦૦/- રોકડા અને તામ્રપત્ર સાથે કુટુંબના મોભી, ખેડૂત દંપતીનું જાહેરમાં સમારંભ યોજી અભિવાદન કરવું. આ વિચારને મૂર્તિમંત કરવા, ખાનગીમાં પતિ સમીરના સહકારથી, પરંતુ ત્રણેય ભાઈઓ અને કુટુંબથી ખાનગી રાખી, જુદી રાખેલી અને બચત કરેલી રકમ, ચક્રવૃધ્ધિ વ્યાજ સાથે સારી એવી ભેગી થયેલી હતી (ઉમદા હેતુ માટે ખાનગી રાખેલી હકીકતને બધા ભાઈઓ અને કુટુંબીઓએ આશ્ચર્ય અને આનંદ સાથે સ્વીકારી છતાં ખાનગી રાખવા માટે પ્રવીણાએ સૌની માફી માંગી). તમાકુ સિવાયના વેપારીઓ અને સમાજના ઉત્કર્ષ માટે, કામ કરતી સંસ્થાઓ પાસે ટહેલ નાખી, પ્રવીણાએ વધુને વધુ રકમ મેળવી આ ઉમદા હેતુ માટે જરૂરી ફંડ એકઠું કર્યું.

આ અભિયાનનો આવિષ્કાર થતાં, ફરી પતિ સમીરની નિવૃત્તિ સાથે, પ્રવીણા કોલ્ડ સ્ટોરેજ નાનાભાઈ નીતુને સોંપી, પોતાના સંતાનો પાસે જવાની રજા, ભાઈઓ અને કુટુંબ પાસે માંગણી મૂકી.

'એમ કાંઈ મોટી બહેનને જવા દેવાય ખરી?' હા, સંતાનો પાસે જતા - આવતા રહેવાની સાથે, અમારે પણ વારંવાર મોટી બહેનના માર્ગદર્શનની જરૂર હોવાથી, કાયમ માટે તો નહીં જ જવા દઈએ. સૌએ જીદ લીધી. ત્યારે વરસનો અમુક સમય સંતાનો સાથે ને અમુક સમય ભાઈઓને ફાળવવાનું નક્કી કર્યું. સાથે સાથે ધંધામાંથી પોતાના ભાગની મળેલી રકમ સામાજિક કાર્યો માટે વાપરવાની વ્યવસ્થા કરી.

ચરોતરની તમાકુ વિરોધ કે ઉપયોગ વિરુધ્ધની કામગીરી અને તમાકુનો બહિષ્કાર કરનારા કુટુંબોના અભિવાદનની પ્રખ્યાતિ મીડિયા દ્વારા ભારત સરકારને જાણ થતાં, જે તે મંત્રાલયના પ્રધાનો કે અધિકારીઓ રાજ્ય સરકાર મારફતે સંપૂર્ણ કાર્યવાહીની વિગત મેળવી અને પ્રવીણાને 'પદ્મ' પુરસ્કાર માટે ભલામણ કરી.

જ્યારે પ્રવીણાનું નામ જાહેર થયું ત્યારે ચરોતરની પનોતી પુત્રી, સામાજિક ક્રાંતિની પ્રણેતા, જેણે સવાયા દીકરા બની, પિતાની પેઢી રાવજી મંગળની પેઢીના વટવૃક્ષનો ટેકો બનેલી વેલને સત્કારવા અને અભિનંદન આપવા માનવ મહેરામણ ઉમટ્યો ત્યારે પ્રવીણા કોલ્ડ સ્ટોરેજનું વિશાળ પરિસર પણ સાંકડું પડ્યું પરંતુ લોકોના પ્રેમ અને લાગણીના પૂરમાં ચરોતરની તમાકુ વહી નીકળી.

*૧૨, ઘરઆંગણ એપાર્ટમેન્ટ,*
*પ્રોફસર્સ કોલોની સામે,*
*'ચાઇલ્ડ કેર' પાછળ,*
*વિજય ચાર રસ્તા પાસે,*
*નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.*
*મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬*

વાર્તા

# ત્રિભેટે

• નવીન ત્રિપાઠી 'અલ્પ' •

ગામઠી નિશાળના શિક્ષક, બ્રાંચ પોસ્ટમાસ્ટર અને મંદિરના પૂજારી બબુ માસ્તર વહેલી સવારે આરતી કરી પછી ઘેરઘેર ફરે એટલે ઘરની વહુઆરુ ઘૂમટો તાણી, લાજ કાઢી નાનું બાળક હસી હસીને અને પ્રૌઢા હોય તો જે જે કહીને વાટકી લોટ આપતા, ને સોમવતી અમાસ, ચંદ્રગ્રહણ અને અન્ય પ્રસંગે તિથિની યાદ અપાવતા ત્યારે લોટ સાથે ઘી-ગોળનો સીધો પણ પામતા. વળી કોઈ સારા પ્રસંગે ઘરધણી ઓસરીમાં ચાકળો પાથરી આપે ત્યારે વાટકામાં ચા પીતા પીતા સાથે રાખેલા પંચાંગમાં જોઈને પંચક - ચોઘડિયાં, મુહૂર્ત - લગ્ન - સગાઈની તિથિ ને ક્યારેક તો ગાયભેંસ દૂધ ઓછું આપે તો તેનું નિદાન અને ઇલાજ કરી આપી રોકડી દક્ષિણા પણ પામતા. ગામમાં બ્રાહ્મણોના ઓછા ઘર એટલે શ્રાદ્ધપક્ષમાં તેમને રોજનાં નોતરાં મળતાં ને ક્યારેક તો એક જ દિવસમાં બે-ત્રણ ઘેર જમવા જતા અને પ્રસંગ સાચવી લેતા.

આઠ વાગે તેમની ગામઠી શાળા શરૂ થતી ને આખા ગામમાં સંભળાય તે રીતે પ્રાર્થના - આંકના ઘડિયાં છોકરાં બોલે ત્યારે માસ્તર છોકરાં બરાબર ભણાવે છે તેવો ગ્રામજનો સંતોષ મેળવતા ને દરમાસે છોકરાંની ફી હોંશે હોંશે આપતા. બપોરે ચા-પાણીથી પરવારે ત્યાં બરાબર બે વાગે ટપાલના થેલા સાથે ટપાલી હાજર થઈ જાય. ત્યારે તેની સાથે ગામના શેઠ - મંડળીના મંત્રી અને સરપંચ પણ આવી જતા ને પોતાની ટપાલ હાથોહાથ મેળવવા તથા ગામ પરગામની નવા જૂની જાણવા તથા બીજી ટપાલ કોની કોની છે તેની પણ પૂછપરછ કરી લેતા. ક્યારેક કોઈ મોટા ઘરનું રજિસ્ટર - પાર્સલ કે મનીઓર્ડર હોય ત્યારે તેઓ પોતે ચીવટ રાખીને હાથોહાથ આપવા પણ જતા અને વાડીમાંથી શાકભાજી વગેરે હક્કથી માંગી પણ લેતા.

રોજના નિયમ પ્રમાણે પોસ્ટમેન ટપાલનો થેલો લઈ આવ્યો ત્યારે તેની સાથે મંડળીના મંત્રી પણ હતા. માસ્તરે ટપાલનો થેલો ઝાટકી તેમને બેસવા કહ્યું ને મંત્રી બીજા લોકોની સાથે ખેતીવાડીની ચર્ચા કરવા લાગ્યા.

માસ્તરે બધી ટપાલ ગોઠવીને પોસ્ટમેનને આપી. પોસ્ટેમેને સિક્કા લગાવી હાજર હતા તેમને રૂબરૂ આપી. બાકીની ટપાલ શેરીના ક્રમ પ્રમાણે ગોઠવવા માંડી.

માસ્તરે કેશબેગ ખોલી રકમની ખાતરી આવેલા મનીઓર્ડર ફોર્મ પ્રમાણે કરી અને ચોપડામાં એની નોંધ કરવા લાગ્યા. આવેલા લોકો એક પછી એક વિદાય થયા.

મંત્રી કોઈ અગત્યનું કામ હોય તેમ બેઠા રહ્યા ને માસ્તર સાહેબ સાથે અલકમલકની વાતો કરતા બોલ્યા : 'માસ્તર સાહેબ! આજ તો કંઈ મનીઓર્ડર ઘણાં દેખાય છે. કોના કોના છે?'

ગામડાંગામમાં પરસ્પર વિશ્વાસ હોય. તેથી ખાનગી જેવું કંઈ ખાસ હોય નહીં. એટલે માસ્તરે નિખાલસતાથી કહ્યું, તમારા પટ્ટાવાળા પરભુનો મનીઓર્ડર છે પૂરા પાંચસોનો! આમ તો દરરોજ પૃચ્છા કરતો હતો પણ આજે જ કેમ દેખાતો નથી?

સાહેબ, એ તો પોતાના કામે બહાર ગયો છે! કદાચ ચાર-પાંચ દિવસ લાગી પણ જાય!

ગામડાંમાં આ ભારે દુઃખ! એકાદ બે દિવસ તો સાચવી લેવાય, સરકારી પ્રાંતની આ જ તકલીફ છે ભાઈ! માસ્તર બોલ્યા.

ને પછી બાકીના મનીઓર્ડર... ટપાલ વગેરે આપી પોસ્ટમેનને રવાનો કર્યો.

મંત્રીની આંખ આ સાંભળીને ચમકી ઉઠી. તેને થયું કે મારું કામ થઈ જશે. તેણે નમ્ર બનીને કહ્યું : 'સાહેબ... મારે કાલે બિયારણ લેવા શહેરમાં જવાનું છે ને ખેડૂતોની ઉઘરાણી બાકી છે. એટલે તમને વાંધો ન હોય તો આ રકમ બે દિવસ માટે મને ઉછીની આપો તો તમને પણ પૈસા સાચવવાની ઝંઝટ નહીં ને મારું તથા સાથેસાથે ગામનું કામ પણ થઈ જાય.

ભાઈ! તમને રૂપિયા આપવામાં વાંધો નથી. પણ તમે જાણો છો કે સરકારી પ્રાંત તેનાં ધણીને સમયસર ન ચૂકવાય તો ઉચાપત કહેવાય! ને પછી મારે જેલનાં સળિયા જ ગણવા પડે!

તેની ફિકર ન કરો. આપણો નાતો ક્યાં આજનો છે!

પટ્ટાવાળો આવી જાય તે પહેલાં આ રકમ તમને પાછી મળી જશે બરાબર ને? તે દિવસે તો માસ્તરે 'વિચારીશ' એમ કહીને વિદાય કર્યા. પણ આખી રાત ગડમથલમાં કાઢી. મંત્રીને રૂપિયા આપવામાં વાંધો ન હતો પણ રકમ સમયસર પાછી ન મળે તો? ક્યારેક

ક્યારેક વહેવાર સાચવવા તેમને સો-બસ્સો રૂપિયાની જરૂર પડતી ત્યારે મંત્રી આપતા પણ ખરા! એટલે તેમને ના પાડવી પણ કેવી રીતે? છતાં આવતીકાલે રવિવારની રજા છે એટલે વાંધો નહીં.

બીજા દિવસે વહેલી સવારે તેમની ખડકીનો દરવાજો ખટખટ્યો, તેમણે માળા ફેરવતાં ફેરવતાં દરવાજો ખોલ્યો, તો મંત્રીને જોયા. મંત્રીએ સીધું જ કહી નાખ્યું કે સાહેબ! હું શહેરમાં જાઉં છું જો પૈસા હમણાં આપો તો લેતો જ જાઉં!

માસ્તરે તેમને ઘરમાં આવવાનું કહ્યું ને પછી બોલ્યા, ભાઈ! તમને હું ના નથી પાડી શકતો પણ... પણ... સરકારી પ્રાંતનો આ રીતે ઉપયોગ કરતાં મારું મન નથી માનતું. પણ તમે બે દિવસનો વાયદો કરો છો એટલે લઈ જાવ! સોમવારે આપજો. એમ કહીને ધ્રુજતા હાથે રૂપિયા પાંચસોની રકમ આપીને કહ્યું... બાપલા, મારી લાજ જાય નહીં! જો જો ભલા!

તમે તેની ફિકર ન કરો, કહીને મંત્રી શહેરમાં જવા બસ સ્ટેન્ડ ગયા. માસ્તરે રજિસ્ટરમાં લાલ શાહીથી 'માલિક હાજર નથી તેથી પડતર'નો શેરો ભર્યો.

સોમવાર સુધી તેમણે બે દિવસ તો ઉચાટમાં વીતાવ્યા. મંત્રીને ઘેર ધક્કો ખાધો. ત્યાંથી જાણવા મળ્યું કે તેઓ પરબારા અમદાવાદ ગયા છે ને હજી બે દિવસ પછી આવશે. મંડળીનો પટ્ટાવાળો પરભુ ત્રણ-ચાર દિવસ ન આવે તેવી માસ્તરે પ્રાર્થના કરી. બીજા બે દિવસ વીતી ગયા. ઉપલી કચેરીએથી માલિક હાજર ન હોય તો રકમ જમા કરાવવાની સૂચના પણ આવી ગઈ.

સાંજે તેઓ મંદિરમાંથી ઘર તરફ જતા હતા ત્યાં રસ્તામાં જ પરભુ પટ્ટાવાળો સામે મળ્યો. તેણે સાહેબને જય જય કર્યા. માસ્તરે પણ સામે આજે અતિ નમ્ર બની હાસ્ય કર્યું ને કહ્યું, ક્યાં ગયો હતો ભાઈ? ક્યારે આવ્યો?

સાહેબ હું પરગામ ગયો હતો. મારી કંઈ ટપાલ હતી?

તેમને પ્રથમ તો ના કહેવાનું મન થઈ ગયું. પણ સાચાબોલા માણસથી સપનામાં પણ ખોટું નથી બોલાતું! તેમણે કહ્યું, તારો પાંચસોનો મનીઓર્ડર આવ્યો હતો ને મેં તારી તપાસ કરાવી પણ તું ગામમાં હાજર ન હતો. હવે બે-ત્રણ દિવસે તપાસ કરજે.

પટ્ટાવાળાએ કહ્યું, તો તો ઘણું સારું સાહેબ. મારી મા બીમાર છે એટલે તે રૂપિયા કામ આવી જશે!

તે રાત્રે તેમની દીકરીએ જમવાનું પીરસ્યું. પણ આજે ભૂખ નથી કહીને થાળીને પગે લાગ્યા. પછી ફળિયામાં ખાટલો ઢાળીને માળા ફેરવવા લાગ્યા. પણ આજે તેમનું ચિત્ત કશામાં લાગે તેમ ક્યાં હતું? પટ્ટાવાળો બે દિવસ પછી તો પૈસાની તપાસ કરવા આવશે જ. તો તેની સગવડ કઈ રીતે કરવી? સગવડ ન થાય તો જવાબ શો આપવો? તેની ગડમથલમાં જ અડધી રાત તો વીતી ગઈ!

ખૂબ જ વિચારને અંતે તેમનાં મનમાં ઝબકારો થયો કે દીકરી હમણાં સાસરેથી આંટો દેવા આવી છે, ને પોતાના દાગીના તેણે સાચવવા માટે આપ્યા છે, તે ઘરમાં જ પડ્યાં છે.

જો આ દાગીના ગીરવે રાખીને તે રકમ પટ્ટાવાળાને આપી દઉં તો હમણાં ચિંતા ટળી જાય ને આમ પણ મંડળીના મંત્રી બે દિવસમાં આવી જશે એટલે તે રૂપિયા આપી દાગીના છોડાવી લઈશ. આ નિર્ણય તેમને નછૂટકે પણ ગમ્યો! ને દરરોજ વહેલા જાગી જનારા આજે તેથી પણ વહેલા ઉઠીને ક્યારે સવાર પડે ને દાગીના ગીરવે રાખી પૈસા લઈ પટ્ટાવાળાને રકમ ચૂકતે કરાય તેની રાહ જોવા લાગ્યા.

નિત્યક્રમ પ્રમાણે તેઓ ગામમાં જવા નીકળ્યા ને શરૂઆત શેઠના ઘેરથી કરી. શેઠ વરંડામાં ખુરશી નાખીને ચા પીતા હતા. સાહેબને જોઈ આવકાર આપ્યો. તેમણે જય જય કહી જમાવ્યું. શેઠને નવાઈ લાગી કે સાહેબ આજે કંઈ વહેલા આવ્યા, નક્કી કાંઈ કામ જ હશે! માસ્તરે આડીઅવળી ચર્ચા પછી પોતાનું આવવાનું કારણ કહીને રૂપિયા પાંચસો આપવા વિનંતી કરી. શેઠ ગણતરીવાળા હતા. તેમણે વિચાર્યું કે ભલે માસ્તર ગામના જ છે. છતાં વખત નબળો છે ને તેઓ સમયસર પૈસા પાછા ન આપી શકે તો? તેથી શેઠ બોલ્યા, બાપા! તમારી બધી વાત સાચી, પણ હમણાં ધંધામાં મંદી છે. છતાં કાંઈ અવેજ ગીરવે રાખો તો ક્યાંકથી રકમ અપાવી દઉં!

આ વાત સાંભળીને માસ્તરે બંડીના ખિસ્સામાંથી પોટલી કાઢીને બંગડી તથા માથાની પીન ગીરવે રાખીને માત્ર અઠવાડિયાનો સવાલ છે એમ કહી રૂપિયા પાંચસો મેળવ્યા.

અલબત્ત મનમાં ઉચાટ જરૂર થયો કે મેં બાપ થઈને દીકરીના દાગીના ગીરવે રાખ્યા!

ટપાલ ટાઈમે પટ્ટાવાળાને રૂબરૂ બોલાવીને મનીઓર્ડર ચૂકતે કર્યો, ને કંઈક હાશકારો મેળવ્યો. હવે માત્ર મંડળીના મંત્રીની આવવાની રાહ જ જોવાની રહી!

સાંજની આરતી પૂરી કરી તેઓ ઘર તરફ જવા નીકળ્યા, ત્યાં રસ્તામાં જ તેમની દીકરી મળી ને કહ્યું કે મારા સાસુ-સસરા આવ્યા છે. એટલે સીધા ઘરે જ આવજો. માસ્તરને થયું કે કોઈ દિવસ નહીં ને આજે વેવાઈ ઓચિંતા કેમ આવ્યા? કાંઈ નવાજૂની તો નહીં હોય ને? ગડમથલ કરતા કરતા તેઓ ઘરે પહોંચ્યા.

ખડકીનો દરવાજો ખોલ્યો. વેવાઈ આંગણામાં ખાટલો ઢાળી બેઠા હતા. બે વેવાઈ મળ્યા જે જે કર્યા. ચા-પાણી થયા. માસ્તરને થયું કે વેવાઈને આવવાનું કારણ સીધું તો પૂછાય જ નહીં. એટલે ધીમે ધીમે વાતવાતમાં કહ્યું, કેમ છે અમારા જમાઈ, રાજીખુશીમાં ને?

અરે! વેવાઈ તેને તો જલસા છે જલસા! તેની પરદેશ જવાની પરમીટ આજે જ આવી ગઈ ને પરમ દિવસે તો તે વિદેશ જાય છે. હમણાં તો ભાઈબંધોને મળવામાંથી નવરો જ નથી થતો. જતાં પહેલાં તે અહીં તમને મળવા આવી જશે. અમે આજે તમારી દીકરીને તેડવા જ આવ્યા છીએ! તમારો જમાઈ પરદેશ જાય પછી ભલે તેને અહીં વધુ રોકાવું હોય તો રોકાય. એટલે દિવસ ઊગે જવાની રજા આપશો.

ને... બીજી વાતો જમતાં જમતાં થઈ. માસ્તરને માથે તો જાણે આભ તૂટી પડ્યું. તેમણે વિચાર્યું કે આ તું કેવી કપરી કસોટી કરી રહ્યો છે મારા પ્રભુ!

દીકરીને તેડવા વેવાઈ ભલે આવ્યા... પણ ગીરવે રાખેલા દાગીના છોડાવવાનો મેળ કેમ કરવો? વહેલી સવારમાં બસમાં તો આ લોકો જશે... રાત થોડી ને વેશ ઝાઝા...!

વેવાઈ માટે પથારી વગેરેની સગવડ કરીને હું હમણાં જ આવું છું કહી તેઓ ડેલીબહારે નીકળ્યા. ગામડાંમાં રાત પણ વહેલી થઈ જતી હોય છે! બે-ચાર કૂતરાં સળવળ્યાં. ઝાડ પરનાં પક્ષીએ પાંખો ફફડાવી. તેઓ આગળ વધ્યા ને ત્રિભેટો આવતા ઊભા રહ્યા. એક રસ્તો જતો હતો મંડળીના પટ્ટાવાળા પરભુના ઘર તરફ, બીજો રસ્તો જતો હતો શેઠના ઘર ભણી ને ત્રીજો આખરી રસ્તો અટકતો હતો ગામનાં તળાવ સુધી.

ત્યાં તળાવ પરથી કોઈના આવવાનો પગરવ સાંભળતાં માસ્તર ઘર ભણી પાછા વળતાં વિચારવા લાગ્યા કે, કોઈ પૂછશે કે અટાણે અહીંયા? તો શો જવાબ આપીશ?

વિચારમાં ને વિચારમાં તેઓ પોતાના ઘરની ડેલી પાસે પહોંચ્યા. ત્યાં જ પટ્ટાવાળો પ્રભુ મળ્યો, ને બોલ્યો, કાં સાહેબ! આ ટાણે કઈ બાજુ નીકળ્યા?

માસ્તર મનમાં ને મનમાં બોલ્યા, તું તો હાજરાહજૂર છે પ્રભુ! મારું કામ કરવા માટે જ તેં મને ત્રિભેટેથી પાછો વાળ્યો, નહીંતર હું ક્યારનોય... મારા પરભુ!

ને સવારે ઉપડતી બસમાં તે નિશ્ચિત મને દીકરીને વિદાય આપવા ગયા.

ને તે જ બસમાંથી મંડળીના મંત્રીને પણ ઉતરતા જોયા.

*ડી/૫, અરિહંત નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૭ ૬૫૬૬૨*

## ભુજમાં સાતમ-આઠમનો મેળો

**(અનુસંધાન : પાના નં.-૬૪ ઉપરથી ચાલુ)**

આ મેળો મહાદેવ નાકાથી શરૂ કરીને કલ્યાણેશ્વર મહાદેવના મંદિર સુધી ભરાતો. આમ હવે આ મેળાનો છેક ખેંગારબાગ ગાયત્રી મંદિર સુધી વિસ્તાર થવા પામ્યો છે. આમ, આ બે દિવસનો મેળો દેશ વિદેશમાં રહેતા તમામ કચ્છી લોકોના મતે કાયમનું સંભારણું બની રહે છે અને તેમાં જો ભુજનું પ્રિય હમીરસર તળાવ જો આખું ભરેલું હોય તો તો મેળો આખો યાદગાર બની જાય છે. મિત્રો, તે વખતે કોઈ વાહનના સાધનો ન હતા, છતાં પણ માણસો આરામથી મેળામાં ભાગ લેતા. જ્યારે આજે મેળામાં આજુબાજુ માણસોની જગ્યાએ વાહનોની કતારો જોવા મળે છે. આ ફરક તે વખતના અને આજના મેળામાં જોવા મળે છે. તે વખતે ચોરી ચકારીનો ભય નો'તો અને સ્ત્રીઓની આમન્યા જળવાતી. જે આજે અફસોસ સાથે કહેવું પડે છે કે આજે જળવાતી નથી. તે વખતે મોંઘવારી નહોતી જ્યારે આજે મોંઘવારી સાથે મેળો જોવા મળે છે. તે વખતે સ્વયંશિસ્ત હતી જે આજે જોવા નથી મળતી. આમ છતાં પણ મેળો એ મેળો! એ હાલો મેળે...! ભુજના સાતમ આઠમના મેળામાં... કાશ, મારી પાસે ટાઈમ મશીન હોત તો હું જરૂર ૮૦ વર્ષ પહેલાના મેળામાં પહોંચી જાત... તો આવો, કચ્છમાં મેળા માણવા. ખરેખર, કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા.

***E-mail : voramihirm@yahoo.com***

- ★ *સેવાનું કામ કોમન મેન કરતો હશે પણ વહીવટનું કામ તો વેપારી સ્વભાવ ધરાવતા લોકો જ કરતા હોય છે.*
- ★ *આપણા દેશના મોટા મંદિરો તો કોર્પોરેટ કંપની જેવા બની ગયા છે. કરોડોની આવક ધરાવતા આ મંદિરોમાં શ્રદ્ધાળુઓ પાસેથી પૈસા આવે છે પરંતુ દાનમાં મળેલી આ રકમના દસ ટકા પણ પ્રજા માટે વપરાતા નથી.*
- ★ *મંદિરો એ એક જગ્યા એવી છે કે જ્યાં લોકો પ્રેમથી પૈસા મૂકે છે. પરંતુ મંદિરના વહીવટદારોને ફિક્સ ડિપોઝીટ કરવામાં કે ભગવાનના દ્વાર સોનાના બનાવવામાં વધુ રસ હોય છે.*

લઘુ કથા

# પ્રમોશન

• વિનોદ સી. દવે •

નીતા, મધ્યમ વર્ગની સામાન્ય લાગતી યુવતી હતી. કોલેજમાં પ્રથમ વર્ગમાં પાસ થઈ ગઈ. અને તેના મા-બાપના આનંદનો કોઈ પાર ના રહ્યો! અને આવા કળિયુગમાં મોંઘવારીમાં કંપનીમાં મહેતાજી તરીકે નોકરી કરતાં મનસુખભાઈએ ટૂંકા પગારમાં પણ પોતાની લાડકી અને જીદ્દી દીકરી નીતાને ભણાવી. ભાડાના જ મકાનમાં રહેતા મનસુખભાઈ અને મંજુબેને ઈશ્વરનો ખૂબ આભાર માન્યો. તેમનો નાનો દીકરો રાજુ ધોરણ-૧૨ પાસ કરી પિતાજીને મદદ કરવા અધવચ્ચેથી અભ્યાસ છોડી કારખાનામાં કામે લાગ્યો હતો. રાજુ પણ સમજુ હતો. નીતા જીદ્દી હતી.

મનસુખભાઈને એક જ ચિંતા હતી કે નીતાનો અભ્યાસ પૂરો થઈ જાય તો કોઈ સારું પાત્ર મળે તો નીતાના હાથ પીળા કરી દઈએ! નીતાએ એ જ વર્ષે ગ્રેજ્યુએટ લેવલે બેંકની ક્લાર્કની પરીક્ષા આપી અને પ્રથમ પ્રયત્ને બેંકમાં પસંદગી પામી.

નીતાના મા-બાપ તો ભાવવિભોર બની ગયા! વાહ પ્રભુ, શું તારી કૃપા છે! અને નીતા નજીકની બ્રાંચમાં બેંક ઓફ ઈન્ડિયામાં નોકરીએ લાગી ગઈ.

ધીરે ધીરે નીતાના માંગા આવવા લાગ્યા. મનસુખભાઈએ નીતાને સમજાવી. 'બેટા, હવે ઉંમર થઈ ગઈ છે.' મંજુબેને પણ પોતાની દીકરીને યોગ્ય પાત્ર મળે તે માટે તપાસ આદરી. નીતાએ બેંકમાં નોકરી કરતા ચાર-પાંચ વર્ષ કાઢી નાખ્યા. છેવટે બેંકમાં આવતા એક ઉદ્યોગપતિના છોકરા જોડે પરિચય થતા ઘરમાં વાત કરી. મા-બાપ મૂંઝાયા. આપણી જ્ઞાતિ છોડી બીજી જ્ઞાતિમાં જવું તે શું યોગ્ય છે? આપણા સમાજમાં ભણેલા યુવકો નથી? છેવટે દીકરીના મનને રાજી રાખવા સંમત થયા!

નીતાના મમ્મી મંજુબેન દીકરીને સારો વર અને ઘર મળ્યા છે તે જાણી ખૂબ રાજી થયા. બંનેના વિવાહ થયા. લગ્નના છ મહિના બાદ, ખાતાકીય પરીક્ષા પાસ કરતા, નીતાને બેંકના બ્રાંચ મેનેજરનું પ્રમોશન મળવાનું હતું ત્યાં તો અચાનક નીતાને સમાચાર મળ્યા કે તમારા પતિએ ધંધામાં કરોડો રૂપિયાનું ફૂલેકુ ફેરવી નાદારી નોંધાવી છે! પોલીસ તપાસ કરતા ખબર પડી કે તેના પતિને પહેલી પત્નીએ છૂટાછેડા આપ્યા નહોતા અને કોર્ટમાં બધી જ સંપત્તિ પહેલી પત્નીના નામે થઈ ગઈ છે! તે મા બનવાની હતી અને તેના પતિને 'સરપ્રાઇઝ' આપી 'પ્રમોશન'માં 'તમે બાપ બનવાના છો!' એવા સમાચાર સંભળાવવા નીતા ઉત્સુક હતી. ઘરે બધાને 'પ્રમોશન'ના તથા 'મા' બનવાના સમાચાર આપવા ઇચ્છતી નીતાને તેના પતિએ છેતરી હતી. ઉતાવળમાં તેણે લીધેલો નિર્ણય તેને જ ભારે પડ્યો! તેને સમજાતું નહોતું કે હવે શું કરવું? તેના મમ્મી-પપ્પાના શબ્દો યાદ આવ્યા, 'બેટા, આપણે નાના માણસ છીએ. આપણી હેસિયત તો જોવી જોઈએને? દરેક વખતે બાજી આપણી નથી હોતી!'

નીતા ઘરે આવી. મમ્મી-પપ્પાને રડતી રડતી વળગી પડી. મંજુબેને હિંમત આપી. હજુ જાગ્યા ત્યાંથી સવાર...

બેટા, જિંદગી ક્યાં જતી રહી છે... સૌ સારું થશે.

*"ગાયત્રી કૃપા",*
*પ્લોટ નં. ૧૩૨/૪, વોર્ડ ૪/એ,*
*આદિપુર, કચ્છ.*

## માનવ ધર્મની મશાલથી લોકજાગૃતિ

(અનુસંધાન : પાના નં.-૬૫ ઉપરથી ચાલુ)

લલિતપુરના સવર્ણ લોકોએ તે મહિલાના વાળ ખેંચી ઢોર માર મારવામાં આવ્યો.

આપણા દેશમાં આવી કેટલીય અમાનવીય અત્યાચારોની ઘટનાઓ બને છે. આ શરમજનક અન્યાયી બનાવો ફક્ત કાયદાથી જ નિર્મૂળ થવાના નથી. માનવ ધર્મની મશાલ લઈ, લોકજાગૃતિ અભિયાનમાં દરેક ધર્માચાર્યો, સમાજ સુધારકોની સાથે આપણે સૌ સંકલ્પબધ્ધ થઈશું તો ડૉ. ભીમરાવ આંબેડકરે આપેલ સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાના પવિત્ર બંધારણના રક્ષક બની શકીશું.

જાતિગત ભેદ તોડવા અલગ કૂવા, અલગ મંદિર, અલગ સ્મશાન, અલગ વાસની ભાવના જ ખતમ કરવી પડશે. **'એક જ મંદિર અને એક જ સ્મશાન'** – આ નિર્ણયને આપણે સૌ જીવનના આચરણમાં ઉતારીએ એવી પ્રભુ સદ્‌બુધ્ધિ આપે.

*૧૫૦, ગણેશ નગર,*
*પોસ્ટ : ગાંધીધામ (કચ્છ) - ૩૭૦ ૨૦૧.*
*ફોન : (૦૨૮૩૬) ૨૫૨૮૨૫*
*મો. ૯૪૨૬૭ ૮૯૬૭૦*

સાંપ્રત મંચ

# સાંપ્રત પ્રશ્ન

• સંકલન : હસમુખ કે. મહેતા •

સાંપ્રત પ્રશ્નો પૈકી ''મોંઘવારીથી કઈ રીતે બચી શકાય?'' – આ વિષય પર અનેક સારા વિચારો અમને મળ્યા. તેમાં પણ શ્રી તુલસીદાસભાઈ કંસારા અને શ્રી નીતિન એચ. સંઘવીના વિચારો પ્રભાવશાળી રહ્યા. પરંતુ સૌથી ઉપયોગી વિચારોમાં પ્રથમ ક્રમે શ્રી ગુલાબચંદ ધારશી રાંભિયા અને દ્વિતીય ક્રમે શ્રી વિનોદ સી. દવેના નામ યોગ્ય લાગ્યા. સાંપ્રત પ્રશ્નોમાં નંબર, માત્ર ઔપચારિકતા છે પરંતુ મુખ્ય ધ્યેય આપણા જે-તે સમયના પ્રશ્નોની બૌધ્ધિક વિચારણા થકી છણાવટ થાય અને તે દરેકને ક્યાંક ને ક્યાંક લાભકર્તા બને એવી શુભ ભાવના છે. આગળ પણ આ વિચારમંચને આવી જ રીતે આવકારતા રહેશો એ જ અપેક્ષા સાથે.

હવે પછીનો સાંપ્રત પ્રશ્ન નીચે મુજબ છે....

**"શું મુખ્યમંત્રીની બદલી ગુજરાતની પ્રવર્તમાન સ્થિતિમાં કોઈ બદલાવ લાવી શકશે ખરી?"**

આ પ્રશ્નનો જવાબ ખૂબ જ વિચાર માંગતો જવાબ છે.

'કચ્છશ્રુતિ'ના વાચક વર્ગને આ વિચારશીલ પ્રશ્ને જવાબ આપવા અમે આહ્વાન કરીએ છીએ.

જાહેર પ્રજાના વિચારને વલોણું આપતો આ પ્રશ્ન છે.

બુધ્ધિશાળી લેખક વર્ગ અને એવા જ બુધ્ધિશાળી અને ચિંતનશીલ વાચકવર્ગને આ પ્રશ્ને લેખ લખીને મોકલી આપવા અમે આમંત્રિત કરીએ છીએ.

***તા. ૩૦-૮-૨૦૧૬ સુધી આપશ્રીનો લેખ અમને મળી જાય એ રીતે મોકલી આપવા અમે આપશ્રીને આમંત્રિત કરીએ છીએ.***

---

સાંપ્રત મંચ (જાહેર આહ્વાન)

# 'કચ્છશ્રુતિ'ના વાચક વર્ગને પત્ર

• રસિક મહેતા •

*પ્રિય વાંચક,*

તારી વાંચનશીલતાને વંદન.

હું છું 'કચ્છશ્રુતિ'નો તમારા સહુ પૈકીનો એક વાંચક. આપ સહુ સાથે સંવાદ કેળવવા અને દિલથી વાત કરવા ઈચ્છુક – રસિક મહેતા.

હું માનું છું કે આપને ત્યાં નિયમિત 'કચ્છશ્રુતિ' આવે છે. તેને તમે સારી રીતે વાંચો છો. **એક સમાજ પરિવારનું મુખપત્ર, છતાં આટલી વૈવિધ્યસભર વાંચન સામગ્રી!** અચરજ સાથે અહોભાવની વાત છે. શું તમે તેનો પૂરો લહાવો લો છો? તમારા પરિવારજનો સાથે આ અંગે ચર્ચા કરો છો? જો હા, તો ખુશીની વાત છે અને આવું ન હોય તો હવે જરા પણ ઢીલ ન કરો. મિત્ર! જ્ઞાનના સમૃધ્ધ વારસાથી તમારી જાતને અને તમારા પરિવારજનને વંચિત નહીં રાખતા.

'કચ્છશ્રુતિ'ના મુખ્ય સંપાદક તેમની પૂરી ટીમ સાથે તમને અને તમારા દરેક પરિવારજનને 'કચ્છશ્રુતિ' સાથે જોડવા તત્પર છે. માત્ર વાંચક તરીકે જ નહીં, વાંચક, લેખક, સલાહકાર અને સમીક્ષક તરીકે આવકારવા થનગને છે.

મનમાં પ્રશ્ન ઉઠતો હશે – લેખન, સલાહ અને સમીક્ષા! શું આ મારાથી થઈ શકશે? શું આ મારી કે મારા પરિવારજનોના ગજાની વાત છે? જવાબ છે – હા! શા માટે નહીં? તમે વાંચો છો, તમે બોલો છો, તમે વિચારો છો – આ દરેક ક્રિયા શબ્દો વડે થાય છે. તમારે હવે માત્ર એક કામ કરવાનું છે. તેને કાગળ પર ઉતારવાનું. શબ્દોની સુંદરતા સારી વસ્તુ છે પરંતુ જરૂરી નથી.

ભાષાની ભવ્યતા ઉત્તમ વાત છે પરંતુ જરૂરી નથી. **મહત્ત્વ છે તમારા શબ્દોમાં પ્રગટ થતી મૌલિકતાની.** બાકીનું કાર્ય અમો કરી આપીશું.

બૅકનના કથન અનુસાર – **વાંચન માણસને પૂર્ણ બનાવે છે. વાતચીત કે ચર્ચા ચપળ બનાવે છે અને લેખન તેને ચોક્કસ બનાવે છે.** એટલે મિત્ર! વાંચનની ટેવ પાડો. સમય અનુસાર આ અંગે ચર્ચાઓ પણ કરો અને લખવાનો પ્રયત્ન પણ કરો. આ ક્રિયાઓથી જીવનમાં ખુશી અને આંતરિક સમૃધ્ધિ અનુભવાશે. પ્રસિધ્ધ હિંદી કવિયત્રી મહાદેવી વર્મા બાળપણથી જ લખવાના શોખીન. મગજમાં જેવો વિચાર આવે અને કાગળ મળે તેના પર લેખન શરૂ. અરે, ઘણી વખત તો છાપાના કોરા ભાગ પર પણ તેઓ લખી લેતા. આપ આદત વિકસાવો. ઊંડા ઉતરતા થોડો સમય જરૂર લાગશે પણ લેખનકળામાં સહજ રીતે મહારત પ્રાપ્ત કરી શકશો.

'કચ્છશ્રુતિ' એ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પરિવારોનું મુખપત્ર છે. ઘણું સારૂં માસિક છે. તેમાં સંસ્થાનાં કાર્ય અને કાર્યક્રમોની જાણકારી, કચ્છની કલા સંસ્કૃતિ, કચ્છની ઐતિહાસિક ઘટનાઓ, કચ્છના પ્રશ્નો, કચ્છના વિકાસની સંભાવનાઓ અને કચ્છીયતનું અહોભાવથી વર્ણન તો હોય જ છે, સાથે સાથે સ્વાસ્થ્ય, શિક્ષણ, બાળ જગત, મહિલા જગત, વાર્તા, લઘુકથા, શબ્દ શોધ જેવા અનેક વિભાગો પ્રસિદ્ધ થાય છે. લેખોનું વૈવિધ્ય જોતાં લાગે કે સાહિત્યના લગભગ પ્રકારોને 'કચ્છશ્રુતિ'માં સમાવવાનો પ્રયાસ થાય છે. આ બધું હોવા છતાં, મિત્ર! એ હકીકત સતત ખ્યાલમાં રાખવાની છે કે સારામાં સારી વસ્તુમાં સુધારાની સંભાવના છે. **એટલા માટે 'કચ્છશ્રુતિ'નું તંત્રીમંડળ તમને સહુને તમારી મરજી મુજબનું 'કચ્છશ્રુતિ' બનાવવા આવકારે છે.**

ધારી લો કે – તમે 'કચ્છશ્રુતિ'ના તંત્રી છો. તમારી પૂરી જવાબદારી છે 'કચ્છશ્રુતિ'ને સમગ્ર સમાજ સાથે જોડવાની. તેમાં ૧૦ વર્ષનો બાબલો હોય, ૧૬ વર્ષનો તેનો મોટો ભાઈ હોય, ૪૦ વર્ષનાં તેના મમ્મી અને ૭૦ વર્ષનાં દાદા-દાદી હોય. કોઈ ભણે છે, કોઈ સારૂં ભણેલ છે તો કોઈ સાધારણ ભણેલ છે. આ સિવાય સમાજનો બૌધ્ધિક વર્ગ હોય કે સાધારણ નોકરી કરતો સામાન્ય અભ્યાસ કરેલ વર્ગ હોય. કોઈને ગીત-સંગીત-કાવ્યનો શોખ હોય તો કોઈને સારા સાહિત્યિક લેખોનો શોખ હોય. કોઈને કથા-વાર્તામાં રૂચિ હોય તો કોઈને પ્રવાસ વર્ણન વાંચવામાં ખુશી મળતી હોય. કોઈ જ્ઞાન ગમ્મત પસંદ કરતું હોય,તો કોઈ વિકાસ માટે સારી પ્રેરણા અર્પતા મુલાકાત લેખને પસંદ કરતા હોય. આવા દરેક લોકોને સાથે રાખવા છે અને સહુને સંતોષ આપવો છે. **તમે આ કાર્ય કઈ રીતે કરી શકાય તેનો મગજમાં પ્લાન બનાવો. કાગળ પર ઉતારો અને અમને મોકલાવો.**

'કચ્છશ્રુતિ', એ એક મેગેઝિન છે. તેના દ્વારા જ્ઞાન અને માહિતીનો પ્રચાર થાય છે એ આડવાત છે. **તેનો મૂળ ઉદ્દેશ છે - સમાજને સુગઠિત રાખવાનો.** સહુને ખબર આપવાનો અને સહુની ખબર લેવાનો. સમાજનો બહુઆયામી વિકાસ થાય એ શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો મુખ્ય આશય છે. સમાજના બાળકો, સમાજની મહિલાઓ અને યુવકોમાં દરેક સાત્ત્વિક કળાઓ વિકસે. અનુભવી વિદ્વજન અને તજજ્ઞોની જ્ઞાનરાશિ બહુજન હિતાય માટે ચરિતાર્થ થાય એ સ્વપ્ન છે. આ હેતુ પૈકી એક લેખનકળા વિકાસ માટે આ પત્ર દ્વારા સહુને ઈજન આપવામાં આવે છે.

### મારી મરજીનું 'કચ્છશ્રુતિ' કેવું હોય?

**ઉપરોક્ત વિષયે ૭૦૦થી ૧૦૦૦ શબ્દોમાં આપના વિચારો 'કચ્છશ્રુતિ' કાર્યાલય પર ઝડપી મોકલાવો.**

*૩, શ્રીજી એપાર્ટમેન્ટ,*
*જૂની પાઇલોટ ડેરી રોડ,*
*ડી-૩૭ વીમા યોજના દવાખાના સામે,*
*કાંકરિયા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.*
*ફોન : (૦૭૯) ૨૫૩૩૦૪૧૨*

---

## ચરબી (FAT)

(અનુસંધાન : પાના નં.-૭૩ ઉપરથી ચાલુ)

**જરૂરી કામો શરીરના લાભ માટે બરાબર કરી શકે.**

*પ્રોટીનના કાર્યો :* **તેનું કામ ગર્ભના બંધારણથી શરૂ થઈને વૃધ્ધાવસ્થા સુધી ચાલે. શરીરની વૃધ્ધિ, વિકાસ, ઘડતર, માવજત અને અંદર થતી તોડફોડનું રિપેરિંગ પણ કરે. માતાના દૂધનું નિર્માણ તેના શિશુ માટે કરે. પ્રોટીન એન્ટીઓક્સિડન્ટ પદાર્થ, કેટલાક વિટામિન્સ, હોર્મોન્સ, એન્ઝાઇમ્સ વિ. બનાવે છે.** બીજા કાર્યો પણ છે. આ ત્રણ મુખ્ય તત્ત્વો અને બીજા આવશ્યક તત્ત્વોનો લાભ શરીરને સ્વસ્થ રાખવા માટે વનસ્પતિજન્ય આહાર અને દૂધ, ઘી, છાશ વિ. પ્રમાણસર લેવા જોઈએ. સાથે શ્રમ અને કસરત પણ એટલા જ જરૂરી છે. ખોરાકમાં રહેલા આ ત્રણ અગત્યના ઘટકોની વાત અહીં પૂરી કરીએ છીએ. તંદુરસ્ત આહારશૈલી અને જીવનશૈલી સ્વાસ્થ્યમ જીવન પસાર કરવા માટે બહુ જ જરૂરી છે.

***(સમાપ્ત)***

*ત્રણ લેખની સહાયતા અને માહિતી સ્રોત માટે ડૉ. આશિષભાઈ ચોક્સી (અમદાવાદ) અને પ્રા. (સૌ.) કલ્યાણીબેન વૈષ્ણવ (ગાંધીનગર)નો આભારી છું. મેડિકલ પુસ્તકોનો સંદર્ભ પણ લીધો છે.*

*૭/૭, અનિક એપાર્ટમેન્ટ્સ,*
*એલ.જે. કૉમર્સ કૉલેજની પાસે,*
*વસ્ત્રાપુર (ગામ), અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૯૯૮૮ ૧૮૨૧૫*

બાલ જગત

# કલરવ

• દિનેશ માંકડ •

*ખાસ નોંધ : આ વખતે એક સ્પર્ધા ગોઠવવામાં આવી છે. 'કલરવ'ના બાળકો પૂરતી સંખ્યામાં ભાગ લેશે તો અવારનવાર આવી સ્પર્ધાઓ ગોઠવવામાં આવશે.*

## ટકોર ટાબરિયાને

કેમ છો દોસ્તો, મજામાને? મેઘરાજા ક્યાંક મન મૂકીને વરસે છે તો ક્યાંક સાવ રિસાઈ ગયા છે. પણ ઘણીવાર આતુરતા પણ આનંદ અપાવનારી હોય છે. તમારામાંના ઘણાને શાળામાં વર્ગમાં જઇ શ્યામપટ - કાળા પાટિયા પર જોવાની ટેવ હશે. ઘણીવાર અહીં લખેલો સુવિચાર ખૂબ અસરકારક હોય છે. તમે ક્યારેય આવા સુવિચારને ધ્યાનથી વાંચીને તેના પર વધારે વિચાર કર્યો છે ખરો? કેટલાય મહાપુરૂષોના જીવનમાં નાની ઘટનાએ મોટો ભાગ ભજવ્યો હોય છે. મિત્રો, દરેક સુવિચાર જ હોય છે. આવા સુવિચારને વાંચીને તેના પર થોડું ચોક્કસ વિચારજો. જેમ ક્રિકેટમાં ઘણીવાર સાદા પ્લેયરથી પણ છક્કો વાગી જાય તેમ કોઈ સુવિચાર તમારામાં કોઈ સારૂં મોટું પરિવર્તન પણ લાવી શકે. દા.ત. 'આજનું કામ આજે જ કરો.' જો ગળે ઉતરી જાય તો ગૃહકાર્ય ન થવાની તાણ ક્યારેય ન રહે. અલબત્ત, શાળાના શ્યામપટ - કાળા પાટિયા પર સારા સુવિચાર ન લખાતા હોય તો એ કામ તમે જ ઉપાડી લો. તમને આંગળી ચિંધ્યાનું પુણ્ય મળશે.

ગયા વખતે 'કલરવ' માટે પ્રતિભાવ માંગેલા. સાચા વાચકો – બાળકોએ તો કોઇ પ્રતિભાવ આપ્યા જ નહિં, કેટલાક શુભેચ્છકોએ જરૂર ઉપયોગી સૂચનો કર્યા. તેમનો આભાર.

## ગૌરવ ગાથા

બાળ દોસ્તો, સ્વાતંત્ર્ય પર્વ હમણાં જ ગયું. દેશને સ્વતંત્રતા અપાવવા કેટલાય દેશવાસીઓએ કેટલોય સંઘર્ષ વેઠ્યો તેની આપણને બહુ ઓછી ખબર છે. આવા નામી - અનામી શહીદોને કલરવ પરિવારના શત શત નમન. સુભાષચંદ્ર બોઝનું ખૂબ મોટું પ્રદાન આઝાદી માટે છે. કોલકાતામાં જન્મેલા તેજસ્વી બાળક સુભાષમાં નાનપણથી જ અંગ્રેજોની ગુલામી જોઈ શકાતી નહોતી. એટલે ભારતમાં ને ઈંગ્લેન્ડમાં ભણી સનદી સેવા આઈ.સી.એસ. ઉચ્ચ અધિકારી થવાની પરીક્ષા પાસ કરી. પણ આખરે નોકરી તો અંગ્રેજ સરકારની ને? ન જ સ્વીકારી. યુવાનોને એકઠા કર્યા. લશ્કરી તાલીમ પોતે પણ લીધી અને યુવાનોને તે માટે તૈયાર કરવા 'આઝાદ હિંદ ફોજ' તૈયાર કરી. દેશવાસીઓને જગાડ્યા. 'તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હે આઝાદી દિલવાઉંગા'નો લલકાર કરી યુવાનોને બેઠા કર્યા. જર્મની - સિંગાપોર જેવી ભૂમિ પર અનેક તકલીફો વેઠીને પણ અંગ્રેજો સામે લડ્યા. ૧૮મી ઓગસ્ટ, ૧૯૪૫ના રોજ તેઓ જે વિમાનમાં પ્રવાસ કરતા હતા તે લાપત્તા થયું. તેમના નિધનનું રહસ્ય હજુ ઉકેલાયું નથી. પણ ભારત માતાએ એક અનેરો યોદ્ધો - સપૂત જરૂર ગુમાવ્યો.

## નાની વાત મોટો બોધ

એક હતો બગલો. તે થોડો આળસુ અને કામચોર હતો. તેણે વિચાર કર્યો, કામ વગર મહેનતે ખાવાપીવાનું કેમ મળે? ખૂબ વિચારને અંતે તેને એક યુક્તિ સૂઝી. બધા પ્રાણીઓને બોલાવીને તેણે જાહેરાત કરી, 'ગઈકાલે મને ભગવાન સપનામાં આવ્યા હતા અને કહ્યું કે પ્રાણીજાતના ઉધ્ધાર માટે (બગલાએ) તપ કરવું. તેથી

આજથી હું નદીમાં એક પગે ઊભો રહી તમારા સૌ માટે તપ કરીશ. કોઈ માછલીનો શિકાર નહીં કરૂં.' બધા પ્રાણી તો રાજી રાજી થઈ ગયા. સૌ બોલી ઉઠ્યા, બગલા ભગત ની જય... કોઈ પ્રાણી ફળ-ફૂલ લાવે તો કોઈ સૂકો મેવો. બગલાભાઈને તો મજા પડી ગઈ. મહેનત વગર સારું સારું ખાવાનું ને માન મળે તે નફામાં. કોઈ કોઈ પ્રાણીઓ તો બિચારા પોતાની સમસ્યા લઈને આવે. બગલો આંખ બંધ કરી ધ્યાન ધરવાનું નાટક કરે અને ગોળ ગોળ જવાબ આપે. આવું લાંબો સમય ચાલ્યું. બગા ભગતની બોલબાલા વધતી ગઈ. એકવાર બતકનું એક ચતુર બચ્ચું સવારે વહેલું ઉઠી ગયેલું. તેણે દૂરથી જોયું તો બગલાભાઈ આરામથી સૂતા હતા! તેને વધારે નવાઈ તો ત્યારે લાગી કે બગલાએ ઉઠીને તરત ઝાપટ મારી, એક માછલી પણ પકડી લીધી! બતક બચ્ચાએ પોતાની માતાને પોતે જે જોયું હતું તે કહ્યું. માતા બતકને પોતાના બાળક પર વિશ્વાસ હતો. તેણે વિચાર કર્યો, આ તો સમગ્ર પ્રાણીજાતને છેતરે છે. તેણે તમામ પ્રાણીજાતના આગેવાનોને બોલાવ્યા અને બધી વાત કરી. કેટલાક પ્રાણીઓ તો બગલાથી એટલા અંજાઈ ગયા હતા કે બતકની વાત માનવા તૈયાર નહોતા. બતકને પોતાના બચ્ચાની વાત પર પૂરો વિશ્વાસ હતો એટલે તે પોતાની વાતને વળગી રહી. આખરે સૌએ બગલાની પરીક્ષા કરવાનું નક્કી કર્યું. સહુ બગલા પાસે ગયા અને સાથે બોલ્યા, 'તમારું તપ મહાન છે. એટલે ભગવાન તમારી ઈચ્છા પૂરી કરતા જ હશે.' બગલો વાતમાં બોલ્યો, 'અરે હું તો ભગવાનને ધારું ત્યારે બોલાવી શકું.' સતર્ક શાર્કે તક ઝડપી લીધી. 'જુઓ બગલાભાઈ, આ શ્રાવણ માસ શરૂ થયો છે. તો તમારા પ્યારા પ્રાણી સમાજને હમણાં ને હમણાં ભગવાન શિવના દર્શન કરાવી દો.' બગલો તો આવી અચાનક માંગણીથી ચોંક્યો અને ગભરાયો અને આડા અવળા જવાબો આપવા માંડ્યો. પ્રાણીઓએ તેને વિગત જણાવીને તેનો ભાંડો ફોડ્યો અને કહ્યું કે તે માફી માંગે અને હવે પછી કોઈ પ્રાણીને છેતરશે નહીં. બગલાએ માફી માંગી લીધી. હવે તેણે મફતનું ખાવાનું અને કોઈને છેતરવાનું બંધ કરી દીધું. પ્રાણી આગેવાનોએ બધા પ્રાણીઓને શિખામણ આપી કે આવા લેભાગુ ભગતોથી સદાય ચેતવું.

## તન સારું, તો મન સારું

ઘણા બાળકોની એવી ફરિયાદ હોય છે – 'યાદ નથી રહેતું.' હકીકતમાં બધાની યાદ શક્તિ એટલી બધી નબળી હોતી નથી. પણ આપણી અભ્યાસ કરવાની પદ્ધતિ જ એના માટે જવાબદાર હોય છે. કોઈ પણ જરૂરી વાંચન શરૂ કરતા પહેલા, આંખ બંધ કરી પ્રભુનું સ્મરણ કરવું. પોતે બધું યાદ રાખી શકે છે તેવો આત્મવિશ્વાસ મનમાં નક્કી કરવો અને પછી જે વાંચન કરવા જઈ રહ્યા છીએ તેનું મહત્ત્વ વિચારી, વાંચન શરૂ કરવું. એક ખાસ વાત – વાંચનના નક્કી કરેલા સમય કે એકમ દરમિયાન આડાઅવળા વિચારો કે કામોને શક્ય ત્યાં સુધી નજીક ન આવવા દેવા. થોડી અઘરી લગતી વાત છે પણ પ્રયત્ન અને નિશ્ચય કરશો તો ખૂબ ઝડપથી પરિણામ ચોક્કસ દેખાશે જ.

## મગજ કસો, નહિં તો ખસો

એક ગુજરાતી મહિનો ચાર અક્ષરનો બનેલો છે. પહેલા બે અક્ષર ભિખારી કરે તે છે. છેલ્લા બે અક્ષર 'તીર'નો અર્થ સૂચવે છે. પહેલો અને છેલ્લો અક્ષર લડતી વખતે આચરીએ. બીજો, પહેલો અને ચોથો અક્ષર 'ઓછી અક્કલવાળો' જેવો અર્થ નીકળે. ત્રીજો અને પહેલો મળીને જે શબ્દ થાય તે ઉર્દુ ભાષાના 'જ્યોત'નો પર્યાય છે. ગીતામાં શ્રીકૃષ્ણએ આ માસનો મહિમા ગાયો છે. આપો જવાબ....

## હસ્યા તો ફસ્યા

ઑપરેશન થિયેટરમાંથી એક દર્દી ભાગી છુટ્યો. કોઈએ તેને કારણ પૂછ્યું. તો કહે ટેબલ પર સુવાડી મને એનેસ્થેશિયા આપવાની શરૂઆત કરી ત્યારે નર્સ બોલી, 'આ તો એપેન્ડિક્સનું ઑપરેશન છે. સાવ સરળ

છે. વાંધો નહીં આવે.'

'એમાં ખોટું શું કહ્યું?'

'પણ એ વાત મને નહીં, ડોક્ટરને કહેતી હતી!!'

## જરૂર નંબર મારો

આ વિભાગમાં અવારનવાર વિવિધ સ્પર્ધા રાખવામાં આવશે. જો ભાગ લેનાર બાળકોની સંખ્યા વધશે તો આ વિભાગ નિયમિત પણ કરવામાં આવશે. આ વિભાગનો ખાસ હેતુ તમારામાં રહેલી આંતરિક શક્તિને ખીલવવાનો છે.

આવો, આજની સ્પર્ધાની વાત...

સ્વાતંત્ર્ય પર્વ હમણાં જ ગયું. ચાલો આ વખતે જોડકણા ગીત કે લઘુ કાવ્ય બનાવીએ.

*વિષય :* **'મારો દેશપ્રેમ'**

*સ્પર્ધામાં બે વિભાગ રહેશે :* ★ **વિભાગ-અ :** ૬થી ૧૦ વર્ષ ★ **વિભાગ-બ :** ૧૧થી ૧૫ વર્ષ.

તો બાળકો, ઉઠાવો કલમ ને બની જાવ કવિ. તમારૂં કાવ્ય કે જોડકણું 'કચ્છશ્રુતિ' કાર્યાલયને પણ મોકલી શકો કે પપ્પાના મોબાઈલથી મને ૯૪૨૭૯ ૬૦૯૭૯ પર વૉટ્સઍપ પણ કરી શકો.

તમારી કૃતિ ૨૫ ઓગસ્ટ સુધી અવશ્ય મળવી જ જોઈએ. તમામ ઉત્તમ કૃતિને યોગ્ય પુરસ્કાર તો મળશે જ અને 'કલરવ'માં તો સ્થાન મળે જ ને!! ■

### ગાંધીનગર ગાથા

(અનુસંધાન : પાના નં.-૯૨ ઉપરથી ચાલુ)

જિંદગીમાં થાય અજવાળા... થેંકયુ પપ્પા...' ગીત ખૂબ જ વખણાયું છે. પૂર્વીને નાનપણથી જ સંગીતનો શોખ છે અને ખૂબ મહેનત કરી, પૂર્વીએ આ સિધ્ધિ હાંસલ કરી છે.

કુ. પૂર્વીને ગાંધીનગર મિત્ર મંડળ પરિવાર ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે. દીકરીના ભણતર માટે પડતી તકલીફોને પડકારતી આ ફિલ્મ સમાજને ગીત દ્વારા સંદેશ આપે છે.

## ગાંધીનગર લાયન્સ ક્લબ

તાજેતરમાં ગાંધીનગર લાયન્સ ક્લબનો શપથવિધિ સમારોહ યોજાયેલ હતો. સેવાકીય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલ શ્રી નિમેષભાઈ રાવલે લાયન્સ ક્લબના પ્રમુખ તરીકે શપથ લીધા હતા. નિમેષભાઈ તેમના સરળ વ્યક્તિત્વ અને મિલનસાર સ્વભાવને લીધે જાણીતા છે. ગાંધીનગર કચ્છ મિત્રમંડળ તેમને અભિનંદન પાઠવે છે.

## 'સેટર-ડે નાઇટ્સ'

ગાંધીનગરના શહેરીજનોને દર શનિવારે ચ-૪, સ્વર્ણિમ પાર્ક ખાતે શહેરના યુવાનો દ્વારા નિઃશુલ્ક મનોરંજન પૂરું પાડવામાં આવે છે. આ કાર્યક્રમમાં સમાજને લગતી સાંપ્રત સમસ્યાઓ, જનજાગૃતિ કેળવવી વગેરે બાબતોનો સમાવેશ થાય છે અને સંગીતની મહેફિલ જામે છે. ■

## "જાત મહેનત - ઝિંદાબાદ"

મારા વિદ્યાગુરુઓમાં વિનોબાએ મને પોતાની પાસે બેસાડીને ઘણું શીખવ્યું છે. પણ તે શીખવાની વખતે જ ઠપકો આપતા હોય એવા તીખા અવાજમાં તેમણે મને કહેલું :

"રોજરોજ હું તને ભણાવ્યા કરું અને તું ભણ્યા કરે એ નહીં ચાલે. શિક્ષકનું કામ તો ભણવાની રીત શીખવવાનું છે. પછી વિદ્યાર્થીએ જાતે જ ભણી લેવાનું હોય. વર્ગ તો એક કુંડાળું કહેવાય, એ સીમિત હોય છે. જ્યારે સમાજ અને દુનિયામાં વિશાળ ભણતર પથરાયેલું છે. જીજ્ઞાસા પેદા કરવી, શીખવાની ભૂખ જગાડવી એટલું જ અધ્યાપકનું કામ છે."

અને પછી વિનોબાએ ખરેખર જ મને જે ગ્રંથો ભણાવ્યા તે અર્ધેથી જ બંધ કર્યા. અને મને કહ્યું, 'હવે પોતાની મહેનતે આગળ ચાલજે.'

***– પ્રભુદાસ ગાંધી***

*(ગાંધીજીના ભત્રીજા પ્રભુદાસ ગાંધી શાળામાં ભણવામાં ઠોઠ હતા! પછી પ્રથમ કક્ષાના વિદ્વાન બન્યા – જાત મહેનતે. એનું લખેલું એક પુસ્તક 'જીવનનું પરોઢ' જે એકવાર પણ વાંચે તે કદી ભૂલી શકે નહીં.)*

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

*સ્મિત અને મૌન સચોટ શસ્ત્રો છે.*
*સ્મિત દ્વારા ઘણા પ્રશ્નો ઉકેલી શકાય છે,*
*મૌન દ્વારા ઘણા પ્રશ્નો નિવારી શકાય છે.*

# મેઘધનુષ

## ગીત-બીત

કાગળ પર તો એમને એમ કંઈ લખાય નહીં
શબ્દોને સમજ્યા વગર એમ કંઈ વંચાય નહીં

મેં કહ્યું સોનેટ ને તમે સમજ્યા ઈન્ટરનેટ –
કાવ્યની પણ ભાષા હોય છે એમ કંઈ સમજાય નહીં.

ગઝલ લખતા લખતા તમે હઝલ જેવું લખી નાખ્યું
ગઝલ તો ગમગીન હોય, ગઝલમાં હસાય નહીં.

ગીતમાં સંગીત હોય અને સંગીતમાં ગીત હોય છે
સાત સૂરોના સંગ વગર ગીતને ગવાય નહીં.

કલ્પનાનાં ઘોડા અહીં દોડાવવાની છૂટ છે
પણ લંગડો ઘોડો કદીય રેસમાં રખાય નહીં.

*રજનીકાંત ઓઝા - ભુજ, કચ્છ (મો. ૯૪૨૮૮ ૯૫૮૭૦)*

## બધા જ કહે છે....

બધા જ કહે છે નડે છે નડે છે
આ મોંઘવારી સૌને નડે છે.

મહેલો અને બંગલા ફ્લેટમાં સૌ
રહેનારાઓ અને ઝુંપડામાં ઝુમનારાઓ
બધા જ કહે છે નડે છે નડે છે
આ મોંઘવારી સૌને નડે છે.

પ્રધાનથી માંડીને પગે ચાલનારાઓ
રામથી માંડીને રહીમને માનનારાઓ
આ મોંઘવારી સૌને નડે છે.

ચૂંટણીમાં વચનોની લ્હાણી કરનારાઓ
માઈક પકડી ભાષણ કરનારાઓ
બધા જ કહે છે નડે છે નડે છે
આ મોંઘવારી સૌને નડે છે.

'ખામોશ' છું હું શું – આ
મોંઘવારી વધારનારને -
'મોંઘવારી' નડે છે?
બધા જ કહે છે નડે છે નડે છે
આ મોંઘવારી સૌને નડે છે.

*વિનોદ સી. દવે 'ખામોશ' - આદિપુર, કચ્છ*

## પ્રેમ-વારી

દેખ વિશાળતા ઉદધી કેરી
કૂપમંડુકતા મેલી દે.

વેર-ઝેરની અગનજ્વાળાને
પ્રેમ વારીથી સીંચી લે.

માનવ જીવન મહામૂલો છે
મંગળમય એને બનાવી દે.

અહં, અહંકાર ને આત્મશ્લાઘા
એ પતનની કેડી, સમજી લે.

વેરથી વેર સમે નહીં કદીયે
સ્નેહ સરિતા વહાવી લે.

નિ:સ્વાર્થભાવે કાર્ય કરીને
દુશ્મનને દોસ્ત બનાવી લે.

અન્યની બદબોઈ કરતા પહેલાં
આત્મપરીક્ષણ કરતો રહે

મોટાઈનો મોહ મૂકી દઈને
પરમારથ તું શોધી લે.

"અલ્પ" જીવનપથ કઠીન રસ્તો
આત્માને પરમાત્મા માનીને

જીવ માત્રમાં સરખો આત્મા
માનવતાનું મૂલ્ય તું સમજી લે.

*મુકુંદ કે. મહેતા 'અલ્પ' - આદિપુર, કચ્છ*
*મો. ૯૯૦૯૭ ૨૩૭૮૩*

## માનો આભાર પ્રભુનો

જે કંઈ દયાથી મોકલે છે તેનો–

- તંદુરસ્તી અને સંતાનો, ઘર અને મિત્રો માટે.
- જરૂરિયાતના સમયે સુખસગવડ માટે.
- પ્રત્યેક માયાળુ શબ્દ અને કૃત્ય માટે.
- બધા સુખી વિચારો અને પવિત્ર વાત માટે.
- રોજરોજના જીવનમાં અપાતા માર્ગદર્શન માટે.

*આ બધા માટે માનો આભાર પ્રભુનો....*

*સૌજન્ય : "પ્રેરણા સ્રોત"*

## મોંઘીદાટ બનતી બજાર : ૩૬ વર્ષના બજારભાવ

| વર્ષ | સીંગતેલ | ઘઉં | જુવાર | બાજરી | ચોખા | મગ | તુવેર | ચણા |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯૮૦ | ૧૫૫ | ૩૧ | ૨૮ | ૩૦ | ૬૦ | ૧૦૦ | ૧૨૦ | ૭૦ |
| ૧૯૮૧ | ૨૫૦ | ૪૦ | ૪૦ | ૩૭ | ૬૫ | ૧૦૦ | ૧૦૦ | ૮૫ |
| ૧૯૮૨ | ૨૨૪ | ૫૦ | ૩૨ | ૩૫ | ૬૫ | ૧૦૫ | ૧૨૫ | ૬૦ |
| ૧૯૮૩ | ૨૯૬ | ૪૮ | ૩૨ | ૩૫ | ૭૦ | ૯૦ | ૧૪૦ | ૫૦ |
| ૧૯૮૪ | ૨૫૪ | ૩૬ | ૩૫ | ૨૫ | ૬૦ | ૧૦૭ | ૧૪૦ | ૧૦૦ |
| ૧૯૮૫ | ૨૮૦ | ૬૦ | ૪૫ | ૫૦ | ૯૦ | ૧૨૦ | ૧૪૦ | ૧૬૦ |
| ૧૯૮૬ | ૩૫૦ | ૪૫ | ૪૨ | ૪૨ | ૬૦ | ૧૨૦ | ૧૪૦ | ૯૫ |
| ૧૯૮૭ | ૪૩૦ | ૬૦ | ૩૫ | ૫૦ | ૭૫ | ૧૩૦ | ૨૫૦ | ૧૦૦ |
| ૧૯૮૮ | ૩૨૫ | ૬૫ | ૪૨ | ૩૮ | ૮૦ | ૧૭૦ | ૨૨૦ | ૧૯૦ |
| ૧૯૮૯ | ૨૬૦ | ૫૫ | ૪૪ | ૪૪ | ૧૦૦ | ૧૭૦ | ૨૦૦ | ૧૫૦ |
| ૧૯૯૦ | ૪૭૦ | ૬૦ | ૪૦ | ૫૫ | ૮૦ | ૧૮૦ | ૨૭૦ | ૧૬૦ |
| ૧૯૯૧ | ૬૨૫ | ૬૫ | ૭૦ | ૫૮ | ૧૦૦ | ૧૯૦ | ૪૧૦ | ૧૫૦ |
| ૧૯૯૨ | ૫૩૫ | ૯૫ | ૬૦ | ૫૫ | ૧૩૦ | ૧૯૦ | ૩૩૦ | ૧૬૦ |
| ૧૯૯૩ | ૬૦૦ | ૧૧૦ | ૮૦ | ૭૫ | ૧૩૦ | ૨૫૦ | ૩૫૦ | ૩૦૦ |
| ૧૯૯૪ | ૫૫૦ | ૧૦૦ | ૮૫ | ૯૦ | ૧૬૦ | ૨૮૦ | ૩૬૦ | ૩૦૦ |
| ૧૯૯૫ | ૭૦૦ | ૧૧૦ | ૧૬૦ | ૧૦૫ | ૧૬૦ | ૩૩૦ | ૫૬૦ | ૧૮૦ |
| ૧૯૯૬ | ૬૩૦ | ૧૪૦ | ૧૦૦ | ૧૦૦ | ૩૩૦ | ૩૫૦ | ૬૦૦ | ૨૨૫ |
| ૧૯૯૭ | ૫૮૦ | ૧૫૦ | ૧૪૦ | ૧૧૦ | ૨૦૦ | ૩૪૦ | ૬૯૦ | ૩૨૦ |
| ૧૯૯૮ | ૯૩૦ | ૧૫૦ | ૧૩૦ | ૧૧૦ | ૨૦૦ | ૪૦૦ | ૬૪૦ | ૩૪૦ |
| ૧૯૯૯ | ૬૭૦ | ૧૯૦ | ૧૯૦ | ૧૮૦ | ૨૦૦ | ૪૮૦ | ૬૪૦ | ૩૭૦ |
| ૨૦૦૦ | ૬૮૦ | ૧૬૦ | ૧૨૦ | ૧૨૦ | ૨૦૦ | ૪૦૦ | ૫૦૦ | ૩૪૦ |
| ૨૦૦૧ | ૫૯૦ | ૧૭૦ | ૧૦૦ | ૮૦ | ૨૨૦ | ૪૧૦ | ૬૧૦ | ૫૦૦ |
| ૨૦૦૨ | ૭૬૦ | ૨૦૦ | ૧૮૦ | ૧૨૦ | ૫૬૦ | ૫૮૦ | ૬૦૦ | ૪૦૦ |
| ૨૦૦૩ | ૭૫૦ | ૧૭૦ | ૧૧૦ | ૧૦૦ | ૪૦૦ | ૩૫૦ | ૫૬૦ | ૩૫૫ |
| ૨૦૦૪ | ૮૬૫ | ૧૯૦ | ૧૫૦ | ૧૨૦ | ૪૦૦ | ૪૭૦ | ૬૦૦ | ૩૨૫ |
| ૨૦૦૫ | ૯૦૦ | ૧૯૦ | ૧૪૦ | ૧૪૦ | ૫૦૦ | ૫૮૦ | ૫૬૦ | ૩૯૫ |
| ૨૦૦૬ | ૮૨૫ | ૨૪૦ | ૧૬૫ | ૧૫૫ | ૬૫૦ | ૬૬૦ | ૮૬૦ | ૬૮૫ |
| ૨૦૦૭ | ૧૦૨૫ | ૨૫૦ | ૨૧૦ | ૨૫૦ | ૬૯૦ | ૮૬૦ | ૮૪૦ | ૬૦૦ |
| ૨૦૦૮ | ૧૦૨૦ | ૨૩૫ | ૨૦૦ | ૧૭૦ | ૬૮૦ | ૭૧૦ | ૮૯૦ | ૫૦૫ |
| ૨૦૦૯ | ૧૦૩૦ | ૨૮૦ | ૨૧૨ | ૨૧૫ | ૮૮૦ | ૯૬૦ | ૧૪૪૦ | ૪૯૦ |
| ૨૦૧૦ | ૧૩૨૫ | ૩૧૦ | ૨૩૦ | ૨૩૦ | ૪૨૦ | ૧૩૨૦ | ૧૧૬૦ | ૫૦૦ |
| ૨૦૧૧ | ૧૫૦૦ | ૩૪૦ | ૩૩૦ | ૨૯૦ | ૩૯૦ | ૧૦૨૫ | ૧૦૪૦ | ૫૭૦ |
| ૨૦૧૨ | ૧૭૮૦ | ૩૭૦ | ૪૦૦ | ૨૫૫ | ૭૦૦ | ૧૧૪૦ | ૧૨૮૦ | ૧૦૦૦ |
| ૨૦૧૩ | ૧૪૦૦ | ૪૦૦ | ૩૮૦ | ૩૦૦ | ૮૦૦ | ૧૫૦૦ | ૧૪૦૦ | ૯૦૦ |
| ૨૦૧૪ | ૧૩૦૦ | ૪૧૦ | ૪૪૦ | ૩૦૦ | ૪૨૦ | ૧૬૦૦ | ૧૫૦૦ | ૭૬૦ |
| ૨૦૧૫ | ૧૪૦૦ | ૪૨૦ | ૭૦૦ | ૩૨૦ | ૭૦૦ | ૧૯૦૦ | ૧૨૦૦ | ૧૧૦૦ |
| ૨૦૧૬ | ૨૧૨૫ | ૫૦૦ | ૮૫૦ | ૩૭૦ | ૯૦૦ | ૨૦૦૦ | ૧૫૦૦ | ૧૫૦૦ |

*ભાવો અનેકગણા થયા. ૧૯૮૦માં એટલે કે આજથી ૩૬ વરસ પહેલાં તેલનો ભાવ રૂા. ૧૫૫/- હતો અને ૨૦ કિલો ઘઉંના રૂા. ૩૧/- હતા. વર્ષ ૨૦૧૬મા તેલના ડબ્બાના ભાવ રૂા. ૨૧૨૫/- અને ૨૦ કિલો ઘઉંના ભાવ રૂા. ૫૦૦/- છે. (અનાજના ભાવ ૨૦ કિલો લેખે છે.)*

**વિનોદ સી. દવે - આદિપુર, કચ્છ**

અવસર વિશેષ

# ઉત્સવ પર્વ

• દિનેશ આર. મહેતા •

## ૧૫ ઓગસ્ટ – સ્વાતંત્ર્ય દિન

ભારતના સમગ્ર ઈતિહાસનો એક સોનેરી દિવસ એટલે ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭. આ તારીખે રાત્રે બાર વાગે ભારતની આઝાદીની લડતનો અંત આવ્યો હતો. અંગ્રેજી શાસને વિદાય લીધી હતી અને ભારતનું તંત્ર સંપૂર્ણતઃ ભારતીયોના હાથમાં આવ્યું હતું. આ તારીખે રાત્રે બાર વાગે તે વખતના અને અંગ્રેજી શાસનના છેલ્લા વાઈસરોય લોર્ડ માઉન્ટબેટન તેમજ અન્ય નેતાઓ - સરદાર વલ્લભભાઈ પટેલ, મૌલાના અબ્દુલ કલામ આઝાદ વગેરેની ઉપસ્થિતિમાં દેશના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુએ રાષ્ટ્રને સંબોધન કર્યું હતું અને એક નવા યુગનો આરંભ થયો હતો. કરોડો ભારતવાસીઓની મનોકામના, સ્વપ્નાં સાકાર થયા હતાં અને આઝાદી પ્રાપ્ત થયાના આનંદથી પ્રત્યેક ભારતવાસીઓનું હૃદય ઝૂમતું હતું.

આઝાદી મેળવવાનો આ દિવસ દર વર્ષે સ્વાતંત્ર્ય દિન તરીકે ઉજવાય છે, ધ્વજવંદનો થાય છે અને રાષ્ટ્રપ્રેમલક્ષી ગીતો ગવાય છે. જે નેતાઓ તથા સ્વાતંત્ર્યવીરોએ તેમજ યુધ્ધ જેવા સમયે વીર જવાનોએ પોતાના યોગદાન તથા શહીદી દ્વારા સ્વાતંત્ર્ય મેળવવાનું શક્ય બનાવ્યું તે સૌને અંજલિ અપાય છે.

## રક્ષા બંધન

રક્ષાબંધનનો પવિત્ર તહેવાર એટલે કે ભાઈ-બહેનના પ્રેમ અને વિશ્વાસની ઉજવણીનો તહેવાર. નાળિયેરી પૂર્ણિમાએ ઉજવાતા આ તહેવારની શરૂઆત થઇ બલીરાજા અને લક્ષ્મીજીથી. બલીરાજા ભગવાન વિષ્ણુના પરમ ભક્ત હતા. તેમની ભક્તિ પર પ્રસન્ન થઈ વિષ્ણુજીએ તેમનું રાજ્ય સંભાળવાનું વચન આપ્યું. આ વચન નિભાવવા વિષ્ણુજી વૈકુંઠ છોડી બલીરાજાના સ્થાને આવ્યા. આ વાતથી ચિંતિત ભગવાન વિષ્ણુના પત્ની દેવી લક્ષ્મી, એક ગરીબ બ્રાહ્મણ મહિલાના સ્વરૂપે બલીરાજા પાસે ગયા અને નાળિયેરી પૂર્ણિમાના દિવસે લક્ષ્મીજીએ બલીરાજાને રાખડી બાંધી. આ બંધનથી લાગણીવશ થઈ બલીરાજાએ લક્ષ્મીજીને ભેટ આપવાની ઈચ્છા દર્શાવી. લક્ષ્મીજીએ બલીરાજાને સચ્ચાઇની જાણ કરી અને ભગવાન વિષ્ણુને પરત માંગ્યા. બલીરાજાએ તુરંત વિષ્ણુજીને પરત જવાનું કહ્યું **અને દર વર્ષે એ જ દિવસે વિષ્ણુજી અને લક્ષ્મીજી પાસેથી પોતાને ત્યાં આવવાનું વચન લીધું.**

આ રીતે આપણે આજ સુધી નાળિયેરી પૂર્ણિમાના દિવસે રક્ષાબંધન મનાવીએ છીએ. **બહેન ભાઈના પવિત્ર સંબંધની ખુશીઓભરી ઉજવણી એટલે રક્ષાબંધન.** ભાઈ-બહેનની આ ખુશીઓ બની રહે અને પવિત્ર સંબંધને કોઈની નજર ના લાગે તેવી શુભેચ્છા.

*મેરે ભૈયા, મેરે ચંદા મેરે અનમોલ રતન*
*તેરે બદલે જમાને કી કોઈ ચીજ ન લું.*

આજે ઈન્ટરનેટ, મોબાઈલ વૉટ્સએપ, ફેસબુક જેવા આધુનિક ડિવાઈસ વાતચીત અથવા સંદેશાની આપ-લે કરનારા આપણે સૌ પત્રની કળાને વિસરી ગયા છીએ. **કાગળ કલમના દિવસોની મજા કંઈક ઓર હતી.** અલબત્ત, આજના સેટેલાઈટ યુગમાં લાગણીભીના હૃદયે ભગિની પોતાના વહાલસોયા વીરલાને પત્રથી નવાજે ત્યારે એ વાંચતાં આપણું મન પણ ભીંજાઈ જાય. **પ્રેમ અને લાગણી કોઈ હાટે વેચાતા નથી પણ એ સ્પંદન તો અંતરની સ્ફુરણાથી જન્મે છે.** સાસરીએ સાતે સુખમાં રાચતી બહેનીને રક્ષાબંધન કે વીરપસલીના દિવસોએ મહિયરની યાદ સતાવે, ભઈલો બહુ યાદ આવે એ બધું સ્વાભાવિક છે. ભાઈ તરફથી પ્રેમના ટોકન સ્વરૂપે મળેલી નાની અમથી વસ્તુ પણ તે હૈયા સરખી સાચવે અને સ્નેહ નીતરતા અમૂલ્ય સંબંધને યાદ કરે.

## શિવ મંદિરોમાં ‘બમ બમ ભોલે’ના નાદ

શ્રાવણ માસ દરમિયાન શિવભક્તિ જપ-તપ-આરાધનામાં લીન બનતા હોય છે. આ માસમાં વહેલી સવારથી જ તમામ શિવ મંદિરોમાં શિવ ભક્તોની ભીડ જોવા મળી હોય છે અને ‘હર હર મહાદેવ’નો નાદ શિવ મંદિરોમાં ગૂંજી ઊઠે છે. શ્રાવણ માસ નિમિત્તે પ્રત્યેક શિવ મંદિરોમાં દૂધ અભિષેક, બિલ્વપૂજા, રૂદ્રાભિષેક સહિતના વિશિષ્ટ પૂજાવિધિના આયોજનો કરવામાં આવતા હોય છે. ૧૨ જ્યોતિર્લિંગ પૈકીના પ્રથમ એવા ગુજરાતમાં સોમનાથ મહાદેવના મંદિરમાં દર્શનાર્થે, આ માસ દરમિયાન લાખો ભક્તો ઊમટી પડે છે. તેવી રીતે ગુજરાતમાં વેરાવળ અને પ્રભાસપાટણ જેવા સ્થળોએ પણ શિવ મંદિરોમાં ભક્તોની ભીડ જામતી હોય છે. શ્રાવણ માસમાં મહાદેવને પુષ્પ શૃંગાર, બિલ્વ, નાગદર્શન, ભસ્મ, ચંદન, મોતી, શાકભાજી,

ડ્રાયફ્રુટ સહિતના શણગાર કરવામાં આવે છે. મંદિરમાં મહામૃત્યુંજય જાપ યજ્ઞ, શિવપુરાણ, શિવ પૂજનના આયોજનો પણ થતા હોય છે. શિવપુરાણ અનુસાર શ્રાવણ માસ ભગવાન શિવની કૃપા પ્રાપ્ત કરવા માટે સિદ્ધ માસ ગણાય છે. શ્રાવણ માસને શિવ સિદ્ધ માસ પણ કહેવામાં આવે છે.

## હિંડોળા ઉત્સવ

હિંડોળા ઉત્સવ એટલે ભક્તોના હૃદયમાં ભક્તિનાં પૂર રેલાવતો ઉત્સવ. ભક્તિના પુષ્પો પ્રભુને અર્પણ કરવાનો અનુપમ અવસર. આવો હિંડોળા ઉત્સવ દર વર્ષે અષાઢ સુદ બીજથી શ્રાવણ વદ બીજ સુધી મંદિરોમાં ઉજવાય છે. કૃષ્ણે વૃંદાવનમાં ગોપીઓ સાથે રાસ રમીને લીલા કરી હતી. તેની સ્મૃતિઓ તાજી કરવા માટે હિંડોળામાં ભગવાનને ઝુલાવીને ઉત્સવ મનાવવામાં આવે છે. ભગવાનને હિંડોળામાં ઝુલાવવાના અવસરે ભક્તો નિત-નવા પદાર્થોથી હિંડોળાને શણગારતા હોય છે. મનુષ્યના મન અને હૃદય પ્રેમ-લાગણી, ભક્તિભાવના હિંડોળે ઝુલે તેવો આ ભવ્ય ઉત્સવ છે.

## ગૌરી વ્રત

આ વ્રત અષાઢ સુદી એકાદશીથી શરૂ થાય છે. નાની બાળાઓને વ્રત - ઉપવાસના સંસ્કાર આપતું વ્રત ગૌરીવ્રત છે. આ વ્રતના દિવસે કન્યાઓ એકટાણું કરે છે, મોળું જમે છે. લોકવાયકા અનુસાર આ વ્રત કરવાથી ભવિષ્યમાં સારો અને સંસ્કારી જીવનસાથી મળે તેવી માન્યતા છે. કન્યાઓના હર્ષ ઉલ્લાસનું આ વ્રત છે.

## ‘વ્રત’ – તહેવાર – વીર પસલી

ઉત્સવ એટલે આનંદનો દિવસ, તહેવાર. મનને આનંદમય કરનાર મેળાવડો. દરેક પ્રકારના ઉત્સવો, પ્રસંગો મનુષ્ય જાતિને અનેરો આનંદ આપતા હોય છે. આવો જ એક અનોખો, સ્નેહ-લાગણીભાવથી નીતરતો એક ‘વ્રત’ તહેવાર એટલે ‘વીર પસલી.’ આ અવસર ભાઈ-બહેનના નિઃસ્વાર્થ પ્રેમનો સંદેશ લાવતું પર્વ છે. આ સમયે બહેન, તેના ભાઈને જણાવે છે કે... તારી જિંદગીમાં પ્રતિકૂળતાની લહેર દૂર થાય. જ્યારે ભાઈ, તેની બહેનની રક્ષા કરવા વચનબદ્ધ બને છે. શ્રાવણ માસના પહેલા રવિવારે ‘વીર-પસલી’ વ્રતનો પ્રારંભ થાય છે અને બીજા રવિવારે તે પૂરું થાય છે. ‘વીર-પસલી’ના દિવસે બહેન-પરિવાર, પોતાના ભાઈને ત્યાં જમે અને ભાઈ, બહેનને યથાશક્તિ ભેટ આપે. આ પ્રસંગની એક સરસ વાર્તા પણ છે. તે અનુસાર, ભાઈ, તેની બહેનની લાગણીને ઠુકરાવી શકે નહીં, બહેનની ઈચ્છાને માન આપવું પડે. શક્ય હોય તે બધી સગવડો સાથે બહેનની રક્ષા કાજે સતત જાગૃતિ દર્શાવવી પડે.

## જૈન ધર્મ... પર્યુષણ... સંવત્સરી

જૈન ધર્મ અથવા જૈનત્વ ભારતમાં ઉદ્ભવેલો અને પાળવામાં આવતો એક ધર્મ છે. જે મૂળ અહિંસાના માર્ગ પર ચાલવાનું જ્ઞાન આપે છે. જૈન ધર્મના અનુયાયીઓ શ્રાવક - શ્રાવિકા તરીકે ઓળખાય છે. આ ધર્મના શાસન સ્થાપક ભગવાન મહાવીર સ્વામી ૨૪મા તીર્થંકર તરીકે પૂજાય છે. ભગવાન મહાવીર અહિંસાના મહાન પ્રવર્તક હતા. તેમનું ભૌતિક નામ વર્ધમાન હતું.

જૈન ધર્મનો મર્મ પર્યુષણ પર્વમાં સમાયેલો છે. પુણ્યનું પોષણ એટલે પર્યુષણ અને પર્યુષણનો પ્રાણ એટલે ક્ષમાપના. પર્યુષણ પર્વ એ કોઈ લૌકિક પર્વ નથી પરંતુ મહાન આધ્યાત્મિક પર્વ છે. આ આધ્યાત્મિક તહેવારમાં જપ, તપ, ભક્તિ અને ધ્યાનથી ઇન્દ્રિયો તથા મનને શાંત બનાવવાની તેમજ શુધ્ધ અને પવિત્ર બનાવવા અર્થે જરૂરી સાધના કરવાની હોય છે. ચાતુર્માસ દરમ્યાન આ મહાપર્વ આવતું હોય છે. શ્રાવણ વદ બારસથી ભાદરવા સુદ ચોથ – આઠ દિવસની આરાધનાનું મહાપર્વ છે. જેમાં મનમાં રહેલા દ્વેષ, ઈર્ષ્યા, ક્રોધ, કષાયો, અહંભાવ, વિકાર વગેરેને દૂર કરવાના હોય છે. ફક્ત બે કે ચાર દિવસ માટે નહીં પરંતુ કાયમ માટે તે પ્રક્રિયા જાળવવાની હોય છે. પર્વ દરમિયાન દર્શન, પૂજન, વંદન, ભક્તિ, વ્યાખ્યાન, શ્રવણ, તપ - આરાધના, તપશ્ચર્યા જેવી ક્રિયાઓ અવશ્ય કરવી જોઈએ. ચારે તરફથી આત્માની સમીપ રહેવાનું પર્વ એટલે પર્યુષણ તેમ કહી શકાય. કુલ ૮ દિવસ ઉજવાતા આ મહાપર્વનો અંતિમ દિન એટલે સંવત્સરી.

પર્યુષણ પર્વમાં સંવત્સરીનું મહત્ત્વ અનેકગણું છે. વર્ષ દરમિયાન મન-વચન-કાયાથી કોઈપણ પ્રકારના જીવને દુભાવ્યા હોય તો અંતઃકરણપૂર્વક ક્ષમા માગવામાં તથા આપવામાં આવે છે. ‘મિચ્છામિ દુક્કડમ્’ – મારા દુષ્કૃત્યો મિથ્યા થાઓ, મારા તેવા કૃત્યોની ક્ષમા યાચું છું. આ રીતે ક્ષમા, એ વીરોનું ભૂષણ છે અને તે આત્માના દૂષણને દૂર કરે છે. ‘મિચ્છામિ દુક્કડમ્’ જેવો શબ્દપ્રયોગ અન્ય કોઇ ધર્મ અથવા ભાષામાં નથી. ક્ષમાપના મન, હૃદયની લાગણી અને ભાવથી થવી જોઈએ. જ્યાં સુધી વ્યક્તિ આ પ્રકારની ક્રિયા શુધ્ધ ભાવથી કરે નહીં ત્યાં સુધી તે સાચો આરાધક બનતો નથી. ■

# શબ્દ શોધ : ૫૨

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

• પ્રદીપ જોશી - આદિપુર •

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | ૬ |
| | ■ | | ■ | ૭ | ૮ | | | |
| ■ | ■ | ૯ | ૧૦ | ■ | | ૧૧ | ■ | ■ |
| ૧૨ | | | | ■ | | ■ | ૧૩ | ૧૪ |
| | ■ | ૧૫ | | ૧૬ | | ૧૭ | ■ | |
| ૧૮ | ૧૯ | ■ | ■ | | ■ | ૨૦ | | |
| ■ | ૨૧ | | ૨૨ | ■ | ૨૩ | | ■ | |
| ૨૪ | | ■ | ૨૫ | ૨૬ | | ■ | ૨૭ | ■ |
| ૨૮ | | | ■ | ૨૯ | | | | ■ |

## આડી ચાવીઓ

૧. ચાલુ મહિનામાં આવતો એક રાષ્ટ્રીય તહેવાર કે પર્વ (૫)
૪. બૂઝ, જ્ઞાન, અક્કલ (૩)
૭. ચાલવાની મોહક રીત, લટકાળી ચાલ ચાલવી એ (૫)
૯. કેવી રીતે, શા માટે, શું (૨)
૧૦. મૃત્યુના અધિષ્ઠાતા દેવ (૨)
૧૨. કચ્છનું એક પ્રાચીન તીર્થધામ (૪)
૧૩. કચ્છ જિલ્લાનું મુખ્ય મથક (૨)
૧૫. તદ્દન નકામું, ફોક, નિરુપયોગી (૫)
૧૮. ધ્યાન, નિશાન, લક્ષ્યબિંદુ (૨)
૨૦. પક્ષકારો વચ્ચે મધ્યસ્થી બની વાંધો પતાવી આપનાર વ્યક્તિ (૩)
૨૧. જાણકાર, વાકેફદાર, હોંશિયાર (૩)
૨૩. પ્રતિબંધ, નિષેધ (૨)
૨૪. લંબાઈ, પહોળાઈ, વજન વગેરે પ્રમાણ, પરિમાણ (૨)
૨૫. સાર્વજનિક, બધા જાણે તેવું, છૂપાવેલું નહીં તેવું (૩)
૨૮. શબવાહિની, ઠાઠડી (૩)
૨૯. દ્વારકાધીશ કૃષ્ણ ભગવાન (૪)

## ઊભી ચાવીઓ

૧. વેદોમાં હોમ કરતી વેળા બોલાતો ઉદ્ગાર (૨)
૨. નાસિક પાસે આવેલું એક જ્યોતિર્લિંગ (૫)
૩. પર્વત (૨)
૪. માશુક, પ્રિયા, પ્રિયતમા (૩)
૫. મગનલાલ છગનલાલનું ટૂંકું (૨)
૬. સાધુબાવા ઋષિઓનો વધારેલા વાળનો સમૂહ (૨)
૮. ટકાઉ, સજ્જડ, જોરાવર, બળિયું (૪)
૧૦. પુરુષ, નર (૩)
૧૨. કોકીલા, કોકિલની માદા (૩)
૧૪. ભગવાન પરશુરામના પિતા (૪)
૧૬. એક ડઝનમાં નંગ કેટલા? (૨)
૧૭. લાલિત્યભરેલી સ્ત્રી, ખુબસૂરત સ્ત્રી (૩)
૧૯. અન્ય તરફ માફી આપવાપણું કે માફી માંગવાપણું (૪)
૨૨. પરવાનગી (૨)
૨૩. મૃત્યુ, નિધન (૩)
૨૪. આદર (૨)
૨૬. જાસુસ, બાતમીદાર, સહાય, મદદ (૨)
૨૭. "______ ચીભડા ગળે" એટલે રક્ષક ભક્ષક બને (૨)

## શબ્દશોધ : ૫૧નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| મા | તા | ના | મ | ઢ | ■ | ભા | મિ | ની |
| ગ | જ | રા | ■ | ગો | રી | લો | ■ | મ |
| સ | ■ | ય | મ | ■ | ત | ■ | રા | હ |
| ર | મ | ણ | ■ | રં | ભા | ■ | કા | કી |
| ■ | ક | સ | ■ | જ | ત | ન | ■ | મ |
| દ | ર | રો | જ | ■ | ■ | વ | ર | ■ |
| ર | ■ | વ | ળ | ગ | ણ | ■ | મ | ગ |
| વા | સ | ર | ■ | ણે | ■ | ર | જા | ■ |
| ન | દી | ■ | આ | શ | ■ | ત | ન | યા |

## શબ્દ શોધ : ૫૦/૫૧નો ઉકેલ મોકલાવનારના નામ

- શ્રીમતી સરલાબેન ચંદ્રકાંતભાઈ શાહ - અમદાવાદ
- શ્રી મુકુંદ કે. મહેતા - આદિપુર
- શ્રી દિલીપ કે. શાહ - ભુજ
- કોકીલાબેન જીવરામ ગોર - ભુજ
- શ્રી કેતન જી. વોરા - માંડવી
- શ્રી જીગરભાઈ આર. દોશી - માધાપર
- શ્રી નીલેશ વી. શાહ - ભુજ
- શ્રી રાજેશ કે. ગાંધી - અંજાર
- શ્રી વિનય ડી. આશર - માંડવી
- શ્રી ચંદ્રકાંત બાબુભાઈ લોડાયા - અમદાવાદ
- શ્રી પ્રભુલાલ આર. સિધ્ધપુરા - ગાંધીધામ
- બિંદી કેતનભાઈ રાણા - અમદાવાદ

# ગાંધીનગર ગાથા

• શ્રીમતી વર્ષા જયંત મહેતા •

## કચ્છી નવું વર્ષ – અષાઢી બીજ

શ્રી ગાંધીનગર કચ્છ મિત્ર મંડળ તરફથી દર વર્ષની માફક આ વર્ષે પણ કચ્છી નવું વર્ષ રંગેચંગે ઉજવવામાં આવ્યું. બ્રહ્માણી હોલ - કડી કેમ્પસ ખાતે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શ્રીમતી પ્રજ્ઞાબેન જોશીએ ગણેશ સ્તુતિથી કાર્યક્રમનો આરંભ કરાવ્યો હતો. શ્રી જગદીશ ગોર (કવિ શરમાળ) પણ કચ્છી ભાષામાં સૌને શાબ્દિક આવકાર આપ્યો હતો. સૌપ્રથમ તો સૌ કચ્છી ભાઈ-બહેનોએ એકબીજાને મળીને કચ્છને યાદ કરી શુભ કામનાઓ પાઠવી. આ દૃશ્ય યાદગાર બની રહ્યું. સૌ પોતાના સંસ્મરણો વાગોળતા રહ્યા. શ્રી બકુલેશભાઈ ધોળકિયાએ રામકૃષ્ણ મિશનની પ્રવૃત્તિઓ અંગે વિસ્તૃત વાત કરી અને શ્રી વિવેકાનંદના મનનીય પ્રસંગો વર્ણવ્યા હતા. શ્રીમતી વર્ષાબેને સ્વાગત પ્રવચન કર્યું હતું અને સૌને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી. કચ્છ મિત્ર મંડળના પ્રમુખ શ્રી માવજીભાઈ રંગાણીએ શુભકામના પાઠવી હતી ને શ્રી કચ્છી સમાજ દ્વારા સન્માનિત કરાયેલા કાર્યકરો શ્રી નીલેન્દુ વોરા અને શ્રીમતી વર્ષાબેન મહેતાના કાર્યોને બિરદાવી શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમજ ભવિષ્યમાં આવનારા કાર્યક્રમોની યાદી જાહેર કરી હતી. શ્રી નીલેન્દુ વોરાએ આભારવિધિ કરી હતી ને સૌના સાથ-સહકારથી જ સન્માન પ્રાપ્ત કર્યું છે તેવું જણાવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં કચ્છી ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. અંતે સૌએ મેઘલાડુની પ્રસાદીની સાથે મળીને મોજ માણી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિશ્રી શરમાળે કર્યું હતું.

## અભિનંદન

કચ્છના જાણીતા ઇતિહાસવિદ્ શ્રી જિતેન્દ્ર શાહ, કે જેઓ રમતગમત યુવા સાંસ્કૃતિક વિભાગ - ગાંધીનગર હસ્તક અભિલેખાગારના નિવૃત્ત અધિક્ષક છે. ગુજરાત સરકારે તેમની નિમણૂક ગુજરાત ઇતિહાસ પરિષદ વર્ષ ૨૦૧૭થી ૨૦૧૮ના વર્ષ માટેની કાર્યવાહક સમિતિના સભ્ય તરીકે પસંદગી કરી છે. તેમણે રાજ્ય અને રાજ્ય બહારના વિવિધ સ્થળોએ ૩૬ કરતાં વધારે સંશોધન લેખો લખ્યા છે. ગાંધીનગર કચ્છ મિત્ર મંડળ તેમને ખૂબ જ શુભકામના સહ અભિનંદન પાઠવે છે.

## શ્રી સૌરાષ્ટ્ર - કચ્છ સેવા સમાજ

સૌરાષ્ટ્ર - કચ્છ સેવા ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં ટાઉન હોલ, સેક્ટર-૧૭ ખાતે સંગીત સંધ્યા 'તુમ્હે દેખતી હૂં' કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ સંગીત સંધ્યામાં ગુજરાતના સુપ્રસિધ્ધ કલાકારો વોઇસ ઑફ લતાજી ગાયત્રી રાવલ, વોઇસ ઑફ મુકેશ - શ્યામ ગઢવી, વોઇસ ઑફ ન્યુસોંગ - નીરવ ઠક્કરે પોતાના અવાજનો જાદુ પીરસ્યો હતો. આ કાર્યક્રમનું એન્કરીંગ મોહસીન શેખે કર્યું હતું અને સંગીત સંદીપ ક્રિશ્ચિયને આપ્યું હતું. આ ગીતોની મોજ માણવા સૌરાષ્ટ્ર - કચ્છ સેવા સમાજના મોટાભાગના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## નીકી હોસ્પિટલમાં ૩૫મો મફત નિદાન કેમ્પ

કચ્છના ડૉ. ડી.એ. રતાણી દ્વારા સતત ૩૫મો મફત નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. સાથે સાથે કેન્સરના દર્દીઓના લાભાર્થે રક્તદાન શિબિરનું આયોજન પણ નીકી હોસ્પિટલ ખાતે કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં કેલ્શિયમની તપાસ, હિમોગ્લોબીન ચેક-અપ, વજન વધારાની સમસ્યા, ચરબીનું પ્રમાણ માપીને નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન અપાયું હતું. ડાયેટિશિયન દ્વારા આહારનું માર્ગદર્શન તેમજ યોગાનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## કચ્છની નવોદિત ગાયિકા પૂર્વી ઘોઘારી

શ્રી કચ્છ મિત્ર મંડળ - ગાંધીનગરના અગ્રણી તેમજ કચ્છી પટેલ સમાજના અગ્રણી શ્રી શાંતિલાલભાઈ ઘોઘારીની સુપુત્રી કુ. પૂર્વી ઘોઘારીએ અપૂર્વ સિધ્ધિ હાંસલ કરી છે. 'બેટી બચાવો - બેટી પઢાવો'નો સંદેશ આપતી એક ટૂંકી ફિલ્મ 'થેંક્યુ પપ્પા' હાલમાં રીલીઝ થઈ છે. પ્રણવ જોશીપુરા લિખિત - કુણાલ વ્યાસ દ્વારા નિર્મિત, જયેશ પંચોલી દ્વારા દિગ્દર્શિત અને ગાંધીનગરના જ કલાકારો દ્વારા અભિનિત આ ફિલ્મનો તાજેતરમાં સંગાથ ટેરેસ હોમ થિયેટર ખાતે પ્રીમિયર શો યોજવામાં આવ્યો હતો. આ ફિલ્મમાં કચ્છની કુ. પૂર્વી ઘોઘારીએ ગણગણવું ગમે તેવા ગીતને સ્વર આપ્યો છે. 'બેટી છે તો,

(અનુસંધાન : જુઓ પાના નં.-૮૬ ઉપર)

હિમાંશુ ભાઈલાલ ઠક્કર
+91 98793 01004
+91 93740 01004

પ્રેરણા સ્રોત
શ્રી લોહાણા મહાપરિષદ
અખિલ ગુજરાત લોહાણા સમાજ
શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ
શ્રી જલારામ અભ્યુદય જનસેવા ટ્રસ્ટ
શ્રી કચ્છી સમાજ અમદાવાદ

અમર રઘુવંશમ્
શ્રી રઘુકુળ વિશ્વ

jaymahaparishad@gmail.com
shreeraghuvansham@gmail.com

Vaikunth R. Gopani
B.Com. FCA. DISA
M. 9426303628
9909986171

V. R. GOPANI & CO.
Charaterd Accountants

H.O. :
A-11, Trimurti Complex,
Station Road, Bavla-382220
Ph. (02714) 230087

Branch :
2, Campus Corner 2nd Floor,
Nr. Auda Garden, Prahladnagar
Ahmedabad-15.

Resi. :
1, Sugam Enclave, Opp. Ramada Hotel, Prahaladnagar, Ahmedabad-15
Email : vrgopani@yahoo.com

જગદીશભાઈ શીવરામભાઈ મજીઠિયા (ઠક્કર)
ઉપપ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ, અમદાવાદ

સુગર બ્રોકર :

મોમાઈ સુગર કોર્પોરેશન - અશ્વિન : ૯૮૨૩૧૧૧૧૫૫
મહાકાલ સુગર સપ્લાયર્સ - ત્રિવિન : ૯૯૦૪૫૭૭૫૫૫
માધુપુરા માર્કેટ, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.



GILL & CO. PVT. LTD.
IMPORTERS - EXPORTERS & COTTON MERCHANT
Registered Office : NTC House, Narottam Morarjee Marg,
Ballard Estate, P.O. Box. No. 86, Mumbai - 400 038.
Phone : (022) 2261 5001 (4 Lines)
Fax : (022) 2262 0598, 2265 5069 Telegram : "GILLCO, MUMBAI"
Email : gillco@gillcot.com

"5", Aishwarya-1, 68, B.M.M. Society, Old Sharda Mandir Railway Crossing,
Ellisbridge, Ahmedabad - 380 006.
Phone : 079 - (O) 2658 6088 (R) 2658 1733 Telefax : 079 - 2658 6088
Mobile : 98253 28836 / 93742 08010 / 93742 08011

: BRANCHES :
ADONI / AHMEDABAD / AMRAVATI
BHATINDA / NEW DELHI / UJJAIN

આપના ફર્નિચરની દીર્ઘાયુષની ખાત્રી સાથે
ઈમ્પોર્ટેડ પાઈનવુડના M.R., B.W.P.,
ફલસડોર, બ્લોકબોર્ડ, પ્લાયવુડ

વિલમોર પ્લાય પ્રા.લિ.
All Products ISI
ભચાઉ-અંજાર રોડ, મુ. વરસામેડી, તા. અંજાર,
જિ. કચ્છ E-mail : willmoreply@yahoo.com
સંપર્ક :
નરસિંહભાઈ એન. પટેલ - ૯૮૨૫૨ ૪૩૫૫૭
ચંદ્રકાન્તભાઈ ઘોઘારી - ૯૮૨૫૦ ૩૨૦૫૪
અર્જુનભાઈ પટેલ - ૯૪૨૭૬ ૧૪૩૩૦



AMBICA TIMBER MART
logs. lumber. select veneers.
THE AARYAN (Construction Company)
FORESTRY PRODUCTS (Export and Import)
ALL NATURAL (Agro and Mineral Products)
Opp. The Grand Bhagwati, S.G.Road, Bodakdev, Ahmedabad - 54.
Tel: 079 - 26855764, 26852438, 65416036 Fax: +91-79 - 26855804
E-mail: ambica9002@yahoo.co.in Website : www.ambicatimbermart.com

PARBATBHAI PATEL (M) : 98240 62711
Shivam Packaging
Shiv Packing Industries
Opp. Dwarkadhish Estate, Outside Chandola Old Tol Naka,
Nr. Bombay Hotel, Narol Road, Ahmedabad-382 405.
Ph. : (O) 25394011, 25394311
• સ્ટીક બોર્ડસ / ગ્રે બોર્ડસ • પી.વી.સી. પી.પી. રોલ અને રીમ
પી.પી. સુતળી, વુડન રોલ • વાસંની પટ્ટી • H.M., L.D., P.P. Bags
ક્રાફ્ટ પેપર, સેલો ટેપ, કોરૂગેટેડ રોલ-બોક્સ

POSITIVE ®
PLY & BOARD
-: Also Available :-
Teak Wood
MDF
Liner Laminate
Flush Door
Veneer
Door Skin
Amit Surani (Patel)
98244 79923
RAVI ENTERPRISE
Brijesh Patel
96240 30203
RAVI ENTERPRISE
Sahakari Lati Bazar, Zone-2, B/h. Gita Mandir, Nr. S.T.Stand, Ahmedabad-22. Gujarat, INDIA.
Telefax : (O) + 91-79-25399423
E-mail : ravienterprise_004@yahoo.co.in

REGD. NO. GAMC/1028/2015-17 VALID UPTO 31-12-2017, R.N.I. 46515/87, DATE : 16-3-88
POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

મારુ સ્વાસ્થ્ય - મારી હોસ્પિટલ
કેર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝ
સીમ્સ હોસ્પિટલ - સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર
શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
એપોઈન્ટમેન્ટ માટે : ૯૧-૭૯-૩૦૧૦૧૨૦૦, ૩૦૧૦૧૦૦૮
મો. : +૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૧ • ફેક્સ : +૯૧-૭૯-૨૭૭૧૨૭૭૦
Email : opd.rec@cims.me
ફોન : +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫ (પાંચ નંબર)
Email : info@cims.me • Web. : www.cims.me

PRARAMBH
"ek nayi Zindagi ka"
Kailashdan Gadhavi
Prarambh Buildcon Ahmedabad LLP
307, Third floor,
3rd Eye One,
Near Panchvati,
C. G. Road,
Ahmedabad-380 006,
Gujarat, India
T : +91 79 40056400 | 40056401
M : +91 94262 85655 | 93741 85655
E : info@prarambhlife.com

A WORLD OF PRECISION
The cage making business is all about precision engineering
Precisely what our customers need to set the ball rolling !
TAPER ROLLER BEARING CAGES • SPHERICAL ROLLER CAGES
BRASS MACHINED CAGES • BALL BEARING CAGES
POLYAMIDE CAGES • STAMPED AUTO COMPONENTS
HARSHA ENGINEERS
Harsha Engineers Limited
Sarkhej-Bavla Road, Changodar,
Ahmedabad - 382 213.
Ph. : 91-2717-391200 Fax : 91-2717-391259
Email : marketing@harshaengineers.com
Visit us at : www.harshaengineers.com
ISO/TS 16949:2002 CERTIFIED

MEET RUDANI +91 9726066655
MILAP PATEL +91 9737524821
RII
RUDANI
INNOVATION INDUSTRIES
INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...
47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle, Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

અશોક રઘુરામ ઠક્કર
કરી લો ઘર આપના પોકેટમાં
વિષ્ણુધારા હોમ્સ હવે આપના બજેટમાં.
श्री विष्णुधारा @Gota. HOMES
Happiness is here.
1 & 2 BHK Apartments
સાઈટ ઓફીસ:
વોડાફોન ટાવર પાછળ, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ-૮૧.
કોર્પોરેટ ઓફીસ: બીજો માળ-૧૪, જે.બી.આર. આર્કેડ, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૬૦.
ફોન : ૮૮૬૬૧૦૪૪૯૯, ૮૮૬૬૩૦૪૪૯૯
ઉપલબ્ધ સુવિધાઓ:
• ૨૪ કલાક સિક્યુરીટી ગાર્ડસ • સિનિયર સીટીઝન એરિયા
• ચિલ્ડ્રન પ્લે એરિયા • લેન્ડસ્કેપ ગાર્ડન

વિવિધ
યાદગાર પ્રસંગોએ
સ્વજનો-મિત્રોને ભેટ
આપવા જેવાં પુસ્તકો



ગુજરાતી સાહિત્યરસિકો માટે અમદાવાદમાં ગ્રંથતીર્થ સમા અમારા ત્રણ શો
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગૂર્જર સાહિત્યભવન
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ – 380 0
ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.c
સંસ્કાર સાહિત્યમંદિર
5, N.B.C.C. હાઉસ,
સહજાનંદ કોલેજ પાસે,
આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 079-26304259
ગૂર્જર સાહિત્ય પ્રક
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટ
સીમા હોલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લ
અમદાવાદ-15 ફોન : 26934340, મો. 98252
ઈમેલ : gurjarprakashan@gma

Patel Tours & Travels®
AN UNDERTAKING OF PATEL INN & TRAVELS PVT. LTD.
24 Hours Service (M) 9974378888
Head Office : 8, Shroff Chambers, Opp. Navchetan School, Paldi, Ahmedabad-380 006.
Circle P, Nr. Prahaladnagar Garden, S. G. Highway, Nr. Honest Restaurant, Ahmedabad. (M) 9925244252
Phone : 079-26576492, 26577811, 26575367, 26587811 Fax : 26576491
(M) 9925244251, 9925244252, 9925244253
Web site : www.pateltoursandtravels.com, Email : patelinn@yahoo.com
RAJKOT Ph. : 0281-2331754, 2332186, 2451210 (M) 9909022441, 9925244280
JUNAGADH Ph. : (0285) 2621158 (M) 99252 44289
BHUJ Ph. : 02832-224477, 221499, 229914 (M) 99252 44260, 99252 44258
BARODA Ph. : 0265-6541275 (M) 99252 44274, 99252 44275
BRANCH OFFICE
JAMNAGAR Ph. 0288-2552419, 2660243 (M) 99252 44261, 99090 09844
MUMBAI Ph. : 022-28950191-92-93 (M) 98330 24764, 93229 42219
BRANCH OFFICE
DAILY SERVICE / RETURN SERVICE
Contact for Hiring minibus : 2 X 2, 3 X 2, LUXURY, VOLVO COACH ETC.
A/C. NON A/C. VOLVO SLEEPER COACH AVAILABLE
JUST CALL AND BOOK TICKET
PATEL TOURS & TRAVELS ALWAYS ONE STEP AHEAD

The Name Says its all
II Radha Vallabh Group



Bonafide Brokers
138/2, Sindhi Commercial Market, Kalupur, Ahmedabad-380 002.
Phone : 22124412, 22120234, 22160418 (R) 22865419
Mobile : Chamanbhai - 9925070719, Nileshbhai - 98250 70719
Nelco Agency
137/2, Sindhi Commercial Market, Kalupur, Ahmedabad-380 002.
Amitkumar : 9879024849
Aryan Agency
Chamanbhai : 9925070719
Jaya Marketing
Hirenkumar : 9879997777
Branch Office :
A-410, City Center, Opp. Idgah Police Chowki, Prem Darwaja Road, Ahmedabad.
Web : www.bonafidebrokers.com

Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. • Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta • Price : Rs. 18.00 • Lifetime Subscription : Rs. 1500/-